# રાતવાસો

મણિલાલ હ. પટેલ

પાર્શ્વ પ્રકાશન

PATEL, Manilal H.
RAAT-VAASO, Short Stories
પાર્શ્વ પબ્લિકેશન, ૨૦૧૮
891-473

© સૌ. ગોપી પટેલ
વલ્લભવિદ્યાનગર

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી ૧૯૯૩
બીજી આવૃત્તિ : જૂન ૨૦૧૮

પ્રત : ૫૦૦

કિંમત : રૂા.

**આવરણ :** શ્રી કનુ પટેલ

**પ્રકાશક**
**પાર્શ્વ પબ્લિકેશન્સ**
૧૦૧ : નંદન કોમ્પલેક્સ, મીઠાખળી
રેલવે ફાટક સામે, અમદાવાદ - ૬

**મુદ્રણ-અંકન :** મહેશ ચાવડા
દિયા અક્ષરાંકન, ચાવડા નિવાસ, વાસણા(બો), તા. બોરસદ, જિ. આણંદ
મો. ૯૯૦૯૧ ૦૦૧૨૭

**મુદ્રક**



## અર્પણ

**શ્રી હેમંત પટેલ**
**પ્રા. સતીશ યુ. પટેલ**
**પ્રા. પ્રશાંત પટેલ**
**પ્રા. યોગેશચન્દ્ર પટેલ**
**શ્રી નીતિન પટેલ**
**–ને**
**સાચું સગપણ સ્નેહનું...**

❑

# નિવેદન

મારી ટૂંકીવાર્તાઓનો આ પહેલો સંગ્રહ.

વલ્લભવિદ્યાનગરમાં આવીને નવું શું થયું? તો આ વાર્તાઓ થઈ તે.... ઈડરનાં આરંભનાં વર્ષોમાં બે-ત્રણ વાર્તાઓ કરીને મૂકી દીધેલી. આ વર્ષોમાં વાર્તા મારામાં પાછી આપોઆપ બેઠી થઈ, ઊઠી-ઊભી થઈને ફરવા લાગી. ખરેખર તો એ સહજ રીતે જ્યાં લઈ ગઈ છે ત્યાં હું ગયો છું – સર્જકતા અને વાર્તાની સાહજિક પ્રાગટ્યલીલાને નંદવ્યા વગર.

આ સંગ્રહની બારેક વાર્તાઓનો હિન્દીમાં અલગ સંચય 'માટી બોલે' થઈ ગયો છે. હિન્દી અને ગુજરાતી બેઉમાં મારી વાર્તાઓ એકસાથે ગ્રંથસ્થ થાય છે એનો રોમાંચ છે. અંગ્રેજી, કન્નડ, મરાઠી અને ઓરિયામાં પણ મારી કોઈ કોઈ વાર્તાના અનુવાદો થયા છે. 'જનસત્તા' અને 'ગુજરાત સમાચાર' નાં પારિતોષિક મેળવનારી વાર્તાઓ પણ અહીં મૂકાઈ છે. કેટલીક વાર્તાઓ ગુજરાતીનાં પ્રતિનિધિ સંપાદનોમાં આવી છે તો કેટલીક વાર્તાઓ  કેટલાંક સામયિકોએ ફરીથી પ્રગટ કરવાનો આગ્રહ રાખીને પક્ષપાત દાખવ્યો છે. ' અંતર' વાર્તા જ્ઞાનપીઠ પ્રકાશનનાં 'ભારતીય કહાનિયાં ૧૯૮૯' માં અને 'ચાંદરણાં' વાર્તા ભારતીય વાર્તાઓના પ્રતિનિધિસંચય 'વાર્ષિકી' માં હિન્દીમાં અનુદિત થઈને પ્રગટ થઈ છે. 'સો સાલકી ગુજરાતી કહાનિયાં' માં મારી 'વેલો' વાર્તા પસંદગી પામી એ ઘટના ગણાય. મારી વાર્તાઓ પ્રગટ કરનાર સામયિકો તથા સંપાદનગ્રંથોના સંપાદકોનો અને અનુવાદકોનો આભાર માનું છું.

આ વાર્તાઓ પાછી મને મારી અંદરનાં પાતાળોમાં અને ઘરવતનના તળમાં લઈ જઈને જ રહી છે. એ આખી ગતિવિધિ– આંતરપ્રક્રિયાની વાત તળના વળેવળને જાણનાર મારા સંનિકટ વડીલ મિત્ર અને કથા કસબી શ્રી જૉસેફ મૅકવાને આલેખી છે એનો એક નોખો સ્વાદ મારી જેમ મારા ભાવકોને પણ મળશે એનો આનંદ છે. મારા ગુરુ અને સાચા અર્થમાં કળામર્મજ્ઞ એવા સુમન શાહ સાથે વાર્તાકળા વિશે હમેશાં ચર્ચાઓ થતી રહે છે. એમ તો આ વાર્તાઓ અનેક મુરબ્બીઓને



તથા મારા સમકાલીનોમાં ઘણાને પ્રભાવક લાગી છે. પ્રગટ થતાંની સાથે કેટલીક વાર્તાઓ વિશે લખાયું પણ છે. આમ, ગ્રંથસ્થ થતાં પહેલાં જ આ વાર્તાઓ સુજ્ઞજનોમાં આસ્વાદ અને ચર્ચાનો વિષય બની એ મારે માટે પ્રસન્નતાનો વિષય છે. મારી વાર્તાઓ વિશે પ્રેમપૂર્વક લેખો કરનારા મિત્રોનો આભારી છું.

વાર્તાસંગ્રહના પ્રકાશન માટે મુ. ભગતભાઈ શેઠનો આભાર માનું છું અને એમના સ્નેહાદરને સંભારું છું મારા વાચકોને આ વાર્તાઓ ગમશે એવી શ્રદ્ધા સાથે 'રાતવાસો' તમારા હાથમાં મૂકું છું.

રામનવમી : ૧-૪-૯૩ **— મણિલાલ હ. પટેલ**

❑

## બીજી આવૃત્તિ વેળાએ

બરાબર પચ્ચીસ વર્ષે 'રાતવાસો' વાર્તાસંચયની બીજી આવૃત્તિ થાય છે. વચ્ચેનાં વર્ષોમાં પણ આ વાર્તાઓ સંપાદનોમાં, મારી વાર્તાઓનાં ચયનોમાં ને અનુવાદો માટે સતત પસંદ થતી રહી છે.

કહેવું તો એટલું જ છે કે : આ વાર્તાઓ આજે પણ એટલી જ તરોતાજા અને પ્રસ્તુત હોવાની પ્રતીતિ કરાવે છે. મારી વાર્તાઓ વિશે બહુ લખાયું છે; પ્રેમથી લખાયું છે. ગ્રામજીવનને ઊંડાણથી તાગીને ઉંડળમાં લેતી આ વાર્તાઓ મને અત્યંત પ્રિય છે.

આ વાર્તાઓ વિશે લખનાર સહુ કોઈનો; મુદ્રણસજ્જા માટે મહેશ ચાવડાનો, આવરણ માટે કનુ પટેલનો તથા પ્રકાશન માટે શ્રી બાબુલાલ શાહનો ખૂબ આભાર માનું છું.

મારા ભાવકો/વાચકોનો પ્રેમ મને ભીંજવતો રહે છે.

એ સૌને પ્રમાદર સાથે વંદન...

અખાત્રીજ-૨૦૭૪ **– મણિલાલ હ. પટેલ**

# અનુક્રમ


| | |
|---|---|
| પીપળો | ૦૧ |
| જાંબુ | ૦૭ |
| ચીડો | ૧૪ |
| નાગપાંચમ | ૨૧ |
| કાંચળી | ૩૦ |
| બદલી | ૩૭ |
| રાતવાસો | ૪૪ |
| માટીવટો | ૫૧ |
| ડમરી | ૫૯ |
| પી.ટી.સી. થયેલી વહુ | ૬૫ |
| ફારગતી | ૭૫ |
| અંતર | ૮૬ |
| બાંધીમુઠ્ઠી | ૯૪ |
| ચાંદરણાં | ૧૦૧ |
| ટપુ ક્યાં છે? | ૧૦૮ |
| વેલો | ૧૧૭ |
| વચલી ખડકી | ૧૨૪ |
| તોફાન | ૧૩૧ |
| દોઢીમાં | ૧૩૮ |

•

- ઝાઝેરાં જતન – જૉસેફ મૅકવાન ૧૪૬
- ડમરી : કથા, ધારણા અને.... – રમેશ ર. દવે ૧૫૯
- માટીવટો – દિલાવરસિંહ જાડેજા ૧૬૬




# પીપળો

ચાળીસ ઘરનું ગામ. ગામ છેવાડે ઘર. ઘર પછીતે ટેકરી. ટેકરી નીચે ચરો. ચરામાં મોટું પીપળાનું ઝાડ, પેઢીઓથી ઊભેલો એ ખખડધજ પીપળો એક રાતે અચાનક પડી ગયો. આડોસોત, ધરાશાયી યોદ્ધા જેવો એ પીપળો પડી ગયો. તે સવારે સતિયો વ્યાકુળ થઈ ગયો. લોટો ઢોળવા ટેકરી પછીતે ગયેલો એ કયાંય લગી સૂનમૂન બેસી રહ્યો, પીપળાના થડ પાસે.

બા ગૂજરી ગઈ તે દિવસે સાંજ હતી એવી આ સવાર એને લાગી રહી હતી. બાના શબ પામે રાતભર સ્વજનો ચૂપચાપ બેસી રહેલાં. સતિયાને થયું કે પોતેય એમ જ બેઠો છે. પાસેના ક્યારડાઓમાં ચણા ઘઉંના છોડ હજીય ઊંઘતા હતા. ઓતરાદી બાજુએ શરૂ થતાં મહીસાગરનાં કોતરોમાં, પંખીઓ કલરવતાં જાગી જતાં કણજી બાવળનાં વૃક્ષોના ચહેરાઓ આંધળા ધબ્બ લાગતા હતા. ને પીપળો, પેઢીના ધણીધોરી જેવો, ચત્તોપાટ પડ્યો હતો. સવારના પીળા પચરક તડકામાં એની કૂંપળો ચસકતી હતી. પણ સતિયાને એ હસતી ના દેખાઈ. વખતનો ચહેરો ઊજળો નથી એટલી જ એને ગમ પડેલી. ત્યારે તો એ પીપળા નીચે આવતાં ય ડરતો.

બાપાએ એને નાનપણમાં એક વખત મારેલો, એ ચડ્ડીમાં મૂતરી ગયેલો. સતિયો આખો દિવસ નદીમાં નાહેલો એ એનો ગુનો હતો? નદીથી

પાછાં વળતાં એણે બાપાને કોતરકૉર્યથી બહાર નીકળતા જોયેલા, પહેરેલું થેપાડું ઠીક કરતા એ પરસેવે ભીના હતા. સતિયાને થયેલું કે બાપા આજે આટલે લગી લોટો ઢોળવા આવ્યા હશે કે પોતાને શોધવા? ઘરે ગયો ત્યારે બાપાનો ચહેરો તંગ હતો. પછી તો બાની આંખો સજળ રહેલી. કદાચ અઠવાડિયા લગી બા બાપા વચ્ચે ચડભડ થયેલી ને અણબન રહેલી.પણ આવું તો ઘણીવાર થતું. સતિયો પછીતને ઓટલે બેસીને પીપળાની ટોચને જોયા કરતો. આકાશના પેટમાં ઘોંચાતા તીર જેવી એ ટોચ એને દેખાતી. જાણે નાયકાનું ભાલોડું. ઇતિહાસમાં રાજાના ચિત્રમાં એણે આવો જ ભાલો જોયેલો. પીપળાનાં ફડફડી રહેતાં પાંદડાં પણ પછીતમાં સંભળાતાં.

સાવ અબુધ હતો ત્યારે એક સાંજે અંધારું થઈ ગયા પછી એને ટટ્ટી લાગેલી. એ દોડતો ટેકરી ચઢી ગયેલો. પીપળા તરફ નજર ગઈ ત્યારે નીચે બે આંધળા ઓળા બાઝંબાઝી કરતા એણે જોયેલા. ને ત્યારથી એ ડરી ગયેલો. પછી તો કવખતે અગવાનું લાગે તો એ વાડ પાસે જ કણજીના થડ ઑથે બેસી જતો. ત્યારે પણ કાળજું ધકધક થતું સંભળાતું ને પીપળાની ટોચ અંધારામાં હાલતી ભળાતી. એની ટોચ પર બેઠેલાં ગીધોની ચિચિયારીઓ સાંભળીને એ અધમધરાતે પથારીમાંય મુઠ્ઠીઓ વાળી લેતો, ગોદડી માથે-મોઢે કરી લેતો, રાતા સાડલાની ગોદડીમાંથી એને ત્યારે મૂતરની વાસ આવતી. નાના છોકરાં માટે વપરાતી ગોદડીઓની હવા બધે ફરી વળતી.

અંધારી રાતોમાં ઘરના મોભ પર ઘુવડ આવીને બોલતું. બા કહેતી કે ઘુવડ બોલે એ ખરાબ કહેવાય. બાપા ઘુવડ ઉડાવા ઉઠતા સતિયો કંપી જતો, ને ગોદડીમાં લપાઈ જતો. ઊડી જતા ઘુવડને એ પીપળાની ટોચ પર જઈ બેસી જતું ધારી લેતો. મનમાં એવું જ ચિત્ર દોરાઈ જતું સવારે ઊઠીને નિત્ય નિયમ પ્રમાણે ઘરના કરામાં પેશાબ કરવા જતો ને નજર પીપળા પર પડતી... શરીરમાંથી આછી કંપારી પસાર થઈ જતી. પીપળો પછી તડકામાં વૃક્ષ જેવું વૃક્ષ બની જતો, પણ સતિયો પીપળાને વૃક્ષ માનવા વિશે હંમેશાં અસ્વસ્થ રહેતો. વૃક્ષો તો આ આંગણાંનો લીમડો ને ભટિયાનાં ખેતરોમાંનો લાડવો આંબો કહેવાય. રાતે આ વાડનું હરનું (શિરીષનું) ઝાડ પાપડા ખખડાવ્યા કરે છે. દિવસે સાવ ભોળું લાગતું એ રાતે માયાવી બનીને ચૂડેલ વંતરીનાં ઝાંઝર ખણકાવે છે એવું સતિયાને લાગેલું. એની બીક એ



વર્ષોમાં ઘટવાને બદલે વધવા લાગેલી.

દિવસે એ ટેકરી પરથી પીપળાને જોતો. નાયકાનાં છોકરાં ત્યાં બકરાં ચરાવતાં હોય ને થડ પર ચડી ઊતરતાં હોય. સવારે કોઈ કોઈને એ ત્યાં જ લોટો ઢોળવા બેઠેલાં જોતો ને થતું કે બીકનું કારણ તો કાંઈ નથી. પણ એક બપોરે એણે ટેકરી પરથી મૂગાં ઊભેલા પીપળા પર કોઈ સફેદ વસ્ત્રધારી માણસ જોયો, ડાળે ડાળે ફરતો. સતિયાના મનમાં ગાંઠ પડી કે આ જ જીન છે... ને એ મુઠ્ઠીઓ વાળી ઘેર ભાગેલો. ઘેર જઈને કોઈને વાતેય ન કરી શક્યો. એ દાડે ગોરનો છોરો મુકલો સમિધ્યાં લેવા આવેલો હતો. કોઈના મરણનું સરાવવવા પીપળાનાં પાંદડાં, મોટાં ને સાજાં પાંદડાંની જરૂર પડતી. લગ્નપ્રસંગેય સતિયો માંડવામાં પીપળાનાં પાંદડાં જોતો થયો એ તો પછીનાં વર્ષોમાં.

પીપળાના મસમોટા થડ પાસેથી ભાંગેલા પગે સતિયો ઊભો થયો ને પીપળાની લંબાઈ માપવાના વિચારે એનાં પગલાં ગણતાં ગણતાં ચાલ્યો. સામે છેડેની ટોચ જોઈ. એક જ ડાળખી ને ત્રણ પાંદડાંમાંનું વચલું ટટ્ટાર. સતિયાને એ ભાલાની જેમ તાકી રહેલું હતું; સતિયાને એ ભોંકાઈ જાય એમ હતું પણ સતિયાની નજર તો ગીધોના સળીવાળા માળાની માંહ્ય ફસાઈ ગઈ હતી. હગાર કાળી કાળી, એથી જોડાઈ ગયેલી સળીઓ જાડીને એમાં પીંછાંના ઢગલા થયેલા. સતિયોએ જોયું કે ચારેબાજુ કોઈ જ નહોતું. સતિયાને આડોસોત પીપળો વહાલો લાગતો હતો. અહીંથી ઊઠીને ઘેર જવાનું મન થતું નહોતું.

એક વખત સતિયો ઊંઘમાં પીપળા નીચે પહોંચી ગયેલો. પીપળાના થડમાં રાફડા હતા ને થડ પર રાતા રાતા મંકોડાની હારમાળા જતી હતી. રાફડામાંથી એક સાપને બહાર આવતાં જોઈને સતિયો પાછો વળીને ભાગવા ગયો પણ દોડાય જ નહિ. દોડે પણ પગ તો ત્યાંના ત્યાં જ. પીપળાને માથે ગીધ ચકરાવા લે ને અંગે મંકોડાઓ ચટકા ભરે. સતિયાએ દૂર એક વાવ જોઈ. વાવની વંડીએ બે જણાં બેઠેલાં. સતિયાએ બૂમ પાડી... 'બચાવો...', 'બચાવો...' પણ કોઈ ના હાલે કે ચાલે. સતિયાની વ્યાકુળતા વધી ગયેલી. અચાનક સતિયાને એના બાપાએ ઊંઘમાંથી ઝંઝેડીને બેઠો કરી દીધો ને ધમકાવ્યો. 'બૂમો શાની પાડે છે? અંધારાથી ડરે છે? સાલા... ખરપા...' પાણી પીને ફરીથી ઊંઘવા પડેલા સતિયાને કેમેય ઊંઘ ના

આવેલી. પછી તો ઘણો સમય પસાર થતો.ડર લાગવા છતાં અંધારામાં બેસીને વિચારતા રહેવાનું સતિયાને ગમવા લાગેલું.

બાપા તો આખો દહાડો લેવડદેવડ કર્યા કરે. દેવામાં ડૂબેલા લોકો ઘરેણાં મૂકવા આવે, પૈસા લેવા આવે, હિસાબ કરવા આવે. સતિયાને ત્યારે બાપાની આજ્ઞાઓ ઉપાડવા અને ઘરાકોને બીડી-પાણી આપવા હાજર રહેવું પડતું. સતિયાને આ જરાય ગમતું નંઈ... એને બહાર રખડવા જવાનું ખૂબ ગમતું. પણ ઘરાકોની આંખો જોઈ જોઈને એ મૂંઝાઈ જતો... બાપા ઘડીમાં લોકો સાથે વહાલથી વાત કરતા તો ઘડીમાં કોઈને ધમકાવીને કાઢી મૂકતા. સતિયો આ સમજતો થયો ત્યારે દુઃખ થવા લાગ્યું.... પણ મોટોભાઈ તો ખેતીના કામમાં હોય એટલે એણે જ બાપાની પળોજણમાં રહેવાનું થાય... ને બાપાના મરચું સ્વભાવ આગળ ના તો પડાય નંઈ.

એકવાર સતિયો પછીતમાં બેઠો બેઠો, પીપળાની ટોચે ધીમું ધીમું ક્રંદી રહેલાં ગીધો જોઈ રહ્યો હતો. બપોર હતી. અચાનક સામા ફળિયામાં રહેતી રઘુની બહેન શીતલી આવી ચડેલી. સતિયાની સાવ પાસે આવીને કહે : 'હેંડોને, સતી ભૈ! ચરામાં દાતણ લેવા જઈએ.' સતિયો તો સાવ સમીપ ઊભેલી શીતલીના દેહની ગંધને પહેલી જ વાર પામતો હતો... એના દેહને આવો તો એણે આજે જ જોયો... એ મૂઢ શો મરકતી શીતલીને તાકી રહ્યો... શીતલીએ એનો હાથ પકડીને ખેંચ્યો... 'હેંડો, તમે હો તો મને બીક નંઈ લાગે... તમે પીપળે બેસજો હું સામેથી દાતણાં પાડી લાઈશ...' સતિયાના શરીરમાં શીતલીના સ્પર્શથી કંપારી જેવું ફરી વળ્યું. ત્યાં જ બાપાની બૂમ સંભળાઈ... 'સતિયા, બીડીઓ લઈને ઓયડામાં આવજે જરા...'

તે રાતે સતિયાને શરીરે વારંવાર ખાલી ચડી જતી હતી. કેમેય ઊંઘ આવતી નહોતી. શીતલી એને જોઈને વખતોવખત કેમ મલક્યા કરતી હતી... આજે એ વાત એને જંપવા દેતી નહોતી. નદીએ નાહવા જતો સતિયો નદીએ પહોંચતો ને બીજી જ પળે સૂંડલીમાં પોદળા વીણતી શીતલીય ઢાળ ઊતરતી દેખાતી... સતિયાએ પડખાં બદલ્યા કરેલાં પણ ઊંઘને બદલે તંદ્રામાં એણે એની જાતને કોતર ને કણજીઓમાં જોઈ હતી... સતિયો અસ્વસ્થ થઈ ગયો હતો. બીજે દાડે સામા ફળિયામાં જવાનું મન થયા કરતું'તું પણ એ ડરનો-ગભરાટનો માર્યો બેસી જ રહેલો.

પાસેના ક્યારડાઓમાં વાઢણું ચાલતું હતું ત્યારે સતિયો હિંમત કરીને,



પહેલી જ વાર, પીપળા નીચે આવ્યો હતો, ત્યારે પણ આવી જ સવાર હતી. એને પીપળો વધારે ગમવા લાગ્યો હતો. મોડી સાંજે અંધારામાં એ ટેકરીનો ઢાળ ઊતરીને પીપળા સુધી ક્યારે જવા લાગ્યો એ તો એનેય ખબર નહોતી રહી. પણ એક વાર અંધારામાં ટેકરીને માથે એની પાછળથી 'હૂક' કરતીકને પ્રગટેલી શીતલી એને અહીં લઈ આવી હતી. આ જ સ્થળે સતિયો પીપળાના થડ પાસે આવીને ફરીથી ખોડાઈ ગયો. તે દિવસે એણે અંગે અંગે આગનો અનુભવ કર્યો હતો.

બાપાને સતિયામાં વધારે શ્રદ્ધા હતી. મોટા થતા સતિયામાં એમણે પોતાનો વારસો સાચવનારનાં લક્ષણો જોયાં હતાં. એ ક્યારેક સતિયાને વખાણતા હતા. મોટો દીકરો એમને મોળા લોઢા જેવો લાગતો હતો. સતિયો દેખાવડો લાગતો હતો... હવે સતિયાનેય દર્પણમાં જોવાનું ગમવા લાગેલું... પણ બાની ગેરહાજરીથી એ સૂનમૂન થઈ એની ને ઘરાકોની લાચારી એ સમજતો નંઈ તોય વ્યગ્ર થઈ જતો. બાપાનો એ ઓયડો સતિયાને ગૂંગળામણનો અનુભવ કરાવતો ને તોય સતિયો ઓયડામાં આવ-જા કરતો રહેતો... પાસે બેસીને બાપા એને ચોપડા સમજાવતા ને કબાટનાં ચોરખાનાંની કળ બતાવતા. સતિયાની બુદ્ધિ બહેર મારી જતી... એ બાઘાની જેમ તાકી રહેતો...

કોઈ ખાઈખપૂચીને એની પાછળ પડયું હોય, એવું લાગતું હતું. સાંજ પડે ને શીતલી ખાલીપીલી પરેશાન કરતી, આવીને અને ન આવીને. હવે ઘર પર ઘુવડ આવતું નહોતું.

રાતે પીપળા પરનાં ગીધો ક્રીડા કરતાં કરતાં કણસતાં એટલું જ સંભળાતું... ખેતરના લીલા ઘાસનો સ્પર્શ સતિયાને સાંભરી આવતો... 'દાદા આમ જ ગુજરી ગયા હતા.' પીપળા પાસેથી ઊઠીને પાછાં વળતાં સતિયો વિચારતો હતો.'દાદા સવારે બળદ ચારવા ભાઠોડે ગયા હતા. બપોરે આવીને નાહ્યા-ધોયા, જમ્યા. નવાં કપડાં પહેરીને ફોઈને ઘેર જવા નીકળ્યા. નીકળતાં નીકળતાં છાતીમાં સહેજ મૂંઝારો લાગતાં ખાટલે બેઠા, ફાળિયું ઉતારીને આડા પડ્યા. બસ પછી ઊઠ્યા નંઈ, ન વાત ન ચીત.' સતિયાએ આડાસોત પીપળાને ટેકરી પરથી ફરીથી જોઈ લીધો... આડા પડેલા દાદા દૃષ્ટિમાં ઉભરાતા હતા... સતિયાથી ભારે શ્વાસ લેવાઈ ગયો.

બપોરે બાપા, પડી ગયેલા પીપળાનું બળતણ કરવા, કોઈ જોડે

કપાવવાની વાતો કરતા હતા. રઘુના બાપાય પોતાના ભાગની વાત કરવા આવેલા હતા. શીતલી ગયા વર્ષે જ સાસરે ચાલી ગઈ હતી, દીકરીની મા બની હતી. સાંજે બાપાને તાવ ચડ્યો. બીજે દિવસે એમનું શરીર કંપવા લાગેલું. ને ત્રીજે જ દિવસે સવારે બાપા પાછા થયા. પીપળો પડ્યાના ત્રીજે જ દિવસે! ગામમાં એ એક દિવસ નિર્જનતા વ્યાપી ગયાનું લાગેલું. પછી તો સતિયાએ માથે મૂંડન કરાવવાનું થયું. પીપળાનું પાન ખોબામાં લઈને દહીં દૂધની ધાર કરતો સતિયો વધારે પડતો ગંભીર થઈ જતો હતો. મૂંડેલા માથાને દર્પણમાં જોતો સતિયો અસ્વસ્થ થઈ ગયો, ક્ષણવાર, એની ભ્રમરનો વાળ ખાસો મોટો થઈને ઊપસી આવ્યો હતો. દાદાની ભ્રમર પર આવા જ મોટા વાળ હતા. ને પિતાજીની ભ્રમર પર પણ. સતિયાને પોતાની અંદર સત્-પત્ થઈ જતું રુદિયું સમજાવા છતાંય જાણે સમજાયું નહોતું.

સૂતક નીકળ્યા પછી બાપાનો ઓયડો ઉઘાડીને સતિયો આવેલા ઘરાકો સાથે વાતો કરતો કામમાં ડૂબી જતો. ઘરાકોને લાગતું કે સતિયાના બાપા હજી મર્યા જ નથી... સતિયાની રીતરસમ જોઈને એ દંગ થઈ જતા. મહિના પછી સતિયો ટેકરી પાછળ ચરામાં ગયો. પીપળો હજી જેમને તેમ પડ્યો હતો. આડોસોત. ઘણીખરી ડાળીઓનાં પાંદડાં સૂકાઈ ગયાં હતાં... ને સતિયાએ જોયું તો થડની પાસે બીજો જ ફણગો ફૂટ્યો હતો, ઊભો, સોટા જેવો ચમકતો.

❑



# જાંબુ

વાત ઝટ માની શકાય એવી ક્યાં હતી!

શહેરને દવાખાનેથી રાજીની લાશ ગામમાં આવી ત્યારે ગામ આખુંય કકળી ઊઠેલું :

'ફટ્ રે ભૂંડા ભગવાન! તારે તાં ય ન્યા નથી? ધરમીને ઘેર ધાડ પાડવાની ? દન્યોમાં તારો ભરુંહો કુણ કરવાનું '.... કાળજા વનાના, ગોજારા ભગવાંન...'

લીંપણમાં ગાબડાં પડેલી ભીંતો જેવા ચ્હેરાઓની આ લોકોને નવાઈ ન્હોતી. પણ આજે તો નાનામોટાં સૌ કોઈની આંખમાં પાણી હતાં. પથ્થર હૃદય ગણાતા ડાઘુઓના ગળે ડૂમો બાઝ્યો હતો. આંગણે, ઓટલે, પડસાળે , ફળિયે ઊભું રહી ગયેલું ગામ ટાઢુંબોળ અને ઢીલુંઢસ પડી ગયેલું. મરણ તો ઘણાં થતાં, સગાઈ વિના ય રુંગું આવે એવાં મોત પણ ગામે ભાળેલાં, પણ આવું મરણ તો મલક માટે અચંબો હતું. બારેક વર્ષો પૂર્વ રાજીનો એકનો એક દીકરો ભીખો ગુજરી ગયેલો ત્યારે ય ગામ આટલું હકબક તો ન્હોતું થઈ ગયું...

ભીખો જાંબુના ઝાડ પરથી પડેલો. જાંબુના ઝાડ નીચે ઘરમાં જડવા માટે આણેલા પથ્થરોની થપ્પીઓ હતી. વરસાદના દિવસો બેઠેલા. ઘટાદાર જાંબુડાની લીલીપીળી ડાળો ભીની ને લિસ્સી હતી. રાજી રસોડે દાઢિયાં

માટે રોટલા ઘડતી હતી. નિશાળે જવા નીકળેલો ભીખો જાંબુના ઝાડ નીચે વાડામાં ગયો છે એમ બિચારી રાજી જાણે ક્યાંથી? નીચે ગરેલાં બે જાંબુ ખાવાથી દાઢે સ્વાદ ચડેલો ભીખો કોઈ રોકનાર ન્હોતું એનો લાભ લઈ જાંબુડે ચડેલો ને જાંબુ ઝૂડવા જતાં પગ લપસી પડેલો. ઝાઝે ઊંચેથી ન્હોતો પડ્યો તો ય ઊભી ધારે ગોઠવેલા પેલા પથ્થરોએ એની ખોપરી ફોડી નાખેલી. ચીસ ભેળો ધુબાકો સાંભળીને બહાર દોડેલી રાજી ભીખાને તરફડતો જોતાં જ બેબાકળી બનીને રાડારાડ કરી ઊઠેલી. ડિલના ફોદા નીકળેલાં જોતાંવેંત રાજી સમજી ગયેલી કે ભીખો હવે દેવને વ્હાલો થઈ જવાનો.

તે દિવસે રાજીએ પથ્થરો પર માથાં કૂટી કપાળ ફોડેલું. લોહી અને આસુંથી તરબોળ એનો ચહેરો જોઈને ગામમાં છોકરાં હેબતાઈ ગયેલાં. એ ગોઝારી ઘટના સાંભરતાં આજે પણ બધાં સૂનમૂન થઈ જાય છે. રાજીના ધમપછાડા અને કલ્પાંતે ગામને ગાંડું કરી મેલેલું. આખા ગામમાં તે દાડે ધાન રંધાયું નહોતું. પાસેનાં ગામ વાડીથી લોક કઢીખીચડી રાંધીને સગાંવ્હાલાંને ‘કડવું કરાવવા’ આવેલાં. ભર્યું ગામ વેરાન લાગેલું. ગામે આવો શોક નહોતો દીઠો.

દિવસો ગયા છતાં રાજીને કળ નહોતી વળી. રાજી જાતને કોસતી હતી. ક્યારેક એને થતું કે ભીખાનો ભોગ એના હાથે જ લેવાયો છે, એ આપને ફીટકારતી, જાંબુના અભરખા માટે એ પોતાને ધિક્કારતી હતી...

રાજીને જાંબુ ખૂબ ભાવતાં. જાંબુનાં વૃક્ષો વચ્ચે એ ઉછરેલી. એના પિયર–ગામનું નામ જ જાંબાસર હતું. દાદા બાળપણમાં રાજીને ખોળામાં બેસાડીને મીઠા-મરી વાળાં જાંબુ ખવડાવતા. દાદાના વાડામાં આંગણાની પડખે કૂવાની ધારે ને ઉકરડે જાંબુનાં ઝાડવાં લ્હેરાતાં હતાં. એ ફળિયાનું નામ પણ જાંબુફળી પડી ગયેલું, જેઠ ઉતરતાં તો જાંબુ પાકવા માંડતાં. કોક જાંબુડાને મીઠાંમધ ને મોટાં મોટાં જાંબુ બેસતાં, તો બીજા એક-બેને ઝીણાં પણ સ્વાદમાં સાકર જેવાં જાંબુ આવતાં. દાદા એ જાંબુડાને ‘સાકરિયો’ કહેતા. વારા ફરતે બધા જાંબુડા ફળતા, પાકતા; દાદા વધારાનાં જાંબુ ઉતરાવીને આખા જાંબાસરમાં ઘેર ઘેર આપવા, રાજીની આગેવાની નીચે છોકરાંની પલટણને મોકલતા. આખા ગામમાં જાંબુ ખવાતાં, મોઢામાં મૂકતાં જ ઓગળી જાય એવાં જાંબુ...



રાજી ઉપર આખા ગામનો હેતાળ આશીર્વાદ ઉતરેલો. દેવુદાદાની રાજી સૌને વ્હાલી થઈ પડેલી. રાજી, રાજી કહેતાં સૌ કોઈની જીભ સૂકાતી નહોતી.

રાજી પરાણીને પહેલે આણે સાસરે આવી ત્યારે પતિ સુખા માટે મધમીઠાં જાંબુની પોટલી બાંધી લાવેલી. ઊતરતા જેઠના એ આકરા તડકામાં પિયરથી  સાસરીની વાટ એને ખાસ્સી લાંબી લાગેલી. સુખાની સામે પોતે પોટલી ખોલી દેશે. કાળાં કલદાર જાંબુની પોટલી! ઘેલી રાજી આવી તાલાવેલી લઈને આવેલી, બીજું તો અની પાસે હતું ય શું? ગણો તો થોડું રૂપ ખરું, પણ રાજી તો ગુણની ઘરાક. કૃષ્ણ માટે સુદામા તાંદુલની પોટલી લઈ ગયાની વારતા એણે સાંભળેલી પણ એને એ ઘડીએ એવું તેવું યાદ ના આવે એ સ્વાભાવિક હતું.

આણે આવતાં વાડમાં વીસામે પાણી પીવા બધાં બેઠાં ત્યારે બધાં સાસરિયાં તેડત સસરા જેઠ સમેત છાનામાના રાજીને ભાળી લેતા હતા, ઉમળકાએ જાણે એના ચહેરાને વધારે ઉજમાળો બનાવી દીધેલો. રાજી તો આછો ઘૂંઘટ આઘો- પાછો કરતી અને થેલામાંની પોટલીને એક હાથથી પંપાળી લેતી છેક શૈશવમાં પહોંચી ગયેલી.

વાડાના જાંબુડાઓ નીચે પડોશીના પશા સાથે પોતે હમેશાં રમ્યા કરતી. પશો એને દાદાની ગેરહાજરીમાં, છાનોમાનો જાંબુડા પર ચઢીને જાંબુ પાડી આપતો. પછી બેઉ જાંબુ ખાતાંને ઘર ખેતરની રમત રમતાં. દાદા જાંબુ આપે ત્યારે રાજી પશાનો ભાગ સાચવી રાખતી. પશો મોટો થઈને મામા સાથે મુંબઈ ચાલ્યો ગયો હતો. તોય, જાંબુ પાકતાં ત્યારે રાજી પશાને સંભાર્યા વિના નહોતી રહેતી. રાજીમાં આજે સાસરીની વાટે જતાં એ બાળ-ભેરુનું સ્મરણ જાગી આવતાં પતિને મળવાની અધીરાઈ વધી પડેલી.

બાએ થેલીમાં પિયર પોટલી બંધાવેલી. કંકુ, ચોખા, સવા રૂપિયો, ખારેક, સોપારી અને જમાઈ માટે માદળિયું. ગામમાં રીંછ લઈને આવેલા બાવા પાસેથી લાધેલું, મંતર મારેલું માદળિયું. પતિ આ માદળિયું પહેરે તો પત્ની પર મરતાં લગી એનું હેત સચવાઈ રહે એવી માન્યતામાં સૌને પાકો વિશ્વાસ. બાએ ગાંઠે શિખામણ બંધાવવા સાથે આ પિયર-પોટલી સાચવીને સાસુજીને આપી, પગે લાગી આશીર્વાદ મેળવવા કહેલું, માદળિયું જમાઈને ‘બોલતાં’ પહેલાં બાંધી દેવાની યાદ અપાવેલી. આ પિયર-પોટલી

સાથે રાજીએ મેળામાંથી પતિ સુખાએ વ્હોરીને પ્રેમની પ્હેલી નિશાની રૂપે ભેટ આપેલા ફૂલાળા રૂમાલમાં જાંબુ બાધીને મૂકી દીધેલાં.

વિસામેથી બધાં ઊઠ્યાં ને આગળ પાછળ ચાલવા માંડ્યાં ત્યારે સુખાના બરોબરિયા મોટિયાર જેન્તીએ પૂછેલું :

'ભાભી, ચ્યારનાં ય પિયર પોટલી હંતાડાં સો તે અમારા ભઈબન્ધ માટે એવું તો હું લાયાં સો? નવજુ વસ ઑય તો અમારો ય ભાગ રાખજો પાસાં...'

શરમની મારી રાજી તો રાતીચોળ થઈ ગયેલી. ઘેર પહોંચતાં એ સુખાને જાંબુ ખવરાવવા અધીરી થઈ હતી, પણ ઠેઠ રાતે બધો મેળ પડેલો. સુખાને ગળે જાતે માદળિયું પહેરાવીને જાંબુની પોટલી રાજીએ એની સામે ઊઘાડી દેતાં વાટમાં જેન્તીએ કરેલી ટીખળ પણ કહેલી.

સુખો તો ન્યાલ થઈ ગયો' તો.

બાપ જન્મારામાં એણે આવાં મીઠાં જાંબુ ખાધાં નહોતાં. એના ગામમાં જાંબુડો જ ક્યાં હતો વારુ ! બીજાં પંચરુ ઝાડ થતાં પણ જાંબુડા નહીં. એને તો રાજી પણ જાંબુડો જ લાગેલી!

બીજે દિવસે એણે વાડામાં જાંબુનો ઠળિયો રોપીને રાજીને કહેલું કે આપણે આ જાંબુડો ઉછેરવો એ વાત નક્કી. રાજીની કાળજીથી જોતજોતામાં જાંબુડો ઝાડ થવા લાગેલો... સુખાના હેત હાર્યે એ વધતો-ફાલતો જતો'તો. રાજીની કૂખે ભીખાનો જનમ થતાં થોડાં વરસો ગયેલાં. સુખાના મોટાભાઈને ય કશો વસ્તાર નહોતો. એટલે રાજીની કૂખે દીકરો જન્મતાં એ ભીખો કહેવાયેલો, હાસ્તો! ભગવાન પાસેથી ભીખી માગેલો. રાજી, ભીખા પર આખા કુટુંબના બારબાર હાથ રહેવા લાગેલા. ભીખો જોતજોતામાં જાંબુડા તળે રમતો થયો. નિશાળેથી છૂટીને દોસ્તારો સાથે જાંબુડા નીચે કૌરવ-પાંડવની આંબલી પીપળીવાળી રમત પણ ક્યારેક આ જાંબુડાની ડાળે રમાતી. ઘરમાં બધાં આઘાં-પાછાં હોય ત્યારે ભીખો ય જાંબુડે ચડવાનું અળવીતરું કરી દોસ્તારો સાથે બાખડી બાંધતો થયેલો... ત્યાં જ —

રાજીનો એ વલોપાત આખા પંથકમાં પહોંચેલો.ગામમાં સમાય નહીં એટલું મનેખ ઉમટેલું. સૌને મોઢે એક જ વાત હતી :

"ભગવાનના ઘેરે ય હો મણ તેલે અંધારું સૅ! કહાઈને ઘેર કહોળ રાખનારા ભગવાંન! જાહરે જાહ! આવો કાળો કેર તે થતો હશે? ચિયા ભવનાં વેર લેવાયાં સે આ? તારે તાંય કળજગ સે કળજગ?..."



જડ થઈ ગયેલી રાજીમાં જીવન આવતાં દિવસો ગયેલા. સુખો લાચાર થઈ ગયેલો. જાંબુડાને જોતાં જ રાજીને ભીખો દેખાતો. એ લવારા કરવા માંડતી. આથી સુખાએ જાંબુડો કપાવીને કરામાં એનાં લાકડાંનો કઠિયારો ખડકી દીધેલો. ચોમાસે જાંબુડો ફરી ના ફૂટે એ માટે એણે એનું થડીયું મૂળસોતું ખોદાવી કાઢેલું. જાંબુડાની એ ખાલી જગામાં સુખાએ બળદોને બાંધવાની, ઘાસફૂસિયા મેડી બનાવી દીધેલી. એકાદ વરસમાં રાજી પાછી ઘર સંભાળતી થઈ ગઈ હતી. પણ એ પ્હેલાંની રાજી ક્યાં હતી? કોઈ ભરીભાદરી નદી જાણે કાળવરસમાં સૂકાઈ ચાલી હતી. રાજીએ જાંબુ નહીં ખાવાનું વ્રત લઈ લીધું હતું... અતૂટ વ્રત!

બીજાં ચાર-પાંચ વરસે ય રાજીની કૂખ ના ફળી. દૈવની મરજી નહીં હોય, બીજું શું! રાજીએ કાલાવાલા કર્યા, ખોળો પાથર્યો ને છેવટે લડીઝઘડીને આજીજીઓ કરી ત્યારે સુખો બીજી બૈરી કરવા સંમત થયો. ઘરમાં શોક્ય આવી લીલી. રાજી લીલીને સગી બહેન જેમ રાખતી. પોતે વગડે કામ કરતી ને લીલીને ઘરસંસાર સોંપી રાખતી. વખતે ઘરનાં વાસીદાં વાળતી ને વાસણ કપડાં અવેરી લેતી. તોય શોક્ય એટલે શોક્ય. કોક કપાતર લીલીને ચડાવતું ય હશે. લીલી રાજીને ભાળતી ને કાળ ભાળતી. રાજીએ તો વગડો ને સીમ વ્હાલાં કર્યાં, રાત ગાળ્યા પૂરતી રાજી ઘેર આવતી એટલું માફ! સુખો ખેતરમાં રાજીને મનવર કરતો. તોય, સુખાના ગળામાં બીજું માદળિયું જોતી રાજી ધીમે ધીમે કરમાતી ને બીડાતી જતી હતી.

વખતને વ્હેતાં વાર લાગે છે? લીલીએ દીકરો જણ્યો. રાજીને સુખાની પેઢી વસ્યાનો સંતોષ મળ્યો. ઘરમાં વાર-તહેવારો પાછા ઉજવાવા લાગ્યા. ઋતુઋતુનાં ફળ લઈને લીલી દીકરા ઘેલાને ખવડાવતી હતી. હવે લીલી રાજી તરફ થોડી કૂણી પડી હતી. રાજીને ઘેલા પર હેત રહેતું પણ ભીખો સાંભરી આવતાં એની છાતીમાં ડૂમો બાઝી જતો. એ ઘેલાને ઘોડિયામાં મૂકી ખાલી ખેતરો ખૂંદવા નીકળી જતી. એકલી અટૂલી રાજી વગડામાં રખડીને છાણાં-લાકડાં વીણ્યા કરતી.

લોક એને જોઈને જીવ બાળતું. કોકકોક એને ટાઢપના બોલ કહી દુઃખવીસારો કરવા મથતું :

'કાળના આગળ કોઈનું ય ચ્યાં ચાલે સે, બુન! મોટું મન રાખો, અવે કાઢ્યાં એટલાં વરહાં ચ્યાં કાઢવાં સે? તમે તો વેઠવામાં કસર નથી મેલી, બુન! તો લીટી ભેગો લહરકો... અહવાં પડીને આંશ્યોનાં તેજ ઓલવશો તો દોરાનારો દીકરો તો...'

બોલનારની આંખો દદડી પડતી, પણ રાજી તો જાણે રડવાનું ય ભૂલી ગઈ હતી! એના કાળજાને મૂંગો સન્નાટો છોલ્યા કરતો... રાજી સુખાથી ય વેગળી થઈને જાણે વખાતી જતી હતી...

આ ગઈકાલની વાત. જાંબુ વેચનારો વાઘરી આવેલો. રાજી તો વગડે હતી. દીકરા ઘેલાએ જાંબુ માટે હઠ કરી. લીલાએ જાંબુ લીધાં. ઘેલો ટાઢો પડ્યો. સાંજે બેઉ શોક્યો વાડામાં બેઠેલી લીલી-રાજીને આમ પાસે બેસી વાતો કરતી ભાળીને સુખાને ઘણે દાડે ઘરસુખનો ભાવ જાગ્યો. લીલીએ રાજીને જાંબુ ધર્યાં. રાજીએ યાદ દેવડાવ્યું કે 'મારે તો બારબાર વરહથી વરત સે-જાંબુ ના ખાવાનું વરત...ભીખાને મર્યે જેટલાં વરહ થ્યાં એટલાં વરહ મને જાંબુ ખાધે...' એની છાતીમાં ઢબૂરેલાં વરસો પાછાં ઉપરતળે થતાં લાગ્યાં. પણ કાળ ચોઘડિયું હશે તે લીલીને અવળી મતિ સૂઝી એણે કહ્યું :

'આપડા ઘેલાના સોગન સે જો બે જાંબુના ખાંવ તો, અવે જાંબુ ખાવાથી. ગઈ ગૂજરી ભૂલી જાંવ, બુન! ઘેલાના સોગન...'

રાજીએ લીલીને મોઢે હાથ દીધો ને જાંબુ હાથમાં લીધું...હૂકો પીતાં પીતાં સુખો જાઈ રહ્યો હતો, પણ એ છેટેથી કશું સાંભળી શકતો ન્હોતો. રાજીની છાતીમાં, જાંબુ હાથમાં લેતાં સાથે, મૂંઝારો થવા લાગેલો, ગળામાં ડૂમો. લીલીએ તાણ કરી... ને રાજીએ જાંબુ મોઢામાં મૂક્યું... ચગળવા–ગળવા જતાં ઉધરસ ચઢી ને ઠળિયો અંતરસ ગયો, રાજી બેભાન થઈ ઉથલી પડી, તરફડવા લાગી. હોકો મૂકતોકને સુખો દોડી આવ્યો, રાજીના મોઢામાં આંગળી નાખી એ ઠળિયો કાઢવા મથ્યો પણ કાંઈ હાથ ન આવ્યું. ગામ ભેગું થઈ ગયું. ગાડે ઘાલી એના હાંફતા તરફડતા ખોળિયાને શહેરમાં દવાખાને ઉપાડયું. નેળિયા–ના અંધારામાં ગાડું ઊતરી ગયું ત્યાં સુધી લોક મૂંગુમસ જોઈ રહ્યું...

ગાડું દવાખાને પહોંચ્યું ત્યારે રાજીમાં જીવ ન્હોતો રહ્યો. ઠળિયો



શ્વાસનળીમાં ફસાઈ ગયો હતો... પરોઢિયે ગાડું રાજીની લાશ લઈને ગામમાં આવી ચૂકેલું. લોક કહેતું હતું–'કાળ એની પાછળ પડેલો, ભઈ! જાંબુ ને ઠળિયો તો બ્હાનાં, આખો મલક બધું ખાય જ છંને! કાળ એને ઘોઘળે બેઠેલો. બિચારીનો જીવ લીધો ત્યારે જ જંપ્યો!...'

સવારે રાજીને સ્મશાને લઈ ગયાં. સુખો ભાંગી પડયો હતો. લીલી પોતાની છાતીએ ગડદા વાળતી, જાતને ધિક્કારતી રડતી હતી.બબ્બે બૈરાંની ઝાલી એ ઝલાતી ન્હોતી. સૂકાં લાકડાં શોધતા ડાઘુઓને સુખાના કરામાંથી પોલા જાંબુડાનાં વરસો જૂનાં લાકડાં મળ્યાં. ગાડું સ્મશાને ઠલવાયું. જાંબુડાનાં લાકડાંની ચેહ ખડકાણી, રાતીપીળી જ્વાળાઓ પહેરી રાજી આભલા તરફ ચાલી નીકળી...'

ડાઘુ સુખાને આંગણે ખરખરો કરીને વેરાયા ત્યારે માંડ જંપેલી લીલીને ઢંઢોળીને અબુધ ઘેલો કહેતો હતો :

'બા, મેં વાડામાં જાંબુનો ઠળિયો રોપ્યો સે તે જાંબુ ઊગશે ને બા...!!'

૪-૭-૯૦/બકરી ઈદ
૧૫-૯-૯૦ : વલ્લભવિદ્યાનગર

❑

# ચીડો

ભૂરી જોઈ રહી.

ચારે બાજું ઘાસ – ઘાસ ને ઘાસ

માટીમાં કયાં સંતાઈ રહ્યું હશે આ આટલું બધું ઘાસ? ઉનાળે શિયાળે ઠેઠ તળિયે છૂપાઈ જતું હશે? ધરતીના કયા પડમાં, કયા પતાળમાં પેસી રહેતું હશે આ ઘાસ? જરાક ભેજ ભાળ્યો કે ઊંગી નીકળ્યું સમજો!

બા સંતીકાકી સાથે વાત કરે છે.

'બળ્યો આ ચીડો, ટેકટરથી શેડાયું તોય જતો નથી,'

' ટેકટર મેલાવો કો ઓળ મેલાવો. એની ગાંઠ હૂકાય નઈ તાં લગણ એ જાય નઈ. ચીડો કુને કયો કાશીબુન ! માટીમાં અમી ઑય તાં હુદી એની ગાંઠ હૂકાય નઈ.' સંતીકાકી છીંકણી તાણતાં બોલે છે.

'ઘરનો ધણી ઑય તોય ઑળ મેલાઈએ, પારકું થોડી આપડી પીડ જાંણે? કરવડી મેલાઈને બેવારકો તો કરપાયો, પણ માથેથી વરહાદ મટે તો હૂકાયને? ભેંનામાં તો એને ફાવતું જડે. છાંટો અડયો નથી કે ફૂટયો નથી. ઉંતો નેંદીને થાચી.'

'થાચ્યે કે ના થાચ્યે. હું કર્યા વના સાલે? હેતર ને શેતી અવેર્યા વના પાકે હું? પથરા! શેતીને ફજેતી અમથી કેઈ સે? જાગે એટલે માગે–વાળી



વાત સે, બુન. દેવતાને એનો ભોગ સડાયા વના સાલે કાંય?'

પશાભૈ પાંહે ભાગે શેતી કરાવું તે ઘરોબો ય થાય ને બધુંય થાય, મારી બૈ. વ્હેલા મોડી જવાનું, હાથ હંગાથ, ઊઠવા બેહવાનું. બધુંય થાય. લોકો તો પીટ્યાં તાચીને બેઠા ઑય. એમને તો વાયરો વાત કહે. વાટથી વાત ઊભી થાય. ભૂડાંને મોઠે ગળણું થોડું બંધાય સે?

'મરવાદો મારી બૈ! અસ્ત્રીનો ગોબરો અવતાર ને પાસો કણબીને ઘેર આલ્યો. મેલો અવતાર ને માટી હંગાથે પનારું, મેલ તો ધોયે છૂટકો. હંતીકાચી! બધાંની કાયા માટીની સે. આ તો થાચ્યાંના વિહાંમા. બાચી, કરમમાં જીયાં ખાવાનાં લશ્યાં ઑત તો આવાં ડોળિયાં–ડાફોળિયાં ખાવાના ને વાંકગના વના હાંભળવાના દન તો ના આવાંત ને?' કહેતાં કહેતા કાશી ગળગળી થઈ.

અણધાર્યો જવાબ સાંભળી સંતીકાકી શોવાણાં પડી ગયાં : દેહની વાત ના કાડી ઓત તો હારું. પોતે ય ભરજોબનમાં રાંડેલાં. દેઈની ભૂખ એમનાથી ચ્યાં અજાંણી સે ? તન્ધાડે ઓચમતા ગોર મહારાજ ના આઈ જ્યા ઓત તો લાલકાકામાં પોતે લપડાઈ જ જ્યેલાંને! આ તો બાપડી અડધે મારેગ રઝળી પડી. ન ઘરની, ન ઘાટની. બુધલાનો બાપો કમુ બાંમણીને લઈને મલક ઊતરી પડ્યો. તન્ધાડાનો દંન ને આજની ઘડી. કુંજાણે, પીટ્યાને ધરતી ગળી જઈ કે. 'એલી કાશી હૌનાં હેતરોમાં ચીડો ઓય સે. ખહલાની જાત્ય આદમી જેવી. ભેજ ભાળ્યો કે તરત મૂળ નાશ્યું જાંણો. આપડી બતી નેંદાય તાં હૂદી નેંદવાનું. અવે તો ભૂરી તારી બરોબર થઈ આઈ. કાલે બુધલો ઑળ હાંકતો થશે. લીલીહુકી તો સાલ્યા કરવાની.'

ભૂરીથી નીંદતાં નીંદતાં ચીડો ટૂપાઈ જતો હતો. બા લડતી : મૂળ હોતો ઉપડી જાય એમ પકડીને ખેંચી કાઢવાનો. ટૂપાઈ જાય તો ફેરવારકો ફુટ્યા વના નઈ રહેવાનો.

ભૂરી મથતી ઘણું. તોય આ તો ચીડાની જાત, ટૂપાઈ જાય પણ મૂળ ના મેલે.

'બા, મૂળ હોતો પોરગાર નેંદી કાડ્યો' તો, તોય ઉણગાર પાસો ફરી ફૂટયો ચ્યાંથી?'

'ચ્યાંથી તે ગાંઠમાંથી. ગાંઠો તો એકેબે બળી ઑય સે? માટીની

રગરગમાં હંતાઈ રેલી ઑય સે ખહલાતી જાત્ય. પાણી પડયું કે પરગટતાં વાર નંઈ.'

બાનાં વેણ પ્હેલાં આવાં ન્હોતાં. બા શાલેખ નથી બોલતી. કશીક દાઝ, બળતરા, કશાકની ન મેલાતી માંહયની પીડ. એકલી નોંધારી આથડતી–ઝૂડાતી, ખૂટતી–ખોવાતી–તૂટતી કાશીને જોઈ જોઈને ભૂરીમાં ખાસ્સી વ્હેલી સમજણ આવી ગયેલી.

બાજરીના ખેતરમાં બા રડતી રડતી પશાભૈને બાઝી પડી ધ્રુસકે ચડેલી. ભૂરીથી એ નથી ભૂલાતું, પોતે બપોરી રિસેસમાં બાને ચાપાણી આપવા પાહતામાં આવેલી. બાને પંપાળતા પસવારતા પશાભૈ કહેતા હતા : 'સૂડો કાચી કેરી કરકોલી નાખે પસે એ પાકતી નથી. કોહી જાય સે, તું તો વધારે ડાહી સે કાશી!'

ભૂરીને આજ લગી એ વાતનો ગમ પડ્યો નથી.

બપોરનો તડકો. અકળામણ. ખહલું કરડે છે. વરસાદનું ઝાપટું આવી જાય છે તો હાશ થાય છે. પણ તરત નીકળતો તડકો કાશીને ડિલે ભડકા જેવો લાગતો. ઉપરની ગરમી, ભોંયનો બાફ ને માંહ્યના બળાપા.

આવી ગરમ હવાની પોટલી કાયામાં બાંધીને કોણે મેલી હશે. રગરગમાં ફરતી એ પોટલી. પરપોટા જેવી. થોડી થોડી હવા નીકળતી જાય છે ને અંદર ગરમગરમ બળતરા જાગે છે. ચીડો ઉપાડતી જાય છે એમ મનમાં કાંક ફૂટતું જાય છે. ભૂરી મનોમન દા'ડા ગણે છે. હા, છેટે બેસવાનો દિવસ હવે તૈયારીમાં હતો.

દોરી ખેંચીને કોઈ બાણ ચઢાવે છે. કાયામાં ખેંચ ઉપડે છે. જીવને જંપ વળતો નથી. પહેલીવાર છેટે બેઠેલી ત્યારે અંદર કોઈક જાણે લોહી ટૂંપતું હતું. એક પા ટૂપાતું એમ બીજી પા ઠેઠ માંહ્યની પા—ન પરહેવાય એવું ફરકતું ફૂટતું હતું. મકાઈનો ડોડો, એને તાજી ફૂટેલી મૂછ. ભૂરી એ સુંવાળાં મૂછિયાંવાળા ડોડાને ગાલે અડકાવતી, ગાલે ફેરવતી એમ ઝીણી-ઝીણી ઝાળ લાગવા જેવું થતું'તું. એ વસ વ્હાલી લાગેલી. કાયાને આળસ મરડી સંકોડી તો ભીંસાવાનો ભાવ જાગેલો. ભમરો ઊડ્યો હોય એમ એ દોડતી કૈલી પાસે જઈને બધું કહેવા લાગેલી.

કૈલીએ એને બાથમાં ભીડી ગાલે બચી કરતાં ને કેડ્યમાં ચૂંટી ખણતાં



કહેલું : 'કાલી ના થા, મારી બુન! અવૅ તને, હમજી જાને – દેઈ જાગે તે આંનું નાંમ!'

એ લજવાઈ ગયેલી. ગાલકાન લાલ લાલ. છાતી ધકધક. ઘેર જઈ દર્પણમાં જોવા વળેલી. પોતાને પહેલીવાર જોતી હતી? લોહીમાં ગરમ હવાની પોટલી છૂટીને રગરગમાં ફેલાઈ ગયાની આવી અસર? દર્પણમાં એના ચહેરાની જોડાજોડ ઓચમતો મંગાનો મૂછફૂટેલો ચહેરો જોઈ એ ચોંકી ગયેલી. મંગો ત્યાં નહોતો. તો કોણ હતું? એ પોતે? —

અંદર પરપોટા થાય છે ને ફૂટે છે ને થાય છે... એના હાથ નીંદામણને ચપોચપ ખેંચી રહ્યા છે. બોકન્દાનો છોડ ઉપાડ્યો તો લાંબો વેલો ખેંચાઈ આવ્યો.'ટૂપાઈ ના જાય તો સારું' ગણગણતી ભૂરી વિચારે ચઢી.

પોતે કૈલી જેવું ભાગ્ય નથી લખાવી લાવી. અધવચ્ચે ભણતર મેલી દઈને એણીએ તો નોંધારી બાની મદદે જોડાઈ જવાનું થયું. કૈલી પી.ટી.સી. કૉલેજમાં ગઈ. ભણતાં ત્યારે તો કેવા કોડ હતા. શનિવારનો પી.ટી.નો સમય. મેદાનમાં હારબંધ ઊભેલા છેકરા. ખાખી ચડ્ડી ને સફેદ શર્ટ. એમના ઢીંચણ નીચેના ભાગ પર ભૂરા ભૂરા વાળ કાળા થતા જતા હતા. એમની ઊજળી ઊજળી ઠેઠ મૂળ સુધી જતી સાથળોને છાનીમાની જોઈ લેતી આંખો. છોકરીઓનાં ફૂગ્ગો થતાં ફ્રોક ને ઊડતાં સ્કર્ટ વેળા છૂપું છૂપું જોઈ લેતા છોકરાઓ. ભૂરીની આંખે પકડાઈ જતી એ આંખો. ડ્રમનાં તાલબદ્ધ અવાજે કસરત કરતાં શરીરમાં આવો જ ગરમાવો આવી જતો. બગલ પરસેવે ભીની થતી. શરમ લાગતી. કોકની નફ્ફટ આંખો એ ય જોઈ લેતી. વર્ગમાં પાટલી નીચે હાથ ઘાલીને નટ્યો કૈલાની કેડમાં અણિયાળી પોન્સિલ ઘોંચતો...

ગામમાં ચોતરા–ઓટલાની ભીંતે નબળા છોકરા ગંદુગોબરું લખતા. નકામા ખહલા જેવું ગૂંચવાયલું. ગરબડ ગોટાળિયું. મૂવા, મૂતરડીમાં જઈને લખી આવતા. છોકરીઓનાં નામ એમની હાર્યે જોડાતા. એકવાર કૈલીનું નામ નટુ સાથે મૂતરડીમાં જોડાયેલું પછી તો ચોરાના ઓટલા લગી આવી ગયેલું. કૈલી તો મૂઈ, બિન્ધાસ્ત ! ભૂરીને થયેલું કે પોતાનું નામ પણ મંગા હાર્યે લખાય તો કેવું સારું! આવું કેમ થયું હશે? શું એ માત્ર ભોળપણ હશે? વિચારે ચઢેલી ભૂરીને ખ્યાલ ન રહ્યો કે એના હાથે ચીડો ટૂપાઈ રહ્યો છે ને ચીડા સાથે વાવેલા છોડ પણ ઉખડી રહ્યા છે...

મંગાની વાત આવે છે ને બળ્યું સતપત થાય છે. ગયા મેળામાં

પડાપડીમાં ચગડોળમાં બેસવાનું થયું ત્યારે પણ મંગા સાથે બેસવા ના મળેલું. વળતાં ઊભી વાટે એનો ચચરાટ રહેલો. હજી ઊંડો ઊંડો એ વલોપાત છે. ને મંગો? સાવ સાદોસીધો, એના દોસ્તારોમાં ગુલતાન. ના, ના, એનો જીવ રેવા કે' છે એમ કૈલીમાં. ચીડો ઉપાડતા એના હાથ થંભી ગયા. ઉપરતળે ચોંટી ગયેલી કનડીની જોડ્યોને એ જોઈ રહી. લોહીમાં થઈને લખલખુ પસાર થઈ જતું હતું? રાતી પૂંછડીવાળા કાળિયા ઘાંચી અને નાના ભીંગારા પણ એકબીજાને ચપોચપ ચોંટીને ગબડે છે. મૂઈ, રેવા તો કેવું કેવું કહેતી'તી! એવું ગંદુ તે કોઈ...ના, ના... ભૂરીને તાજા લીલાછમ ટટ્ટાર પાનઠીવાળા ચીડાના છોડની હારોમાં કસરત માટે ઊભેલા છોકરાઓની ભ્રમણા થઈ. એ ઊભી થઈ ગઈ. ટટ્ટાર ચીડાની તીણી અણી પર એણે ઓચમતો પગ દાબ્યો... અણી ખૂંપવાને બદલે વળી ગઈ. શરીર પરસેવે તર. તડકો કરડતો લાગે છે.

પાણી પીવા શેઢે જવા વળી. પોચી માટીમાં પગ ખૂંચતા હતા. એ માટીમાં અંગૂઠો આંગળાં દબાવવાની રમતે ચડી. પગને તળિયે ગલીપચી થાય છે એનો વીજળી સળાવો ઠેઠ સાથળના મૂળ લગી અનુભવતી ભૂરી બધે પથરાઈ ગયેલા ઘાસને જોતી, શેઢાના ઘાસને પંપાળતી પસવારતી ઘાસમાં ખોવાઈ જાય છે. વાડે, પડતરે, વગડે, પથરાળી ટેકરીને માથે પણ ઘાસ ઘાસ....ભૂમહું, બાવચી, ગંધીલું, લાંબડું, કરકડિયું, ગોબરકલાર, લૉપ–ભાત–ભાતનું ઘાસ. દરેકનો તોર જુદો. રૂપ, રંગ, ગંધ નોખાં. એ ય મનેખ જેવું! ભૂરીને થાક લાગ્યો.

કાશી બૂમ પાડી ભૂરીને કહે છે.'ઉપાડેલો ચીડો ટોપલામાં ભર્ય, અવે ઘેર જઈએ. બુધલો ય ભેહ દવરાઈને પાસો આયો અશે–ભૂશ્યોનં તરહયો....

ચીડાનો ટોપલો ભરતી ભૂરીને સિસોટી સંભળાતી હતી. ભેંસ દવરાવતાં આદમી વગાડે એવી સિસોટી. એકવાર નિશાળ છૂટેલી. ગોંદરે ચાર છ ભેંસો. બાજુના ગામવાળા દવરાવવા લઈ આવેલા. પેલા ગામના ઉતાર જેવા નિશાળયા, ભૂંડા. એકબીજાને આંખમીંચકારીને, છોકરીઓને સંભળાવવા કહેતા'તાઃ 'ભેંહો મેળે આઈ સૅ લ્યા, હારો વર હોધવા...!'

ઘાસનો ભારો બાંધતી કાશીને વેતર આવેલી, રેકમરેકા કરતી ભેંસ ભળાય છે. ખૂટો ઉખાડતી, દામણું તોડતી, દોટમદોટા કરીને જૂત ઉડાડતી, રેંકી રેંકીને ગામ ગજવતી ભેંસ. વાહરે મારી બાઈ, દીકરી પરણાવવા જેવડી



થઈ તોય તને આવા આળવીતરા વિચારો— આ ડૉરો તો દાબ્યે જ છૂટકો. કઠ્ઠણ છાતી ને માંસલ ડિલ. કાશી ડાબરાના પાણીમાં ચીડો ધોઈધોઈને નીતારે છે.

ધોયલો ચીડો ટોપલામાં ભરતી ભૂરી ઓચિંતું કાશીને પૂછે છે : 'બા આ કલાર ને બોકન્દુ ચુમાહે થાંય; ચીલ એખરા શિયાળે. તાણે આ ચીડો ચ્યમ બારે મઈના?'

'દઈવ જાંણે ગાંઠાળી જાત્ય. અમથી અવા લાગે નં ફૂટે. બધાનું બી ખોવાય પણ ચીડાનું નઈ ખોવાય. ધરતી બી ખોતી નથી એ કે'ત ચીડો હાચી પાડે સે.'

પશાભૈને બોલાઈ ને કે'વું કે એકવાર પાહતાવાળા ખેતરમાં કરવડી મેલીને ચીડો ઉખેડી આલૅ : ટેમ ઑય તો બાંમણિયાનું પડતર ટેકટરથી હારપી દે. પડતર ઑય તોય અવેરવું તો પડે. એમાં તો બેફ્ટ ચીડો વકર્યો સે. કાશી જુવે છેઃ સાંજે ઘરમાં બધું રેન્ડેફંડે પડેલું. કામના ઢગલા. થાક અને કંટાળો.

આ પડતર, ચીડો ને ખહલા પર પૂળો પડે તે... બળ્યું આ મન ને બળ્યો આ મનેખનો અવતાર. ચ્યારેય નઈ ને આજે બળ્યું આવું ચ્યમ થાય સૅ. વરાપેલા ખેતરમાં પાછું પાણી પૅસે એવું....

બાની મોકલેલી ભૂરી–પશાભૈને બોલાવવા જતી ચોતરે ઊભી ઝાંખા અંધારે ભીંતને ભાળી રઈ. અહીં કનુ કોહ્યલા સાથે એનું નામ અળવીતરાંએ લખેલું સાંભળતાં જ ભૂરી અંધારે દોડીને કનુનું નામ ભૂંસી આવેલી. પોતાનું નામ કેમ ન્હોતું ભૂસ્યું ? અટાણે એ નામ ઉકેલવા મથતી હતી. જોડમાં મંગાનું નામ લખવા હાથ લવકતો હતો.

પશાભૈને ત્યાંથી વળતી ભૂરી ભૂધર બાંમણના ઘર પાસે નીકળે છે. આ ભૂધરિયાએ એને ચિઠ્ઠી લખેલી. રોયો કહે કે 'લવ લેટર છે' રિસેસમાં મૂતરડી પાસે બોલાવીને આપેલી. એ તો બી ગયેલી. ડીલે કંપ. છાતીમાં ડૂમો, કપાળે પરસેવો. ધ્રુજતા હાથે ચિઠ્ઠી ઊઘાડી વાંચેલું :

વાસમ્હાલી ભૂસમૂરી

હું સમું તસમને પ્રસમેમ કસમરું છુંસમું.

લિસમિખીતસમંગ અસમણિયાળી પેસમેન્સિલ

એ પસાર થતી ત્યારે છોકરા બોલતા ભૂસમૂસ ધસમર લસમસવસમર રોયાપેન્સિલ બતાવતા, ભૂરી–દોડતી ઘર ભેગી થઈ જતી...

મંગાની ફળીમાં મંગાના ઘરને જોતી જોતી ભૂરી ઘેર આવી ખાઈપીને સૂવા પડી. આંખો ઘેરાવા માંડી ત્યારે પશાભૈ આવ્યા. આંખો ઘેરાઈ, મીંચાઈ. બુધલો તો ક્યારનો ઘોર બોલાવતો તો.

ભૂરીની ઊંઘમાં મંગાનું ખેતર. માથોડું મકાઈમાં એ ચીડો ઉપાડે છે. વચ્ચે–વચ્ચે મંગો અને એ બથોબથ. ઘડીમાં ભીંસ તો ઘડીમાં બચીઓ. ઘડીમાં ખોળે તો ઘડીમાં માળે. મેળાનું ચગડોળ વચ્ચે હડસેલાતું–ચક્કર ભમ્મર ફરતું અણીદાર ચીડો અંગે પેન્સિલ જેવું ભોકાંતો' તો. એ એને ચાવી ચાવીને—. ખાટાતૂરા સ્વાદથી એનું મોઢું ભરાઈ ગયું. એણે હાક થૂ–થૂકી નાખ્યું.

અચાનક જાગી જવાયું. આખા ઘરમાં હમણાં જ પીવાઈ ગયેલી બીડીની વાસ ફરી વળી છે. ઝાંખા અજવાળામાં ટોપલાનો ચીડો ચીમળાયેલો ભેંસની ગમાણમાં અડધો ખવાયેલો વેર વિખરે... બા હજી હમણાં જંપી હશે એમ લાગ્યું. જાણે ધરાયેલી એની છાતી સાડલો વટાવીને બ્હાર આવી ગઈ હતી. તરસ લાગી. પાણિયારે ગઈ. કોઈ જીવડું ઊડયું કે શું દીવો ભપ દઈને રાત થઈ ગયો. ભૂરી છળી તોય સંભાળીને ખાટલે વળી...પછી તંદ્રામાં કયાંક સુધી ચીડો ટૂંપતી રહી.

બે દિવસ કેડયે ખેતરે ગઈ ત્યારે કૂતરાંની ટોળી સૂંઘારે સૂઘારે સીમ આવી ગયેલી. પશાભૈએ ઉખેડેલો ચીડો તથા એની ગાંઠો ખોળી ખોળીને બા ભેગાં કરતી'તી. નવી નવી ગાંઠો નીકળતી જતી'તી. એ જોઈ રહી—

નીંદેલા ખેતરમાં ફરી ચીડો ફૂટી આવ્યો છે. કેવો તો છટાદર લીલીકચ અણિયાળી પાનઠી! ના ના પોતે કે ગમે એય ચીડાને નહીં પહોંચી શકે, કદી નહીં... તોય નીંદયા વિના છૂટકો છે કાંઈ!

ભૂરી ખેતરમાં પેઠી.

૧૨-૧૩-૧૪-૧૫
સપ્ટેમ્બર–'૯૨
વલ્લભવિદ્યાનગર

❑



# નાગપાંચમ

આજે નાગપાંચમ

નાગધરીને કાંઠે મેળો ભરાવાનો.

તખલીના જીવને જરાય જંપ નહોતો. શેઢાના ઘાસ ઉપર એનું દાતરડું સપાટામાં ફરતું હતું. ગઈ કાલે જ કકરાવેલા દાતરડાથી જાણે એ કોઈને વાઢી નાખવા માગતી હોય એવી એની સૂમ હતી.

માથે શ્રાવણનાં વાદળાં ઘડી ઘડી વ્હાલ વરસાવતાં હતાં, તોય તખલીનાં અંગોમાં તાપ હતો, ટાઢો થવા અકળાતો તાપ. ભીની ભોંય જાણે હજી તરસી હતી, એનો ઉત્તાપ પણ ઓછો ન્હોતો. ઘડીકમાં તડકો નીકળી આવતો ને તખલી પરસેવાથી નવાઈ જતી. એની ગોરી કાયા તગતગી ઊઠતી. લોહી ફેણ માંડીને બેઠું થઈ જતું.

ઘાસ વાઢતી તખલીના હાથમાંનું દાતરડું અટકી જતું. એ ચોંટી ગયેલાં જીવડાંને જોતી કે થંભી જતી. આજે ખેતરે આવવા નીકળી ત્યારે ચરામાં ચોંટી ગયેલાં બે કૂતરાં વચ્ચે ત્રીજો ડાઘિયો ઉડાઉડ કરતો હતો અને ગામનાં છોકરાં ડાઘિયા સાથે પેલાં બેઉને પથરાટતાં હતાં. ડાઘિયા પર તો એને ય ખુન્નસ ચઢી આવતું, પણ પેલાં બે બચારા... એમનો શો વાંકગનો ?

ઘાસ વાઢવાનું વિસરી જતી તખલીને મધરાતથી બેફાટ રેંકતી ભેંસ

પાછી સંભળાતી હતી. વેતર આવેલી ભેંસને પાડે બંધાવવા જણને કાલે મોકલ્યો હતો. પઠ્ઠા જેવા જણને ય પાડી દેવા કરતી ભેંસ બદતી ન્હોતી. દામણું તોડીને ભાગી છૂટવા ઉછળતી ભેંસને તખલી જોઈ રહેલી. એને ખબર ન્હોતી કે સસરો એને દૂરથી તાકી-તાગી રહ્યો છે. એ તો ભેંસમાં ભાન ભૂલી હતી. પહેલે આણે આવી ત્યારે બાપાએ જે પાડી દોરી આપેલી તે આ ભેંસ. કાલે એને ગળે ડેરો બાંધવો પડશે ત્યારે કાબૂમાં રહેશે. તખલીએ પોતાનો રઘવાટ પરખ્યો. મનને પાછુ' વાળીને ઘાસ વાઢવા લાગેલી તખલીની છાતીની ભોંયમાં કશુંક ઉછળતું રહેલું... દેહને બળપૂર્વક દાબતી તખલીને થયું કે મનને ડેરો કેમ કરીને પેરાવવો?

વળી વળીને એક જ સવાલ સામે આવી ઊભતો :

'સગો ધણી આવો બાપડિયો ને બાયલો હોય? હાય રે નસીબ!' તખલીનો ધણી મોતી ઉજળો હતો તોય એને ઝાઝો ગમ્યો ન્હોતો. વર તરીકે એનામાં કશા વેતા ન્હોતા. હવે તો તખલીએ મોભાદાર ઘર અને ન્યાતમાં પંકાયેલું ગામ જોઈને આયખું કાઢવાનું હતું. જેવો હતો એવો મોતી એનું સર્વસ્વ હતો. તખલીએ મન મનાવેલું.

તખલી જાણતી હતી કે મંગળ જેવું તો કોઈ ન્હોતું. મંગળ, એના પિયરમાં સામા બારણાનો પડોશી. કકરો, ફૂટડો ને મળતાવડો. ફળિયાને ત્રિભેટે ચોમાસાની ભીની માટી પગ પર થાપીને બેઉ રૂડું રૂપાળું ઘર બનાવતાં, સાંજનાં પીળાં સગડીઆંથી એને શણગારતાં ને વરવહુની રમત રમતાં. સમજણ આવતાં તો બધું છૂટી ગયેલું. ખોબા એવડા ગામમાં અંદરોઅંદર સગાઈ કરવાનો વેવાર ન્હોતો. મૂળે એક કુટુંબની પેઢીઓ થઈને વસેલું ગામ એટલે લોકો પણ સગવડ પાળતા.

દૂર ક્યાંક ગોવાળિયા પાવો વગાડતા હતા. તખલીએ વાઢવું મેલીને કાન માંડ્યા. ગાણું પરિચિત હતું :

*કૂણી રે કૂંપળ કૂણાં કાળજાં*
*એથી કૂણેરા કૈં કોડ*
*આવ્યા રે ચોમાસાં સૈયર પાધરાં*
*વલખે હૈયું ને વરસે આંખડી*
*તરસે પારેવાંની જોડ*



*આવ્યાં રે ચોમાસાં સૈયર પાધરાં*
*મેહુલો ગાજે રે સમી સાંજનો...*

ગાણાની લ્હેરમાં કળ વળતાં તખલી ઘાસની પૂળેટી બાંધવાને બદલે પોરો ખાવા, ખેતર વચોવચ રખવાળી કરવા માંડેલા માળે આવી બેઠી. બેઉ બાજુ મકાઈનાં ભર્યાં ભાદર્યાં ખેતરો લ્હેરાતાં હતાં. પડખામાં બાજરીના ખેતરમાં હાથ હાથ લાંબા બાજરિયાં ડોલતાં હતાં. વર્ષો પહેલાં મંગળ ગાતો હતો –

*'બાજરિયે રેંડ લાગી રે જોવનપરનું બાજરિયું...'*

તખલી દાડાઓની જોવનાઈ જોઈ રહી. પડખામાં મોતી ન્હોતો એની ખોટ પેલ્લીવાર વરતાઈ. તખલીને થતું હતું – 'આ તે કેવો ઘણી! ઘડી બે ઘડી હાર્યે બાસીને વાતે ય ના કરે. કાયમ માટે બાપાની બીક. બાપા આવી જશે, બાપા જોઈ જશે, બાપા લડશે, બાપાએ ભાળવેલું કામ તો ખૂંટે જ નહીં!' ચોવીસે કલાક ને બારેમાસ મોતીને બાપાની ફડક. બાપા આગળ એનું કાંઈ ચાલે નહીં. તખલીને તો આડો સસરો ને ઉઘાડિયો વર. સસરો ગામના મુખી. ને મુખી કાકો ન્યાતના આગેવાન. બાપાએ આવો વટદાર વેવાઈ ભાળીને તો એને બીજા તડમાં વેગળે ય વરાવી હતી.

તખલી ઘૂંઘટા આડેથી સસરાની ભૂખીડાંસ નજરને ઘણી વ્હેલી પારખી ગયેલી. પહેલાં તો એ એ નજરથી કંપી ગયેલી. એકબે સૈયરોએ 'ખાખરા ગામનાં સાસરાં જીરવવાં દોહ્યલાં' એમ કહેલું ત્યારે તો એ મજાક સમજીને હસેલી. ને આજે તો 'સાસુ તો ગમે એવી હોય તોય વેઠાય પણ સસરો કપાતર કેમનો વેઠાય?' એ કહેતીનો મતલબ પણ પામી ચૂકી છે.

તખલી દૂરના ડુંગરા જોઈ રહી. એ ભીંજાઈ ગયેલા ડુંગરોની પેલે પાર મહીસાગર કાંઠે એનું પિયર. પાસેના મધવાસ ગામે ભરાતો ગોકળ આઠમનો મેળો. મંગળે એને કેટકેટલીવાર ચગડોળે બેસાડેલી, ને ફરાળી ચેવડા ખવડાવેલા. ગામની છેકરીઓને તખલીની ઈર્ષા થતી, પણ મંગળ તો દેવાંશી હતો. ભારે સમજણો. તખલી છેટે બેસતી થઈ ત્યાથી તો એ એના ડિલને અડતો ય નહીં. બાળપણમાં ધબ્બાધબ્બી કરી હોય એ માફ. તખલીને તો ઘણુંય થતું કે મંગળ એને બાથમાં ઘાલી દે, બચીઓથી નવરાવી દે. એને તો મંગળની બાથનાં શમણાં ય આવતાં ને સવારે કૂવે

પાણી ભરતાં ભરતાં એ મંગળને તરસી આંખે તાક્યા કરતી, મંગળ તો ઓટલે બેઠો બેઠો વાંચતો હોય કે ભાભીએ ભળાવેલું શાક સુધારતો હોય. હા, એના મનમાં એક સમજ પાકી હતી કે ગમે એટલો પ્રેમ થાય તોય જે છોકરી સાથે લગ્ન કરવાનું ના હોય એને અડવું એ પણ પાપ ગણાય. એમાંય તખલી તો ગામની, ફળિયાની. અભડાવવાની વાત તો આઘી રહી મંગળે તખલીને બોટી પણ ન્હોતી.

તખલીને ધોધમાર વરસાદમાં પલળવાનું મન થયું. માંહ્યની બળતરા જાણે જીરવાતી ન્હોતી. ક્યાંકથી કાગડો ઊડી આવ્યો ને મકાઈના છોડ પર બેઠો, એય તખલીને ત્રાંસી આંખે ભાળતો લાગ્યો. 'હાડા' કહીને એને ઉરાડતી તખલી બબડી : 'હાહરો નબળો, ચ્યાંક પેંધો ના પડી જાય...' ડોડા થઈ ગયા હતા, ને જીવડાંની ભેળાડ વધવાની વેળા આવી હતી.

વહુવારુને પટાવીને પડખામાં લેવાની સસરાની રમતનો એને પહેલો અનુભવ થયો ત્યારે એ નોંધારી જાત માટે જેઠાણી કને આધાર શોધવા દોડેલી. જેઠાણીએ હસી કાઢતાં એને વારેલી બલકે વાળેલી :

> 'તખી વઉં, હાહરાની વાત ના થાય. એ તો ઘરનો મોભ ગણાય. આપડે તો ધણીનો ધણી એ જ કહેવાય. એનું લૂટ્યું કાંય લૂટ્યું ના કહેવાય. તખલી, બાંધી મુઠી રાખીને કાંમ કરેસ તો લીલાલ્હેર સેં – આ ઘરમાં...'

ઊંડા ખાડમાં જાય એવી લીલાલહેર' એ તણખેલી. જેઠાણીના ગોબરા જવાબથી કોઈએ તમાચ મારી હોય ને તમ્મર આવી જાય એવું એને થયેલું. એ તમ્મરની કળ હજીય ક્યાં વળે છે?!

માળા પરથી તખલી જોતી હતી ચારે બાજુ લીલછાઈ ગયેલાં સીમ સીમાડો. વરસાદથી ધરાયેલી ધરતી એને નિરાંત જીવે સૂતી ભળાઈ. આ પાસેની ટોકરીઓ અને ખળભળતું વાંધું ટેકરીઓના ભીના ઘાસમાં ગબડી ગબડીને વાંધામાં આળોટવા આજે તખલીનો જીવ ફુંગરાતો હતો. પલળેલાં ઝાડવાં, રળિયામણું ગામ – તળાવ ને આથમણી નાગધરી... નાનકડી નદી.

નાગધરીની દેરીએ મેળો ભરાયો હશે. વહુવારુઓ સિવાય આખું ગામ મેળામાં ઠલવાયું હશે, પહેલી આણાતને મેળે જવાનો રિવાજ. પોતે ય પહેલવારકી જેઠઆણે આવી ત્યારે, પછીની નાગપાંચમે એ પણ નાગધરીને



મેળે ગયેલી. નાગધરીના ધરામાં ન્હાઈને નાગદેવતા પાસે બધાંની જેમ એણે પણ 'જિન્દગીભર પહોંચે એટલું પતિનું સુખ' માગેલું. આજે મેળો મહાલવા નહીં પણ નાગદેવને પૂછવા જવું હતું કે 'પતિનું સુખ' ક્યારે આલશો દેવ? પણ ખાખરા ગામનો રિવાજ હતો કે પરણેતરથી બીજી વાર મેળે ના જવાય, 'હરાઈ ગાય–ભેંસને તો એક જ ડેરો બાંધેલો હોય છે જ્યારે વહુવારુઓને તો, ભાળી ન શકાય એવા, કેટકેટલા ડેરા ગળે બાંધેલા હોય છે?' પોતાને આવેલા આવા વિચારથી તખલી તાજુબ થઈ ગઈ.

બપોરના તડકા છાંયડા સીમમાં દોડાદોડ કરતાં દેખીને તખલી પાછી વધારે એકલી થઈ ગઈ. પરણીને આવી ત્યારથી તખલી માટે તો આવો સૂનકાર જ સૈયરરૂપ હતો ને!

મોતી તો છેલ્લા ચારેક માસથી જાય છે શહેરમાં હીરા ઘસવા. એ હતો તોય ખાધા પછી હાથ તો એનો ગામમાં સૂકાતો. હવે એ અઠવાડિયે પંદર દિવસે રાતવાસો આવી જાય ખરો, પણ સાવ મોળો માણસ. જેઠને અમદાવાદની મિલ બંધ પડી, જે પૈસા મળ્યા તેમાંથી હીરા ઘસવાની ઘંટી નાખી ને નાનાભાઈને ય એમાં જોતર્યો. ખેતી તો જણનોકર કરતા ને મુખીકાકા દેખરેખ રાખતા.

આમેય, તખલીને પોતાના પડખામાં નહીં લઈ શકેલા સસરાએ મોતીને જુવારું વ્હેંચીને જૂના પડવાને વાંકે ઊભેલા–ઘરમાં ખદેડી કાઢેલો. એમના મનમાં હતું કે વિપદાથી ભાગીને તખલી છેવટે એમના વેંતમાં આવીને રહેશે. 'વહુબેટા, વહુબેટા,' ના વહાલથી નહીં માનેલી તખલી પર એમને ખુન્નસ હતું. મોતી તો એટલો કાફર ન્હોતો, પણ સાબદી તખલીએ બે વર્ષમાં પડતું ઘર બેઠું કરીને ખેતી અવેરી લેવાની આવડત કેળવેલી. નબળા સસરાથી એ તેર ગાઉ વેગળી રહેતી એ આખું ગામ જાણતું હતું...

જ્યારે જેઠાણી? —

સાસુના મર્યા કેડ્યે સસરાને જેઠાણીએ ધણીની જેમ જાળવ્યાની લોકવાયકા સાચી હતી. જેઠાણીને સસરાનો નખ જેટલો ય બાધ ન્હોતો એ તખલી તરત પામી ગયેલી. ઘરમાં બીજા બેચાર લફંગાઓનો અડ્ડો ને વેળકવેળાની અવર જવર રહેતી. આવું જોઈને તો તખલી ડાગળીચૂક જેવી થઈ ગયેલી. આ તો નહણક કળજુગ કહેવાય!

'બાપડી જેઠાણી કરે ય શું?' તખલીને પોતામાં કોઈ બોલતું સંભળાયું : 'ધણી અમદાવાદમાં લ્હેર પાણી ભજિયાં કરતો ઑય ત્યારે ગાંમડે બાયડી આયખું કાપે તો કેમ કરીને કાપે?'

તખલીની છાતીમાં ડચૂરો ભરાવા જેવું થયું. ભોટવામાં પાણી હતું, પણ એ તો વહવાયા જણનું એઠું ગણાય. એણે ના પીધું. ગઈકાલે મોતીના દોસ્તાર મગને કહેલું યાદ આવ્યું. મગન બોલેલો :

'તખીભાભી, તમે તો હેતરમાં માળો ઘાલ્યો ને કાંઈ! રાત્યે રખવાળી કરવા જવાનાં અશાં, ચ્યમ નઈ? બીજું તો મૂવું, પણ આથ આથના ડોડા થ્યા સૅ તે ખવડાવજો પાસાં...''

'ડોડા ખાવા ઓય તો તમારા ભઈને તેડી આવાં, મારાથી એમના હેતરમાં ભેળાડ ચ્યમની થાય ?' તખલીએ ટોળમાં જવાબ આપતાં કડવું ઉમેરેલું–

'ને પારકા ડોડા ખાવામાં ચ્યાંક તમારા હેતરનાં ડોડા ભેળાઈ ના જાંય એ જો જો પાસા, આ તો ખાખરિયું ગાંમ સૅ...'

મગનને પથ્થર વાગે ને લૉર આવે એવું થયેલું. એને સમજાઈ ગયું હતું કે મુખી કાકાએ મોતીને ઝટ જુવારું કેમ વ્હેંચ્યું હશે! એકવાર ખેતરમાં એકલી તખલીને ઝાલવા જતાં તખલીએ સસરાનો દાતરડાથી સામનો કરેલો. પડોશીનો જણ એ ભાળી ગયેલો. આખા ગામમાં તખલી ચર્ચાનો વિષય થઈ ગયેલી. તખલીને બદલે મુખીકાકા જ સમાસૂતર થઈ ગયાનું ચર્ચાતું—

'આવી બાયડી ભાળી નથી, હાચું હેત તો એનું. પણ હાળો મોત્યો જ અક્કરમી! બાયલાને બાયડી ચ્યમની રે?' ને પેલો પાડો (મુખીકાકો)! વાંદરો ઘઈડો થાય પણ ગુલાંટ ચ્યમની મૂકે? કોકદંન બાપડી તખલીને—'

મોટિયાર વાતો કરીને જીવ બાળતા પણ તખલીથી તો એય બીતા.

તખલી આણે આવ્યાના બીજા વરસની વાત છે. એકવાર ઢળતી રાતે સસરાએ પાણી પ્rવા માગેલું. ઘરમાં જેઠાણી ને તખલી બે હતાં. જેઠાણીનાં બેઉ છૈયાં ઊંઘી ગયેલાં. મનમાં મલકાતી જેઠાણીએ તખલીને પાણીનો કળશ્યો લઈને ત્રીજા ભેંત્યામાં મોકલેલી. કળશ્યો પાણી ઘટઘટવતાં સસરો બોલેલા : 'અવે પાછલું બાયણું વાખી ને આડોહાંકેળ કરતી જા, વહુ બેટા!'



તખલી બારણું વાસીને વળતી હતી ત્યાં જ સસરાએ એને ઝાલી, પણ બરોબર પકડમાં નહીં આવેલી તખલી બળ કરી ભાગી છૂટી હતી. જેઠાણી પાસે પહોંચી ત્યારે એ પરસેવે રેબઝેબ હાંફતી હતી. જેઠાણીએ એને કહેલું :

'અધીરી ના થા તખલી. બધું ય ધીમે ધીમે ફાવી જશે... એકદમ તો મને ય અઘરું લાગેલું. પણ પછી...ભૂખ એનું ખાવાનું ખોળી લીધા વના નઈ રહે...'

તખલી જોશથી થૂંકેલી. જેઠાણીને એ અપમાન લાગતાં એ જાતે જ ત્રીજા ભેંત્યામાં પહોંચી ગયેલી... તખલી અવાક્ થઈ ગયેલી.

તખલીએ  એ રાતે મોતીને બધી વાત કરી ત્યારે એણે લોચા વાળતાં કહેલું :

'જો મને હખ્ખે જીબ્બા દેવો ઑય તો તું હઉ મારી આંહણ ના પડીશ. બાપા મને ધકલાવે, દબાવે...એ ઓછું ઑય એમ માંય તારો કળેહ-કંકાસ ના જોઈએ. ને બીજી વાતો ભૂલી જા. એ તો કાંઈ નઈ થાય, તું ગભરાતી નઈ......ઉં સું પસે ચિન્ત્યા હેની?'

તખલીને બારે વ્હાણ ડૂબવા જેવું થયેલું. એ સમજી ગયેલી કે એણે એકલે હાથે પાર પડવાનું છે કે પછી માંડી વાળવાનું—! પણ ના, એ માંડી વાળવાના મતની ન્હોતી. એ એની રગોમાં ક્યાંય નહોતું.

તહેવારો આવે છે તે આજે મોતી ઘેર આવવો જોઈએ. તખલી વિચારતી હતી. એને ઑસાણ આવ્યું કે વખત થવા આવ્યો છે. જેઠાણી ચાર છ માસથી મંદવાડમાં છે. છેલ્લા મહિનાથી માંડ ઊઠબેસ થાય છે. કાલે એમના ઘરનું ય રાંધવું પડેલું. આવતી કાલે રાંધણ છઠ પણ ભેગી કરવાની થશે. બેઉ ભાઈ ઘેર આવ તો સારું. હવે ઘેર જઈને નાગપાંચમની પૂજા ને કૂલેર કરવાં છે. પિયરમાં મંગળે એને નાગ ચિતરતાં શીખવાડેલું. દર વર્ષે બા બાપાને પૂજવા માટે તખલી ભીંતે નાગદેવતા દોરતી.ગૂંચળામાંથી ફેણ માંડીને બેઠા થતા નાગદેવ! પરણ્યા પછી હવે એ ય નાગપાંચમ કરતી, જાતે નાગ ચીતરતી—ફેણ માંડેલા દેવ–

તખલી અચાનક ચમકી. મકાઈની ઑળમાં કોક આવતું હતું. એ કપડાં વાળીને નિસરણી ઉતરવા વળી. જોયું તો સસરો. લાલચોળ આંખો... તખલી

નિસરણીનાં પગથિયાં કૂદવા જતાં ભોંય પટકાઈ. ઊભી થઈને ભાગી, યાદ આવ્યું કે એનું દાતરડું તો શેઢાની કલ્લીઓમાં રહી ગયું છે... દોડતાં મકાઈનો છોડ અટવાતાં તખલી ચતીપાટ પડી ગઈ... દોડીને સસરાએ એને આંબી લીધી. ઘણું ય જોર કરી, છૂટવા મથતી તખલીનો અમળાટ ઝબ્બે થયો. એણે જોયું કે એનો કાળ આવી લાગ્યો હતો. ચીસ પાડવાનો કે કશો વખત જ ક્યાં હતો...પહેલાં મોઢા ઉપર રીંછના પંજા જેવા હાથ પડ્યા, પછી વરુ જેવું મ્હોં. બેવડા કાઠાના ડિલ નીચે તખલી દબાઈ ગઈ... એને સંભળાતું હતું—

> 'રાંડ, બેટા બેટા કરીએ તો હાંભળતી નથી. તું તો આમ ગૂંદી ઘાલવા દાવની સે. મારા કૂળમાં કોઈ વાંઝ્યું નથી રયું ને તું આજે પાંચ પાંચ વરહોથી ખાલી ખોળે... તારી કૂખ બળે; ઉં જોઉં સું કે તું અવે વાંઝણી ચ્યમની રહે... સે...'

પછી તો કશું સાંભળવાની શક્તિ જ હરાઈ ગયેલી. સાપના ઝેર જેવી લીલીકચ મકાઈના છોડ કચરાઈ ગયા હતા. ડોડા તૂટી ગયેલાં ને ભોંય વલૂરાઈ ગોડાઈ ગઈ હતી.

ધ્રૂસકે ચઢેલી તખલીના પગ જાણે સાવ ભાંગી ગયા હતા. દાતરડું ઘોઘળે ઘાલીને મરી જવાનું મન થયું, પણ યંત્રવત્ એ ભારો બાંધી માથે ચઢાવી ઘેર આવી. સાવ સૂનમૂન. આંખો દદડતી, બળતી. ગરમ પાણીએ એ નહાઈ, કપડાં બદલ્યાં. કૂલેર કરવા રસોડે પેઠી. ત્યાં જેઠનો છોરો કહેવા આવ્યો કે–'કાકી, ફળિયામાં મદારી સાપ લઈને આવ્યો સે...મારી બા ને દાદા તમને દર્શન હાટું બોલાવે સે...' તખલી કાંઈ બોલી ના શકી.

વખત જતો હતો.

કંકુ, નાડાછડી, ચોખા, કૂલેર લઈને તખલી ભીંતે નાગ ચીતરવા બેઠી. પહેલાં તો ભીંતનો ભાગ લીંપ્યો. પછી કંકુ ઓગાળીને ચાર બારીઓ વાળી હદ ચીતરી. અંદર નાગ ચીતરવા મથી... આંખોમાં પાણી ઉમટ્યાં. એ નાગદેવ ના ચીતરી શકી. એમજ કુલેરથી નાડાછડી ચેંટાડી જેવી બેસી રહી, ઘીનો દીવો કરવાનું ય યાદ ના આવ્યું.

અચાનક સસરાનો અવાજ આવ્યો :

'વહુબેટા, જો તો તને મલવા કુણ આયું સે ?'



તખલી ઝટ જોઈ ના શકી. એના બાપાનો સાદ સંભળાયો.' બેટા, પૂજા પરવારીને આય, ઉં બેહું સું...' તખલીને કોઈકે ઊભી કરી દીધી હોય એમ સડાક ઊભી થઈ ગઈ. દોડતીકને બાપાને બાઝી પડી. તક જોઈને સસરો હુક્કો ભરવાને બહાને ખસી ગયા. તખલીના બધા ય બંધ ખુલી ગયા. એની કાયામાં રડવાનું માતું નહોતું. ડૂસકાં એના બાપાને ય કંપાવતાં હતાં. બાપાને થયું કે ઘણે વખતે મળવા આવ્યો એટલે...વળી ખાલી ખોળાનું દુઃખ. બાપા એને પસવારતા હતા.

> 'બેટા, રોઈએ નઈ. હૌ હારાં વાના થશે. આજે તો નાગપાંચમ. નાગદેવતા હૌનું હારું કરશે. કોઈનું ઘર એ ખાલી નથી રાખતા, બેટા. આજે આંશ્યોમાં અહવાં ચેવાં? ના રોઈએ, બેટા...જો આ તારા હાહરો આયા, એ ભડ જેવા સાબદા બેઠા ઑય પસેં રોઈએ ચ્યમ?'

તખલી બાપાને છેલ્લીવાર મળતી હોય એમ ફરી બાઝી પડી. એની હીક બેસતાં ઘણી વાર લાગી... કૂલેર ખાઈને જતા બાપાની પીઠને જડવત્ તખલી તાકી રહી...

૨૧/ઑગસ્ટ, ૧૯૯૦

વલ્લભવિદ્યાનગર

❑

# કાંચળી

સિસોટીના લયમાં ઊંચોનીચો થતો અવાજ સાંભળતાં ઠકરાણીનો દેહ રણઝણી ઊઠ્યો. સીઈઈઈઈ... સીસ... નાભિની પણછને તંગ કરતો અવાજ. ઠકરાણીને ખ્યાલ આવી ગયો કે પટેલને આંગણે ભેંસને પાછી પાડા પાસે બાંધવામાં આવી છે.

ન્હાતાં ન્હાતાં અટકીને એ ખુલ્લી મોટી છાતીને સસલાં માફક હાંફતી જોઈ રહ્યાં. છત વગરના નાવણિયામાં તડકો પડતો હતો. ભીની થયેલી રતુમડી કાયા ચમકતી હતી. લાલહિંગળોક કાચની બંગડીઓથી ભર્યાભાદર્યા હાથ છાતી પર ચપોચપ ગોઠવાઈ ગયા. ડિલેથી નીતરતાં પાણી નાભિને થપથપાવતાં, દવ સળગાવતાં નીચે ને નીચે ઊતરતાં હતાં.

તારસ્વરે વાગતી સિસોટી જંપવા ન્હોતી દેતી.

બે વર્ષ પહેલાં પડાળની વળીઓમાં ભરાઈ ગયેલી કાળી ડિબાંગ સાપણને બાપુએ ભાલાની અણીએ વીંધી નાખેલી ત્યારે એ કાંઈ છટપટાઈ હતી, કાંઈ અમળાઈ હતી! એવો અમળાટ આજે લોહીમાં બેઠો થઈ જતો હોય એવું ઠકરાણીને લાગ્યું, ભાલાનો ફણો આંખ સામે આવી લાગ્યો ને કાયામાં દળાઈ જવાની કસક ઊઠી.

બરોબર એ પછીના દિવસોમાં બાપુને લકવો થઈ ગયેલો. નાવણિયાના જાળિયામાંથી પટેલના આંગણે જોવાની લાલસા ઠકરાણી રોકી ના શક્યાં.



સિસોટીના લયમાં અંગો તંગ કરતો પાડો ભેંસ પર ઊઠતો હતો અને પટેલ હાથમાં પકડીને બધું પાધરું પાડતો—

ઠકરાણીમાં લ્હાય ઊઠી. ટાંકાનાં ટાઢાંહેમ પાણી કળશે ડિલ પર ઠાલવતાં ઠકરાણીને કળ વળતાં વાર લાગી.

બાપુને લકવા પડ્યો કે તરત વાઢસોલ દવાખાને ઉપાડેલા. મહિનામાં સારું થઈ ગયેલું. પણ જમણો હાથપગ લૂલા રહી ગયેલા તે ઝાઝૂ કામ આપતા ન્હોતા. લાકડીનો ટેકો લઈને બાપુ ગામ ગોંદરે કે ક્યારેક સીમ ખેતરે આંટો દઈ આવતા. પણ હવે વળતાં પાણી કહેવાય. ઉંમરેય સાઠ ઉપર પહોંચેલી. ઘરની પાલતું ઘોડી પર ચઢવાનું ય બાપુએ માંડી વાળવું પડેલું.

જ્યારે ઠકરાણીને પાણીદાર ઘોડી જેવી જોવનાઈના દાડા જાય. હમણાં ચાળીસમું બેઠેલું આ ઠકરાણી તે બીજીવારનાં. લગન કરીને શણગારેલી ડમણીમાં બેસીને બાપુને આંગણે પગલાં પાડ્યાં ત્યારે ૨૦ વર્ષનાં માંડ. નખશિખ કંકુપૂતળી જોઈ લ્યો! ગામ આખું એમને નવાંબા કહેતું. નવાંબા ભારે મલાજો પાળતાં. પહેલાં તો મેડીએથી ન્હાવાખાવા વિના નીચેના ઓરડે ય ભાગ્યે જ આવતાં.

ને નીચેનો ઓરડો જૂનાં ઠકરાણી અને એમની ચાર દીકરીઓનો. જૂનાંને પેટે દીકરો ના અવતર્યો તે આ નવાંબાને લાવવા સૌ કોઈ રાજી થયેલાં. નવાંબાનું જોયું ના જાય એવું રૂપ. હમણાં જ ઘમ્મરઘટ્ટ થયેલી લીમડી જેવી કાયા. આંખો તો એવી કે જોનારુ' જીરવી ના શકે. કાળા ભમ્મર વાળ, ચાર વેંતનો ચોટલો વળે તેવા વળખાતા સાપ જેવા–હમણાં ફૂંફાડો મારશે; કાં ડંખશે. ચ્હેરા પર નમણાશ. જોનારું જાત ભૂલી જાય.

પણ વિધિ કઠોર થાય પછી બંધુય બરબાદ થતાં વાર શી?

જૂનાં ઠકરાણીના ગર્ભાશયમાં પાક થયો.કોથળી કોહી ગઈ. વૈદોના હાથ હેઠા પડ્યા. વર્ષેકનો મંદવાઠ વેઠી એ દેવલોક પામ્યાં. નવાંબાને માથે દીકરીઓનો ઉછેર અને રાંધણિયું આવી પડ્યાં. મેડીના ઉજાગરા ઘટી ગયા. કરમની કઠણાઈ તે નવાંબાની કૂખમાં ય દીવો ના થયો. બાપુની વય વધતી ગઈ. મૂછો સાવ ધોળી થતી ચાલી. દિવસો સુધી પલાણ્યા વિનાની ઘોડીને નવાંબા જોઈ રહેતાં. ઘણીવાર અધમધરાતે ઊંડે ઊંડે હણહણાટી સંભળાતી.

દિવસે તો નવાંબા દર્પણ પર પડદો પાડી દેતાં ને ઘરકામ એમને ઘેરી વળતું.

નાવણિયામાંથી નીકળતાં નવાંબાએ જોયું તો બાપુ વાડામાં એમના વિશ્વાસું નોકર સબૂર પગીને કહેતા હતાઃ

'સબૂર! અમણાં અમણાંથી ઉં હાપના લિહોટા ભાળું સું. નક્કી આ વાડોલિયામાં ચ્યાંક એ ભરાઈ બેઠો સે. એને ખદેડ્યા વના મને શાંતિ નઈ થાય, હાં...'

'જાંનવર સૅ, બાપુ? આપડું હું ખાય? આ ઉંદેડાના બાંલડામાં ખાવા આવતો અહે, વખતે પાસૉ બીજે જતો રેહે.... આ ગરમી કાંય ઓસી પડે હે! ને જાંનવરનં તો બે પા–ની ગરમી; ભોંયની અનં માંયની. અકળાય એટલઅ નેંકળ્યા વના નીં રે.'

આભલાં ભરેલી લાલચોળ કાંચળી દોરીએ સૂકવી નવાંબા કામે વળ્યાં.

પાટીદારોના ગામમાં બાપુની મેડી જુદી તરી આવતી. એની ટોચે બબ્બે મોર, પવનમાં ચક્કરભમ્મર ફરતા મોર. ચૂને ધોળેલી ધોળીબખ મેડી નળિયાવાળાં પડાળિયાં ઘરો વચ્ચે ગૌરવથી ડોક ઊંચી કરી ઊભેલી લાગતી. બાપુ હાર્યે ગામનો ય જાણે વટ્ટ પડતો.

તાંબા પિત્તળ કાચ અને ચિનાઈ માટીનાં વાસણોથી છાજલીઓ, પીડો તથા અંદરના ઓરડા, મજૂસો ઝગમગાટ થતાં રહેતાં. ભીંતો, તળિયાં, માળિયાં, જાળિયાં બધું નવાંબા રોજ ઝાપટે અને ચોખ્ખું ચણાક રાખે. હા, રજકણ જેટલી ગંદકી એમને ના ગમે. નાની દીકરીઓને ઘસી ઘસીને નવડાવે ત્યારે બાપુ કહેતાઃ

'જનુનાં બા! નળિયાં ઘહવાથી ડિલ ધોળાં નઈ થાય, હાં. દીકરીઓને ડૂમો બાઝી જાય સે તમે શ્યાલ મેલતાં ઑવ તો...'

'તમે વચમાં ના બોલો તો હારું. ઉં જે કરું સું એ હવના ભલા હારું. હા કે...' પછી તો નવાં બા બાપુને વારી શકતાં. બાપુ એમનો પડ્યો બોલ ઝીલી લેતા. દીકરીઓને ઊંઘાડ્યા પછી ક્યારેક નવાં બા બાપુ હાર્યે પીવા બેસતાં. અને રાત આખી ઘેનમાં ઘોરતા બાપુને જોઈ જોઈને કષ્ટાતાં. કાંચળીનાં આભલાં અંધારામાં જીરવાતાં ન્હોતાં.

જોતજોતામાં બધું પલટાઈ ગયું. કપરો કાળ ઘોડે ચડીને આવી પૂગ્યો હતો. સોનેરીરૂપેરી રંગોમાં હસતી ઝાકમઝોળ મજૂસોમાંની ચળકતી જણસો દીકરીઓના ડિલે ચડી, એમના હસવા હાર્યે એક પછી એક ચાલી નીકળી. વાસણોની હારમાળાઓ ખંડિત થઈ. જોડ્યો નંદવાતી ચાલી.



મેડીની મહેફિલો ઘટી ગઈ.

તલવારો મ્યાન થઈ ગઈ, બાપુનાં એવાં વેણવચન પણ કાતરિયાના કાટમાળમાં કાળ ભેળાં દટાવા લાગ્યાં હતાં.

નવાંબાથી ન્હોતું જીરવાતું આ બધું. પૈઠણ અને વાંકડો. વટ્ટના માર્યા થતા કે કરવા પડતા વ્યવહારો!

પટેલો આંગણે આવવા લાગ્યા. ખેતરો ખતપત્રે ચઢતાં થયાં. દર લગન–ગાળામાં રંગાતી મેડી લગને લગને કુંવારી લાગતી. અંગૂઠો કરનારા હવે સહીઓ કરીને બાપુનાં ખેતરો ગિરો કે અઘાટ લેવા લાગ્યા હતા. મેડીની ભીંતો પરથી ખરતા જતા પોપડા હવે અજાણ્યા ન્હોતા રહ્યા.

રાંધણિયામાં રોટલા ઘડતાં નવાંબાને હજીય પેલી સિસોટી સંભળાયા કરતી હતી. સબૂરને રોટલા ખવડાવવા ગયાં ત્યારે એમની આંખો એને પહેલીવાર જોતી હોય એમ જોઈ રહી. રોટલાની ભૂખે સબૂરનું ધ્યાન તો થાળીમાં હતું. નવાંબાના લોહીમાં આજે ધખારો હતો. શ્વાસ પણ ઉના લાગતા હતા ને છાતીમાં ગળું ફૂલાવી ઘૂઘૂ કરતો કબૂતર પેઠો હતો. વારેવારે એ નાવણિયામાં 'બેસવા' જતાં હતાં. છેલ્લીવાર ગયાં ત્યારે જાળિયામાંથી જોયા વિના ના રહેવાયું :

ભેંસ બેસી ગઈ હતી. પાડો એને હળવાં હળવાં માથાં મારીને ઊભી કરવા જાણે વ્હાલ કરતો હતો. નવાંબાને કુંભીએ બાથ ભીડવાનું મન થઈ આવેલું.

નવાંબા ઓરડે આવ્યાં. બાપુ જમ્યા પછી નિરાંતે ઘોરતા હતા. એમની મૂછોના થોભિયા લટકી પડ્યા હતા. વ્હેરીએ તો બે રજપૂત થાય એવી બાપુની ફાંદાળી કાયા! નવાંબાની કાંચળીમાં જાગેલો સળવળાટ ચચરાટમાં બદલાતો બદલાતો છેવટે ઝીણી બળતરામાં ફેરવાઈ ગયો.

નવાંબાને ઑસાણ આવ્યું કે ઘરડી ઘોડીને પાણી દેખાડવાનું તો રહી ગયું! પાણીની ડોલ ભરી એ કૉડિયામાં ગયાં. જોયું તો કૉડિયું ખાલીખમ. સબૂર, ક્યારેક ખાટલી ઢાળી અહીં બપોરિયું ગાળતો. એ ખાટલી ભીંતની

ખીંટીએ લટકતી હતી. ઘોડીની ખાલી પાગોળ પાસે ઊભાં ઊભાં નવાંબા ઉલેચાતાં રહ્યાં.

ત્યારે બાપુ બબ્બે ઘોડા પાળતા. ઘોડા પર ચઢીને શામળાના તળાવે બાપુ કુંજડીઓનો શિકાર કરવા જતા. બે નાળવાળી બંદૂક ખભે ભેરવીને દોડાવી મૂકતા પાંખાળો ઘોડો. કોડિયામાં એકલી રહેલી ઘોડી હણહણતી રહેતી. ને દૂરને ગામડે જવાનું થતું તો બાપુ ઘોડીને પલાણતા, પાણીદાર ઘોડી ચાર પગે થઈ જતી. પાછળ ઘોડો સૂનમૂન થઈ જતો.

દાયકામાં તો કેટકેટલું બદલાઈ ગયું !

ગામમાં પટેલોએ મેડી કરતાં મોટાં મોટાં પાકાં મકાનો બાંધી દીધાં! મોટા ભાગની જમીન જતાં ઘર–કોઠાર વાડો ખાળું ખાલીપાથી સોરાતાં હતાં. નવાંબા મેડીએ ચડ્યાં. બે નાળવાળી બંદૂક હજી લટકતી હતી. જોકે હવે એમાં કદી જામગરી ભરાતી નહોતી. નવાંબાને થયું એ બંદૂક ઊતારે, ભરે અને ભડાકો કરે. પણ કોની સામે? જાત સામે કે પછી—; એમણે વિચારોને લગામ કર્યા.

જામગરી ભરનારા બાપુના હાથ પછી તો બબ્બે દેગડા હથેલી પર મૂકીને પાણી ભરતા હતા. નવાંબાનાં કંકણ–ઝાંઝર પણ પટલાણીઓ હાર્યે કૂવાકાંઠે લાજમલાજા છોડીને ખનકવા લાગ્યાં હતાં, ઘોડા–ઘોડીઓ વેચાઈ ગયાં. છેવટે બચેલી વછેરી તેય હવે ઘરડી થઈ આવી હતી. નવાંબાની જણસો વેચીને આજદિન સુધી બાપુએ વટ સાચવ્યો હતો.

સબૂર ઘોડીને ક્યારે લઈ ગયો એ ય ખબર ન પડી. ઘોડી પાણીદાર હતી એ દિવસોમાં – દાયકા પહેલાં હશે – સબૂર નવોસવો આવેલો. ઘોડી એને જોઈને ફુંગરાતી, આંખો ચમકાવતી.

ઘોડીને ઋતુકાળ આવતો ને એ આખી રાત હણહણતી. નવાંબા પામી જતાં. એ અંધારે ઊઠીને કૉડિયામાં જતાં. ઘોડી એમને જોઈને છટપટાતી. એનાં નસકોરાં ધમણ શાં, ગરમ ગરમ શ્વાસથી લેલબૂકા લેતાં. નવાંબા એને, એના મોઢાને બાથમાં લઈ ભીંસતાં, બચીઓ કરતાં ને છોડી દેતાં. પાછાં મેડીએ ચડી જતાં, એ આખી રાત એમને ઊંઘ ન્હોતી આવતી.

બીજે દિવસે સબૂર આવતો. ઘોડીને મોટે તળાવે છોડી આવતો. ત્યાં આ રીતે છૂટાં મૂકાયેલાં ઘોડા-ઘોડીઓ હોય. અઠવાડિયે ઘોડી એની મેળે



ડાહીડમરી થઈ, શાંત પડીને ઘરે આવી જતી.

ત્યારે નવાંબાને થતું જાનવરનેય વખતે છોડવામાં આવે છે. એમને પોતાનેય નહોતું સમજાતું કે પોતાને આવા વિચારો કેમ આવે છે. એમને થતું : સ્ત્રી બનવા કરતાં આવતા ભવે તો ઘોડીનો અવતાર આવે એ જ વધારે સારું...

મેડી પરથી એમની નજર પટેલના આંગણે પડી તો ભેંસ ઊભી થઈ ગઈ હતી. તડકામાં એની કાળી પીઠ ચળકતી હતી. પાડો ચારેતરફ સૂંઘી સૂંઘીને નાક ફૂંગરાવતો હતો નવાંબાને નાવણિયામાં ઠંડે પાણીએ ન્હાવાનું મન થયું. શીતળ જળ વધારે ઝંખા જગવતાં લાગ્યાં.

ઘરડી ઘોડીને સબૂર હવે શું કામ અને ક્યાં છેડવા ગયો હશે? એમને પ્રશ્ન થયો. ઢળતી સાંજે એ વાડામાં ગયાં, ચૂલાની રાખ ઠલવાતી હતી ત્યાં એમણે જાનવરના લિસોટા ભાળ્યા. એમને ભય ના લાગ્યો. વાડેવાડે એમણે નજર દોડાવી. પીઠ પરનો ચોટલો છાતી પર આણ્યો અને એ મનોમન કશુંક નક્કી કરતાં હોય એમ ઘરમાં આવ્યાં.

પછી બાપુ વાડામાં નીકળ્યા. ઉંદરોનાં દર જોતાં જોતાં વાડમાં કંથેરના જાળા પાસે એમણે મોટો નોળિયો જોયો. એમને નિરાંત થઈ. પછી એ ગામગોંદરે શિવમંદિરે જવા લાકડી સાથે નીકળ્યા.

અંધારું થતાં સબૂર આવ્યો; નવાંબાને કહેવા કે એ ઘોડીને અઠવાડિયું પોતાને ઘેર બાંધીને બહારગામ જશે; એની બૈરી એને પાલવશે. નવાંબાએ એને કૉડિયું વાળીને જવા કહ્યું. પછી સબૂરની પાછળ એ ય ગયાં. કૉડીયામાં જુવાન ઘોડીના રંગ જેવું રાતુકાળું અંધારું અડવા માટે આગળ આવતું ભળાયું. નવાંબા નશામાં હોય એમ મલકાતાં હતાં. સબૂરને પામી જતાં વાર ના લાગી. એ હળવેથી બારણા તરફ સરકવા વળ્યો. પણ એ પહેલાં નવાંબાએ એને કાંડે ઝાલીને બાથમાં ભીંસી લીધો. એમણે છાતી ખોલી નાખી હતી. એમની કબૂતર જેવી છાતી ભીંસતાં, પહેલાં છૂટવાનું બળ કરતો સબૂર, હવે વધારે અને વધારે ભીંસ કરવા લાગ્યો. ગરમગરમ છટપટાતી કાયા, ઉના ઉના શ્વાસ. સબૂર જાણે બાપુની નવી આણેલી ઘોડી પલાણતો હતો. ઊંડે ઊંડે તળાવ હણહણતું સંભળાતું હતું. ઘણીવાર સુધી અધારું ગૂંદાતું રહ્યું...

દીવા સળગ્યા કેડ્યે બાપુ ખોંખારો ખાઈને મેડીએ પેઠા. લોટ ગૂંદી ગૂંદીને ઠકરાણીએ રોટલા ઘડ્યા હતા. ચૂપચાપ જમવાનું ચાલ્યું, રાતે નવાંબા મેડીએ ચડી નિરાંતે ઊંઘતાં હતાં. જાગતા બાપુને અંધારાં ઘેરતાં હતાં.

સવારે ઊઠીને નવાંબાએ નાવણિયાના જાળિયામાંથી પટેલને આંગણે જોયું તો એકલી ભેંસ નિરાંતે બેઠી બેઠી વાગોળતી હતી. એમણે ન્હાવા માટે કંચુકી ઉતારી, તો જાત પર વ્હાલ ઉભરાઈ આવ્યું. ગઈ સાંજના સુખનો સણકો ઉપડ્યો.

બાપુ વાડામાં ફરતા હતા. ફરતાં ફરતાં એમણે જોયું તો વાડના થોરિયા ઉપર ચકચકતી લાંબી, સાપે ઉતારેલી કાંચળી! પાસે જ નવાં ઠકરાણીની આભલા ભરેલી રાતીચોળ કાંચળી ઉંદરોએ કોચી નાખેલી જોતાં બાપુ અચાનક બૂમ પાડી ઊઠ્યા–

'સબૂર!'

પણ કશો પ્રત્યુત્તર મળ્યો નહીં !

'કાંચળી ઉતારીને જતો રહ્યો સાઆલો...' બબડતાં બબડતાં બાપુ જોઈ રહ્યા. પવનમાં કાંચળી ફરફરતી હતી.



# બદલી

રોઈ રોઈને અંબાની આંખો રાતીગલ થઈ આવી છે.

વગડા માથે ચઢતા બપોરનો તડકો વેરાયો છે.

રસ્તાની બેઉ ધારે ઊઘડેલા સોનારા ખરી રહ્યા છે, એનાં પીળાં આવળશાં ફૂલોને જતુંવળતું લોક ચગદી નાખે છે.

આંખનાં આંસુને હોઠ કરડીને ખાળવાના અંબાએ ઘણા ઉધામા કર્યા પણ એના પર આજે એનો કાબૂ નહોતો.

ગામ બપોરિયું ગાળવા ખેતરેથી ઘરઢાળું થયું ત્યારે અંબા નાછૂટકે વગડે જવા વળેલી.

પાકવા આવેલી મકાઈ. માથે ઓતરાચીતરાના તડકા. દેમાર.

ખેતરની મોચમમાં હજી પાછેતરી મકાઈના કૂણા – કાચા છોડ હતા. આકરા તાપમાં વિલાયેલા; કોક ભાંગી પડેલા અડધેથી.

પણ અંબાએ તો એક વખત મન મૂકીને રડી લેવું હતું,

રાયજી માસ્તરની બદલીના સમાચારે આજે એને માંહ્યથી વીંખીપીખીં નાખી હતી.

હાથમાંનાં દાતરડું–બન્ધિયો ક્યારે શેઢા પર મુકાઈ ગયાં ને ક્યારે ખાળેલી આંખોની પાળોનાં અવાણા ઊઘડી ગયા એનું અંબાને ભાન ના

રહ્યું.

વગડો ભેંકાર.

ઘરમાં ગૂંગળાતો જીવ સીમાડે મોકળો થાય એ ગણતરીએ મન ગાંઠયું નહીં. વગડો ય મૂંઝારે વસમો લાગતો હતો.

શરીરમાં ગરમ લાહ્ય જેવી બળતરા. હીબકા છાતીમાં સમાય નહીં.

વાડ અને મોચમ વચ્ચે મળવા મથતા થૉરના પડછાયાઓના પાંખા પણામાં અંબા બેસી પડેલી.

આટલું તો ત્રણ વર્ષ પહેલાં એને પહેલવારકા પતિ રાયજી માસ્તરથી બેઉની ઇચ્છા વિરુદ્ધ અળગી કરીને નવા પતિ રેવજી વેરે વળાવી દેવાઈ ત્યારે ય નહોતું રડી શકી.

વાધરી માટે ભેંસ મારવામાં આવેલી.

દેવને ઘેર દવ પડે તો બીજું થાય શું!

અંબાએ ધમપછાડા તો ઘણા કરેલા પણ એની એકેય કારી ફાવેલી નહીં. સગા બાપ અને ભાઈએ પંચ વચ્ચે અંબાની ફારગતી કરી નાખેલી. આવી છેડાછૂટ સાંભળીને રાયજી–અંબા તો વાઢો તો લોહી ના નીકળે એવાં થઈ ગઈલાં. છેવટે તરફડીને બેઉ હાર્યાં થાકયાં ટાઢાં પડેલાં, કારગતિયાઓના કાંઠાકબાડા આગળ કિસ્મત-કરમ ને દેવદાનવ બધાંય લાચાર. ભર્યા પંચમાં પત્તર ખંડાઈ હોય પછી થૂંકયું ગળવાનો સવાલ આ જન્મારે તો ના ઊઠે. નાત એટલી નઘરોળ.

વાતમાં કાંઈ ભલીવાર નહોતો.

અંબાનો ભાઈ અંબાની સગી નણંદ સુખી વેરે પરણાવેલો.

હવે ભણેલા નોકરિયાત ભાઈને સુખી ખટતી નહોતી.

કોહ્યું ત્યાંથી કાપવા બેઠેલા પંચે નર્યાને ગળેય નખ દીધા વિના છૂટકો નહોતો : તમારી છોકરી તમારે ઘેર અને અમારી અમારે ઘેર :

આદમી કાંઈ દેડકે ગળ્યા નથી. જેવું જેનું અંજળ–

આટલું કહીને વાત ઉકેલી દેવાયેલી ત્યારે રાયજી–અંબા હાજરે ય નહીં. છૂટા પડવાનું તો એમને શમણું ય નહોતું આવ્યું. હજી હમણાં જ હળ્યાંભળ્યાં હતાં.



અંબાની જીભ ઝલાઈ ગયેલી.

રાયજીના જીવતરને લકવો માર્યા જેવું થયેલું.

છેવટે અંબાએ ભાઈ અને રાયજીએ બેન કાજે ભોગ આપ્યા—નું મન મનાવ્યું, ગઈગુજરી ને પાર પાડી.

નાતરિયા ન્યાતમાં આ કાંઈ નવી નવાઈની વાત ના ગણાય.પણ મોસમ આવે ને ઝાડ ફૂટે નહીં એવું બનતું તો જાણ્યું નથી.

નીંભાડા જેવી વેળા. એમાં શેકાતી અંબા.

અંબા ફૂટડી. જરા ઊંચીય ખરી. સોટા જેવી ઘડેલી કાયા.

મોટી આંખો વધારે કાળી. મહુડીનો છાંયો પીઠ ઉપર પાથર્યો હોય એવા વાળ, ભરચક ઊજળા ચહેરા પર સવાર જેવી નમણાશ. પીળી કરેણના ફૂલ જેવું નાક. દીવાની જ્યોત જેવી નજર.

રાયજી અંબા પર ઓળઘોળ થઈ ગયેલો.

આંખ ઠરે એવી જુગતે જોડી, છેવટે–

બીજીવારનો પતિ રેવજી

અંબાને પામીને આ બીજવરની આંતરડી ઠરેલી.

રેવજી ઘણો કહ્યાગરો ને જતન કરનારો. રંગેરૂપે ય અંબા જોડે નભે એવો. અંબા આવી ત્યાથી એણે એને અછોવાનાં કર્યાં હતાં. પડ્યો બોલ ઝીલવા એ તૈયાર.

અંબાના મોઢા પરથી ઓલવાઈ ગયેલું હસવું પાછું આવે એ કાજે રેવજીએ એક આખું વરસ અંબાને પાંપણોના છાંયડે રાખેલી. રેવજી જાણતો હતો કે અંબાનું ઘર નંદવી નાખનારાએ એનું મન પણ નંદવી નાખ્યું હતું : એ હૈયે હસતી થાય તો ગાલે ખાડા પડે : –રેવજીની આ અબળખા પૂરેપૂરી ફળી નહોતી. તોય અંબા ધીમે ધીમે નવાં ઘરવર સાથે ગોઠવાતી જતી હોય એમ વર્તાતું. અંબાને ક્યારેક હસતી જોતાં રેવજીનો જીવ ઠરતો. એને મનવર કરવાનો એકે ય અવસર એ જવા દે એવો નહોતો. અંબાનું મન રાખવા તો એણે, પોતે ખેતી કરતો હોવા છતાં નોકરિયાત જેવાં લૂગડાં કરાવેલાં. એ પોતે રાયજી માસ્તરની માફક સુઘડ રહેવા મથતો. રાયજીથી એ કોઈ વાતે જાય એવો નહોતો.

છેડાછૂટના બીજે જ દહાડે રાયજી માસ્તરની સગાઈ થઈ ગયેલી. મોભાદાર ઘરનો આદમી ચાર ઘડી બૈરાં વગરનો રહે તો નાતમાં નાક વઢાય. એમાં ય આ તો માસ્તર! રાયજીના દુઃખ કે ઉમંગની વાત તો કોણ જાણે... પણ અંબાને ગળે એ દા'ડે પિયરમાં ય કોળિયો ધાન નહોતું ઊતર્યું. રેવજી વેરે એનાં લૂગડાં પહેરાવવાનું તો ત્યાર પછી ચાર છ માસે નક્કી થયેલું. ત્યાં સુધી અંબાના વલોપાત ભર્યાભાદર્યા ચોમાસા જેવા રહેલા. કેમેય કરીને જો રાયજી સાથે પાછું... પણ પછી તો જન્મારાનું છેટું પડી ગયું હતું. લાંઘણોએ તથા આંસુએ એને સૂકવી નાખેલી એટલું જ.

નવી વહુ સાથે નોકરીએ ચાલી ગયેલો ભાઈ, એને તો પછી ન દેખવું કે નહીં દાઝવું. પણ પથ્થર કાળજાના બાપા તો અંબા સાથે આંખ મેળવીને વાત નહોતા કરી શકતા. રેવજીનું ઘર માંડવા નીકળેલી અંબાને ઘસડી જતા કાળને જોતાં એ ડૂસકે ચઢી પછી સૂનમૂન થઈ ગયેલા.

ઠરીને ઠામ થવા મથતી અંબા અડધે કામે થંભી જતી. પાસે કામ કરતા રેવજીને ય એ ભૂલી જતી.

રાયજીનો સહવાસ.

ચપટીક પુણ્યનો પ્રતાપ.

ઓખા બાવન ગાળામાં ધણીની હાર્યે બહારગામ રોટલા ઘડી આલવા જનારી એ પહેલી બાઈ હોય એવો અંબાને એ દિવસોમાં ભાવ ઊભરાતો.

મન મૂકીને જાતભાતનું રાંધતી, જમાડતી અંબાને રાયજી સિનેમા દેખાડવા લુણાવાડા લઈ ગયેલો. પોતે લાખ શરમાઈ તોય એને પાન ખવડાવેલું.

ગામલોકો એને નજર માંડીને જોઈ રહેતા.

'સાહેબનાં વહુ'નું માન તો સાહેબથી ય વધારે. બધાં એને 'બહેન' કહેતાં. રાતે અંબા રાયજી માટે અડધી અડધી થઈ જતી.

બીજામાં ખોવાયેલી અંબાને રેવજી જોઈ શકતો નહોતો.

એ એને વાતે વાળતો. કયારેક રાયજી માસ્તરની વાતો પૂછતો ને પાછો પેટ ભરીને પસ્તાતો.

અધૂરામાં પૂરું, વર્ષ પહેલાં રાયજી માસ્તરની બદલી રેવજીના ગામની નિશાળમાં થઈ. અંબા આથી ફફડી ઊઠેલી. પણ ઊંડે ઊંડે કોઠામાં એને



કશીક ટાઢાશ ફરી વળેલી. જ્યારે એ દિવસોમાં રેવજીના ચહેરાનું તેજ વિલાઈ ગયેલું. અંબાને ય, આથી ફાળ પડેલી.

અંબા રેવજી માટે પહેલીવાર વલોવાઈ ઊઠી હતી. ચિંતાને લીધે એણે રેવજીની વધારે કાળજી લેવા માંડેલી. રેવજી સાથે રાતે એ વધારે જાગતી એનું મન એને કહેતું કે –

'ભૂંડી, તારે ય એક ભવમાં બે ભવ તો થયા, હવે જે મળ્યું છે એનાથી ય મોઢું ફેરવી લેવામાં તું શું ન્યાલ થઈ જવાની હતી? આ કણબીને બબ્બે બૈરાં પછી ય નિરવાશ થવાના દંન આવશે તો તારો આવતો ભવે ય કોણ જાણે કેવોક જશે? એક નંદવાયું તે ઓછું પડે છે તને?...'

રેવજીનો ઝંખવાયેલો ચહેરો જોતી ને પાછી અંબા વા–વિચારે ચઢી જતી :

: અભાગણી! મૂઈ, આ કણબીએ તારું શું બગાડ્યું છે? તારું ઘર ભાગ્યું તો તારાં સગાંવહાલાંએ ભાગ્યું. આ તો તારા દુઃખમાં ભાગ પડાવનારો ભાઈબંધ મળ્યો ગણાય. એણે તો તને ખાટલે ને પાટલે કર્યા કરી છે. ભૂંડી! તું એના મૂઢા સામું તો જો... ગાય તરસી વાળ્યાનું પાપ શું કામ માથે વહોરે છે? આવતો ભવે ય બગાડવા બેઠી છે? હવે કોડિયું તો કોડિયું. એના અજવાળાં ઘર લીપવા ઓછાં નથી. એમાં પણ છેદ કરીને તો તું કાંઈ નહીં પામે, હા...'

આ બધું સંભારતી અંબા કૈંક શાંત પડી.

પાકવા આવેલી સીમ માથે વેરાયેલો તડકો થોડો હતો. પણ સૂનકાર ચત્તોપાટ પડેલો ભળાતો હતો. દૂર સડકના સ્ટેન્ડેથી આવતો મુસાફરોનો અવાજ આઘો–ઓરો સંભળાઈને વિખેરાઈ જતો હતો.

મકાઈના છોડની પાનઠો પીળી પડવા માંડી હતી. પણ ડોડા હજી ય લીલા હતા. માએ કેડ્યમાં છોકરું તેડ્યું હોય એવા મકાઈના છોડ એ જોઈ રહી. પોતાની અંદરનું ઓધાન ફરક્યાનું ઓસાણ જાગતાં પાછો રાયજી સાંભરી આવ્યો. પોતે એના વસ્તારની મા ના બની શક્યાનું દુઃખ ઊમટી આવે એ પહેલાં એણે મથીને રેવજીનું રટણ આદર્યું. આવનાર બાળકનું મોંરખાણું રેવજી જેવું આવે એમ એ ઝંખી રહી.

એકવાર રાયજી બીજા માસ્તરો ભેળો ફળિયામાં સામેના ઘરની

પડસાળે આવી બેઠો હતો. અંબાએ ધીમેથી બારણું વાસી દીધેલું. પણ કમાડની તિરાડોમાંથી એને ધરાઈને જોઈ લેવાની તલબ એ દાબી શકી નહોતી. પછી ય કામ કરતાં કરતાં રાયજીનો બોલાશ સાંભળવા કાન સાબદા થતા રહેલા. આજે અંદરથી એ બોલ વળીવળીને સંભળાતા હતા. અંબા ઊપસેલા ઉદર પર હાથ રાખીને આંખો મીંચી રહી...

બીજી વાર, ખેતરથી ઘેર જતાં સામેના રસ્તે, નિશાળ છૂટતાં રાયજી પાછો વળતો હતો. એક પળે તો અંબાને થયેલું કે એને ઊભો રાખી ગળે વળગી રડી લે, પણ બીજી પળે વાટ બદલી વળી જવાનો સણકો ઊઠયો. એ પગ ઉપાડે એ પહેલાં તો પાસે આવી ગયેલો રાયજી બોલેલો :

–તમારા ગામમાં આવીએ છીએ તે કોઈ દિવસ ચા-પાણીનો ભાવ તો આઘો રહ્યો, પણ આંખ માંડીને વાત તો કરો–કે પછી બધાં ય સગપણ સાવ ભૂલી ગયાં?

–ભગવાન ભૂલવે તો બધુંય ભૂલી જવું પડે ને વાતો તો હવે કરીએ કે ના કરીએ, શું ફેર પડવાનો હતો–દઈને ઘેર દવ –

બોલતાં બાલતાં અંબાની આંખો ભીની થઈ આવી. ગળું રૂંધાઈ ગયું.

વાત કરો તો મનને વિસામો મળે, બાકી વાતે પેટ થોડાં ભરાવાનાં હતાં? તમે તો નજર મેળવવામાંથી ય–

અંબાની તકાયેલી આંખોમાં મહુડાં જેવાં આંસુ જોતાં રાયજી બોલતાં અટકી ગયેલો.

મારું ભલું તાકતા હોવ તો અહીંથી બીજે કશે બદલી કરાવી લ્યો, મારાથી આવું વેઠાતું નથી–

ન બોલવાનું બોલાઈ જતાં હલબલી ઊઠેલી અંબા કોઈએ ધકેલી કાઢી હોય એમ ચાલી ગઈ હતી. ઘેર જતાં જતાં એને ઘણુંય થયેલું કે–ફૂટયા કરમની! એણે તારું શું બગાડ્યું. છે. એની વાટે નોકરી કરે એમાં તારું શું લૂંટાઈ જાય છે?

આ વલોપાત ઘણું ચાલેલો.

પણ આજે એણે પડોશમાં થતી વાતોથી જાણ્યું કે રાયજી માસ્તરની બદલી થઈ ગઈ છે–ત્યારે તો એ અંદરથી ખળભળી ઊઠી. ભૂંડી! તારે લીધે જ, તારે કહ્યે જ એમણે બદલી માગી લીધી હશે–કપાતર તું–અંબાએ



જાતને તમાચા માર્યા. તોય ધરપત ન વળતાં એ ખરે તડકે ખેતરે આવી વિલાપે ચડી હતી.

રેવજી બજારના કામે લુણાવાડા ગયેલો હતો.

બપોર ઢળી ગઈ.

અંબાની આંખો સુકાઈને સૂજી ગઈ હતી.

ત્રણની બસનો ધમકારો સંભળાતો તો ય રેવજીના આવવાનું ઓસાણ ન આવ્યું. એ તો તડકા વચ્ચે ઢગલા જેવી પડી જ રહી.

અચાનક કોઈના આવવાનો અણહારો સંભળાયો.

અંબાએ ડોક ફેરવી, રેવજી સામેથી એને જોઈને સપાટાબંધ આવતો હતો.

અંબા ઊભી થઈ ગઈ.

ખરે બપોરે બેજીવી અંબાને ખેતરે આવેલી જોઈ હાંફળો ફાંફળો થઈ ગયેલો રેવજી એની રાતીચોળ આંખો જોઈ ધરુજી ઊઠ્યો.

એ અંબાને કાંઈ પૂછે એ પહેલાં અંબા દોડતીકને એને વળગી પડી. એને ખભે માથું નાખી દઈ એને હાથોથી હચમચાવી નાખતી એ રડી ઊઠી.

બાળકની પેઠે રડતી અંબાને પંપાળતો રેવજી પૂછી રહ્યો : શું થયું છે? શું થાય છે, એ કહે. કાંક વાત કર–જરા શાંત થા, સમજ પડે એમ તો કશુક–બોલતાં રેવજીનો કંઠ પણ ભરાઈ આવ્યો.

તમે હવે મને એકલી મેલીને કયાંય નહીં જાવ; હા, કહી દો કે કોઈ દંન કશેય નહીં જાવ : કહેતી અંબાની છાતીના બંધ ખૂલી ગયા.

હચમચી ઊઠેલી અંબા શાંત થઈ ત્યારે એણે રેવજીની આંખોમાં આજે આંસુ ચમકતાં જોયાં.

રેવજી આંસુ રૂંધવાને બહાને મકાઈના અડધેથી ભાંગી પડેલા છોડને ટટ્ટાર કરવા મથતો હતો.

રેવજીને પહેલી જ વાર જોતી હોય એમ અંબા એને, બસ, તાકી જ રહી.

❑

# રાતવાસો

વાડામાં વાલી સૂનમૂન બેઠી છે, વાલીના સૂકા હોઠ અને કોરા ગાલ પર ઝણઝણાટી ઊઠતી હતી. અંદરથી તળે ઉપર થઈ જતી વાલી ખાસ્સી ઉદાસ દેખાતી રહી, શાંતા સમજી નહીં કે વાલીની આંખ આજે વળી વળીને પલળી કેમ જતી હતી? પાંચ વર્ષના લાડકા દીકરા રાકેશને લઈ બપોરે એ બાને મળવા પિયરમાં આવી છે; હળવી ફૂલ વાલીના શ્વાસ શાંતાને આજે ઉના નિસાસા જેવા વર્તાયા હતા.

જમાઈ હાર્યે કંઈ બોલાચાલી થઈ હશે? શાંતાના મનમાં આવેલો વિચાર ટક્યો નહીં. જમાઈ શંકરને વાલી જીતી ગઈ હતી જમીનનો પાર ન હતો. સાસુ વગરનું ઘર. સસરો ન્યાતનો આગેવાન. સમૃદ્ધ ખેતી. ઘી દૂધનો તોટો ના મળે. પૈસો વાપરતાં ઘાંઘાં થવાય. કામ કરનારાં એક કહેતાં એકવીસ દોડે. આબરૂં આધારે વાલીને ઘણાં માનપાન મળે,

વાલીએ  રાકેશને બચીઓથી ગૂંગળાવી દીધો. સાડીના છેડાએ આંખો લૂછી. નાક નીંસકતાં હોઠ ગરમ લ્હાય વરતાયા. શાંતા ચૉપાડમાંથી બધું જોતી હતી. છાણામાં ઠારેલો દેવતા ધુમાડે ચડ્યો હતો.

વાલી ખાલીખમ વાડાને મોટી આંખોથી કશાય ભાવ વિના જોઈ રહી હતી. પિયર પહેલીવાર પરાયા ગામ જેવું કેમ લાગે છે? વાલી ગોઠવાતી ન્હોતી. ચારે તરફ થોરની વાડો એને પાસે ને પાસે આવતી લાગતી હતી.



આટલે વરસે શાંતાને આ ઘર ખાલી લાગવા માંડ્યું છે. ક્યારેક તો ખાવા દોડે છે. જાણે ખાણ કાઢી ભેંસ સામે મૂકતી, દૂધ દોતી શાંતા. આજે એને વરતાયું કે એ હવે આધેડ થઈ ચૂકી છે. એ માલીપા ફફડી ઊઠી. વિચારોને એણે પાછા ખદેડ્યા.

વાલીને આજે સોરવાતું નથી એમ પામી ગયેલી શાંતાને ફડક પેઠી. એ ચૂપચાપ કામે વળગી રહેવા મથતી હતી. આથમતા સૂરજનાં રાતાં આજવાળાં બારણે બારીએ થઈને ડુંગરા એવડા ઘરમાં ફરી વળ્યાં હતાં. શાંતાને જોવનાઈના છલકાતા દંન સાંભર્યા. નાથાને પરણીને આ ઘર માંડ્યું'તું. નાથાનો વરણાગી સ્વભાવ. કશીક છાલકો વાગી રહી. ગોઝારો ભગવાન! એનેય સુખની ઈર્ષા થઈ હશે. એણે રાકેશને દૂધ પાવા વાલીને સાદ કર્યો. ઢળતી સાંજમાં એ અવાજ મા-દીકરી બેઉને વધારે રણકતો લાગ્યો. હાથમાંથી વાસણ છૂટી જાય ને થાય એમ થયું. આંખોમાં ઘર વ્યાપી વળ્યું. બહાર અજવાળું કજળાવા લાગ્યું હતું.

થૉરની વાડને પેલે પાર જડાઈ ગયેલા રમણના ઘરમાં વાલીની નિરાશ નજર જઈ ઊભી કોઈ નવી વહુવારુ વાડામાં વાસણ લઈ આવવા ઉંબરો ઓળંગતી હતી. નવીસવી વીજળીનો ધોળોધબ પ્રકાશ એ ઘરમાં પથરાયેલો દેખાયો. ઘરમાં વળતી વાલીને ઉંબરની ઠેસ વાગી.

વાડામાં ઘાસની કાળી પડતી જતી ગંજીઓ વાલીની આંખોમાં ઉભરાઈ આવી. બાએ સ્વીચ પાડી. પીળું અજવાળું ઘરમાં લીંપાઈ ગયું. રાકેશને પવાલું દૂધ આપતી વાલીએ પૂછ્યું : 'બા, શું રાંધે છે?' શાંતાને હાશ થયું. પણ વાલી વળી વાડા તરફ જતી ભળાતાં એનો જીવ દીવાની ટોચ જેવો આઘોપોછો થવા લાગ્યો.

વાલીનો એકનો એક ભાઈ મનુ હજી ખેતરેથી આવ્યો ન્હોતો. હળ હાંકતો, ગાડું જોતરતો ચૌદ વરસનો મનુ ચિંતા થઈને શાંતાની આંખોમાં આવી લાગ્યો. પતિ પાછો થયો ત્યારે મનુ એક વર્ષનો. વાલી દશબારની હશે. શાંતાના નાકનશ લઈને આવેલી વાલી બાપનો સ્વભાવ પણ લઈ આવેલી.

શાંતાએ વાડાના બારણેથી જોયું તે વાલી ભેંકાર ઑગલાઓમાં ઊભી હતી. ઝાંખા અંધારામાં ય એનો ચ્હેરો સોના જેવો કળાતો હતો. કવખતે

ઑગલાઓમાં ઊભેલી વાલી શાંતાથી સમજાઈ નહીં. પતિ વગરની અધમધરાતો એનામાં ઊગી આવી. બારણું ખખડતું. વાલી–મનુને ઊંઘતાં ઢબૂરી એ પાછલું બારણું ખોલતી, કોક એને આ પરાળની ઑગલીઓ લગી ખેંચી લાવતું. એ ખેંચાઈ આવતી. ઘઉંની કણેક જેવી કાયા લઈએ પાછી વળતી. આગલે બારણે સૂતા વાઘજીના ખોંખારા સંભળાંતા. શાંતાના મોઢા પર અંધારું લીંપાઈ જતું. નાથાને સંભારી સંભારી એ ગાલે તમાચા મારતી. જાગી જતી વાલી મધરાતે રડતી બાને જોઈ રહેતી. પછી વણસમજણે ઊંઘી જતી. વાલીનો વલોપાત ખાટલો થઈ જતો.

આગલે બારણે બારબાર વરસથી સૂતો વાઘજી બે દંનથી ઘેર ગયેલો. બબ્બે દાયકાથી રહેતો એ ખતરી ખેડૂ નહીં પણ ઘરનો રખેવાળ હતો. એની ઑથ હતી તો શાંતાએ નાનમ મોટી કરવાની હામ ભીડેલી. વાઘજીનેય વય થવા આવી છે. મનુ ગાડું લઈને આવ્યો છે. શાંતાને વાઘજીના ખોંખારા સંભળાતા હતા. વાલી ઑગલીઓમાં ઑગળી ગઈ હતી કે શું? શાંતાને કંઈ કળાયું નહીં.

પરાળની ઑગલીઓ અંધારાના ડુંગરા થઈ થઈ વાલીને ઘેરતી હતી. અહીં રમણે એને બચીઓથી પ્હેલવ્હેલી નવરાવી દીધી હતી. વાલીનો હાથ એ દિવસે, ચોખ્ખો ન્હોતો. દેહની કંપારી, એ ઉના ઉના શ્વાસ, ગરમ ગરમ સ્પર્શો ને હોઠ પર ચંપાતા અંગારા. વાલીને એ બધું રંજાડી રહ્યું. ટાઢાબોળ ડિલમાં ગરમ કસક ઊઠતી હતી.

બળદ બાંધતા ભાઈનો અવાજ સંભળાતાં વાલી ભાનમાં આવી. બા ખાવાનું કરતી હશે એમ થયું. ઘરમાં જવા એણે પગ ઉપાડ્યો. ખેતરોનું અંધારું ઘરના વાડા સુધી આવી ગયું હતું. વાડો પર શોભી રહેતા વેલાઓ સૂકાઈ ગયા હતા. થોરની વાડમાં મોટાં મોટાં છીંડાં પડી ગયાં હતાં. એમાંથી રમણનું ઘર વધારે ઉઘાડું પડી ગયેલું ભળાતું હતું. વાડ પરના વેલાઓને કોઈએ દાતરડાથી વાઢી નાખ્યા હોય એવો ચચરાટ લઈ વાલી ઘરમાં ગરી ગઈ.

ખીચડી થઈ ગઈ હતી. બીજે ચૂલે કઢી તબડતી હતી. શાંતા નર્યા ઘીનો શીરો શેકતી હતી. રાકેશ સાથે મનુમામો આંગણાને ઓટલે ગમ્મતે ચઢ્યો હતો. આખા ઘરમાં શેકાતા શીરાની તાજા તાજા ઘીની વાસ ફરી વળેલી. નાથાને આવો શીરો ખવડાવી ખવડાવીને ગલગોટા જેવો કરેલો. મનુમાં એ નાથો આખેઆખો ઉતરી આવ્યો હતો. શાંતા મનુને જોતી ને ખળભળી ઊઠતી. એ આધાર હતો અને જીરવવો વસમો હતો.મોટો થતો મનુ પીડા બની શાંતાને ત્રફડાવતો રહેલો. ચોમાસાની રાતોમાં શાંતા મનુના ચ્હેરે હાથ ફેરવ્યા કરતી. વાલી બાનું એ હેત જોયા કરતી.



ખાતાં ખાતાં પણ વાલી ખોવાયેલી રહી. પાકટ શાંતા એની ઉદાસી પામી ગઈ પણ પૂછવા માટે હોઠે સુધી આવી આવીને એ ઓલવાઈ જતી હતી. બાને એક રાત મળવા આવેલી વાલી શાંતાને અંદરથી ખોદતી રહી.

અડીએ તો ડિલે ડાઘ પડે એવી કાયા. વાલીને જોનારાં કહેતાં. વાણિયા–બામણને ઘેર મોકલવા દૈવે એને ઘડી હશે. પણ નાથાભઈને ઘેર ભૂલી પડી જઈ.' નાથો હોત તો શાંતાની ઇચ્છા હતી વાલીને ભણાવીગણાવીને નિશાળમાં મહેતી કરવાની.

પણ દેવને ઘેર દેવ પડ્યો. નાથાએ વાલીની સગાઈ કરી મૂકેલી. પૈસાદાર આબરુદાર ઘર. જમાઈ તો શ્યામ, જરાય ઘાટીલો નહીં. શાંતા પતિનું વેણ ઉથામવા માગતી ન્હોતી વળી એવું ઘર હોય તો વિધવા શાંતાએ દીકરીને નામે ક્યારેક ચિંતા કરવી નહીં પડે એવી લોકોની સલાહ. કાચી વયે વાલીનાં લગન લેવાયેલાં.

રૂપાળી વાલીને આણે વળાવવાનાં વરસો મા-દીકરી બેઉ જમાઈ ને જોઈ જોઈને ઠેલતાં ગયેલાં. વાલી કાયામાયાને પરખતી થઈ. મનમાં ચીરાડો થયેલો, પણ નબાપી એ બધું ગળી ગઈ. સસરો જમાઈ વાલીને ગૂમાવવા કરતાં વાટ જોવાનું રાખતા. ન્યાતમાં વાલી જેવી કન્યાઓ કાંઈ વાડના વેલેવેલે પાકતી ન્હોતી.

જમાઈનું અણઘડપણું. કામકૂટવા આગળ વાલીને વીસરી જવાનું. શાંતા જાણતી હતી. ખાવપીવાનું કે પ્હેરવા ઓઢવાનું દુઃખ એ દુઃખ ના કહેવાય. અદકું દુઃખ મનનું. કાયાનો દીવો એમ ઓલવાઈ જતો નથી. એના ઝબકારા જાણતી શાંતા આજે પારાવાર પસ્તાતી હતી. ખાઈ પરવારી વાલી પાછલા ઘરે બેસવા ગઈ. રમણ મોસાળે ગયો હતો. એની નવી વહુ જોઈ. રમણને જોયે પાંચ પાંચ વરસો વીતી ગયાં, ને રાકેશ...વાલીનું' કાળજુ ધડકતું હતું.

સમય પાણીના રેલાની જેમ ગયો. ઘોડાના ડાબલા દડબડાવતો ગયો. રમણ શહેરમાં ભણ્યો. હવે ત્યાં જ પછી નોકરી. વહુ પણ ભણેલી. જો

કે વાલીને એ કશી વાતે રૂપાળી ના લાગી. રમણ પોતાને ભૂલી ગયો હશે? ન્યાતની રીતે એના લગનનું નોતરું મળેલું પણ પોતાના ગામમાં આવેલો રમણ એને કંકોતરી આપવા જરૂર આવશે એવી વાલીની આશા ફળી ન્હોતી. ત્યારથી એ રમણને જોવા મળવા અને રાકેશને બતાવવા વ્યાકુળ થયેલી. ખાતરી ખોટી ઠરી.

પાછાં વળતાં વાલીનો પગ સાયકલની ટાયર–ટ્યૂબ પર પડતાં એ છળી ગઈ હતી. શરીરમાં કંપારી વછૂટી ગયેલી. એ ઘરમાં ભરાઈ ગઈ. શાંતા જાગતી હતી.

વાલીએ વાતો કરવાને બદલે ઊંઘવા લંબાવ્યું. ઊંઘ આવતી ન્હોતી. જળ જંપી ગયાં હતાં. વાલી પેશાબ કરવા વાડામાં નીકળી. રાત સમ સમ જતી હતી. કંસારીઓના કાળા અવાજોમાં જીવન ઓલવાઈ ગયેલું. વાડાની ઑગલીઓ ઓરી આવી ગઈ, કેટલી બધી બચીઓ! ગાલે, હોઠે, માથે, છાતીએ! પડખાં ઘસતી વાલી, રેશમી રૂમાલ, અત્તરનાં પૂમડાં. ક્યારીમાં હવડ વાવને પગથિયે રમણ પાસે એ બેઠી હતી. સાવ અડીને. અડોઅડ. લીલ બાઝેલા પાણીમાં સાપ જોઈને બેઉ બહાર આવ્યાં ત્યારે સામેના આંબા નીચે કોક બાઈ પોદળા વીણીને પાછી વળતી હતી.

શાંતા પાણી પીવા ઊઠી. વાલી ઊંઘી ગયાનો ભાવ ઓઢી જંપી રહી. એને યાદ આવ્યું—

ભેંસ વેતર આવતી. આખી રાત રેંક્યા કરતી. મા-દીકરી ઊંઘી શકતાં નહોતાં. બીજે દંન વાઘજી ભેંસને પાડે દોરી જતો. નાનો મનું ભેંસ હાંકવા જતો. રખડી રખડી એ સાંજે પાછા આવતા. ભેંસની સાથે પાછળ પડેલો પાડો આંગણે આવતો. ભેંસને ઘરમાં ઘાલે તો પાડો માથાં પછાડીને બારણાં તોડી નાખે. આખી રાત ભેંસ બહાર ખૂંટે બંધાઈ રહેતી, રેંક્યા કરતી. થાકેલો વાઘજી ઊંઘી જતો. મા-દીકરી છાનાંછપનાં પડખાં ઘસતાં. ભેંસ ઊંડે ઊંડે રેંક્યા કરતી સંભળાતી.

આંબે મ્હોર આવતો. મરવા થતાં કેરીઓ મોટી થતી. આંબલીઓ કાતરે ઊભરાતી. વાડાને ઓટલે બેસી રમણ દાતણ કરતો. ખાટલો ઢાળી વાડવેલાને છાંયે વાંચ્યા કરતો. વાલી કામ કાઢી વાડામાં રહેતી. શાંતા ખેતરોમાં ખોવાઈ જતી. સમાજવ્યહારોમાં વહી જતા દિવસો. હૂડભૂડ પતિ



શંકર સાંભરતાં આણાની ચિંતાએ વાલી વલોવાઈ જતી. પહેલીવાર છેટે બેઠી ત્યારે રમણ એને રૂપાળો લાગ્યો'તો. એ રમણની હસતી આંખો સમજી હતી. દર વરસે ભેંસ વેતર આવતી. રેંકતી. ઉજાગરા કરાવતી. આણું ઠેલાયા કરતું.

તે સાંજે બા ગામમાં બેસવા ગઈ હતી. વાઘજી ખેતરે સૂવા સારુ. શહેરથી આવેલો રમણ વાલી માટે કંઈ કંઈ લાવેલો બંને છેક ઓગલીઓ સુધી ખેંચાઈ ગયેલાં. વાવમાંનો સાપ છેક પહેલે પગથિયે આવી ગયો હતો. અંધારું ગરમ લ્હાય વીંટળાઈ વળ્યું હતું.

રમણ થોડાક દિવસોમાં ચાલી ગયો હતો. વાલીને નાવણ ના આવ્યું. શાંતાને એણે લુગડાં ચડી ગયાની વાત કરી. ઘરમાં ખોંખારા વગરનો સન્નાટો છવાઈ ગયો. રાહ જોયા વિના વાલી માંદાં રહેતાં સાસુની ખબર કાઢવા સાસરે ગઈ. શાંતાએ સાંજે રાહ જોઈ હતી. પણ વાલી બે રાત રોકાઈને આવી. શંકરને વાલી વ્હાલી લાગી હતી.

અચાનક આણું લેવાયું. ગાલે ખાડા પડે એવું હસતી વાલીએ ઘર બાંધ્યું. સીમંત પહેલાં સાસુ ગુજરી ગયાં. દીકરો લૈ આવેલી વાલીએ સહુનાં મન જીતી લીધેલાં.

વાલી થાકી ગઈ હતી. ખાવાપીવામાં, પ્હેરવા ઓઢવામાં એનો જીવ ન્હોતો લાગતો. મન વાળવા પિયર આવી હતી.

સવારે ઊઠી. વાડામાં દાતણ ચીરતાં ચીરતાં વાલી જોઈ રહી. વાડનાં છીંડાં ચારેબાજુ હતાં. કરામાંની આંબલી કપાઈ ગઈ હતી. આખો વાડો ઉજ્જડ વેરાન લાગતો હતો. વાલી ખાધાપીધા વિના ટાઢે પહોરે ઘેર જવા નીકળી.

'તારી દેઈની કાંઈની કાંઈ ખાતરી પડતી નથી. વાલી, તું હાસેટ નંખઈ જઈ લાગે સે.' બા છેવટે બોલી ખરી. એક રાતમાં વાલી બા સમોવડી થઈ ગઈ હોય એવી લાગતી હતી.

'ના રે બા, શાની ખાતરી ને શી વાત?' વાલી વાત ટાળી ગઈ.

ભોંયથી ભૂખ ભાગે થોડી?' ઓઠે આવેલું વાક્ય એ ગળી ગઈ.

રાકેશને ઊંચકીને શાંતાએ બચીઓથી ગૂંગળાવી દીધો. વાલીના ગાલ હોઠ પર ગરમ ચચરાટ ઊઠ્યો. ઓગલીઓની આડે તો ડુંગરા એવડું ઘર

ઊભું હતું. વાલી એ વાડા ભણી જોઈ ના શકી.

વાલીએ પગ ઉપાડવા મથવું પડ્યું. ના, હવે અહીં રહેવું નહોતું. તો ક્યાંય કશે જવાની ઇચ્છા પણ નહોતી. દદડતી આંખે વાલીએ બા સામે જોયું, ક્ષણવારમાં તો શાંતાની આંખોમાં દીવા જેવાં આંસુડાં સળગી ઊઠયાં. વાલી જોઈ ના શકી. પીઠ ફેરવી આંસુ લૂછતી આગળ વધી. ક્યાંય ના લઈ જતું નેળિયું વાલીને ગળી ગયું...

❑



# માટીવટો

વીરુ શહેરથી વતન આવવા નીકળ્યો ત્યારે તો માથે ચૈત્રનો ચકચકતો તડકો હતો. લૂ લમણાં શેકતી હતી. એણે બસની બારી બંધ કરી દેવી પડેલી. વરસાદમાં કે ઠંડીમાં ય એને બારી બંધ કરીને બેસવાનું ફાવતું નહોતું, ગૂંગળામણ થતી. પણ આજે એનું ધ્યાન વતનના ઘરમાં મા પાસે જઈ બેઠું હતું.

મોટાભાઈનો કાગળ હતો.

'જૂનું ઘર ઉતારી લેવાનું શરૂ કર્યું છે. હવે એનાં બારીબારણાં, મોભ, પાટડા, કુંભીઓ, ભેંતા તથા મોવટીઓ બધું કાઢીને નવા ઘરમાં બેસાડવાનું છે. પાછલા ઓરડા પૂરતું ધાબું નખાઈ ગયું છે ને આગલી ચોપાડ પરસાળનું ચણતર આડા-ભૂંગળ સુધી આવી ગયું' છે. તું આવીને એક વખત ઘર જોઈલે. નવા ઘરમાં કોઈ ફેરફાર કરવો હોય તો બતાવી જા ને મા કહે છે કે તું જૂનું ઘર છેલ્લે પણ જોઈ લે. માનો જીવ વલોવાય છે. ઘર પાડી નાખવાની વાતે એ ધરાઈને ખાતી ય નથી. પણ શું કરીએ? માસ્તર તો માને લડે છે : 'હવે તારો જમાનો જતો રયો, તું છાનીમાની જોયા કર. ને અમે જે કરીએ છીએ તે હારા માટે જ છે, મન ના માને તો રોયા કર. પણ અમે આ તૂટતા ગામમાં નઈ રહીએ, ડૅમનો ભરોસો નઈ, તૂટે ય ખરો. આ જે નવાં ઘરાં'માં પેલ્લેથી જતા રયા એ ફાવી ગયા...

કેટલી મકતી ભોંય મળી છે...' તું આવે તો માને બે વાતો કહે, સમજાવે. એને ધરપતની જરૂર છે. તારી ટેવ પ્રમાણે આવવાનું ઠેલ્યા ના કરતો. કાગળ વાંચીને તરત ગાડી પકડજે.'

મા એટલે બાપુજીના મોટાભાઈનાં વહુ. સીતામા. શામળું એકવડિયું ડિલ. એંશીની ઉંમરે ય જાત પૂરતાં સાબદાં. ચાર ચાર પેઢીઓ એમની હીંચોળેલી, પ્રેમ અને ઠપકા આલીને ઉછેરેલી. છાંટામાંથી છાંટો ઘી દૂધ ને ફાડમાંથી ચોથિયું રોટલો વ્હેંચી આલીને માએ વસ્તાર મોટો કરેલો.

વીરુએ માને પોતાની સાથે શહેરમાં રહેવા આવવા કહેલું ત્યારે મા બોલેલી : 'ના, ભા ! અવે ઘઈડે ઘડપણ મારે ચ્યાંય નથી જવું. મારે તો આ જ મારાં અડસઠ તીરથ ને આ આંગણું જ મારું હરગ...આ ઘર તો મારું ખોળિયું સે બેટા! ખોળિયું મેલીને મારી બતી નઈ અવાય...તમે સુખી થાવ બેટા !'

મા કાયમ કહેતી : પેણીને આઈ તાર ચેડ્યે આ ઘર કરેલું. મીં જાતે તગારાં ભરી ભરીને માટીગારા ઊંચકેલાં, ભેંત્યો થાપેલી ને ઓયડા ઉતારેલા. ભૂખ્યાં રઈને રોટલા ઘડેલા, હૌને ખવડાવ્યા ચેડ ઉં ને તારી મરનારી જીજી બે ખાતાં...ભાઈએ ભાગ પડ્યા તાણેં ય આ ઘર ભાગ આયેલું...મોટા દાદા જુદા થયા. પછી ય કાકાએ ભાગ માગેલો ને એય જુદા ગયા, પણ આ ઘર આપણે ભાગે, મારો જીવ જ આ ઘરમાં, ઉં એકની બે ના થઈ તે ના થઈ...'

વીરુની આંખો સામે ઘર અને બાળપણ તરવરી રહ્યાં.

રાતી ગારથી લીંપેલી ભીંતોવાળું ઘર. ભોંય તળિયે મોટી મોટી ઓકળિયો. માના હાથનું હેત એમાંથી જાણે પગને અડકે ને અંદર પેસે, કાળજે જઈ બેસે. મોટી ચોપાડ, મકતાવાળું ત્રીજ્યું ભેંત્યું, લાંબી પડસાળ, આગળ પાછળ બબ્બે, રસોડાંની ઓરડીઓ, વિશાળ વાડો, ઢોરભર્યું આંગણું, સામે ત્રિભેટે કૂવો. ઘરને કરેથી નીકળે ધોરી વાટ. ગામના નાક જેવું, પેસતાં જ પાધરું ઘર. ઘર મોભાદાર. રસ્તાને માથે, ને ચાની તાવડી ને હુક્કોબીડી કાયમ તપતાં ને તાજાં. ગામમાં ધોરી કુટુંબ. માની ધાક ભારે. કોઈ વહુવારુ આડુંઅવળું ચાલતાં બોલતાં ફફડે. મોભી મોવડીઓ આવે કે વેવાઈ વ્હાલાંઓ આવે મા છીંકણી લઈને માફકસર દૂર બેસે ને વાતો



કરે. વિવાહ કે વરસીએ માની સલાહ કોઈ ઉથાપે નહીં.

માના પતિ તો જુવાનજોધ વયે નાનમ મૂકીને પાછા થયેલા. પગમાં કાટવાળી ખીલી વાગેલી ને ગંગાપૂજનની ન્યાતમાં હિંગવાળાં દાળશાક કઠોળ ખાધેલાં ને ધનૂર થઈ ગયેલું...' જીવવા કાંઈ જાવાં નાખેલાં...' મા કહેતી જાય ને રોતી જાય! પછી તો મા ઘર–ગામ પર છવાઈ ગયેલી. બાપુજી બધાંને માટે કાકા બની. ગયા ને મા ઘરનો જીવ...એનો બોલ એ આખરી બોલ.

ને આજે હવે—

હવે એ 'ઘર' નહીં રહે ?...મા–નો જીવ કેવો વલોપાત કરતો હશે! વીરુ અંદરથી ધ્રુજી ગયો હતો. બધાંની જેમ મા પણ વીરુનું માનતી. પણ વીરુએ દાયકાથી વતનમાં જવાનું ઓછું કરી નાખેલું. કાકા જોડે ઝાઝું ફાવે નહીં ને મા વિના જીવ સોરાયા કરે. એ કાયમ વહેરાયા કરતો.

ઝાંખા કાચમાંથી આવતો બપોરનો તડકો પણ દઝાડતો હતો. સીમ સૂની હતી, વગડો વેરાન. ફૂલો ખર્યા પછીની શીમળાની ડાળો પાંસળીઓ જેવી લાગવાથી એ વૃક્ષો હાડપિંજર જેવાં દેખાતાં હતાં. બસમાં સુસ્તી હતી. કોઈની કાણે જઈને આવતી કાળા સાડલાવાળી આઠદસ બ્રાહ્મણીઓ કે સુથારણો વચ્ચે વચ્ચે વાતો કરતી હતી. બાપાના ઠપકાથી કોઈ છોકરો ઝેર ખાઈને મરી ગયો હતો.

વીરુ તાલુકે ઊતર્યો ત્યારે અચાનક ચઢી આવેલાં વાદળોમાં સૂર્ય ઢંકાઈ ગયેલો. સાંજ વહેલી થઈ ગઈ હતી. પવન ફૂંકાતો હતો. ઉબકા આવે એવી ગંદકી ચારે બાજુ વેરાયેલી હતી. બધે ખાડા પડી ગયા હતા. દોજખ જેવા સ્ટેન્ડમાં લોક સમાતું નહોતું. ખુલ્લી ગટરોની ધારે મૂકાયેલાં ગલ્લા લારીઓમાંથી ચા નાસ્તો કરતું મનેખ વીરુ જોઈ રહ્યો. પાન બીડીઓની મજા લેનારાઓ. એકે ય ચહેરો પરિચિત નહોતો લાગતો. ધૂળકટ ફૂંકાવા માંડેલું. બધું હાલંડોલ. એને લાગ્યું કે આ મુલકમાં એ પહેલીવાર તો નથી આવતો ને!

છેલ્લે એ અમરીમાના મરણટાણે આવેલો. દૂરનાં કુટુંબી. ખેતરમાં આંબાવાડી કરેલી. વચ્ચે ઘર. ત્રણ ત્રણ દીકરા શહેરોમાં બંગલા ગાડીઓમાં મ્હાલતા હતા પણ અમરીમાઓ પોતાનું થડું ના છોડ્યું તે ના છોડ્યું. વીરુને

યાદ આવ્યું. એનો પડોશી કહેતો હતો કે એનાં બા-બાપુજીએ, ગામનું ઘર પડી જાય તો ભલે પણ વેચવાનું નહીં એવું એની પાસે વેણ લેવડાવ્યું હતું! કોઈ રહેનાર ના હોય પછી ઘરનો શો અર્થ? મિત્ર કહેતો હતો. વીરુ કદાચ વધારે સમજતો હતો.

ભાઈનો કાગળ ખિસ્સામાં જ હતો. ફરી વાંચવાનું મન થયું. એમાં ઘરવાળી વાત જાણે લખી જ ના હોય તો કેવું સારું! ને મા... એની આંખમાં કસ્તર પડ્યું. એણે આંખો પટપટાવી. બળતરા થતી હતી. પાણી નીકળ્યું તો ય કસ્તર તો ખૂંચતું જ રહ્યું, અજવાળું ઓલવાતું આવતું હતું. બધું ઝાખું થઈને દૂરને દૂર સરતું લાગ્યું. કોઈ અજાણ્યા ગ્રહનો ભય વીરુને ઘેરી વળતો હતો.

સાંજના શટલનું ઠેકાણું નહોતું ને નાઇટ ગાડીની વાર હતી. વીરુ છોકરાં માટે ભૂસું લેવા નીકળ્યો. મનમાં પાછું બધું બેઠું થઈ ગયું. તોતેરની રેલમાં ગામ તબાહ થઈ ગયેલું. મહીસાગરે માજા મૂકેલી. દહીંની દોણીઓ વધેરીને ટચલી આંગળી વાઢીને રજપૂતે ભોગ ધરેલો, કુંવારકાઓએ તાબડતોબ વ્રત લાધેલાં તો ય મહીમાતા પાછી નહોતી પડી. ફૂંફાડા મારતાં પાણી ગામમાં ફરી વળેલાં. નીચું ફળિયું પાટડા લગ પાણીમાં ગરકાવ. પણ જૂનું ઘર ઊંચાણમાં તે હજી પડસાળે પાણી નહીં ચડેલાં. મા મોઢામાં જીભ નહોતી ઘાલતી : ' મારા વીરુને બોલાવો. એના આવ્યા વના જીવ ખોળિયું મેલશે પણ ઉં ઘર નઈ મેલું...' આખી રાત વલોપાતમાં વીતેલી. સવારે વીરુ પહોંચ્યો ત્યારે પાણી પરાકાષ્ઠાએ આવીને થંભેલાં. બપોર ઢળતામાં તો નદી પશ્ચાત્તાપમાં ગરકાવ, પાછી પડીને, જંપવા ઉત્સુક લાગેલી. પણ ઓસરતાં પૂરે જૂના ઘરના કરામાં તિરાડ ને નીચું ફળિયું જમીન દોસ્ત કરી દીધેલું.

પછી તો જોતજોતામાં નવી વસાહત–'નવાં ઘરાં' –થઈ ગઈ હતી. ગામની ક્યારીની પેલે પાર, માઈલેક છેટી ટેકરીઓ અને કોથળિયા ડુંગરની તળેટીમાં નીચલું ફળિયું જઈ વસેલું. ગામ તૂટવા લાગેલું, વીરુ માટે આ ઘટના એક ખોળિયાના બે ભાગ કરવા જેટલી પીડાદાયક હતી. એના બે ભાઈઓનાં ઘર પણ નવાં ઘરાંમાં જઈ વસેલાં. આથી ટાણે પ્રસંગે કુટુંબનું બેસવું ઊઠવું વિખરાઈ ગયેલું. આપદા ઓછી નહોતી. નવાં ઘરાંમાં આવી જવું હવે જરૂરી હતું. પછી સારી ઘરથાળ મળવી મુશ્કેલ. કાવાદાવા, અરજીઓ ને બાતમીઓ, સરકારના તુમાર, અધિકારીઓને લાંચ, છેવટનાં સમાધાનો. ધનની બરબાદી. પણ માનો જીવ...જૂના ઘરની જાહોજલાલી...



શટલ ખીચોખીચ ભરાઈ ગયું હતું. ઝાંખા ચ્હેરાઓ ને મેલાં લૂગડાં. મોટેથી થતી વાતો. શ્વાસ અને પરસેવાની દુર્ગંધ. બસનો કાનતોડ ખખડાટ. ટેકરીઓના ચઢતા ઉતરતા ઢાળમાં લાગતું હતું કે હમણાં જ ફંગોળાઈ જશે. જોકે બધાં વાતોમાં તલ્લીન હતાં. શું બોલતાં હતાં એના વતનનાં આ મનેખ? વીરુને કાંઈ સમજાતું નહોતું.

વીરુ નવાં ઘરાંના સ્ટેન્ડે ઊતર્યો ત્યારે રાત પડી ગયેલી. શેરી દીવા આજે સળગ્યા નહોતા. એકલા પંચાયતઘર પાસે ઝાંખો બલ્બ ઝીણો પ્રકાશ પાથરવા ફાંફા મારી રહેલો. ટેકરીઓ અને એમનાં બચોળિયાં જેવાં ઘરો અંધારામાં ડુલ હતાં–બધું એકાકાર. હજી આ જગાનું વહાલ વળગ્યું નહોતું. વીરુ ઊભો રહ્યો, તારા ભર્યું આભલું એની સામે આંખો મીચકાવતું હતું. મહીસાગરના ભાઠામાં સારસ બોલતાં સંભળાયાં. એને જૂના ઘરે જવાનું મન થયું. પણ અત્યારે માઈલ ચાલવાનું–અંધારું અને વચ્ચેનાં ક્યારી ચરો! પગ ભાઈના નવા ઘર તરફ વળ્યા. બધાં બે દિવસથી વાટ જોતાં હતાં.

સવારે સરપંચનું ટ્રેક્ટર જૂના ઘરનો સામાન ખેંચી લાવવા જતું હતું. સરપંચ ભાઈ વીરુને બોલાવવા આવ્યો : 'બેસી જાવ ટ્રેકટરમાં, વીરુએ કહ્યું : 'વળતી ફેરા વાત' સિગારેટ પીતાં સરપંચ સ્વાભાવિક રીતે વાતોએ ચડ્યા.' માસ્તરને જગા સારી મળી છે. અમલદારોએ અઘરું પાડ્યું પણ માલિકની મરજી તે બધું પાર પડ્યું. ઘર દીપી ઊઠશે. ખરા મોખામાં પડ્યા.ત્યાંય ધોરીવાટ હતી અને અહીં તો કરામાં જ પાકી સડક. પાછળ વાડા ને શાકભાજી વાડીઓ ય થશે. થોડાં ઝાડ થશે તો નંદનવન લાગશે. પણ તમે જરા માને મનાવી લ્યો. ઘરડા જીવને લાગી આવે. જગ્યાની માયા તો ઢોરને ઓય સે, ને બાપદાદાની ભોંય છોડતાં કાળજું કાંપે પણ અવે ગામ તૂટ્યું ને નદી સાપણ જેવી. મા–ને કહો કે આવતી પેઢીના લાભમાં મન કાઠું કરે...કેમ ખોટું કઉસું?!'

વીરુ હોંકારો દઈ ના શકયો. ટ્રેકટર ગયું. એને લાગ્યું કે બુલડોઝર પસાર થઈ ગયું... હાશ! પણ–

જૂના ગામ જતાં આજે પગ પાછા પડતા હતા. જીવ ચૂંથાતો હતો.

વળી વળીને પરસેવો થઈ જતો હતો. વાટમાં જતાં અમરીમાની વાડી આવી. એ ઊભો રહી ગયો. ભર્યુંભાદર્યું ને કલ્લોલ કરતું જીવતર મૂંગું થઈ ગયેલું. આંબાઓ ઉપરની કેરીઓ ભેળાઈ ગઈ હતી. અડધું ભાંગી પડેલા ઘરના ઢાળિયા નીચે કોક રખેવાળ સૂતો હતો. ચારે તરફ ઉજ્જડનો ભણકારો ને સૂનાં ઝાડ. એની આંખમાં ભીનાશ ઊઠી. આંખો સાફ કરી ત્યારે કેડી–સાપ જેવી કેડી–ભળાઈ. નીચલું ફળિયું પડીને પાદર થઈ ગયેલું. ભગુકાકાના ઘરની ભીંતો હજી ય ખંધોડિયાં થઈ ઊભેલી છે. પાદરનો કૂવો વપરાશ વગર અવાવરુ તૂટેલી વંડી ને ભાંગેલું ઉરુ... પાસેનો વડ પણ પાંખો થઈ ગયેલો છે. નીચીફળી વચ્ચેનાં ખંડેરોમાં ભીંતોના છાંયડે થોડાંક ટેણિયાં લખોટીઓ રમે છે. પોતે ય અહીં કેટકેટલી વાર...! શિવાલય નથી રહ્યું ને નિશાળ હતી ત્યાં મરેલાં ઢોરને ચૂંથતાં ગીધ. એ જોઈ નહોતો શકતો ભૂત આમલીનું ઠૂંઠું!

દરેક ભર્યાં ફળિયાંમાંથી એકાદ એકાદ ઘર ઊઠી ગયું છે. કોઈ મોભી સ્વજન ગુજરી ગયા પછીના ઘર જેવું. ફળિયાં ઉદાસ છે. સૂની ઘરથાળે આકડિયા ઊગી આવ્યા છે. દોઢીનો દરવાજો જમીનદોસ્ત થઈ ગયો છે. દરબારની ડેલી બેવડ વળીને પડવાને વાંકે ઊભી છે. હવે અફીણ કસુંબા નથી ઘોળાતાં. વચલે ફળિયે ભાયરામનાં ઓટલા, પડસાળો ખાલીખમ પડ્યાં છે. બેઠકો નથી થતી, ઢોલ નથી વાગતા હોળીના. વરઘોડા નથી નીકળતા ઊભી વાટે. ફૂલેકાં ફળિયાં વિના ક્યાં ફરે હવે? ધૂળ, ધૂળેટીને ધારો રમનારાં ક્યાં છે? પત્તે રમતાં છોકરાં ને રાતની મંડળીઓ...

વીરુએ કહ્યું : ‘મા, ક્યાં છે ગામ? કશું જ બચ્યું નથી. કાળ તાણી ગયો બધું. મા મહીસાગર જોતી રહી. એ ય સૂકાઈ ને સંકોડાઈ ગઈ છે. મા, જિદ્દ મૂકી દે... જે થાય તે જોયા કર મા, જે હાથમાં નથી એ સાથમાં ક્યાંથી? જીવ બાળીને રાખ ના કર. ચોથી પેઢીએ દીવા પ્રગટ્યા છે–એનાં અજવાળાં અખંડ રહે એવી આશિષ આલજે મા, તેં તો આખો જન્મારો તેલ ઉંજ્યાં ને ઘી પૂર્યાં. ગોખલાનો દીવો બૂઝાવા નથી દીધો. મા મહીસાગરે માઝા મેલી પણ તેં તો માંયની આગ એકલીએ વેઠીને રાજીપો વહેંચી આલ્યો છે સૌને–હવે, છેલ્લી વખતે જિદ્દ શાની? મા, તું તો કળજુગમાંય લખ્યાલેખ ને કરમમાં માનનારી...’

માએ વીરુનો હાથ પકડયો. બોલતો અટકાવી, આંખો લૂછી, નાક નસીંક્યું. માએ મુખ્ય બારણું કાઢતા મજૂરોને રોક્યા. કહેલું ‘કાલે કાઢજો.’ વીરુ જોઈ રહ્યો :

મોભ ઉતરી ગયા હતા. વર્ષોએ ઢાંકેલી દીવાલો ઉઘાડી પડી ગઈ હતી. પાટડા જતાં કુંભીઓ એકલી નિઃસહાય રક્ષકના પાઠમાં ઊભી હતી. બારી બારણાં નીકળતાં હતાં. દીવાલોમાં ગાબડાં, માળાઓ વીંખાતા હતા. ખાલી કોઠારો ખુલ્લા થઈ ગયા હતા. રસોડામાં કાળમુખા, ચૂલા બળતા હતા. ભેંસોના ખાણનાં ગોરિયાં ભાંગી ગયેલાં પડ્યાં હતાં. જૂનાં પેટીઓ, પટારા, કબાટો, મજૂસ, કોઠલા, ખાટલા, ધૂળખાધી ગોદડીઓ, થાળુંભાંગી ઘંટીઓ, કાન તૂટ્યાં એંઠવાડનાં કૂંડાં, દહીંની દોણીઓ, ચીકટાં થયેલાં શીકાં, જૂનાં કુલ્લાં, આળિયા, ગોખલા. કોઠિયાના ખાડા, ઝંખવાયેલા ખડપૂળા, રોટલાઓ ઘડી ઘડીને કાણી થઈ ગયેલી જાડા લાકડાની કથ્થાઈ કથરોટો... વીરુના અંગે અંગે કશેક કંપ ઊઠતો હતો. એનાં ગળામાં સોસ, તરસ. મા પાણી લેવા જતી હતી. વીરુએ રોકી. એ પોતે ગયો. પાણિયારું તૂટતી ભીંતોની ધૂળથી ઢંકાઈ ગયું હતું... મા માટે એ પાણી લાવ્યો. માએ પીધું. નપાણિયા ગોળાઓ- ચવડાઓ ને ટાટિયાં બાંધ્યા નાવણિયાં-બધું વેરવિખેર હતું, ભાભી બબડતાં હતાં :

‘એ ડોહલીને ઘર લઈને ચ્યાં મહાણોમાં જવાનું અશે? આખો જન્મારો નાવાધોવાનું કે બેહવા ઉઠવાનું હખ ના પડયું. આ ઘરમાં... મકતી જગ્યા હું છાતીએ મારવાની...?’ વીરુને જોતાં જ ભાભીનો પપડાટો અટકયો. માની આંખોમાં જુદી જ ચમક વીરુ જોઈ રહ્યો...

મા વીરુને આંગળી ચીંધીને બતાવતી હતી. અહીં તારા બાપા જન્મેલા, તું પણ અહીં. જો પણે જો, ભીંતે ગણપતિ દાદા બેઠા સે ત્યાં બધી ફઈઓ અને હૌને પીઠી ચડેલી. આ જુદા જુદા ખૂણાઓમાં હૌ હૌના ખાટલા ને ઘરસંસાર... ચોપાડમાં ઘોડિયાં, મ્હેમાનો, કાયમનાં ચાપાણી. હુક્કા બીડીઓ ને છીંકણીના સડાકા. આંગણામાં માંડવા ને ફળિયામાં પંગતો, બેસણાં ને સજ્જાઓ પણ પડસાળે, બેટા અહીં તારા દાદાને ભોંય ઉતારેલા, અહીં જ તારી બાએ છેલ્લો હાહ લીધેલો. મરનારાંના ચોકા આ ભોંય પર આ હાથોએ લીંપેલા. બેય માસ્તરોની દેવ જેવી વહુઓને રોગ દવાખાને ખેંચી જ્યો ને એમની લાશો ય અહીં ઉતરેલી... વલોપાત ને વપત બેટા, હવે હું ય અહીંની જ હકદાર...આ જ ભોંય ને આ જ જગ્યા મારી...’ મા આગળ

બોલી ન શકી. એના ગળામાં ડૂમો બાઝી ગયો હતો.

દીવાલને છાંયડે ખાટલીમાં માને સૂવડાવીને વીરુ માથે બેઠો છે. મજૂરો દેમાર તડકામાં તડામાર કામ કરે છે. મા આંખ ખોલે છે, વીરુને કહે છે.'આ માટીનાં દડબાં, આ ભોંયની ગોરમટી ખોદી લેવડાવજે. નવાઘરમાં પાછલો ઓરડો આની ગારથી લીંપાવજે મારે માટે બેટા! આ ખોળિયું—' મા ખાટલીમાંથી બેઠી થઈ– 'બેટા, અંજળ પૂરાં થયાં..., ઉઠતીકને એ ચોપાડ વચ્ચે જઈ પ્હોંચી. ધીમેશથી એની કાયા ઢળી પડી. વીરુ દોડયો–મા બાલતી હતી...' કોઠલામાં ગંગાજળ...ગાયનું છાંણ... બેટા...' વીરુ મા, મા કરતો રહ્યો. બધાં ભેગાં થઈ ગયાં, ગામ આખું ડોશીનાં મોત પર મોંમાં આંગળાં નાખી ગયું.

ઉતારેલા ઘરના મુખ્ય બારણેથી ઢળતી બપોરે ડોશીનો દેહ નીકળ્યો. બબ્બે સગા દીકરા છતાં સૌએ વીરુ પાસે દોણી દેવતા દોરાવ્યાં. કોઈ રડ્યું નહીં. સાંજે એ્હે ઠારીને ડાઘુ પાછા વળ્યા. કોગળા પતી ગયા. બધાં ઘરોમાં પ્હોચીં ગયાં. વીરુએ જોયું તો મુખ્ય બારણું ઉખાડી લઈને મજૂરો સાથે છેલ્લું ટ્રેકટર જતું રહ્યું હતું. ફરતું કૂતરું કશુંક સૂંઘીને થોડી થોડીવાર રડતું હતું...

❑



# ડમરી

રામજીને હતું કે ઘર ઘેલુંગાડું થઈ જશે.

ખૂંખારીને થૂંકવા છતાં ગળામાં બાઝેલી, ધૂળની હોય એવી ખખરી વછૂટતી નહોતી.

આવવા નીકળ્યો ત્યારે નાનીબહેન માટે સારું સારું ખાવાનું, મોટાભાઈ માટે બે જોડી કપડાં અને બાએ કાગળ લખી મગાવેલા પૈસા. શેઠે રામજીને રજા સાથે પ્રેમપૂર્વક બધું પકડાવેલું. સામાન લઈ જવા શેઠાણીએ બૅગ કાઢી આપી ત્યારે બા માટે નવા જેવો એમનો સાડલો પણ આગ્રહથી આપેલો.

હમણાં દેશમાં આવવાનો રામજીનો વિચાર જ નહોતો. શેઠની ભાગીદારીવાળા કારખાનામાં ચારછ માસથી વધારાની નોકરી મળી હતી. સવાર–સાંજ શેઠના બંગલાનું કામ તો કરતો જ હતો. હવે બપોરે કારખાને જવાનું. ખાસ્સા છ કલાક. શેઠે વધારાનો પગાર નક્કી કર્યો હતો. શેઠના ઘેર જ જમવાનું અને રહેવાનું બંગલાની બગલમાં શેઠે આપેલી નાનકડી ઓરડીમાં. આસપાસ બગીચા જેવું. રાતે ઠંડકમાં ઊંઘ આવે નિરાંતની. કશો કકળાટ ના મળે. શેઠ વાપરવાના પૈસા આપે, બે પૈસા શાક પાંદડાની ખરીદીમાંથી બચાવતાં એ કચવાતો હતો. વારતહેવારે શેઠાણી રૂપિયોરડો પરખાવતાં એથી જીવ ઠર્યો રહેતો. કપડાં તો શેઠના દીકરાઓનાં પહેર્યે ખૂટતાં નહીં. ભાઈ માટે ઘરે લઈ જવા મળતાં એ નફામાં. પગાર બધા

પડ્યા રહેતા. રામજી શેઠાણીનું ઘર વાળી ઝૂડીને મન જેવું સાફ રાખતો.

રામજીને ખ્યાલ નહીં કે એકદમ આવું બનશે. ગામને નજરમાં ભરી લેવાની ઇચ્છાને એણે મુઠ્ઠીવાળીને જકડી રાખી હતી. દેશમાં આવવા નીકળ્યો ત્યારે તો કેટલો બધો ઉમંગ છલકાઈ આવ્યો હતો. પોઠી ભરીને પાછો વળતો લાખો વણજારો એને યાદ આવી ગયેલો. બાળપણમાં સીમની વાવે રમતા ત્યારે લાખા વણજારાની પોઠીની વાતો કર્યા કરતા. ડુંગરામાં ખાડા હતા. એમાં લાખાએ ધનના ચરુ દાટેલા, નાગ એની રક્ષા કરતા. રામજી દોસ્તારો સાથે ડુંગરો ખૂંદતો. શમણામાં રામજીને ઘણીવાર ચારઆની આઠઆનીના અઢળક સિક્કા મળતા. બાવરો થઈ એ વીણ્યા કરતો. જાગતો ત્યારે કરમ જેવાં કાણાં ખિસ્સાં એને ખસિયાણો કરી મૂકતાં. ભૂતકાળ ધકેલ્યો ધકેલાતો નહોતો.

વૈશાખ બેઠો હતો. ગરમીએ ઘણો ઉપાડો લીધો હતો. આ વર્ષે આંધીઓ વહેલી ચઢવા માંડી હતી. અહીં શહેરમાં ય આંધી સપાટો બોલાવતી ત્યારે રામજી અંદરથી ઉપરતળે થઈ જતો. ઝીણી ઝીણી ધૂળ એનાં ખેતરોમાંથી તો ઊડી આવી નહીં હોય? ન થવાનો પ્રશ્ન એને થતો.

રામજીના મનમાં થયેલું કે બાએ એને કાગળ લખીને, પૈસા લઈને ખાસ તેડાવ્યો છે તે કાંઈ કારણ હશે. લગન ગાળો ઉઘડ્યો હશે? બેચાર દિવસ હરવાફરવાની મજા આવશે. રામજી વધારે ગોરો થયો હતો. બધા એને તાકી તાકીને જોઈ રહેશે. આ નવી ભાતે સીવેલાં લુગડાં જોઈને છોકરીઓ ય મલકાશે. ગાડીમાં પતિને ખભે માથું ઢાળીને નિરાંતે ઊંઘતી ફૂટડી યુવતીને રામજી ક્ષણવાર તાકી રહેલો. ગાડી દેશ તરફ દોડતી હતી. પણ રામજી તો ગાડી પહેલાં ક્યરનો ય પહોંચી ગયો હતો.

આંધી ચઢતીને રામજી ગભરાઈ જતો. ઘરનું છાપરું ઊડું ઊડું થઈ રહેતું. ક્યારેક ઊડી પણ જતું. પાછો વરસાદ બધી ઘરવખરીને ભીંજવી દેતો. માંદા બાપા ખાટલે પડ્યા પડ્યા કણસતા. બાની મદદે ગામના જીવોકાકો આવી લાગતા–બાપાના લંગોટિયા ભેરુ. હાથમાંનો હોક્કો મૂકીને મજૂરો હાર્યે કામે વળગતા. જોતજોતામાં ઘર સાબદું થઈ જતું. પછી બા જીવાકાકા સારુ આખ્ખા દૂધની, રાબ્બડા જેવી ચા કરતી. જીવોકાકો હોક્કો પીધા કરતા, અને બા વાતો. રાત પડી જતી. બેઉની વાતો ખૂટે જ નહીં. હોક્કાનો દેવતા ક્યારેક રાતોચોળ દેખાઈ જતો. બાપાની ચીડ ઊંઘમાં



બદલાઈ જતી. એકવાર આંધી ચઢેલી. ધૂળે બધું ઢબૂરી દીધેલું. વાયરો ધૂણે રાક્ષસ જેવો. છાપરું કહે કે ના ઊડીને જ રહીશ. બા અને જીવોકાકો આંબામાં કેરીઓ લેવા નીકળી ગયેલાં. રાત પડ્યા કેડ્યે એ આવ્યાં ત્યારે ફળિયામાં દેકારો મચી ગયેલો. બાપાના ખાટલા પર ભીંત ને છાપરું ઢગલો થઈ ગયાં હતાં. બાપા પછી નહોતા રહ્યા. બાએ કાળું કલ્પાંત કરેલું.

જીવોકાકો પહોંચેલો આદમી. બાપાના દસમા પહેલાં ભીંત ઊભી થઈ ગયેલી. ઘર માથે વિલાયતી નળિયાં. વિધવા બા લોકોને વધારે જુવાન લાગતી હતી. પછી રામજી સમજણો થયો હતો. તો ય આંધી ચઢતી કે એનો જીવ તાળવે ચોંટી જતો. કાળજું કારખાના માફક ખટાખટ કરવા માંડતું. પવન વચ્ચે ય પરસેવો વળી જતો.

જેઠોકાકો પ્હેલ્લાવેલ્લા એને શેઠની નોકરી માટે થઈને શહેરમાં લઈ આવવા નીકળ્યા ત્યારેય વૈશાખ ઉતરતો હતો. જેઠોકાકો જીવાકાકનો નાનો ભાઈ. એમણે ભલામણ કરેલીઃ ' જેઠિયા. રામજીડાને લઈ જા. ઉજળો છે તે શેઠના ઘરમાં ખપશે. બે પૈસા કમાશે તો ઘરમાં દીવો થશે. વિધવાબાઈના આશીર્વાદ મળશે એ છોગામાં.' જેઠોકાકો શહેરમાં વટાઈ વટાઈને આરમાર થયેલો. પાદર છોડતાં રામજી બાને વળગીને છૂટે મોંએ રોઈ પડેલો. હોક્કો પીતાં જીવોકાકો બોલેલો : 'હેંડ હેંડ અવે, છોરીની પેઠમ, રોઈએ નહીં. ખાવાપીવાનું ભાળેશ કે આ ધૂળિયો મલક હાંભરશેય નહીં, બેટ્ટમજી!'

ખટારે ચઢીને રેલવે સ્ટેશને પહોંચતાં બે કલાક થયેલા. આવતી ગાડી સાંભળવા રામજીએ પાટે કાન માંડેલા. પહેલ્લીવાર ગાડી જોઈ હતી. ગાડી ઊપડી ત્યારે જીવ સખળડખળ થતો હતો. બધું અપરિચિત ભાળીને છાતીમાં ડચૂરો બાઝતો હતો. રામજીએ બારીમાંથી ગામની દિશામાં જોયેલું, તો બરોબરની ડમરી ચઢતી હતી. જેઠોકાકો તો નિરાંતે બીડી પીતા હતા. એને થયેલું કે આ ય હોક્કો પીતા જીવાકાકાનો પડછાયો છે કે શું? ગાડીની બારીમાંથી સૂસવતો વાયરો રામજીની છાતીમાં ચાબખાની જેમ વાગતો રહેલો. આખો એ ભાગ ધૂળમાં ઢબૂરાઈ જતો એ જોઈ રહેલો. ગામનાં ગામ પાછળ છૂટતાં જતાં હતાં. રામજીને ઉતરી પડવું હતું પણ ગાડી થોભતી નહોતી.

વૈશાખે દેશમાં આવવાનું થાય તો રામજીનો જીવ ઉપરતળે થઈ જતો. આ વખતે તો ફડક પેઠેલી. બા બોલાવાતી હતી. બહેલ સાંભરી હતી. દેશમાં

ગયે માસો થઈ ગયા હતા. ગામ  જોવા જીવ વધારે તલપતો હતો આ ફેરે. ને તોય ન કળાય એવો ઓથાર  ઉમંગ ઉપર ઝળુંબતો એણે અનુભવ્યો હતો. આગળ કોઈક સાદ પાડતું હતું તો પાછળ કોઈક પગલાં દબાવતું આવતું  હતું.

પહેલીવાર જેઠોકાકો એને શહેરમાં શેઠને ઘેર મૂકીને જતા રહેલા. પછી તો રામ તારી માયા! શેઠાણીએ બધું કામ ચીંધી દીધેલું. આખું અઠવાડિયું રામજીની આંખો ભીની ભીની રહેલી. ફૂંકાતા વાયરામાં ગામ તણખલું તણખલું થઈને ઊડતું હતું. રાતે એને વારંવાર એકનું એક શમણું આવ્યા કરતું. ઘેઘૂર ડમરી ચઢે છે. વાયરો ઘૂઘવે છે. રામજી ઊંડો ખાડો ખોદતો હાંફે છે. કોકના મડદાને એ એમાં દાટે છે ને કાઢે છે, કાઢે છે ને દાટે છે. કાળા ઘોડાસવારો એની પાછળ પડ્યા છે. ભૂખ્યો તરસ્યો. ખાવા બોલાવતી બાની બૂમોની ભ્રમણા એને થયા કરે છે.

દોડતી ગાડીમાં એને જીવાકાકાની અમી સાંભરી હતી. અમીનું મોરખાણું એના પોતાના મોરખાણાંને મળતું આવતું હતું. કામની ઋતુ હતી. ગામ આખું સીમમાં. રામજી મોટાભાઈને પાણી પીવડાવીને કળશો લઈને ખેતરથી ઘેર વળતો હતો. બપોરો ઢળી ચૂકેલી. પાદરને કૂવે અમી રાતો ગોળો ભરીને ચઢાવનારની વાટ જોતી હોય એમ રામજીને જોઈને બોલેલી? 'રામજી જરા ગોળો ચઢાઈ જજે.' રામજીએ કૂવાની વંડીએ કળશ્યો મૂક્યો, ને પાણી ભરેલો ગોળો ચઢાવવા મૂક્યો ત્યાં તો અમીએ કળશ્યો ભર્યા ગોળામાં ડૂબાડી દીધેલો. કાયાને ઢેલની જેમ આંબળીને બે હાથે ગોળો માથે ચઢાવતાં બોલેલી : 'કળશ્યો મફતમાં ના મળે હાં કે. લેવો હોય તો ઘેર આવો...' વાટ છલકાવતી અમીની પૂંઠે રામજી જીવાકાકાને ઘેર પહોંચ્યો ત્યારે અમી સિવાય ઘરે કોઈ નહોતું. અમી રામજીને મેડે ખેંચી ગયેલી. ઘણુંય મથવા છતાં રામજી છૂટી શક્યો નહોતો. જાગેલા શરીરનો રોમાંચ શમી ગયો ત્યાંયે રામજી કાંપી ગયેલો. કળશ્યો લઈને ઘરમાંથી નીકળતો હતો ત્યારે શેરીને નાકે જીવોકાકો આવતા હતા. રામજીના હાથમાંથી કળશ્યો છૂટીને પડસાળે આળોટતાં રણકી ઊઠેલો. બારણામાં ઊભેલી અમી મલકાતી હતી. રામજી રોકાઈ શકેલો નહીં. આ પછીના માસોમાં જ રામજીનું શહેર જવાનું નક્કી થયેલું. કળશ્યાનો એ રણકાર આજે રોમરોમમાં આંધી જગવતો હતો.



ઘણા માસે આવ્યો હતો પણ બાનો કશો ઉમળકો વર્તાયો નહીં. સાડલો ને પૈસા લઈ બાએ કબાટમાં મૂકી દીધાં. રામજીની ઊઘડેલી કાયા વિશે બા કાંઈ બોલી નહીં. રામજીને કોઈએ ધોલ મારી હોય એમ ભોંઠો પડી ગયો. મોટોભાઈએ કપડાં ન જોયાંને વળગણીએ લટકાવી દીધાં. બળદોને ઘાસપાણી કરવામાં એ ખોવાઈ ગયા. રામજીને થયું કે પોતે ઘેર આવ્યો જ નથી કે શું? નાનીબહેન રામજીને શહેર વિશે પૂછતી રહેલી. રામજી એને ટી.વી.ની અને મોટાં મોટાં મકાનોની, વિમાનોની અને વાહનોની વાતો કરતો હતો. રાતે ય નાની રામજીને વળગેલી રહેલી. ત્યારે બાએ નાનીને ધમકાવતાં કહેલું : 'નાની, એને ઊંઘવા દે. થાક્યો હશે. બે દંનમાં તો કાં તો પાછો જવાનો હશે. એ ટી.વી. ફીવીની વાતો આપડે શાં કાંમની? આપડે તો કામથી મતલબ. કાંમ એટલાં દામ. નક્કામા દા'ડા પાડવાનું આપણને નાં પાલવે...' રામજી ડઘાઈ ગયેલો. બા બોલતી રહેલી.

બીજે દિવસે બેઉ ભાઈને રોટલા ખવડાવતાં બા કહેતી હતી : 'આટલા પૈસા તો ચેટલેક પોંકવાના? અડધા ઉપર તો જીવોકાકો માગે છે. એ તો આ ફેરે આલી જ દેવાના. મને થાય છે કે નાનીને મોકલું તે મામને બોલાઈ આવે. હવે મોટાની સગાઈ હાટું જીવોકાકો ને મામો બેઉ મળીને કાંક નીવડો કરે. આ સાલ નંઈ ને પોરસાલ. લગન તો આંગણે આયું... જીવોકાકો માને તો કન્યા તો એમના ઘરમાં ય ચ્યાં નંઈ?

રામજીને ગળે રોટલાનો ડચૂરો બાઝેલો.

થાળીમાંનો અડધો રોટલો એણે બાને પાછો ધરતાં ભાત માગેલો.' ચ્યમ, શહેરની ભાખરી રોટલીથી ટેવઈ જ્યો એટલે ઘરનો રોટલો ય નંઈ ભાવતો?' બાના બોલ રામજીને બાવળિયાની શૂળો જેવા ભોંકાઈ રહેલા.' રોટલા માટે તો એ પગ કૂટે છે,' એમ કહેવાનું રામજીને હૈયે હતું પણ હોઠે આવ્યું નહીં. મૂંગુંમંતર ઘર એને કોરતું હતું. રહી રહીને એનામાંથી બાપાના કણસવાનો અવાજ આવતો હતો શું?

ગામ આખું ઉમંગે ચઢલું હતું. કોઈ નવચંડી ખાવા તો કોઈ મામેરે જતું હતું. રામજીને થયું કે પોતે દેશમાં જ આવ્યો છે કે ક્યાંક બીજે? જીવાકાકાને મળવા જવાની ફરજ હતી. ને મન ચગડાળે ચઢેલું હતું પણ બાની શિખામણ પછી એનું મન ડહોળાઈ ગયું હતું. જીવાકાકાની ફળીમાં એ ના જઈ શક્યો તે ના જઈ શક્યો! 'બેગ' લાવવા બદલ પણ બાએ

ઠપકો કરેલો! 'ખોટા ખરચા મને નંઈ પાલવે.'

આઠ રજાઓ લઈને આવેલો રામજી ત્રીજે જ દીવસે શહેર પાછો જવા નીકળ્યો. પોતાના જવાની વાત સાંભળીને બા એને ખાલી ખાલી તો રોકાઈ જવાનું કહેશે જ ને! રામજીના મનમાં થોડો ઉમંગ બચ્યો હતો. પણ બાએ તો જવાની વાતને વધાવતાં ગાંઠે થોડી શિખામણો બંધાવી દીધી. 'ડિલ હાચવજે અને આવજે, બેટા!' સાંભળવા રામજીના કાન વલખતા રહ્યા. અને બા તો શેઠાણીવાળો સાડલો પહેરીને પહોંચી ગઈ હતી જીવાકાકાને ત્યાં.

આવું બનશે એવું તો ધારેલું જ નહીં. દઢતાપૂર્વક બાંધી રાખેલી મુઠ્ઠી ખોલીને રામજીએ જોયું તો એમાં પરસેવાનો મેલ ભરાયો હતો. સાંજ ઢળવા છતાં તડકો આકરો હતો. બસ સ્ટેન્ડ ખાલી જેવું હતું. રડ્યાખડ્યા એકાદ બે પેસેન્જરો પણ ઠૂંઠા વૃક્ષની છાયા જેવા બેઠેલા હતા. રામજીની ભીની આંખમાં પાદર આંસુ સરખું ગોળમટોળ થઈને ભૂંસાઈ રહ્યું હતું. ક્યાંકથી ખાટી વાસનું મોજું ઊડી આવીને રામજીને પાછું ઉપરતળે કરી ગયું.

આકાશ ચોખ્ખું હતું. ડમરી ચઢવાની કોઈ જ એંધાણી વર્તાતી નહોતી. બસ આવી અને ઉપડી ત્યારે પાદરની ધૂળ ઊડી હતી ખરી. પણ એ તો ત્યાં જ પડીને ઠરી ગઈ હતી. રાતે બંગલે પહોંચીને રામજી સાબુથી ઘસી ઘસીને નાહ્યો. ઓરડીમાં પોતું કર્યું. ને તો ય સૂતાં સૂતાં એને લાગ્યું કે પથારી–ઓરડી બધું જ ધૂળ ધૂળ થઈ ગયું છે. એના ગળામાં, નાકમાં, આંખમાં, કાનમાં બાઝી ગયેલી ધૂળ કેમેય ઓસરતી નહોતી.

❑



# પી.ટી.સી થયેલી વહુ

'અવે તો માશીની બુનને પઈણે તાણે... એક એટલું જ ઠેકાણું બાચી સે' – સગા દીકરા કાંતિ માટે જગાભાઈ આવું બોલે એ માન્યામાં નહોતું આવતું. કાંતિ મારો દોસ્તાર.

એમ હાર્યે ભણેલા, રમેલા અને રખડેલા.

કાંતિ ભણવામાં ઘણો કાચો. પણ એના કાકા દાસભાઈ બી.એસ.સી.બી.એડ્. થઈને હાઈસ્કૂલમાં માસ્તર થયેલા. મેટ્રિકની પરીક્ષામાં બહારથી પેપર લખાવીને, ચોરી કરાવીને અને પૈસા પાથરી માર્ક્સ ઉમેરાવીને એમણે કાંતિનું ભાવિ પલટી નાખેલું.

સિત્તેર ટકે પાસ થયેલા કાંતિને પટ કરતું પી.ટી.સી માં એટમીશન મળી ગયેલું. આજે ચારેક વર્ષથી કાંતિ પાસેના ગામની પ્રાથમિક શાળામાં માસ્તર છે. કાંતિને બિચારાને એકેય વિષય ના ફાવે. એને ભણવામાં હતો એથી બાર ગણો કંટાળો ભણાવવામાં. એનો જીવ ઘરખેતરમાં વધારે. પણ ગામ અને સમાજ 'માસ્તર' જેવું મોભાદાન માન આપે એનો વટ પડે એવા વિચારે આખું ઘર રાજીનું રેડ રહેતું.

સવાર સાંજ કાંતિ ખેતરનું કામ કરે. બપોરે નોકરી માટે નિશાળે જાય અને ત્યાં આરામ કરે, કાંતિના આદેશ મુજબ, વર્ગમાં પહેલો નંબર હોય એ છોકરો લેશન જુવે તથા ભણાવે ય ખરો. આથી કાંતિને નિરાંત રહેતી.

બધાં હવે એને 'માસ્તર' કહીને બોલાવતાં એનો આનંદ પણ ખરો. તોય પોતાની સગાઈ અને પરણવા બાબતે થયેલા ફજેતા વિશેની ચિંતાઓ કાંતિને જંપવા દેતી નથી.

'હાળુ'! હગો બાપ ઊઠીને કયે ક' માશીની બુનને પઈણો તાણે હદ કહેવાય. આ વેઠાય ચ્યમનું!' કાંતિ સમસમી ઊઠતો. પણ એનાથી બાપ આગળ બોલાતું નથી ને ધૂળી બાપાને ગાંઠતી નથી.

બાઈ ધૂળી જગાભાઈની બીજવારકી બાયડી.

ભારે કાફ્ફર!

જગોભાઈ ઝાઝું બોલવા જાય તો કોડિયામાં બળદોને પાગોળે બાંધીને ખહલું ખાવા નાખતી. કાંતિ મૂળથી હેબતાઈ ગયેલો.

આગલા ધણીને 'બાયલો સે આ તો, આને રઈને ઉં હું કરું?' એમ કહીને ધૂળીએ ફારગતી લીધેલી. ભર્યા પંચમાં ધૂળી આદમી જેવું બોલેલી ત્યારથી મલક આખાને એની ઓળખાણ. જગાભાઈની ગ્રહદશા બેઠેલી તે એ ગાળામાં જ ઘરભંગ થયા. પહેલી વહુને વગડે સાપ કરડ્યો, 'ભાથી-ખતરી વા'રે ના આવ્યા' તે બાઈ ગુજરી ગયેલી. એટલે જગાભાઈ અને ધૂળીનું નાતરું થયેલું. ધૂળીનો વાન ઊજળો, ડિલે પોસાતી, દેખાવ માફક સર. જગોભાઈ લાડ લડાવે એ વયસહજ ગણાય. ધૂળી સ્વભાવ પ્રમાણે આને છૂટ ગણીને વર્તતી. છેવટે ઘરમાં ધૂળીનું રાજકાજ થયેલું. કાંતિના જન્મ પછી તો ધૂળીનો સોટો ચાલતો. જગાભાઈનો વાંક્બાંક્ નીકળે તોય બિચારા મીંદડી મ્યાઉં ના કરે. લોક કહેતું :

રાંડ, જગાભઈ પર ઘોડા નથી કરતી એટલું જ. બાચી નબળી સે. આબરૂદાર કણબીને ટકાનો કરી નાંશ્યો. ધણીને ધાકમાં રાખીને કપાતર કુન્જાંણે હું ય કરતી અશે? એનો વેલો જ થડથી વગોવાયેલો...'

પણ આજે તો જગોભઈ વિફરેલા હતા.

'હાહરી કૂવેચની જાત. આઈ તન્ધાડાથી વળજી સે, ફોલીને ખઈ જઈ, હખ્ખે બેહવા દેવાની વાત તો આઘી રઈ, પેટપાંણી પડવા દેતી નથી...બળ્યો આ અવતાર.'

બાઝવા આવતા ડૂમાને થૂંકી કાઢી પાછા જગોભઈ બોલતા હતા :

'આ છાંણમાં કીડા જેવો એક સોરો સે એને એક વહુ જોઈએ એ જ



ને? મીં એક કે'તાં એકાવનની વાતો આંણી. પણ ના, આ રાંણીને તો પી.ટી.સી થયેલી જોઈએ, મ્હેતરાંણી! પૂછી આવો જેના ઘરમાં બે બે ચોટલાળીઓ સે એમની હું વલે થાય સે.'

ધૂળી ખેતરે ગઈ હશે એટલે જગોભઈ બોલારે ચડ્યા હશે? તો પછી આ કકળાટ જગોભઈ કોને, જાતને સંભળાવતા હતા? ફળિયામાં ભેંકાર તડકો છે. ડાગળીચૂક હોય એવું એમનું ઘર ફળિયાથી જરા અળગું અતડું ઊભું છે.

મારી જેમ કોઈ રડ્યું ખડ્યું મનેખ જગાભાઈનો આ વલવલાટ સાંભળતું હોય તો હોય. રોજ કાખલી કૂટનારાં અને ટીખળીઓ કરી દાંત કાઢનારાંનો તોટો ના પડે. આજે સૌ વગડે વહી ગયાં છે. ઘઉંચણાનાં ખેતરોમાં દાતરડાં ફરે છે.

ઢોરાંને ખહલું સંકોરી આલતાં જગાભઈ બોલતા હતા–

'આ નેંહાળ્યો પર પૂળો પડી જ્યો ઓતને તો હખ્ખે રેવાંત... પી.ટી.સી. પી.ટી.સી. કુન્જાંણે હું બલા સે મારી હાળી પી.ટી.સી.! આ તો જે ઊઠ્યો એ પી.ટી.સી.ને પઈણવા રઘવાયો. મફતના મા'દેવ ને તલાવનું પાંણી. કમાતી મળે તે હૌને વાલી લાગે, પણ પી.ટી.સી.ઓ એમ કાંય ઝાડે લટકી રઈઓ સે તે તોડી લવાંય? આ તો અગાંણીને ગૂનાં શમણાં વાળી વાત...'

જગાભઈની વાત સાચી હતી. એમના કઢાપાને કારણો હતાં, કાંતિના જનમના ઓગણીસમા દા'ડે જ એની સગાઈ થઈ ગયેલી. પણ ધૂળીને એ વેવાંણ હાર્યે વાંકું પડ્યું. એ કહેતી : 'મને એ ટેસાવડી વેવાંણ્ય ઘડીવાર નીં જોઈએ. એનું અભેમાંન એની પાંહે રાખે...'

જગોભઈ કાંતિ માટે બીજી કન્યા શોધી લાવેલા, ઘર આબરૂદાર, ખાધેપીધે સુખી ગણાય.

કુંવારે માંડવે વિવાહ ફોક કરવાનું તો આ બાવન ગોળના પાટીદારોમાં રમત વાત ગણાતી. કંકુ સાટે કન્યા મળતી એટલે 'હા' 'ના' કરતાં વાર નહીં.

કાંતિ મોટો થયો.

કાંતિને વહુ જોવાના કોડ જાગેલા. એકવાર મને એની સાસરીમાં સાથે લઈ ગયેલો. વાટમાં મને કહી રાખેલું કે રતિલાલ તારે પૂનીને બોલાઈને

પૂછવાનું કે 'કાંતિની યાદ આવે છે કે નહીં?' પછી શરમાઈ ગયેલો.

તે દીવસે 'વર આયો જાંણીને' પૂની તો લાજની મારી પતાળમાં ઊતરી પડેલી. આખો દા'ડો ઘરમાં દેખાયેલી નહીં. ઘાઘરીપોલકાળી છોરીઓ ડોકિયાં કરીકરીને ખીખી હસતીકને ખોવાઈ જતી. કાંતિ સૂનો પડી જતો હતો. પાછા વળતાં એનું મોઢું પડી ગયેલું. મને પણ અઘરું લાગેલું.

ઘેર આવતાંવેંત ધૂળીએ કાંતિને પૂછેલું :

'તારી હાહુએ હું ખાવાનું કરેલું?

'લાડવો કઢી અને ભાત.'

આ સાંભળતાં સાથે ધૂળી ભડકો થઈ ઊઠેલી :

'મારો હાત નવઈનો સૉરો પેલ્લીવાર એણે ઘેર જ્યો ને એ શંખણીએ એના ભાંણામાં કઢી મેલી? બાપ રે બાપ! નઈ શાક નઈ પાપડ. ભૂંડી! આબરૂદાર ઓય તો મેમાંનને – એમાંય આ તો પેટના ડીચરાથી ય અદકો જમઈ આયો'તો–કઢી મેલતાં તારો જીવ ચ્યમનો સાલ્યો? કાહર દાળ કરવાનો તને વચારેય નીં આયો? તરસટ નબળઈ આ તો...'

ખેતરમાંથી થાક્યાપાક્યા આવેલા જગોભઈ ક્યાંય કશું જાણે સમજે એ પહેલાં તો ધૂળીએ માથે પસ્તાળ પાડેલી, 'લ્યો, આબરૂને બચકાં ભરો. ઉં તો કઈ કઈને થાચી, મોટા એટલા ખોટા. મારે તો મારા હરખું હગું જોઈએ. આવું અટકોળ પંચ્યાં દોઢહો મને નીં પાલવે, આ કયું તમને...'

છેવટે આ સગાઈ પણ નીકળી ગયેલી.

મધવાસના મેળામાં કાંતિએ પૂનીને જોઈ ત્યારથી એના મનમાં એ ગોરી એકવડી વહુ વસી ગયેલી. એને એનાં શમણાં ય આવેલાં. કઢીવાળી વાત કરવાથી બા આટલી હદે બગડશે અને વિવાહ તૂટી જશે એવી તો બિચારાં કાંતિને ખબર નહીં!

એ ઉનાળે કાંતિ પરણવામાંથી રઝળી ગયેલો. સરખેસરખા ગોઠિયા પરણતા હતા. ફૂલેકાં ફળિયે ફળિયે ફરતાં હતાં. કાંતિ મને મહેમાન આવેલી છોકરીઓ બતાવતો અને ઉદાસ થઈ જતો હતો. ત્યારે એ પી.ટી.સી. ના પહેલા વરસમાં ભણતો હતો.

બસ, આ ગાળામાં ધૂળીના મનમાં કોઈએ પલીતો ચાંપેલો અવે તો પી.ટી.સી. થયેલી વહુ મળે તો જ કાંતિડાને પઈણાવેજ. ઘરમાં જોડું ઓય,



બંને કમાતાં ઓય, પસે તારે નિરાંત. ગામમાં, સમાજમાં ઉપરથી વટ પડે એ છોગામાં...

શરૂમાં તો જગોભઈ પણ આ વાતથી પલળી ગયેલા. અને કાંતિ? અજાણ્યું જીવડું કરડતાં ધીમું ધીમું ઝેર ચડે એવું એને પી.ટી.સી. થયેલી વહુ પરણવાનું પૈણ ચડેલું:

'સાઈકલ કે લૂના પર ડબલ સવારી, માથે ઓઢેલું ગામ બહાર્ય જઈને વઉ કાઢી નાખે. હાર્યે મેળો ને લુણાવાડાનું બજાર. શનિવારે શાળાએથી સીધાં સિનેમામાં. અંધારામાં ગલીપચી. ગરમગરમ સેવઉસળ...'

ક્યારેક સંકોચતો કાંતિ મને કહેતો :

'રતિલાલ, તું તો મોટી કૉલેજ કરે સે, તે તને તો પી.ટી.સી. એક કહેતાં એકવીસ મળી જાય, ના મળે? તને મન નથી થતું પઈણવાનું?'

'મારે તો હજી વાર છે, કાંતિ. પી.ટી.સી. કે બીએ, એમ.એ. કે બી. એડ્. છોડ બધી વાતો. આપણે તો અભણ વહુ મળે તોય એને કેળવી લેવાની. માણસને ઘડીને તૈયાર કરે એનું નામ કેળવણી સમજ્યો—?'

મારો જવાબ સાંભળી કાંતિ મૂંઝવણમાં મુકાઈ જતો. પણ ઘેર જતો એટલે ધૂળી-જગાભઈની રોજની પી.ટી.સી.ની વાતોમાં મનોમન ગળાબૂડ થઈ જતો.

'સૉરો પી.ટી.સી. કૉલેસ કરે તે ચેટલો ખરચો આવે એ તો એમ જાણીએ કે અમારું મન જાંણે. મેટ્રિકમાં એના ભારોભાર રૂપિયા વેર્યા, સિત્તેર ટકા કાંય વાટમાં નથી પડ્યા. જાત ભાંગીને મજૂરી કરીએ તે સોરાના હખ્ખ હારું. સોરો પી.ટી.સી. ઓય તો વઉ પણ પી.ટી.સી. જોઈએ કનીં? લેણ મળવી જોઈએ લેણ...નઈ તો જીબ્બામાં હકાળ ચ્યાંથી આવે?' ધૂળી વાટે વગડે સૌને કહ્યા કરતી. પી.ટી.સી. થયેલી વહુ આવી ગઈ હોય એવાં શમણાં આવતાં, ક્યારેક તો એ પોતે જ પી.ટી.સી. ભણી આવી હોય એવું થઈ આવતું હતું.

જગોભઈ બસમાં, કોઈના લૂના સ્કૂટરે, ટ્રેક્ટરે-જે મળ્યું તે વાહને–ચઢીને બાવન ગોળનાં ચોર્યાશી ગામો ઘમરોળતા હતા. ક્યારેક રાત માથે લેવી પડતી, વખતે કોઈક સગાંનો સાથ લેવો પડતો. કયા ગામમાં કેટલી છોકરીઓ પી.ટી.સી.માં છે. કેટલીની સગાઈ બાકી છે; કોની સગાઈ ફોક

કરવાની છે. આ બધી ય વિગતો મેળવવાની અને પછી પોતાના કાંતિ માટે સપાડું કરવાનું વેણ–નાખવાનું.

જગાભઈએ નબળાસબળા સૌ જોઈ નાખેલા. ઝાઝાં ઠેકાણાં હવે બચ્યાં ન્હોતાં. ક્યાંક હોય તો એ લોક જગાભઈની વહુ ધૂળીના સ્વભાવની વાત જાણીને પાછા પડતા'તા. લોકો ઝીણામાં ઝીણી વિગતોનો તાગ મેળવતા થઈ ગયા હતા. ધૂળી વિશે ગામમાં આગળપાછળ કહેવાતું એ બહાર પહોંચેલું :

'એનો શભાવ ટકટક કરવાનો. હારું એની બતીં હંખાય નઈ. ધણીને ઊઠબૅશ કરાવે એ સોરા –વઉને વ્યમની જંપવા દેવાની? ચીંકણી તો ગુંદર જેવી. પાડોહી કપ ચા પી જાય તો મનમાં માંડી રાખે એવી. મેમાંન તો એ એકલપેટીને ઘેર વ્યાણેય પોહાંચો નથી. ભઈ, ઘહાયા વના તો ઊજળાં વ્યમનું થવાય!'

જગાભઈને કાને ય આવી ઊડતી વાતો આવતી. એ તળે ઉપર થઈને શમી જતા. ક્યારેક કાંતિ પર ચીડ ઠાલવતાં ઠાલવી જતા તો ધૂળી એમને મણના છશેર કરી મેલતી. ઘરખૂણે બાપ-બેટા બેયને ગોધાટતી ધૂળીને જગાભઈનું આબરૂદાર થવાનું શમણું નંદવી મેલેલું. ક્યારેક જગેભઈ મારા બાપને કહેતા :

'ધનાકાકા, કરમમાં ડોળિયાં લશ્યાં ઑય તે જીયાં વ્યાંથી ખાવાના અતા? આ તો કાઠાવાજ્યા કરીને અવતાર ખેંચવાનોય ઉંતો જાંણતો ઓત તો આ બૈરાની માયામાં પડાંત જ નઈ... પણ—'

'આ તો જગા! પેલા એના વાળી વાત સે કે પઈણે એ પસ્તાય અને ન પઈણે એ બમણો પસ્તાય. રાતાં લુગડાં અને સોરાંના મૂતરવાળી લીલી ગોદડીઓ વના પાટીદારનો અવતાર એળે જાય. લોકો લાકડાની ય કન્યા હું કાંમ હોધતા ઑય સે? માયાનો ખેલ સે બધો...' બાપા કહેતા.

ધૂળીની જીદે છેવટે કાંતિ સારુ સંત તાલુકાની કહેવાય એવી પણ પી.ટી.સી કન્યા મેળવવામાં જગોભઈ સફળ થયેલા. સાત સપાડે કામ થયેલું ધૂળીનો હરખ ચાના પ્યાલાઓમાંથી છલકાવા લાગેલો. કાંતિને મનમાં ઘણું ય હતું કે પોતે આવનારી વહુને એકવાર જોઈ લ્યે. પણ વીંછણ જેવી બા પાસે બોલાતું નથી, ને બાપા આગળ શરમ આવે એ સામાન્ય ગણાય.



આમે ય નાતરિયા ન્યાતમાં માબાપ કરે તે સત્તર આના! છોકરો-છોકરી વધારે ભણ્યાં હોય અને એકબીજાને જાવાની જિદ્દ કરે તો લોક વાતો કરી ખાતું :

'જેણે મેલી લાજ એનું નાનું હરખું રાજ. જાહ રે જાહ! હું કળજગ આયો સે!

કાંતિ પોરસાતો બેઠો ત્યારે માંડવામાં ખાસ્સી મોટી કન્યા ભાળીને ધૂળી આભી બની ગયેલી. જગાભઈએ તો વિશ્વાસે વ્હાણ હાંકેલું. હવે થાય શું?

કાંતિના પઈણ્યા પર પાણી ફરી વળેલું. કન્યા શામળી અને દેખાવે દાધારંગી. ધૂંઆંપૂઆં થયેલી ધૂળી ઘેર આવીને જગાભઈ પર વિફરેલી :

'તમારી આંશ્યો ફૂટેલી અતી? નક્કી કરવા જ્યા તાણેં બાપ બેટા બે ય હરખા અક્કરમી! એકેમાં વેતા ના મળે. ઉં તો અવાડામાંથી નેકળી ને કૂવામાં પડી, તે કઉં કોને?'

'અવે ટિટિયારો મેલ્ય. કાળાં ય ઑય સે તો મનેખ કનીં? કાંનજી ભગવાંને કાળા ન'તા? અમથી પપડાટો કરે–'

જગાભઈને અધવચ્ચે બોલતા અટકાવીને ધૂળી સામે ચડેલી:

'બેહાં અવે, ભગવાંન તો રૂપાળા અતા. તમારા જેવા હુડભુડ ન'તા. આતો બાવળીઓમાં ભૂલી પડે તો જડે નઈ એવી સે. એના આથે આલેલું બોરું ય કુણ ખાય! ના,ના. મારે આઠે અંગે આ વઉ નીં જોઈએ...'

કાંતિ બિચારો! ખાતાં દાઝ્યો તે કોને કહે?

વહુ ગઈ તે ગઈ. ધૂળીએ પહેલું આણું જ ના કરાવ્યું. જગોભઈ ઘણું ય તરફડ્યા. આજીજીઓ કરી. પણ ધૂળી એક વેઢેથી બીજે વેઢે ના આવી તે ના જ આવી!

'ઉં બાર વરહની બેઠી સું. ઉં કાંતિડાને ફેર પઈણાવે– અસ્સલ રૂપાળી પી.ટી.સી. થયેલી મેતરાંણી આર્યે પઈણાવે. તમ તમારે એક વાર આ ફંદામાંથી મારા સોરાને છૂટો કરી આલો. ને એ ય તમારી બતીં ના બણે એમ ઑય તો ઉં કરે. કમઈને રૂપિયાનો ઢગલો કરે, પણ કાંતિને બે ચોટલાળી મ્હેતી પઈણાવે તાણે જ મારી આંતરડી ઠરવાની. હા, મનેખનો અવતાર કાંય વાટમાં નથી પડેલો તે વારે ઘડીએ મળી હકવાનો' જગોભઈ ઝાંખા

પડી ગયેલા. થોડા દા'ડા પછી ધૂળી પણ ઓલવાયેલા અંગારા જેવી થઈ રહેલી.

આ બન્યું તે દિવસથી જગોભઈ પી.ટી.સી.ને મણ મણની ચોપડાવતા થઈ ગયેલા. ભણવાની વાત નીકળે ને જગોભઈ ભડકતા. કાંતિને ય સંભળાવતા : 'અલ્યો, ફાટ્યાઓ! તમારી મા-ઓ ચ્યાં પી.ટી.સી. થઈતી? ધોળી ભાળીને ભૂરાયા થશૉ ને ગજા વનાની ઉફત કરશો તો ફૂલે કાતાં ઘાલીને મરશાં...'

કોઈ વાટે જતું અમથું હસતું તો ય ધૂળી બળી જતી. બધે એને પોતાની નગોદાઈ ગવાતી લાગતી. નવી વહુવારુઓને જોતી ને છાતીમાં ભઠ્ઠી ભડકતી. જગોભઈ પણ રાખ વળેલા અંગારા પર ફૂંક મારવાથી ડરતા હતા.

ત્રણ ત્રણ વરસ ભાંજગડમાં ગયાં. ટોપી ઉતારી, નાત્ય આગળ નાકલીટીઓ તાણી. પંચ ભેગાં કર્યાં. બબ્બે મણના લાડવા ખવડાવ્યા. ખાંધ્યાઓનાં ગજવાં ભર્યાં. ઉપરથી પાંત્રીસ હજાર રૂપિયા વહુએ જીવકના માગ્યા અને ઘરણાં લઈ ગઈ તો નફામાં. એ તો ય જગાભઈના ગ્રહો પાધરા તે પાંત્રીસે પત્યું. બાકી ગામમાં બાસઠ હજાર લઈને છૂટકો કરનારા ય હતા. પહેલાં છૂટાછેડા આટલાં મોંઘા ન્હોતા. આ તો ભણતર વધ્યું એમ ગણતર વધ્યું. જગોભઈ તો સૌને કહેતા કે 'ગાય દોઈને કૂતરીને પાવાનો ધંધો સૅ આ...

કાંતિના છૂટાછેડાને વરસ થવા આવ્યું છે, તોય સગાઈ નક્કી થતી નથી. જગોભઈ રઘવાયા રહે છે અને કાચી કેરીને સૂડો કરકોલે એમ ધૂળીને ચિંતા ફોલી ખાય છે. કાંતિ મને કહે છે :

'આંનાથી તો બાવા થઈ જવું હારું. ઉં તો કઈ કઈને થાચ્યો; મારે પી.ટી.સી. કાંય જોઈતી નથી, અવે તો લાકડામાંથી ઘડેલી કન્યા અશે તોય ચાલશે.'

હું બોલ્યા વિના સાંભળી રહું છું.

'હગી મા વેરવણ થઈને બેઠી સૅ. મારે તો ધોળી ય નતી જોઈતી ને ફૂમતાવાળી ય નથી જોઈતી. આપડા જેવી નઈ ઑય તોય ચાલશે. હાચું કઉં સું, રતિલાલ! આ ડોહાડોહીનો વલોપાત નથી વેઠાતો.' કાંતિ



છેવટે બબડે છે 'જોવનાઈ પછી તો બધુંય હરખું...'

બપોરે જગાભઈનો રઘવાટ થોડો હેઠો બેઠેલો. ઓટલી પર બેઠા બેઠા એ જોઈ રહ્યા છે, સીમમાં આંબાઓ મ્હોરથી છલકાઈ રહ્યા છે. વસંત પંચમી હમણાં વીતી હતી. ન્યાતના કાયદા ઘડવા મળતી બાવન પાટીદારોની મીટિંગ મળી ચૂકી હતી. છૂટાછેડા લેવા પર મુકાયેલા દંડથી ઊહાપોહ થયેલો તે હજી તાજો જ હતો. હોળી પાસે આવતાં હવે વિવા તોડવા ફોડવાની ઋતુ પહેલા વરસાદે ખેડૂત જેમ હળોતરુ કરે એમ, બેસી ગઈ હતી.

શિયાળો ઊતરીને બપોરી વેળામાં ઉનાળો પેસતો હતો. ઘર પાસેનો શીમળો રાતાંગલ ફૂલોથી ખળખળી ઊઠ્યો હતો. જગાભઈની નજર એના પર ઠરેલી. ધૂળીને પટાવવી કેમ કરીને એની આજે એમને ભારે મૂંઝવણ હતી. કાંતિ માટે એમણે કન્યા શોધી કાઢી હતી, પી.ટી.સી. થયેલી નહીં, આર્ટ્સ કૉલેજમાં ભણતી. જગાભઈને શીમળાનાં ફૂલો ઠેઠ ફળિયામાં વેરાયેલાં દેખાતાં હતાં.

ચાંલ્લાનો રૂપિયો ઘરમાં આવી ગયેલો. જગાભઈને કુટુંબીઓ કહેલું કે 'સોમવારે ગોળધાણા વહેંચી દેવાના છે તારી વઉને કઈ દેજે ટકટકારો ના કરે.' જગાભઈ ના પાડે તો નાક કપાય અને ધૂળી હા પાડે તો હાથ કપાય. જગોભઈ કડક થવા મથતા હતા.

છેક રવિવારની સાંજે જગોભઈ ધૂળીને વાત કરી શક્યા. સગાઈની વાત જાણીને એણે ભારે ઘમસાણ મચાવ્યું. માથા કૂટ્યાં, છાતી કૂટીઃ 'પી.ટી.સી. તારું નખ્ખોદ જજો. રાંડો પી.ટી.સી. થઈ થઈને ધણીને મેલીને ભીલોને રાખતી થઈઓ સે. મારે એવી પી.ટી.સી. ના જોઈએ. રાંડ પી.ટી.સી. તારું નખ્ખોદ જજો.'

ધૂળીનું કલ્પાંત જોઈ જગોભઈ અંદરથી હાલી ગયેલા. કાંતિ તો સાવ ડઘાઈ ગયેલો.

સોમવારે સવારે જગોભઈ ગામમાં ગોળ ખાવાનું નોતરું દેવા ઉત્સાહભર્યા નીકળ્યા ત્યારે ઝંખવાણી લાગતી ધૂળી પડોશણને કહી રહી હતી :

'બુન, આ તો પી.ટી.સી.થી ય આગળનું હઘરું ભણતર કહેવાય. વઉં અંગરેચી નેંહાળમાં મ્હેતી થવાની. મારા કાંતિનું નસીબ હારું તે આવું ઠેકાણું

અને ઊજળી કન્યા મળ્યાં... કેનારે અમથું નથી કેયું કે ભગવાંન તો હૌનો સે.'

પણ જાણે આ અવાજ ધૂળીનો ન્હાતો લાગતો.

હું ગોળધાણા ખાવા પહોંચ્યો ત્યારે ચોપાડમાં ઊભેલી ધૂળી મને આવકારવાને બદલે ઓયડામાં સરી ગઈ. મેં જોયું તો ચોપાડમાં અનેક ખાલી ખાટલાઓ પથરાયેલા પડ્યા હતા. જ્યારે કાંતિ એક ખાટલાના ઓશિકે રકાબીમાં મૂકેલાં કંકુચોખા અને રોકડા રૂપિયાની આરપાર એકીટશે તાકી રહ્યો હતો...

❑



# ફારગતી

ધરતીમાં અમી પાછાં વળ્યાં છે. એક બાજુ લગનગાળો ને બીજી બાજુ કોળમડીના દિવસો બેઠા છે. પાસેના ગામમાં કોક ઊઘલતી જાનની જાનડીઓ ગાઈ રહી છે :

*વરને દા'ડો થોડો ને જવું વેગળે*

*વરના બાપાને હરખ ના માય રે*

*બાળો વરઘોડે ચડ્યો...*

*પાવડીએ પગ દઈ ચડો રે મનુભઈ*

*તમારે જવાં પઈણવા રે...*

ગોવિંદને બીજવારકી પીઠીના એ ગઈ સાલના દિવસોની છાલક વાગી. પેલા ડુંગરોની પાર પન્નાનું ગામ. પાંચમા તડમાં પરણવા જનારો એ પહેલો મૂરતિયો, ને તે ય ગ્રેજ્યુએટ થયેલી વહુને. ગામ-તડમાં ગોવિંદ માસ્તરનો વટ પડી ગયેલો. એને ભણતર ફળેલું.

ગોવિંદ અકળાઈ ઊઠ્યો. એક તો અંદરનો મૂંઝારો ને વળી ઉપરનો ઉત્તાપ...એમાં આ કંકુવરણા દિવસો. બળ્યાને બાળતો સૂરજ દેવ તથા પડ્યાને ઉપરથી પાટુ મારતાં પેલા લગ્નગીતો.

આજે પાંચ તડના પાટીદારોનું પંચ મળવાનું છે. પન્ના-ગોવિંદની

ફારગતી માટે. ગોવિંદની પડસાળે ખાટલા ઢળાઈ ચૂકયા છે... ગયે વર્ષે લગ્નમાં લાવેલી નવીનવી આરામ ખુરશીઓ ગોઠવાઈ ગઈ છે. ગઈસાલ લગ્નના ઉમંગે રંગેલી ભીંતોના લીલા વાદળી રાતા રંગોના ચટાપટા હજી તાજા જ છે. સવારે ભત્રીજીએ પાણી પોતું કરીને ધોયેલા તે ગાવિંદને ખાવા દોડતા ચટાપટાળા વાઘ-દીપડા જેવા દીસે છે.

ને આ ધાબાવાળી લાંબી પડસાળ. બાવન બેંતાળીસમાં પેલ'વેલું ધાબું નંખાયું તે આ પડસાળ ને ચોપાડનું. પરગણામાં ગણેશ ગરબડદાસ પટેલનું નામ ધાબાવાળું ઘર બાંધનારા તરાકે રાતોરાત પંકાઈ ગયેલું. એના ભેળું દીકરા તરીકે ગોવિંદ માસ્તરનું નામ લેવાતું થયેલું... બાપા મિલ બંધ થતાં કપાતના પૈસા મળેલા ને હાટકેશ્વરમાં બે ઓરડીનું 'મકાન' સંપાડેલું તે વેચીસાટીને ગણેશ ગરબડદાસ લાખેક રૂપિયા લઈને વતન આવેલા.જૂનું ઘર પાડીને બે ભાઈ માટે બે નવાં ઘર કરેલાં. પડસાલ–ચોપાડને ધાબું, તથા પાછળ થોડું નળિયેરી. રસોડું–કઠોર–કોઢિયું ને ઘાસમાળા માટે પડાળિયું પાછળ ખેંચેલું. લોકો ધાબાવાળું ઘર જોવા ગામે ગામથી આવતાં. ગણેશ ગરબડદાસ મિલવાળાને મલમલના ધોતિયામાં જોતાં ને ગોવિંદ માસ્તર 'વહુને રાખવા રાજી નથી-અભણને આવા શહેરી ઘરમાં રાખે જ નહીં ને. ને એય શહેરમાં રહીને ભણ્યો છે, અભણ અંબાને એ શું કરે? –એવી તેવી વાતો કરતાં કરતાં પાછાં વળતાં. ત્યારે ગોવિંદ મુડેખની માધ્યમિક શાળામાં અંગ્રેજીનો માસ્તર થઈ ચૂકેલો. એના બરોબરિયા બબ્બે છોકરાંના બાપ બનેલા ને ગોવિંદ અભણ અંબા વહુથી અતડો ને અળગો રહી આઘેથી ય અણગમો દેખાડતો રહેતો, શહેરમાં રહી ભણતો ત્યાં એણે ભણેલી છોકરીઓની ટાપટીપ જોયેલી અને નોકરી કરતી સ્ત્રીઓ તથા એમનાં ઘરકુટુંબ ભાળેલાં ત્યારથી એને ભણેલી વહુ લાવવાના ઓરતા જાગેલા તે એમ થોડા શમી જાય?!

ધાબાવાળા ઘરને આંગણે કાંઈ કણજી–લીમડા–સરગવા–બાવળનાં ગામડિયાં ઝાડ થોડાં શોભે? એટલે ગોવિંદ નવું ઘર થયું એ સાથે જ આંગણામાં ગરમાળા-ગુલમોર જેવાં 'શહેરી તરુવરો' વાવી દીધેલાં. એ ગુલમોરને પરથમ પેલ્લાં ફૂલો બેઠાં છે રાતાંગલ, ગરમાળાને પીળી સેરો લચી પડી છે-જાણે ખૂપ પ્હેરીને પરણવા ઊઘલતો વરરાજા જોઈ લ્યો!

જાન ઉતરવાની હોય એવાં આંગણા-પડસાળનો દેખાવ જોતો મનોમન



પન્ના સાથે કલ્પેલા સંસારનું નંદવાઈ ગયેલું શમણું પંપાળતો ગોવિંદ પડોશમાં ચાલતી વાતો સાંભળી રહ્યો :

'બુન, રૂપિયા ઑય તે હું કરવાના, એ તો આથનો મેલ સૅ. આપડે તો બાંધી મુઠ્ઠી લાખની. આબરૂની આડ જાય પસે રૂપિયા હું રોવાના!'

'ખરું સૅ બુન, ઘર ધાબાવાળાં ઑય કે નળિયાંનાં, છેવટે તો હૂવાનું જ સેને! આબરૂમાં જો તંગલો પડી જયો તો પસે જીવતરની ફજેતી જ ને ! ધાબાં મનેખનાં દુઃખદવાને ઢાંકી નથી હકતાં. બુન લખેશરી કહેવાઈને ય આવી ફજેતીઓ થતી ઑય એના કરતા આપડાં કઢી ને રોટલા હારાં. કાંમ કરો, ખાંવપીવો ને રાજી રાવ... ખોટું કઉં સું? '

'આ તો કળજગના ખેલ, મારી બઈ! નીં તો ગોવિંદના દેઝાર જોઈને તો અંબા ય એને ના રહે, હાચું કઉંસું. ગણતર વગરના ભણતરને હું કરવાનું? હારું થ્યું કે અંબા ય વરહથી જઈ એ જઈ...હાસ્તો, પઈણ્યો શોક્ય લાવે ને એ ઘરેમાં વધાવવા બેહી રહે? અસ્ત્રીનો અવતાર તે હું હાવ વેઠ કરનાની! ઉંતો કઉં કે બચારી અંબાડી છૂટી આ ટેસવાળાં ને ગેલહગરાં લોકોથી.'

ગોવિંદને થયું કે પોતે ત્યાંથી ખસી જાય ને પડસાળે જઈ બેસે. પણ 'પન્ના'-ની વાતે પાછો એને ગુલમોર નીચે જ ઊભો રાખી દીધો. પડોશણ કહેતી હતી.

'પણ મૂઈ આ પન્નાડી! ધાબું ને રૂપિયા, ઉજળોમણ ને નોકરી કશાયને ગાંઠી જ નંઈ. ભણેલી ભણેલાને રે'વાની ના પાડી દે એ ય નવાઈને મારી બુન! મીં તો હાંભળ્યું સે કે પન્નાડીનો બાપો અવળા રૂપિયા આલીને ય છોરીને છૂટી કરવા તીયાર સૅ. કૉય, પઈણીને એક રાત તો પૂરી રઈ નથી, ઘરનો ઉંબરો વળોટીને અંદર જઈ નથી ને એવાં તો હું દુઃખ ભાળી જઈ મૂઈ!'

'બુન ભણેલાંની વાત જુદી. એમને હાંમું માંણહ ના ગમે એટલે પસે ખેલ ખલાસ. તું કોણ ને ઉં કુણ! અને મૂરતિયો બતાયો તાંણે ગોવિંદયા હાથે બાબુડો ને કાંત્યો અ'તા. પેલી મૂઈ એ બેમાંથી એક હમજી બેઠેલી... દેઝાર જોઈને ગોવિંદયો ભણેલો અશે એવું કુણ કે? દોષ બાપડી પન્નાડીનો નંઈ, એના કિસમતનો દોષ. બાકી ભણેલી છૉરી આવી જાતફજેતો ના થવા

દે...? ખરું કે ખોટું બુન?'

'હાચી વાત, મને તો અંબાડીય બાપડી કે'તી, કે કાકી એવા એ હું જોઈને ભણેલી લાબ્બાનું કે'તા અશે? એમનાં રૂપરંગ જોઈને જ ભણેલી તો ના પાડી દેવાની.... મૂઈની વાત હાચી પડી. તમે કોવ બુન, અંબા ચાર ચોપડી ભણેલી તે ભણતર પૂરું ના કહેવાય પણ એ ભણેલી છોકરીઓ જેવું પહેરે ઓઢે, હેંડે ચાલે ને હમજણી ય ખરી... પણ હુથારનું મન બાવળિયે વાળી વાત સેં બુન. આદમી તે લગને લગને કુંવારો... અસ્ત્રી બતી એવું ના થાય. એ તો માટીના વાહણ જેવી, એક વખત પીઠી ચડી... એ અબોટ ઑય તોય એંઠી ગણાઈ જાય... બચારી અંબાડી!'

ગોવિંદને જાત પર કઢાપો થયો. એ ત્યાં ઊભો ન રહી શક્યો. પડસાળ તરફ વળતાં એણે ચ્હેરા પર હાથ ફેરવ્યો. ઉપસી આવેલી હડપચીઓ ગાલને સ્થાને થોડા ખાડા, એમાં ખીલ-ગૂમડાંએ મચાવેલો ઉત્પાત-ખરબચડું નાક, લંબગોળ નહીં પણ લંબચોરસ જેવો ચ્હેરો, કાળા જાડા હોઠ, ઘોડાના પૂંછડાં જેવા માથે વાળ ને રંગ? ગોવિંદ ઓટલે બેસી પડ્યો. મા દીકરાની મૂંઝવણ જોતી હતી. તે પાસે આવીને એને હિંમત રાખવાનું કહેવા લાગીઃ 'પન્ના તો હવે આપડે ના જોઈએ, ને તું જોયા કર, ઉં અંબાને મનાવી તેડી લાવવાના બધા રસ્તા જાંણું સું...' ગોવિંદને થોડી કળ વળી.

ન્યાતમાં રિવાજ પ્રમાણે, ગોવિંદ મેટ્રિક થયો એ જ વરસે પરણાવી દીધેલો. બધાંના બાર વર્ષના છોકરા પરણી જાય ને ગણેશ ગરબડનો સત્તર વર્ષનો ગોવિંદ કુંવારો રહી જાય તો લોક વાતો કરી ખાય કે ગણેશજીને કન્યા નથી મળતી. પાટીદારને વટનો સવાલ.

ગોવિંદનો પડોશી દોસ્તદાર લખુડો એનાથી બે વર્ષ આગળ હતો. તે મેટ્રિક થયો ત્યારે ન્યાતમાં વાહ વાહ થઈ ગયેલી. આખા તડમાં કોઈ કણબીનો છોકરો મેટ્રિક ન્હોતો થયો. ને લખુ એટલું ભણ્યો! મેટ્રિક એટલે, ત્યારે તો અધધધ... એક વર્ષ પી.ટી.સી. કૉલેજ કરી-ન-કરીને લખુ ગામની નિશાળમાં 'લખુ માસ્તર' થઈ ગયેલો. અમદાવાદ મિલમાં સાળ ખાતાના સંચા ખેંચી, દિવસ-પાલી-રાતપાલી જોયા વિના કામ કરતા ને ટિફિન તથા સાઈકલ સિવાય બીજો કોઈ વિચાર ન કરતા પેટે પાટા બાંધીને પૈસા ભેગા કરતા ગણેશજીનો વિચાર પ્હેલાં તો ગાવિંદને મિલ-કારખાનામાં ગોઠવી દેવાનો હતો, પણ 'લખુ માસ્તર' થયો એ જાણીને એમણે નિર્ણય કરેલો



કે ગોવિંદ એનાથી આગળ ભણે ને અંગ્રેજી નિશાળમાં 'માસ્તર' ના, ના, 'સાયેબ' થાય તો જ આપડો વટ સચવાય.

ને આમ ગોવિંદના બરોબરીયા સંસાર માંડીને બબ્બે ચચ્ચાર છોકરાંના બાપ બન્યા ત્યારે ગોવિંદ અમદાવાદમાં ભણીને બી.એ.બી.એડ્. બન્યો. પરગણામાં ગોવિંદ ગ્રેજ્યુએટ થનાર પહેલી વ્યક્તિ તરીકે પંકાઈ ગયો. એનાં મા બાપ ભાઈભાભી સૌનાં વખાણ થયાં. લોક કહેતું :

'ભણતર તે આનું નાંમ, છોરો રાતદંન જોયા વના ભણ્યો. આંખ્યો બૉચીમાં આઈ જાંય એવી મે'નત કરી, બાએ ઘર તરવેડે નભાયું ને કાળી મજૂરી કરી મોટાભાઈએ હાચવી ખેતી. હંપ, ચીવટ ને ત્રેવડ તો ગણેશજીના ઘરનાં.'

અવે ગોવિંદ અંગ્રેચી નેંહાળામાં 'સાયેબ' થયો તે રૂપિયા તો જાંણે મહુડો ગેરવશે મહુડો! ભઈ, પરસેવો જ પઈશા લાવે...'

અંબાની સૈયરો અંબાની ઈર્ષા કરતી. કહેતી–'તારે તો શહેરિયો વર, સુધરેલો, નાટક સિનેમા બતાવશે ને મડ્યમ પેઠે રાખશે... ભલું અશે તો નોકરી ય શહેરમાં મળશે... પસે તો અંબાબુન ય શહેરિયાં થઈ જવાનાં.'

ઠઠ્ઠો કરતી સૈયરોથી અંબા ભીતરનો ભેદ છૂપાવીને હસી નાખતી.

હોળી દિવાળી ઘેર આવતાં ગોવિંદના મનને એ કળી ગયેલી. પોતાથી જાણે આભડછેટ રાખતો ગોવિંદ આંખ માંડીને એને જોતા ન્હોતો!

ધણીના મુનીવ્રતને પામી ગયેલી અંબા એનાં ચરિતર્‌ને જાણી ગયેલી. શહેરમાં રહીને ગોવિંદને ભણેલી તથા સાથે નોકરી કરતી વહુના અભરખા જાગ્યા હતા. પોતે કાંઈ ગોવિંદમાં મોહી પડી ન્હોતી. પણ માબાપને જ્યાં વરાવી ત્યાં ગયા વિના છૂટકો ન્હોતો. પરણ્યાં ત્યારે કાચી વય. ગમવા-ન ગમવાની ગમ પડે તોય બોલાય નહીં. ગરીબ ઘર. રોગમાં અડધા થઈ ગયેલાં મા-બાપ આબરૂદાર કુટુંબની લાજ ને મામાની ધાક. અંબાએ ગોવિંદના અતડાપણની વાત બાને કહી ત્યારે બાએ કહેલું : 'તું તારે જોયા કર, આદમીની જાત. કાયા જાગશે ત્યારે રેંકતો આવશે... તને અછોવાનાં કરશે...'

પંદરે પરણેલી સૈયરોને ત્યાં બબ્બે છોકરાં હતાં. સૌ ખેતીમાં ગળાબૂડ હતાં. કણબીની ન્યાતમાં લગ્ન 'ડખો કાઢવા'ની રીતેભાતે થતાં. કોઈ હા

ના કરે તો સમજાવીને કહી દેવાતું કે–'નવું નવ દા'ડા ને જૂનું જન્મારો. રૂપ રંગ તો આજે છે, કાલે નથી... માટે ઢાંક્યે ઘડે પાણી પી લેવામાં માલ છે!

ગોવિંદ અંબાને રાખવાની ના પાડે છે એવી વાત અંબાના મામાએ જાણી ત્યારે એ અંબાની બાને કહી આવેલા કે–'ટેમ આયે હઉ થશે, આપડે છૂટાછેડા લેવાના નથી પસે હેની પડપૂછ! માટે છોરીને હમજાવજો–હાપના ભારા તો હાહરે હારા...'

અંબા જાણતી હતી કે મામા કહે એટલું થવાનું! દિવસો ખાલીખમ જતાં હતા. મિલ બંધ થઈ. ગણેશજી વતન આવ્યા. નવાં ઘર કર્યાં. ગોવિંદ નોકરીએ લાગ્યો. પણ અંબા–ગોવિંદનો પ્રશ્ન ન ઉકલ્યો, બલકે ગૂંચવાતો ગયો. સૌને ખાતરી થઈ કે અંબાનો મામો છૂટાછેડા તો નહીં આપે ત્યારે છેવટે અંબાને જીવતભાગ લખી આપીને બીજી બૈરી કરવાની છૂટ આપવા બાબતે પંચ અને મામો સંમત થયાં.

ત્યારે અંબાએ લખું માસ્તર સાથે ગોવિંદને કહેવડાવેલો સંદેશો આજે આ પળે યાદ આવતાં ગોવિંદ પાછો ઢીલો પડી ગયો. અંબાએ કહેવરાવેલું:

'આટલી વાટ મીં દેવની જોઈ ઓત તો દેવ પણ પરસન્ન થયા ઓત. તમારા દોસ્તારને કે'જો કે ભણેલી લાબ્બી ઓય તો ભલે લાવે, ઉં તો મારે ફાવે તાં પડી રઈને જીવતર ખુટાડે, પણ અસ્ત્રીનો નેહાંકો લેનારાનું કોઈ દન હારું નીં થાય. એમાંય એને જોબનમાં ટટળાવનારને જીવતાં કીડા પડવાના, ને મરતાં નરક મળવાનું.

પારકો તોય મારો પઈણ્યો સૅ એનું ઉં તો ભલું તાકું સું. મને અતું કે શહેરમાં રઈને ભણવાથી માંણહ ઘડાતું અશૅ, એને હમજણ આવતી અશૅ, પણ આ તો પથ્થર પર પૉણી વાળી વાત થઈને રઈ. મીં ઘણું ય હાંખી લીધું સૅ, ભણેલી તૉ એમનો શક્કો જોઈને જ ક્યારેક ઊભા ભાલે ના હેંડી જાય તો મને ફટ કહેજો... ભણેલો માંણહ જાત હાંમુ ના જુવે એ ચેવું! દર્પણમાં જોઈને ય હમજણ ન પડે? લાગૅ સૅ કે ભણતર એમને અવળું સડ્યું સૅ. તોય ભલૅ, જેવી ધણીની મરજી... ઉપરવાળો એમના અરમાંન પૂરા કરે...'

લખુ માસ્તરે ગોવિંદને અમદાવાદ ભણતો અને ઘેર આવતો ત્યારે સલાહ આપેલી. ઘાંચીની દુકાનેથી ઉપરવાડે ઉધાર માગીને ગળી લાવી લખુ માસ્તરની વહુ લીલી લેંઘા ઝભ્ભા ને ધોતિયાં ધોઈ ગળી કરતી. એ ધોતિયાની ચીપી ચીપીને પાટલી પાડીને લખુ માસ્તર પ્હેરતો, પંચ ભેળો પટલાઈ કરવા જતો થયેલો. એ લખુ આજે પંચમાં જરૂર આવશે! ગોવિંદને એની સલાહ સંભળાતી હતી :

'અમદાવાદ ભણે, ભલે ભણે, પણ હોળી દિવાળી ઘેર આવ; વહુને તારી કરી લ્યે, ખરપા! છોરીઓને ભોળવાતાં, દેઈને વટલાતાં વાર નથી લાગતી. અહીં નવરાં ઢાંઢાઓની નજરો ગાંમની કાચીનરવી છોરીઓ પર પરણ્યા ધણીની વાટ જોતી નવલી વહુઓ પર ભમરાની ભાત્યે ભમતી હોય છે...'

ગોવિંદ ત્યારે પહેલીવાર લખુને કહી દીધેલું કે પોતાને ભણેલી વહુ જોઈએ છે. લખુ હસી પડેલો. વાયુવેગે વાત વ્હેતી થયેલી. મલક આખો વાતો કરતો હતો :

'એની મા ચ્યાં ભણેલી સૅ? દર્પણમાં મૂઢું ભાળીને બોલતો ઑય તો? ખરપો! એટલું હમજતો નથી કે કાલ્યે એની બુનો ભણીગણી નીં ઑય તો ચિયો મૉથોભઈ હંગરવાનો સૅ?'

એક જાતનો ફટવા સૅ ફટવા. હાળાંને ભણાબ્બાં જ ની, જરાક ભણ્યાં કે માથૅ સડી વાજ્યાં હમજાં. શેર ભાળીને મકલાયા સૉ પણ ઉફ્ત હારી નઈ. ઉપરવાળો હખણા કરી મેલશે તાણે હમજાસૅ.

ગોવિંદના મામાએ વાત જાણી ત્યારે, એને ઘરખૂણે બોલાવી મણનો છશેર કરી નાખેલો :

'આ મોટી ભણેલાની સુધારાની પૂછડીં ના જોઈ ઓય તો! શહેરમાં રયા તે આવું જ સુધર્યા? અંઈ આવો ને કમાઈ ખાંવ તાણે ખબર પડે કે ચેટલી વીહે હો થાય સે? ગામમાં ને નાતમાં રે'વું ઑય તો કાયદા પાળવા પડે. વેવાર એટલે વેવાર. ખઈને પછવાડે આથ ધોઈને ઊભા થઈ જ્યા એ ના સાલે. એવું અવળું ભણતર તાં તમારે શેરમાં સાલે. અંઈ નાત કે'તાં નમવાનું ને ગાંમ કે' તાં ઊંધા પડવાનું. પોમાઈ પારકા મલકમાં ને નાગઈ નબળાં લોકમાં કરવાની. બળદની ખાંધ જેવી આપણી ન્યાત સે. આપડા તડની આબરૂ કુણ? એમાં ભણતરના ફિતૂર નીં સાલે, હા ! ભણાં

નોકરી કરો. બે પઈશા કમાંવ ને ગાંમને લીલું રાખાં, બાચી ભણતર વાળી કરવી ઓય તો અંદાદની વાટે પડાંઅ...'

ન્યાતના આગેવાન એવા મામાને મનાવતાં ગોવિંદની બાને મહિનાઓ ગયેલા. છેવટે પાંચમા તડની એક ગ્રેજ્યુએટ કન્યા મળતાં બધું' પારે પડેલું. પન્ના ગણિત વિષયમાં ગ્રેજ્યુએટ થયેલી રૂપાળી ય ખરી. બધાં કહેતાં કે' 'બોલે તો ફૂલ ઝરે, ને અડીએ તો ડાઘ પડે એવી સે...' ગોવિંદનાં ગાત્રો ત્યારે જ ઢીલાં થઈ ગયેલાં. છેવટે અમદાવાદી ભણતરને ભરોસે વ્હાણ હંકારેલું...

જાનવાસમાં પન્નાની બહેનપણીઓ વરને જોવા આવેલી. વરને જોતાં એ હબક ખાઈ પન્ના પાસે દોડી ગયેલી. પન્નાને ખ્યાલ આવ્યો કે પોતે જોયેલા તે વર નથી એણે પરણવાનું ટાળવા હઠ પકડી. હવે બાપની આબરૂનું શું! સૌએ સમજાવી કે વિધિ કરી નાખ, આવ્યો વખત પાછો ન જાય. પછી મોદમાં(બેઠકમાં) છેડાછૂટ લઈ લઈશું. અંતે સામસામે હોબાળો થયો. મોદમાં છેડાછૂટ ના મલી. પન્નાએ એક દિવસ માટે ય સાસરે જવું એવું નાતે ઠરાવ્યું. પન્ના ગોવિંદને ઘરે આવી. પહેલા બારણાને ઉંબરે આખી રાત બેસી રહીને બીજી પરોઢે પિયર વળી ગઈ! પાંચે તડમાં ફેં ફાટી ગયા. વાયરે વાતો થઈ. અંબા તો ગોવિંદ પરણવા જવાનો હતો એની આગલી સાંજે પિયર જતી રહેલી... પન્નાને મનાવી જોવાની ગોવિંદને તક ન મળી... લોકો એકઠાં થઈ ને વિખરાઈ ગયાં... બૈરાં બોલતાં ગયેલાં કે : ભણેલીના ભસકા થતા'તા તે લીધાને હવાદ!' મોભીના મરણથી ય વસમો દિવસ હતો એ. ગોવિંદની આંખ સામેથી એ દિવસો પસાર થતા હતા. જાણે ચાબૂક સબોડતા ના હોય. એવા દિવસો! જોતજોતામાં પાંચે તડના ભાંજગડિયાનું પંચ પડસાળે ગોઢવાઈ ગયું. ખાટલે ખાટલે પરચૂરણ વાતો ચાલતી રહી. કેટલાક મનમાં 'ઠીક રાગ આયો' કહીને મલકાતા હતા. ગામની આધેડ ડોશીઓ પંચના સપાટા સાંભળવા પડોશમાં આવી પૂગેલી. તે વાતો કરે છે :

'હરગવાનો વર ને કણજીની કન્યા! ચ્યાં મેળ પડતો અશે, બુન!' 'ડીચરા મારા! પાંચમાં તડમાં પટયોલનું ઘર ભાળીને ફૂલીને ફાળકો થઈ જ્યા'તા! અવે ચોરની મા-કોઠીમાં મૂઢું ઘાલીને રોવે-વાળો ઘાટ થ્યો, મારી બઈ!'

'પાદવાની પહોચ નઈ ને તોપચી થવા નેકળેલા, ઉં તો કઉં સું કે



અસ્ત્રીના નેંહાકા હરાપ જેવા કે'વાંય... આવતા ભવ લગણ પૂણ્યા વના ના રહે...'

પંચે એનું કામ લીધું. બેઉ ધણીને સંપી જવા-કન્યાના બાપાને કન્યા વળાવી આપવા, તથા ગોવિંદ માસ્તરને એ માટે આણું ભરવાનું પૂછવામાં આવ્યું.

ગોવિંદને 'હા' પાડે તો હોઠ કપાય ને 'ના' પાડે તો નાક કપાય! એણે કહ્યું. 'જ્યારે ધણીની જ મરજી ના હોય ત્યારે વાતનો શો અર્થ! મન વગરનું મલવું ને થાંભલે જઈને અથડાવું...'

પન્નાના કાકા બોલ્યા : માસ્તજીની મરજી ઓય કે ના ઓય, અમારી મરજી નથી. છાશ લેવા જવું ને દોણી હંતાડવી એ અમને નથી ફાવતું. અમારે ફારગતી જોઈએ. પંચને મારી અરજ છે કે કોહ્યું ત્યાંથી કાપવું હારું. છોકરીનું કાળજું કકળે એ નઈ વેઠાય. ગાંગરતું ઊંટ પલાણવાથી કશો હકાળ નઈ આવે... માટે છેડાછૂટ કરવા અમે રાજી છૈયે.

'ભઈ, ભણેલાં ભૂલવે એના જેવી વાત થઈ. માંણહ બધાં હરખાં ચ્યાંથી ઓય, આ આપડા આથની પાંચે આંગળીઓ ચ્યાં હરખી સે. જો સમાવેશ થાય તાં લગણ કરો તો હારું...' ત્રીજા તડના માવજી પટેલે વાત મૂકી.

'જુઓ, અમારે બળજબરીથી કોઈની કન્યા નથી જોઈતી. આ તો અવતાર આખો કાઢવાની વાત સે. છેડાછૂટ કરવી એ વાત હાચી પણ જો છોરી 'ઘર બાંધવાની' ના પાડે તો એનો બાપ અમને, વરવાળાને લગનનો પચ્ચાસ અજાર ખરચ આપીને છૂટો થઈ જાય... હો વાતની આ એક વાત...' ગોવિંદના મામાએ દરખાસ્ત મૂકી. પંચમાં સોંપો પડી ગયો. મોરવીઓ ય થોડીવાર મૂંઝાયા. ધીમેથી, જમાનાના ખાધેલ બીજા તડના બેચર પટેલે મામલો હાથમાં લીધો :

'જો ભઈ, રૂપિયા ચ્યાંય ઝાડે નથી ઉગતા તે તોડીને આલી દેવાય. ધણીને પટપટતો પઈણવા જ્યો'તો, ખરચ કાંઈ કોઈના હપાડે થોડો કરેલો? આખી દન્યો ખરચ કરે સે...'

'અરે, બેચરદા! નેવાંના પોણી મોભે લઈ જવાની વાત સે. આજ હુધી કોઈ અસ્ત્રીના પઈશા આદમીએ લીધા ઓય એવું બન્યું સે? હા આદમી છૂટાછેડા માગે તાણેં એ અસ્ત્રીના ભરણ પોષણના રૂપિયા આલે એવો

બધાં તડનો રિવાજ સે, વાત સે.' બાચી આ નવી વાત સે પહેલા તડના ત્રિકમ પટેલે કડવાં વેણ કહીને આવેલા મોકે ઘા કર્યો.

'તિકમદા, તમારી વાત હાચી, હત્તર આંની ને બે પઈ હાચી. જો આદમી બૈરું ના તેડે તો આદમી પઈશા આલે, એમ જો બૈરીને 'ઘર બાંધવું' ના ઓય તો એ ય પઈસા આલે કે નઈ? ન્યાય કરો તો બેઊ બાજું હરખો કરો ભઈશા'બ!'' ગોવિંદના મામાએ કહ્યું. પંચ પાછું વિમાસણમાં પડ્યું. દરમ્યાન ચાપાણી સાથે રૂપેરી હુક્કા ખાટલે ખાટલે ફરી રહ્યા છે.

પંચના પાંચ પૂછાતા પડસાળેથી ઓરડે ગયા. પડસાળમાં ગણગણાટ વધ્યો. 'કુલડીમાં ગોળ ભાંગવાની જરૂર ચ્યમ પડી?' કોઈ બોલ્યું નહીં. ઓરડેથી આવેલા મોરવીઓએ કહ્યું :

'જુઓ ભઈ, અસ્ત્રીના પૈશા ના લેવાય તાં લગી હારું સે. એનાથી સંસારનું પઈડું ચાલે સે. જો છોરીને આઠે અંગે રહેવું જ ના ઓય કશોક નીવડો લાબ્બો પડે. અમે ય જાંણીએ છૈયે કે ડોહી મરે એનો નઈ, જમ પેંધો પડે એનું હું કરવાનું? એટલે એક અપવાદ ગણીને આપણે કન્યાવાળાંને પૂછીએ કે એ રૂપિયા આલીને ય છૂટા થવા માગે સે?'

પન્નાના કાકાએ હા પાડી. ઘણાંને આ ઠીક ના લાગ્યું. ધણી ઊઠીને કહેતો હોય તો બીજા શું કરવા વચ્ચે પડે? છેવટે પંચે પચ્ચીય હજાર રૂપિયામાં તોડ કાઢ્યો. કેટલાકને અંદરખાને અંગત લાભ પણ મળ્યો હશે. કેમકે રૂપિયાનો તોડ ઓરડે જઈને લેવાયો. પડસાળે ફારગતી લખાઈ. પન્ના ગોવિંદ પંચની રૂ-બ-રૂ વરવહુ મટી ગયાં. પંચ માટે રસોઈની તૈયારીઓ થઈ. હાસ્તો, ગોવિંદ ગણેશ માસ્તરને વગર મફતના પચ્ચીસ હજાર રૂપિયા મળ્યા હતા! પાંચમા તડના આગેવાનો ખાવા ના રહ્યા.

પંચ વિખરાઈ ગયું. ગોવિંદના ઘરની લાંબી પડસાળ સૂની પડી. બા ને મામો બેઠાં બેઠાં પેલા પચ્ચીસ હજારની ખુશીમાં કશીક ગૂસપૂસ કરી રહ્યાં છે.

ટપાલી આવીને ગોવિંદને કાગળ આપે છે.

ગોવિંદ કાગળ ખોલીને વાંચે છે; અંબાનો કાગળ છે :

'મીં હાંભળ્યું સે કે પંચ આવે સે છૂટાછેડા કરવા. તમે રૂપિયા લઈને ફારગતી લેવાનું નક્કી કર્યું સે! જાહરે જાહ! ઉં તો હજી ય તમને કાંક હારા



ગણતી'તી, અધ આઈ જઈ. તમે તો ભણેલા સો કે કુણ સો? કણબી સો કે...! અસ્ત્રીના પઈશા લેવા તાકનારા તમારા જેવોનાં ચૂડી ચાંદલો ઉં નઈ નભાવું. માટે આ કાગળને ફારગતી હમજશો... એક વરહમાં મેં ય મારો મારેગ વિચારી લીધો સે...ને પંચને તો ઉં જબાપ કરે, માટે મારે તમારે અવે કાંય નઈ... આપણે આં ય ચ્યાં લગન ભોગવ્યું સે? તો ય દન્યોની હાંમે ઉં એને ફોક કરાવવાની તીયારીમાં સું'... તમારું મોટું ભણતર કહેવાય. પણ મારું ચાર ચોપડીનું ભણતર ઉં લજબ્બા નથી માગતી...'

ગોવિંદની કાળી કાયા ચમચમાટથી બહાર વધારે કાળી ને અંદરથી ધોળી પૂણી જેવી થઈ રહી. એને કળ વળે એ પહેલાં મોટીફળીમાં ગવાતા લગનનાં ફટાણાએ એને ઘેરી લીધો...

*'શેરી વચ્ચે આંબલો ફાલ્યો લચકાલોળ રે*
*રમતુડું વાગે....*
*કયા તારી છેનાળ ફૂલું લેવા જાય રે*
*રમતુડું વાગે....*
*ફૂલું લેવા નથી જતી માંટી કરવા જાય રે*
*રમતુડું વાગે....'*

૨૦-૩-૯૨,
૧૪-૪-૯૨

❑

# અંતર

'કનુ આજે આવવો જોઈએ.' મેં મારી પત્ની સરોજને કહ્યું.

'ભલે આવે. તમે લાંબી જિદ્દે ચઢતા નહીં. દુઃખતી રગને વારેવારે પંપાળ્યા વગર છાનામાના જઈ આવજો.'

'પણ.'

'પણ ને બણ. જવામાં કાંઈ નાના બાપના નથી થઈ જવાતું. જેમાં સારું દેખાય એ આપણે કરવાનું.'

તડકા સવારથી તવી જેમ તપે છે.

એના અઢળક ચળકાટ, કોણ જાણે કેમ, આજે મને અકળાવે છે. ખરું કહેવાય. આઠ વાગતાંનો સૂરજ સામે આંખ માંડીને જોવા ના દે! કાલે સાંજે પાંચ વાગતાં ચઢેલી આંધીમાં એ કેવો તો ફિક્કો અને દયામણો લાગેલો.

પ્રકાશનાં લગ્ન ટાણે, ગયે અઠવાડિયે, છેલ્લે મળ્યો ત્યારે કનુ ખાસ્સો ગૂંચવાયેલો દેખાયેલો. કશુંક કહેવા એ શબ્દો ગોઠવતો રહેલો, પણ એની કાળીપીળી આંખોમાં ગડમથલ બધી મૂંઝવણ થઈ થીજી ગયેલી મેં સ્પષ્ટ ભાળેલી.

'વટના કટકાને અધકચરી સમજણ અને દિમાગમાં રાતીચોળ રાઈ પાછી.' મારું મન બબડ્યા કરતું.



મેં સરોજને સમજાવતાં કહ્યું : 'તું વિચાર કર, એણે આપણી કેટકેટલી ઉપેક્ષા આદરી. મહિનાઓ લગી એ ફરક્યો સુધ્ધાં નહીં. એને માટે તો આપણે હોઈએ ન હોઈએ બધું સરખું કની? જ્યારે આપણે એને કદી જુદો ગણ્યો નથી. એને માટે થઈને—'

તૂટેલી દોરડીને એની રૂપાળી આંગળીઓથી ગાંઠ મારતી સરોજે મને અધવચ અટકાવ્યો. બોલી : 'કોને કોને માટે શું શું કર્યું એ ગણાવવાનું આ ટાણું છે? મનુ! તમે તો સમજો છો કે લાગણી આગળ બધું નકામું. નાની અમથી વાતમાં દોસ્તદારી ડૂંખી નાખવી સારી નહીં.'

સાંધેલી દોરી બાંધી એ કપડાં સૂકાવવા વળી. દોરી વચ્ચેની ગાંઠ મારી આસપાસ કાળો ભમરો થઈને આંટા મારે છે. નાનો હતો ત્યારથી મને ભમરાની બઉ બીક. હું પડસાળેથી ખસીને પછીતે જાઉં છું. પડોશણ એંઠા વાસણ ઉટકીને અજવાળી રહી છે.

ચરામાં ફૂલે ચઢેલા શૂળિયા બાવળ મારી આંખેમાં અણિયાળું સળવળે છે. કાલે ત્યાં કળશ્યો ઢોળવા ગયેલો ત્યારે કેટલી બધી સુગરીઓને માળા બાંધતી જોઈ રહ્યો હતો. એમનો કલ્લોલ સાંજને સુંવાળી બનાવતો અનુભવાયેલો.

'ના. કોઈ વાત નાની અમથી નથી હોતી.' મારામાં પડઘો પડતો હતો.

આ ગિલોડીનો વેલો એની ઋતુ આવી કે તતડી ઊઠ્યો છે. એના લીલાછમ વેલોને ચઢવા માટે ખેડૂ કળિયાં રોપે છે. વાલોળ પાપડીના વેલા સૂકાઈ ગયા છે, હવે એની મોસમ ગઈ. એ વેલાઓને ખેડૂએ તાંતેડી નાખ્યા છે. એનાં કળિયાં હવે ગિલોડીઓ આધાર બનશે.

કળિયાં રોપીને હવે કાળિયો ખેડૂ બે ઘર વચ્ચેના વાડામાં થુવેર રોપવા વળ્યો છે. વાડાના બે ભાગ. નોખા, આંતરો ધીમે ધીમે આગળ વધી રહ્યો છે. મને થાય છે અહીં છેક ઘર પાસે થુવેર રોપવાની, આંતરો ઊભો કરવાની માણસોને શી જરૂર પડી હશે? છૂટથી હરવાફરવાનું ય બંધ થઈ જાય એ કેમનું ગમતું હશે?

ગિલોડીના ભેજવાળા ખામણામાં કીડી-મંકોડા ફરે છે. એને ચીબાવવાની તક જોતો એક મોટો કાચિંડો ધીમેથી પાસે ને પાસે સરકી રહ્યો છે.

હું કાંકરી ફેંકીને એને પાછો વાળું છું.

કાળે ઉનાળે દૂરની કણજીઓ લીલછાઈ આવી છે. મને એ જોઈને સારું લાગે છે.

સરોજ મને નાહી લેવા બૂમો પાડે છે. ને મને કોઈ ઇચ્છા જ થતી નતી. 'નાહી જ નાખ્યું છે મેં તો...' મારામાં કોઈ બબડે છે.

જતાં વળતાં વાહનોના અવાજો સાંભળીને મારી નજર સડક તરફ આવજા કર્યા કરે છે. 'કનુ આજે તો આવશે જ. એનો આવ્યે જ છૂટકો...' મારા મનમાં ઘડભાંજ ચાલે છે.

એક છોકરો ક્યારનો રસ્તા વચ્ચે એની સાઈકલની ઊતરી ગયેલી ચેન ચઢાવવા મથે છે. એનો પરસેવો મને અનુભવાય છે.

દૂરના લીમડા નીચે લવારિયાનો પડાવ છે. લોકો ગાડાંના પૈડાંને વાટ ચઢાવવા એની પાસે આવ્યા છે. પૈડાં ચત્તાંપાટ પડેલાં છે ને લોખંડની વાટ દેવતામાં તપે છે. વાટ જો ઢીલી રહે તો પૈડા પરથી ઊતરી જાય ને તંગ બેસે તો વાટ તડ દઈને તૂટી જાય... લવારિયો એની કળા સમજાવે છે.

ગઈકાલેની આંધી પછી અગમચેતી વાપરીને બેચાર જણા પડાળના નળિયાં ના ઊડે એટલા માટે ઘરની પાંખ પર પથરા મૂકતા દેખાય છે. કોક ઊડેલા પરાળના ઑગલાને ગોઠવે છે.

ઘર સામેની તડકે લથબથ ટેકરી મારામાં આઘીપાછી થવા લાગે છે. ત્યારે તો એ વૃક્ષોથી ભરચક ડુંગરી હતી. હું ને કનુ એની ટોચે લાખા વણજારાએ દાટેલા ધનના ચરુ શોધવા જતા. એની ચોકી કરતા સાપથી સાવચેત રહેતા ને ઊંડા ખાડાઓમાં ઊતરતા... હવે એ ખાડા નથી રહ્યા. વૃક્ષો તો સમ ખાવાય ક્યાં છે? સાવ બોડીબખ ટેકરી...

ઊંચી શેરીનાં હારબંધ મકાનો શાંતિ ગાતાં ઊભાં છે. એને ચીરતો મોટરસાયકલનો વકરેલો અવાજ ઊગમણે બારણે આવીને બૂઝાઈ જાય છે.

હું અચાનક ટેકરી પરથી ગબડી પડું છું. મારા હાથપગ છોલાઈ જાય છે.

કનુ આવ્યો છે.



સરોજ એને આવકારીને પાણી આપી રહી છે. હું વિચારતાં વિચારતાં અટકીને ઘરમાં આવું છું. ઉંબરો મને પગમાં ઠેસ થઈને વાગે છે. લાલચોળ ચચરાટ સાથે હું કનુ સામે ખુરશીમાં બેસું છું.

દૂરના બાવળિયા છેક ઘર પાસે આવી ગયેલા દેખાય છે. ઉબડખાબડ આંગણામાં આટલા ખાડા ટેકરા ક્યારે ઉપસી આવ્યા? સમથળતા ક્યાંક સરકી ગઈ હોય અને કોઈ સ્થિર ઊભું રહેવા મથે તોય પડું પડું થવાતું હોય ત્યારનું હાંફળાફાંફળાપણું ઘર વચ્ચે ગૂંચવાઈ રહ્યું છે. હું મારી ખુરશી લીંપણ પર ખોડંગાય નહીં એમ ફેર ગોઠવું છું. સામી દીવાલે તડકા ચાબૂક સબોડતા આંટા મારે છે.

કનુ ઑશિકું ખોળામાં લઈને એના હાથ પસવારી રહ્યો છે.

અમારાં બંનેનાં ગામ વચ્ચે નદી. બારમાસી. હોડી ફરે.

હું કનુને ઘરે જાઉં. એની બા કંસાર રાંધે. માથે હાથ ફેરવી જમાડે. નદીએ નાહીએ, ટેટીતરબૂચ ખાઈએ. સીમ આખીમાં રખડીએ. વાતો ખૂટે નહીં.

હું ઘૂઘવતા દરિયા વચ્ચે ટાપુ જેમ શાંત બેઠો છું – કનુ વાત માંડશે એવી આશાએ. લાકડાં કોરનારો કાળો ભમરો કુંભીમાંથી અચાનક નીકળી ઘરમાં ગૂનગૂનતો ઊડવા લાગ્યો છે. પેલી ટેકરી પાછી મારામાં આઘીપાછી થઈ રહી છે.

હવે તો અમારાં ગામથી થોડે આઘે, હેઠવાસમાં નદી પર પુલ બંધાઈ ગયો છે. 'લાબું ફરીને પુલ પરથી અહીં આવવાનું ઘણું દૂર પડે છે, નહીં?' હું કનુને પૂછું હું, એ નર્યા શુષ્ક અવાજે જવાબ વાળે છે : 'ના રે. વાહન હોય પછી દૂર શાનું?'

અમે બંને મૂળથી ઠેઠ સુધી સાથે ભણેલા. હું નાનો. કનુ ઊંચો. હું ગભરાઉં. એ મને પડખામાં રાખે. હું એને વાતો કહ્યા કરું. ચોપડીઓ આપું. એની વાટ જોયા કરું. બંને નદીકાંઠે બેસી બપોરી રીસેસમાં તીખા રોટલા ખાઈએ. એને બાપુની હોટલનું કાંદાવાળું ચવાણું બઉ ભાવે. ભૂખ એની દુશ્મન! એની પડોશમાં એક રૂપાળી છોકરી. કનુને ચાહતાં ચાહતાં પરણી ગઈ. વ્હેલે ચડી ગઈ તે ગઈ. અમે સેવઉસળ ખાવા બાવાની હોટલે જોઈએ ત્યારે કનુ મને એ છોકરી વિશે વાતો કર્યા કરે. અમે ભણી ઊઠ્યા, એ

પછી મેં કદી કનુ વગર એકલાએ સેવઉસળ ખાધું નથી.

સાંજે જમવામાં ભલીવાર ન્હોતો પડ્યો.

મારા પેટમાં ભૂખ વર્તાય છે.

કોક મહેમાન આવે કે કેશુકાકા ધરતી ફાડીને આવી લાગે. હંમેશની જેમ તે આવ્યા. કીડીને ગૉળની એમ એમને ચાની ગંધ કોશ આઘેથી આવતી હશે!

'ઓ હૉ હૉ હૉ...કાંઈ ઘણે દા'ડે આ બાજુ વાટ જડી? ભલા'દમી, દોસ્તદારનું ઘરેય ભૂલી ગયા કે શું?' કહેતાં એમણે કનુ જોડે હાથ મિલાવી ખબર પૂછી.

મારી હથેલીઓમાં અચાનક વલૂર ઉપડી આવી હોય એમ લાગ્યું.

હું મુઠ્ઠીમાં ખુરશીનો હાથ લઈ મસળવા માંડું છું. બીજા હાથે નહીં કરેલી દાઢી ભારપૂર્વક પસવારું છું.

કેશુકાકા પોતાની વાત કાઢે છે–

કનુભાઈ મારે તો વસમું થયું. અઠવાડિયા પહેલાં સાજોસમો બળદ મરી ગયો. ચાંદાસૂરજ જેવી જોડી હતી. અધવચ્ચે નંદવાઈ ગઈ.

મારા લોહીમાં કોઈ ફટાકડાની આખી સૅર ફોડતું હોય એવું થઈ આવ્યું.

'મારા કાકાને ત્યાં વધારાનો બળદ છે. વેચવાનો છે. મનુ સાથે કાલે આવો. જોઈ લેજો. કાલે મારે ત્યાં મહેમાન આવે છે. તમને પણ કહેવા આવ્યો છું.'

મોકો જોઈ કનુ એકસામટું બોલી ગયો.

'લ્યો આપણે તો એકપંથ દો કાજ–' કહેતાં કેશુકાકાએ ના ના કરતાં સરોજ પાસેથી ચાનો કપ પકડી લીધો.

કચડી નાખે એવી ભારેખમ શાંતિ પાછી અમારી ઉપર ઝળુંબી આવી. મારી ચાના કપમાં માખી પડી હું એને બ્હાર કાઢવાને બદલે તરફડીને ડૂબતી-મરતી જોઈ રહ્યો. કનુએ એનામાંથી અડધી ચાનો કપ મારી સામે અબોલપણે ધર્યો. મેં માથું હલાવી ના પાડી.

'ઘીમાં માખી પડે તો લોકો નીચોવીને કાઢી લે...ને ચા માં...?!' કેશુકાકાનું કસમયનું હસવું આખા ઘરમાં પૂર માફક ફેલાઈ ગયું. હું એના



હડદોલે ઘણે દૂર નીકળી ગયો હોઉં એમ લાગ્યું.

મને કેશુકાકાના મોઢા પર તમાચો મારવાનું મન થઈ આવ્યું. ગામના જુવાન મુખીને બાઝી પડતી એમની વહુનું અજાણતાં જોવાઈ ગયેલું એક દૃશ્ય આ ક્ષણે મારી સામે આવી ઊભું.

અમારી વચ્ચે અંધારાં પથરાઈ ગયાં હોય એમ ક્ષણવાર મારી આંખે કાળાંપીળાં થઈ આવ્યાં. કનુ અને કેશુકાકા સુધી પહોંચવા મારે તરતાં તરતાં ખાસ્સું અંતર કાપવું પડશે એવી ભ્રાન્તિ થતાં જ પાછો હું સાવધ બની ગયો.

પલળેલાં કપડાંના ભારથી હશે, સરોજે સાંધીને બાંધેલી દોરી ફસ કરતી તૂટી પડી છે. કેશુકાકા સરોજને વધામણી ખાતા હોય એવા અવાજે બૂમ પાડે છે.

બે ટૂકડાઓના છેડા ભેગા કરીને સરોજ ઉપરાઉપરી ગાંઠ મારી રહી છે.

હું દાઢી કરવા ઊભો થાઉં છું. હજી ન્હાવાનું બાકી છે.

સોળ સોળ વર્ષ કનુએ વાટ જોઈ. તોય એને છૂટાછેડા ન્હોતા મળ્યા. મારા પ્રયત્નો બધા પાણીમાં ગયેલા. કાચી વયે એનું લગ્ન થયેલું. અધકચરી સમજણમાં બેઉને વાંકું પડેલું. વાત વણસી ગયેલી.

કણબીની જાત. જાડી વાત અને જૂની રીતભાત.

નાત નબળી; કોર્ટ કચેરી કરીએ તો નાક કાન કાપી લે એવી.

પણ કનુનું ભાગ્ય પલટાયું કે પછી ભાંજગડિયાંનાં પેટ ભરવામાં આવ્યાં! એ તો રામ જાણે. થોડા વખત પહેલાં બધું ઉકેલાઈ ગયું.

હવે આંગણે અવસર આવ્યો છે.

'આ દર્પણ કોણે નવરું કરી મૂક્યું?' હું સરોજને પૂછું છું.

વચ્ચોવચ તિરાડ પડેલા દર્પણમાં જોઈને દાઢી કરતાં હું ગફલતમાં પડી જાઉં છું. મારો ચ્હેરો મારી સાથે હાથતાળી રમે છે. ક્યારેક એક સામટા બબ્બે ચ્હેરા, 'ઉફ...' બ્લેડ વાગતાં લોહી ફૂટી આવ્યું છે.

હું ધીમે ધીમે ફટકડી ઘસ્યા કરું છું.

કેશુકાકા ક્યારના ચાલ્યા ગયા છે

ફટકડીનો ચચરાવ મને આ ક્ષણે ગમી રહ્યો છે. જાણે ગાલ પર તડકો ફરતો ના હોય! બળતી મીણબત્તી મારી છાતીમાં પીગળી રહી છે. કનુ ઊંચોનીચો થયા કરે છે.

હું ન્હાવા જઈશ એટલે કનુ ગળગળો થઈને સરોજ સાથે કથા માંડશે–ની મારી ખાતરી ખરી પડે છે.

જમીને કનુ જવા નીકળે છે. ભાઈ સાથે એણે પૈસાનું પૂછાવેલું તે હું એને ચૅકમાં સહી કરી આપું છું.

પાટે ટાંગેલીી છબીઓ પાછળથી લડવાડ કરતી ચકલીઓ અચાનક અમારી પાસે પછડાય છે. એમની ચીં ચીં મને ચાંચ જેવી વાગે છે. જોઉંછું તો માળામાંથી દડેલું ઈંડું ફૂટીને આખા ઘરમાં પથરાઈ ગયું છે.

'હું આજે સાંજથી વાટ જોઈશ.' બોલતાં બોલતાં કનુ હાંફી જાય છે. કીક માર્યા પછી થયેલા અવાજથી મારા કાનમાં ધાક પડી ગયેલી. પેટ્રોલની વાસ ઘરમાંથી હજી ઑસરતી નથી.

મને પાટે ટાંગેલી છબીઓ ઉતારીને માળીયે ચઢાવી દેવાની ચળ ઉપડે છે, મારી અને કનુની વર્ષો જૂની છબી સામે ઊભો રહી જાઉં છું. કેટલી ઝાંખી પડી ગઈ છે એ. હું ખાસ્સો ભૂંસાઈ ગયો છું જાણે! ને એ–

સાંજ ઢળતાં તડકા પાતળા પડ્યા છે. તંગ પણછ ઢીલી થઈ છે.

સરોજની આજ્ઞા પ્રમાણે મારે સાંજે કનુને ત્યાં જવું ને રાત રોકાઈ સવારે પાછા આવી જવું એમ નક્કી થયું છે.

હું હોડી ઉતરી સીધો જવા ચાહું છું, એટલે ખાસ્સો મોડો નીકળ્યો છું. નીકળવાની પળોજણમાં કાચો કપાઈ ગયેલો નખ બળતરા કરે છે.

મેં સીધો રસ્તો લીધો છે. ઓછી અવરજવરવાળાં નેળિયાં કાંટાથી ભરેલાં છે. કંથેરનાં જાળાં મારા પગમાં અટવાય છે. એના વાંકડિયા કાંટા વેણ જેવા વાગે છે. હું સાચવીને ચાલું છું ધીમેથી કાંટા કાઢું છું. કેટલા કાંટા! હું થાકી જાઉં છું. મને પાછા ચાલ્યા જવાનું મન થાય છે. નેળિયાની ધૂળમાં સાપના લીસોટા સ્પષ્ટ દેખાય છે.

હવે કોતર આવ્યાં છે. આજે તો કોતરો વીંધીને નદીએ પહોંચી જવું છે. હું કોતરો ઊતરું છું, એના ઢોળાવા પર પણ કાંટાળાં ઝાંખરાંનો પાર



નથી. પડી જવાનો ભય લાગે છે. કોતરને છેક તળિયે જઈને જોઉં છું તો ભેખડો કેટલી બધી ઊંચી લાગે છે સાવ સન્નાટો છે. કોઈ નથી. હું એકલો જ છું. ઢાળ ચઢતાં હું હાંફી જાઉં છું. કોતરો વધારે ઊંડાં થઈ ગયાં છે.

રસ્તાઓ સરળ નથી રહ્યા. સામે નદી સાપણ જેવી પડેલી છે. 'મારા દીકરાને નવી વહુ આવશે એ દન મારું કાળજુ ઠરશે. તમે જો એટલું પાર પાડી આપશો તો હું તમારા પગ ધોઈ પીશ.' કનુની બાના એ શબ્દો આ ક્ષણે પડઘાય છે, મને વ્યગ્ર કરે છે.

સામે કાંઠે ગયેલી હોડી તરફ નજર કરું છું તો સઢ સંકેલીને, લંગર ખોડીને માછી ઘેર ચાલ્યો ગયો છે્.

હું બૂમ પાડું છું. મારા શબ્દોનો પડઘો પાડતી ભેખડો બીજી ક્ષણે અવાચક બની જાય છે. સામો કાંઠો મૃગજળ જેવું તગતગે છે. સૂર્ય આથમી ચૂક્યો છે.

પુલ પરથી જવાય ખરું. પણ પુલ અને મારી વચ્ચે અત્યારે ન આંબી શકાય એટલું અંતર છે. સાંજના ઝાંખા પડતા જતા અજવાળામાં એ અંતર વધારે લંબાતું જાય છે.

ઊતરતા અંધારામાં એકલી નદી સાપે ઉતારેલી કાંચળી જેવી દેખાયા કરે છે...

૧૫-૧૬ જુલાઈ
૬ ઑગસ્ટ ૧૯૯૨

❑

# બાંધીમુઠ્ઠી

વતનમાં જવાની વાત આવે કે મારાં મોતિયાં મરી જાય, પહેલાં છેક આવું નો'તું થતું. પાંચ-છ વરસથી મંજુ મારી પત્ની મને સમજાવીને મોકલે. કહેતી કે 'નાત કે નાક વના જીવતર નઈ' સમાજમાં ના રહીએ જઈએ તો આવતી પેઢીને માથે પસ્તાળ પડે. ઊંટ પર બેઠાં તે ડોલ્યા વના છૂટકો છે?' પણ હવે તો એનાય ભ્રમ ભાંગી ગયા છે. 'સમાજ જાય ચૂલામાં. ગોળ મોઢાને ગળ્યો લાગે એમાં ઢીંચણને શું?' તોય, એનો-બૈરાનો જીવ, પાછી મને પટાવીને તૈયાર કર્યા વિના ના રહે. કહે :

'આ ફેરા તો બધું વ્હેંચી નાખો. વારેવારે ખીટપીટ નઈ જોઈએ. તમારે હોળીનું નાળીયેર ના થવું. આપડે હકનું લેવાનું એ ખરું, પણ નાડા હાટું નડિયાદવાળું ના કરવાનું. કજિયાનું મોં કાળું. હાથવેંત ભોંય ઓછી આવશે તોય ખેડશે તો ભાઈઓ જ ને?

આટલી ઠાવકાઈ મંજુમાં મેં પહેલી વાર ભાળી. જો કે બે ત્રણ વરસથી મારા ઘરસંસારનો ઘણો ભાર એ જ ઉપાડતી હતી. મારો જીવ લખવા-વાંચવામાં વધારે. એમાંથી નીકળું તો મિત્રોમાં ને ફરવામાં હોઉં. મંજુની એક જ રઢ 'ઘર બનાવી દો.' મને મદદરૂપ થવા તો એ અમારાં ધર્મેશ-અલ્પાને ભણાવવા ઉપરાંત ટ્યુશન કરતી. કામવાળી વિના ચલાવી લેતી.

મને વતનની ભારે લ્હાય; જળોની જેમ બધું વળગેલું. આટલાં વરસ



તો નાનાં ભાઈબહેનની ચિંતા હતી. એમણે નમાયા ચ્હેરા લઈ ફરવું ના પડે, મેં ભણતાં જે વેઠ્યું તે એમને વેઠવું ન પડે, ઓશિયાળો રોટલો ખાવો ન પડે એની દરકારે હું દયામણો થઈ વર્તતો રહેલો. હવે બધાં ગોઠવાઈ ગયાં હતાં. ઘર કલ્લોલતું રહેશે તો વેકેશનોમાં વતન આવવાની મજા પડશે એવી આશાય બંધાઈ હતી, પણ –

વતનની વાટે નીકળું કે હૃદયના ધબકારા વધી જાય. પરસેવો છૂટે. બસની બારીએ બેઠો બેઠો વિચારે ચઢું. ગામ પછી ગામ પસાર થતાં જાય. મારા ગામનું સ્મરણ બાવળની શૂળ જેમ મારામાં ફર્યા કરે, મને લોહીલુહાણ કર્યા કરે.

બાના મંદવાડનાં એ વર્ષોમાં ભણવાનું ભૂલીને ખેતરોમાં કાળી મજૂરી કરી હતી. ઘરકામમાં પાવરધા થવાનું બન્યું હતું. મકાઈના તીખા રોટલા ઘડવાનું અને પાણીમાં લોટ બાફીને નિશાળે જવાનું. ચૂલો ફૂંકીને આંખો લાલચોળ થઈ જતી. ધુમાડો ને બળતરા આજેય આંખે અકબંધ છે.

બા ગુજરી ગઈ. મોટાભાઈ પરણ્યા. ભાભી આવ્યાં. પછી બધું બદલાઈ ગયું ઘરમાં કશુંક કાયમ માટે ઑલવાઈ ગયેલું. કોલાઓમાં કોઠીવચાળાએ અંધારાં ફરી વળેલાં, તે આજે પણ જાઉં ત્યારે વસમાં લાગે છે. ઘરમાં કોઈ ખાઉં ખાઉં કરતું ચૂપચાપ ફર્યા કરે છે. જરૂર વગર કોઈ બોલતું પણ નથી. ખામોશી મારી છાતીને ખોતર્યા કરે છે. બા-બહેનના હાથે ઘરમાં પાડેલી બીજત્રીજના ચન્દ્ર જેવી ઊજળી અને હારબંધ હસતી ઓકળિયો હવે રહી નથી. ઘરમાં જડાઈ ગયા છે સપાટ પથરા, દરેકના ચહેરા ઉપર પણ.

ભાગોળે, સીમમાં ને નદી તળાવે, કામમાંથી વખત કાઢીને કંઈ રમ્યા છીએ! કાંઈ તોફાન કર્યાં છે!! આજે જાઉં ત્યારે એની છાલક વાગે છે પણ એનાથી ભીંજાઈ જવાતું નથી. હું ઘણે દૂર નીકળી ગયો છું કે પછી કોઈએ દૂરદૂર મોકલી દીધો છે મને? કોણ કરે છે આવાં કાવતરાં? કશુંક ચચરે છે પણ ખબર પડતી નથી. આખા શરીરે ખાલી ચડી જાય છે. હું ઢમાઢોલ જેવો, પોલાણમાં ગૂંગળાવતી હવાઓના સપાટા-સૂસવાટા મારાથી વેઠ્યા જતા નથી. સામે પડેલું જુદ્ઘાપણું જીરવી શકાતું નથી. મારું બેબાકળાપણું છુપાવવા હું બધાંની ખબર પૂછું. કશીય ઉષ્મા વગરના શબ્દોમાં, ટેવવશ, પારકા માણસની જેમ બધાં મારી સામી ખબર પૂછીને કામે વળી જાય

છે. બાળપણમાં નદીએ સાથે ન્હાતા ડૂબી ગયેલા દોસ્તદારના રેતીમાં સૂવડાવેલા શબ પાસે બેઠો હોઉં એમ હું બેસી રહું છું.

મારા ઘણાખરા સહાધ્યાયીઓ પી.ટી.સી. થઈને જલદી જલદી માસ્તર થઈ ગયા. મેં ચાર-છ વર્ષની કૉલેજ લીધેલી તે બાપાને ગમ્યું ન્હોતું. બીજે વર્ષે બાપાએ હાથ ઊંચા કરી દીધેલા : 'આપડી પાંહે ઝેર ખાવાય પઈસો નથી. જાતે કમઈને ભણાં...' હું આંગણે ઓટલો થઈ ગયેલો. ફોઈનો આધાર અને કાકાના દીકરા માસ્તરનો ટેકો મળતાં કળ વળેલી. પછી તો હાથખર્ચી માટે છાપાં વેચ્યાં, સાહેબોના લેખોની કૉપીઓ કરી. પૂઅર બૉયઝ ફંડ મદદે આવ્યો. ત્યાં બાનો રોગ મારામાં પ્રગટ્યો. બાપા ફરીથી નામક્કર ગયા. મારા ભણતરે સાહેબોની પ્રીતિ... તેઓ સાબદો રાખી ટકાવી શક્યા મને. સાફ દાનત તે નોકરી પણ સારી મળી.

બધું પાર પડ્યું. ભાઈબહેનને ભણાવ્યાં. નાનો ગામ પાસે નોકરીએ વળગ્યો. સૌને પરણાવ્યાં-પોંખાવ્યાં. મોટીબહેનોનાં જીયાળાં કર્યાં, મોટાઈના દીકરાને ય ભણાઈ આલ્યો. ઘરમાં ખૂટતી વસ આણી આલી. ખેતી માટે ભોંય સુધારી આપી. પછી મેં જવાબદારી ઉતારી હતી, ને સૌએ માન મરતબો. મારે મારું ઘર પણ જોવાનું ખરું કે નહીં?

આજે બાપા બધાંને કહેતા ફરે છેઃ 'પેટે પાટા બાંધીને ભણાયા, દીકરા હાટું દેવાંય કર્યાં, તોય આપડે તો શિયાળના ઉવાં એ ઉવાં... ગરજ સરી કે વૈદ વેરી. કળજગ તે આંનું નામ ભઈ!' હું તો સાંભળી રહું છું. મને યાદ આવે છે – દાયકા સુધી બાપાના પત્રો મહિનાની આખર તારીખે આવતા. માત્ર પૈસાની માગણીના ઉઘરાણીના પત્રો. વગડા જેવા ઘરમાં આથમતા સૂરજનાં ઓસરતાં અજવાળાં જોઈ રહું છું. લગ્ન ટાણે રંગેલી ભીંતો પાછી ઝાંખી થઈ ગઈ છે.

ભાભી કહે છે મોટાભઈએ ભણવાનું મેલી જાત ઘહી નાંશી, ભઈઓને ભણાબ્બા હારું અમેય રાતદંન જોયા વના વૈતરાં કર્યાં; સુખનો શ્વાસ લીધો નઈ તાણંઅ આજે કોઈ હામું જોવાય આવતું નંઈ... પાછો હવને ભાગ જોઈએ સે. જાણે મોટી જાગીરી અમે પસાઈ પડવાના હઈએ? દન્યોમાં વશવાનો કાળ પડ્યો સે. કુણ ભઈ નેં કુમ બુન? રાંમ તારી માયા... એ તો ધરતી મા હારી સે કે હવનેં હેંડવા દે સે... વખતે તો વાટ્યમાં પડેલી



ધૂળ હૌ કામમાં આબ્બાની... બાચી જેની જેવી મતિ...'

હું હોઠ કરડી, મુઠીઓ ભીડીને બેસી રહું છું. મારું માથું કોઈ પાકેલા મોટા ફોલ્લા જેવું થઈ ગયું છે. બધાં એમાં સોય ટાંકણી ઘોંચ્યા કરે છે. પીડા સ્હેવાતી નથી. મને થાય છે કે આ ફોલ્લો ફૂટી જાય તો સારું. પરુ નીકળી જાય તો કદાચ રૂઝ આવેય ખરી!

વાર તહેવારે અમે કદી ખાલી હાથે ઘેર આવ્યાં નથી. રૂપિયા, કપડાં, વાસણ ખાવાનું બધાંથી ઘર ભરાઈ જતું, પણ માણસની એષણાઓનો મને આવો ખ્યાલ ન્હોતો. ઘણી વાર વતનમાં રહું એટલા દિવસો-લાંબી રાતનો અનુભવ થયા કરતો. ઊંઘ આવે નહીં. સૂઈ ના શકું. વખત જાય નહીં. હું વલોવાયા કરતો. ગામને સ્ટેન્ડે ઊતરતાં જ મન અણગમાથી ભરાઈ ગયું.

'કેમ, રતિલાલ ઘણે દા'ડે કાંઈ ગામ હાંભર્યું?' આંબે ચઢી લીલીછમ ડાળ કાપતા ભૂલજીનો અવાજ સંભળાયો.

'ખરપા, આંબાની ભરીભાદરી ડાળ કાપતાં લાજતો નથી?' મારે હોઠે આવેલું મેં પાછું ઠેલ્યું. એની ખબર પૂછી.

'આ ડાળ ખેતરમાં નકામો છાંયલો કર, એનાથી ખળાવા ભોંયમાં કાંઈ પાકતું નથી. કેરીઓ બેહતી હોય તોય ઠીક સે. કેરી ના બેહે એ ઝાડ કાપવું જ પડે...' કહી ભૂલજીએ બે ટચકા માર્યા; પાછો બોલ્યો;

'હાળું તમાર શેરમાં લ્હેર. મઈનો થ્યો કે કાવડિયાં ગણવાનાં. અઈ તો પેઈની કમઈ નઈ ને ઘડીની નવરાઈ નઈ. પેલા જનમમાં પુણ્ય કરેલાં તે સુખી થઈ જ્યા, ભઈ!'

એનો કર્કશ અવાજ મારા કાનોમાં ઘર સુધી ખખડતો હતો. હું પહેલો કાકાના ઘરમાં પેઠો.

સૂકા પાંદડા જેવી મા મને ભાળીને હાથમાંનું કામ પડતું મેલી સામે આવી ખબર પૂછી પાણી લાવી.

હું માને દર વખતે કહેતો કે ઘેરથી કાગળ આવે ને ફડક પેસે કે કયાંક તારા ઊકલી ગયાના સમાચાર તો નથી આવ્યાને? કાગળ વાંચતાં હાશ થતી.

'એવું બાચીય હું સે, બેટા ડિલ તો ખાહકા જેવું સે. તોય તાંતણો તૂટતો નથ્ય. દોયડી થોડી સે ક તોડી નંખાય? પણ અવ બવ થયું. આ આંશ્યે ઝાઝૂ જોવું નાં પડઅ તો હારું...'

મારી સામે-ગોદડીઓ કરતી, ફાટ્યાં કપડાં સાંધતી, થીંગડાં મારતી ફૂટેલાં વાસણોને ફુદેડના પાનાંથી સાજાં કરતી, અમારી ધીંગા-મસ્તીમાં હાથેપગે થયેલા ને પાકેલા ઘા પર ઘીવાળા તાવેથે પાડનું પાન શેકીને બાંધતી મા તરવરતી હતી. અમને આંખો આવતી તો મા દહીં પાટાના બેડામાં ઘાલીને આંખે બાંધતી. તાવ આવે તો પેટે રાતી માટી પલાળીને બાંધતી, પછી તીખો રોટલો ઘી ગોળ સાથે ખાવા આપતી.

મેં માનો હાથ હાથમાં લીધો. સાવ કરચલિયાળો જર્જરિત. મારી છાતીમાં ડૂમો બાઝ્યો. હું ત્યાંથી ખસી ગયો. ઘરમાં પહોંચ્યો. તો બપોર ઢળ્યો છતાં બાપા સૂતા હતા-જાગતા. મને કે એમને કાંઈ વાત કરવાનું મન ના થયું. નાનાની વહુ કચરો વાળતી હતી. પાટડા પર ટીંગાતી છબીઓ પાછળ ચકલીઓ માળા કરતી એનો કચરો વેરાતો રહેતો. તે કચરો વાળતાં વાળતાં સાવરણીથી માળો વંખેરતી બોલતી હતી : 'આય રાંડ, ઓછી નહીં. એનેય અંઈને અઈ ખોહઈ રે'વું સે. રોજ જીવ ખાય સે.' હું સન્ન થઈ ગયો. મને જોયો ન જોયો કરી એ સાવરણી જોશથી વીંઝવા લાગી.

મને ચકલીનાં બચ્ચાંની ચીં ચીંથી ખિલખિલ થતું ઘર સાંભર્યું. ભત્રીજી પાણીનો કળશ્યો લઈને મલકાતી મલકાતી મારી પાસે આવી. મને કળ વળી. હું આખો કળશ્યો પાણી પી ગયો. એથી ભત્રીજી આભી બની ગઈ. હું હસ્યો. પણ ઘરમાં ગોટાતો અણગમો ઘટ્યો નહીં.

ભેંસ માટે ખાણ પૂરેલું તે ગોરિયામાંથી નીકળતો ધૂમાડો હવે વધીને આખા ઘરમાં ફેલાઈ રહ્યો. મારી આંખો બળવા લાગી. મારાથી હવે ધૂમાડો વેઠાતો નથી. મા પાસે ચાલ્યા જવાનું મન થયું. વાર્યું.

પેશાબ કરવા ઘરના કરામાં ગયો. હોલી માળો કરી ઈંડાં મૂકતી હતી. એ કાળી કંથેરનાં જાળાં ડાળાં કપાઈ ગયેલાં. પેશાબ કરતાં નજર કરા પર પડી. મારામાથી ધ્રુજારી પસાર થઈ ગઈ. ચારપાંચ વરસ પહેલાં કરામાં પડેલી નાની અમથી તિરાડ હવે ખાસી મોટી થઈ ગઈ હતી. એને પુરાવી ના લેવાય? મને વિચાર ઊઠ્યો ને થોરિયાની વાડોમાં પડેલાં મોટાં છીંડાં



જોતાં જોતાં શમી ગયો.

આંગણમાં ગયો. ભાભી ભેંસને કૂંડુ પાતાં પાતાં ભાંડતાં હતાં...'રાંડ, ખઈ ખઈને ફાટી જઈ સે, એંઠવાડ પીતાંય રાણીને ઝટકા વાગઅ સે. ટેમે શેર દૂધ દેવાતું નથી, હવની જેમ બેઠે બેઠે ખાવા પેંધી સે...' મને ભાળીને ભાભીની બોલતી બંધ થઈ ગઈ. હું બુઠ્ઠાબટ લીમડા જોઈને વાઢો તો લોહી ના નીકળે એવો ફિક્કો પડી ગયો. કોઈએ રુદિયામાં બ્લેડથી ચીરો મૂક્યો હોય એમ થયું. ભીતર ચચરી ઊઠ્યું. તાજાં વઢાયેલાં ડાળ પર ખોડાયેલી મારી આંખો ફાટી ગયેલી ભાળીને ખબર પૂછતાં ભાભીએ ખુલાસો કર્યોઃ

'ઘર પર પાંદડાં ખરતાં ને બકા વાળી વાળીને હેરાન થવાતું'તું. બળતણનાં વેખલાં પડતાં, વાકોરણમાં ડાળાં ઘર પડાળ તોડી પાડઅ એવો ભાં પણ ખરો.' મારી અસ્વસ્થતા પામી જતાં એમણે વાતનો વળ બદલ્યો—

'તોય મેં તો તમાર ભૈને ના પાડી'તી. ભૂંડો આંગણાંનાં ઝાડ ના કાપજો. પણ અમારું–બૈરાનું માંનએ કુણ?

બાળપણમાં કુણા હાથે ઊંડા કૂવાનું પાણી સીંચીને અમે બે ભાઈઓએ આ લીમડા ઉછેરેલા. મારાં વીસ વીસ વર્ષો એની છાંયામાં. આગણું ઉજડી ગયું હતું. અંધારું થયું ત્યારે ભાભી મને ઓટલેથી ખાવા તેડી ગયાં. મોટાભાઈ હજી ખેતરેથી આવ્યા ન્હોતા. નાનો ગામમાં ગયો હશે ને બાપને શનિવાર. પહેલીવાર મને એકલો બેસાડીને થાળી પીરસાઈ. જાણે હું કોઈ બીજે ઘેર આવ્યો ના હોઉં! હું ખાઈ ન શક્યો. મારે ગળે કોળિયો કેમેય ઊતરતો ન્હોતો. સમજુ ભાભી એ વરતી જતાં. ન્હાવાને બ્હાર ચાલ્યાં ગયાં સામેની એ ખાલી જગા બાના ગયા પછી ભરાઈ જ નથી, મને થયું. રાતે બે ડાહ્યા આવ્યા. ભાગ પડ્યા;

એક ઘરમાં બે વાસ કરવાના. મોટા'ઈ અને નાનો જુદા રહે–ચૂલા રસોડાં જુદાં. હું તો બહારગામ જુદો જ હતો. ખેતર તરવેડાઈ ગયાં. અનાજપાણી નક્કી થયાં. મને એક ત્રાજવામાં મૂકી બીજા ત્રાજવામાં પૈસા મુકાયા. બાપાએ પૈસાવાળું ત્રાજવું પસંદ કર્યું. ચા મુકાઈ. ફાટવા આવેલા દૂધની ખટાશ મારા મોઢામાં વ્યાપી વળી. મને ઊબકો આવ્યો. મેં ચા ઢોળી દીધી.

રાતભર ઊંઘ ના આવી. ઘર આખું નિરાંતે ઘોરતું હતું. હું પડખાં બદલતો હતો. આંખો મીંચું કે બાનાં ઉદાસ નેણ મને ઠપકો દેતાં ભળાતાં

હતાં.

બીજે દા'ડે જવા નીકળ્યો.

મા પાસે ગયો. મા માટલીને પડેલી તિરાડ સિમેન્ટથી સાંધતી હતી. મારાથી પુછાઈ ગયું; 'મા, પાકા માટલાની તિરાડ આમ તે સંધાતી હશે?'

માએ મારે માથે હાથ મૂક્યો. બોલી : 'હન્ધાય, ના ચ્યમ હન્ધાય બેટા? મથામણ કરીએ, થાચી જઈએ તો સાલે ચ્યમ?' અટકીને મારો જમણો હાથ હાથમાં લઈને મુઠ્ઠી વાળતી પાછી કહેવા લાગી : 'આ મુઠ્ઠી લાખની સે બેટા, એ ખૂલવી નાં જોયે... આ આંશ્યે ચાર ચાર પેઢીના જુવારાં ભાળ્યાં; વેઠવામાં બાચી નથ્ય મેલ્યું. ચ્યારેય મુઠ્ઠી ખુલવા નથ્ય દીધી. ઈયાદ રાખજો બેટા! ઘહઈએ તો ઊજળા થઈએ... બૂહે માર્યાં પાણી અળગાં થતાં નથ્ય....'

એની કૂવા જેવી ઊંડી આંખોમાં નવાણ છલકાયાં. માએ વાળેલી મુઠ્ઠી ખિસ્સામાં સંતાડી હું બસ સ્ટેન્ડે આવ્યો ચોમાસા પહેલાં પરબ ઊઠી ગઈ હતી.

પેલી આંબાની ડાળ—પાંદડાં બકરાં ચરી જવાથી બુઠ્ઠી–ચત્તીપાટ પડી હતી. મેં જોયું તો ગોળમટોળ આંબો ડાળ પડી જવાથી ખંડિત લાગતો હતો અને આખી દિશા વરવી....

❑



# ચાંદરણાં

ઝરમર ઝરમર વરસાદ પડે છે. હું અગાસીમાં ઊભી ઊભી પલળું છું ના, મને હેલીના દિવસો મુદલે ગમતા નથી. ચાંદા-સૂરજ વિના હું રહી શકતી નથી.

મારું અંતર બળે છે. મનમાં ગૂંગળામણ અને અકળામણના તાંતણા ગૂંચવાઈ ગયા છે. રેડિયોમાં વર્ષા ઋતુનાં ગીતો આવે છે.

*રિમઝિમ બરસે બાદરવા*
*મસ્ત હવાયેં આઈ*
*પિયા ઘર આ જા...*
*આ જા પિયા ઘર આ જા...*

ચારે તરફ કાદવ છે. ધરતી ખદખદી ગઈ છે, જીવતા થઈ ઊઠેલા જખમ જેવી, ચીતરી ચડે કચરપચર. વખત વાસી ખાધાના ઉબકા જેવો.

ના. હું વાટ જોતી નથી. પણ હમણાં મહેશ આવશે. ખાધું ન ખાધું કરી પોતાનાં બાકી કામોમાં પરોવાઈ જશે જાણે! ઘરમાં હું કોઈ વસ્તુથી વધારે છું જ નહીં, મારી આસપાસનું આ ઝાંખું અજવાળું ધીમે ધીમે અંધારામાં બદલાઈ જશે.

રોજ હું જોઉં છું-ઘટ્ટ અંધારું. જડબેસલાક. હું ચસકી શકતી નથી.

પથારીના સામે છેડે કોઈ સાગરનો બીજો કિનારો હોય એમ મહેશ સૂતો હોય છે. ત્યારે પેલો નિકેત મારી આંખોમાં, અંદર છાતીમાં, બહાર, પણે બધે હજીય હાથ ફેલાવીને ઊભો છે. એના ભરચક્ક હાથ, ઈન્કારેલા. એના ખાલીખમ હાથ, ઉપેક્ષેલા. હું કદી હાથ લંબાવી શકી નહોતી. કેવી ક્રૂરતા!

કોકના હૈયા સુધી પહોંચવું કેટલું બધું અઘરું હોય છે.

હું હોઠે આવી આવીને ઑલવાઈ જતી હતી.

ત્યારે તો હું ચાંદરણાં જોડે રમ્યા કરતી. બંગડી જેવાં ચાંદરણાં. ખારી કૂઈના અમારા નળિયાવાળા ઘરમાં સોનાની ભૂંગળીઓ ઊતરતી. અંદરના ઓરડામાં ભરબપોરે પથારીમાં ચાંદરણાં ભેળી હું સૂઈ રહેતી. ચાંદરણાંને હથેળીમાં ઝીલતી હથેળીઓની રાતી રાતી ભોંય મને વહાલી લાગતી. ચાંદરણાંનો ઉષ્માળુ સ્પર્શ ક્યારે ગમવા લાગ્યો એની તો યાદ નથી. પણ એ પછી હું ચાંદરણાંને માથેથી પગ સુધી રમાડ્યા કરતી. નવરી પડું કે અંદરનો ઓરડો વાસી દઈને શરીર પર ચાંદરણાં ચલાવી ચલાવીને હરખાયા કરતી. કેટલાં બધાં ચાંદરણાં પાછાં!

કોઈ કપાળે બિન્દીની જેમ ચોંટી પડે. એનો સ્પર્શ કંકુ જેવો લીસો લાગે. પગને અંગૂઠે કોઈ ઝીણુંક ચાદરણું ચડે પછી એનો તાપ ધીમેથી પગમાં ફેલાતો લાગે. ક્યારેક કીડીઓ ચાલતી અનુભવાય. તો ક્યારેક વીછીંના ડંખ જેવી બળતરા છેક સાથળનાં મૂળ લગી પહોંચી જતી.

વયમાં આવ્યાનું ભાન પણ આમ જ થયેલું.

ઓરડામાં પડતાં ચાંદરણાંનાં જોડકાંને હું મારી છાતી પર ઝીલી રાખતી. કંચૂકી ખોલીને, હમણાં ઊપસી આવલી છાતીને એ ઓઢાડવાનું મન થતું. ત્યારે ત્રીજું ચાંદરણું મારા બે હોઠ ઉપર આવીને ઠરેલું ભાળતી. કશીક ઊની વસ્તુ ચાખ્યાનો ભાવ મને ચમકાવી મૂકતો ગાલ પરનાં ચાંદરણાં સૂરજની ટપલીઓ જેવાં!

પાંપણો પર ઊનાભીના વહાલ જેવાં ચાદરણાં. પેટ પર, નાભિમાં ચાંદરણું ઝીલું ને ગલીપચી થતી. મારું આખું શરીર રોમાંચિત થઈ ઊઠતું.

ચાંદરણાં જોડે રમતી ભાળીને કાંતિકાકાએ મને ટોકેલી :

'અનીતા, તું હવે કાંઈ નાનીકીકલી નથી તે આમ ચાંદરણાં હાર્યે રમ્યા કરે.' હમેશની જેમ કાકા પર ચીડ થવાને બદલે મને પહેલીવાર શરમ આવેલી.

હું ઘૂઘરિયાળાં ઝાંઝર પહેરીને ઘરમાં ઝનઝન છમછમ ફર્યા કરતી તો પપ્પા ટોકવા લાગેલા. પછી એમણે મારે વાસ્તે ઘૂઘરી વગરના છડા કરાવી દીધેલા.

હાથ ચોખ્ખો ના હોય ત્યારે ઘરમાં કાંઈ કામ કરવાનું ના હોય એટલે હું ઓરડામાં પહોંચી જતી. કમાડ આઘું કરીને કપાળે, ગાલે, ઓઠે, છાતીએ હું ચાંદરણાં ઝીલ્યા કરતી. મારું આખું શરીર ચાંદરણાં માટે તલપાપડ થઈ ઊઠતું. બીજી ક્ષણે મારી કાયા કોઈ મસમોટા ચાંદરણાં જેવી ઝળીહળી રહેતી. એની બળતરા પણ વહાલી લાગતી. મારી અંદર કૂણો કૂણો સૂરજ ફરતો હોય એવું થતું.

નિકેત મને ટીકીટીકીને જુએ છે એવો પહેલી વાર ખ્યાલ આવ્યો તે દિવસે આખ્ખા ડિલે બધાં ચાંદરણાં જીવતાં થઈ ચચરી ઊઠેલાં. બાએ કહેલું કે ડિલે શીળો નીકળ્યો છે. શીતળા માતાની બાધા રાખવી પડશે. ટાઢું ખાવાનું, અડાયાં છાણાની રાખ ડિલે ચોપડવાની. એ ચચરાટ આજે પાછો જાગી ઊઠ્યો છે. ઝરમર વરસાદ એની બળતરાને ઠારી શકે એમ નથી.

ઘણુંખરું હું પોરસર મામાને ત્યાં રહેતી. સાકરબા વિના મને ઘડીએ ના ચાલે. દીપુમામાની ધાક ભારે. ચાંદની રાતમાં ખડકી વચ્ચે છોકરાઓ ભેળી હું તડકી-છાંયડી રમવા જાઉં તો એ બોલાવી લેતા. પછી હું બાના પડખામાં સૂઈ જતી. ત્યાં પતરાના કાણાંમાંથી ચાંદરણું આવીને મારે ગાલે ટપલી મારતું. એક રાતે જોઉં છું તો કબૂતરના ઈંડા જેવું લંબગોળ ચાંદરણું મારી નાભિમાં રમે. ધીમે ધીમે એ ત્રિભેટો વટાવીને નીચે ને નીચે ઊતરી પડેલું. આજેય એની ભીનાશ તલભાર ઘટી નથી. શીળું ચાંદરણું અકબંધ જ્યોત જેવું બળ્યા કરે છે. નિકેત સાંભરે કે એ શીતળતામાં ભડકો મૂકાઈ જાય છે.

નાનાં અમથાં ચાંદરણાં માટે લંબાવેલા હાથ મને ઘેરો ઘાલે છે. એની ભાવાર્દ્રતા ભૂલી ભુલાતી નથી.

મારો જીદ્દી સ્વભાવ. હઠીલો. મેં તોછડાશથી તરછોડી કાઢેલા એના હાથ? પગની પાની પરનું ચાંદરણું પણ મેં એને નહીં આપેલું. ચારેતરફ એના ખાલીખમ હાથ?! મારી ચોફેર હાથલિયા થોરની વાડ કોણે કરી છે?

મને ઘણી મોડી ખબર પડેલી કે નિકેતને મારાં ચાંદરણાં જોઈએ છે. એને માટે હોવાના પર્યાયની જેમ એ અનિવાર્ય હતાં. હું સાવ હઠીલી તે આમ થાય ને તેમ ના થાયનાં મારાં કોષ્ટકોમાંથી બહાર ના નીકળેલી. મારી દ્વિધાઓ, કશોક અકળ ભય, હું અજવાળાં ઝંખતી હતી છતાં દીવાસળી સળગાવતાં અટકી જતી હતી. હું મારાં ચાંદરણાં પંપાળતી રહેલી. રુંધામણો ઓળંગી જવાનું મારાથી ના બન્યું તે ના બન્યું. હું કઠોરની કઠોર બની રહેલી. જતી અને વળતી કરવત મને વહેરતી હતી.

ચાંદરણાં સોનેરી ચાંદરણાં

ચાંદરણાં રૂપેરી ચાંદરણાં

સોનાની માટીમાં ચાંદીના ચાંદરણાં હું ધરબતી રહેતી.

પહેલી વાર કોઈ વેલને બેસુમાર કળીઓ બેસે એનાં ફૂલો ઊઘડવાનાં હોય ત્યારે કોઈ જેવી કાળજી લે એવી નિકેત મારી કાળજી રાખતો હતો. એ મને જોતો કે એની બળબળતી આંખોમાં કેટકેટલા સૂરજગોળાઓ ઘાસમાં ઝાકળ સરખા તરવરવા લાગતા.

મારાં બધાં ચાંદરણાં વલખતાં. હું પાળ સુધી આવતી ને અટકી જતી. આંધી ઊઠતી, હું એને વિખેરી નાખતી.

કલાકો સુધી હું એની સામે બેસી રહેતી, ચાંદરણાં લઈને. મારી અવાચક ભૂમિમાં એના શબ્દો ચાંદરણાં જેવા સર્યા કરતા. એના રાગની આગ, આંચ અને ઉષ્મા-બેઉનો મને અનુભવ કરાવતી. સૂરજનું ચાંદરણું ચાખતાં ચાખતાં એ ચાંદીનું થઈ જતું ને ચન્દ્રનું ચાંદરણું અચાનક સોનાનું.

ઘણા મૂરતિયાઓએ એંશીથી સો તોલા સોનું માગેલું. મહેશે પચાસ તોલા. બાપુજી મને પરણાવવા સમ્મત થયેલા. મારી પાસે સોના-ચાંદીના તોળ્યાં તોળાય નહીં એટલાં ચાંદરણા હતાં. તોય હું સાવ ચૂપ થઈ ગયેલી. નિકેતને મારી આ ચૂપકીદી કદી ગમી નથી. 'સમય પર બોલે ના એ કેળવણીને નિકેત વાંઝણી કહેતો.'

*ઘર આ જા, ગિર આયે બદરા, સાંવરિયા...*

હવાની લ્હેરખીઓમાં અવાજ લહેરાય છે, મારું કાળજું વેરાય છે. હું આવા વાતાવરણને જીરવી શકતી નથી. પેલાં દૂરનાં પલળી ગયેલાં વૃક્ષો વધારે ઠાવકાં લાગે છે પોતાનાંમાં ઊંડે ઊતરી ગયેલા મહેશ જેવાં. એ



વૃક્ષોમાં તડકીલા દિવસો હોય ત્યારે, ચાંદરણાં વીણ્યા કરતો નિકેત મને દેખાયા કરતો હતો. ક્યારેક ચાંદરણાની તરસથી તાકી રહેલો-એકાકી, અટૂલો, નિર્જન આ ભીનાં અજવાળાં ફૂગ જેવાં સોઢાયા કરે છે. મહેશને આવા દિવસો બહુ ગમે એ ઘણી વાર ગાયા કરે છે–

*'બાદલ ગિર ગિર આયે, પાપી પપીહરા ગાયે.*

*કૈસે બસમેં રહે મેરી જાન રે...'*

મને અણગમો થાય છે, ને પામી શકાય એવી ઘૂંટન પણ. મને સૂરજ જોઈએ. ચાંદો જોઈએ. નોખું નરવું આકાશ જોઈએ નિકેતની લાગણી જેવું.

'આપણામાં સચ્ચાઈ અને લાગણી બેઉ હોય તો એનીય કિંમત ચૂકવવી પડે છે. સંવેદનશીલતા કેવડો મોટો શાપ બની બેસતી હોય છે...' ત્યારે ન સમજાયેલી નિકેતની આ વાત આજે બરોબર સમજાય છે, એક અવતાર રાહ જોવાની એની સમજણ પણ.

કાલે મેં મહેશને હિંમત કરીને પહેલી વાર પૂછેલું :

'તને ચાંદરણાં નહોતાં ગમતાં?'

મારી છાતી ધકધક થતી હતી. જાણે નિકેત છેક પાસે ના આવી ગયો હોય! પણ પડખું બદલીએ એમ અવતાર થોડો બદલાય છે?

મેં મહેશનું ઘર રંગબેરંગી ચાંદરણાંથી શણગારી દીધેલું ટોડલે, દ્વારસાખે, તોરણે, કબાટે, ભીંતે, ટેબલે, ખુરશીએ, પાણિયારીએ, વાસણે, વળગણીએ, પલંગે, પથારીએ, મેં બધે જ ચાંદરણાં પાથરી દીધેલાં-ઝાકમ ઝોળ કેટલા ઉત્સાહથી હું આવેલી ચાંદરણાં લઈને અકબંધ આખેઆખી વણબોટી...

મહેશને હું જ પ્રથમ પહેલું ચાંદરણું ચખાડીશ. એ ચાખશે... ને થઈ જશે ચાંદરણું. ભળી જશે મારાં ચાંદરણાંમાં... હું હરખઘેલી હતી... પણ મહેશ મારી મજાક કરતો હોય એમ ખડખડાટ હસીને બોલેલો : 'અનુ, હજી તારું બાળપણ ન ગયું. છોડ એ ચાંદરણાં ફાંદરણાંનું ગાંડપણ...' પછી એ ક્યાંય નહોતો. મારી અંદર બહાર નિકેતનો તરફડાટ હું નહોતી સહી શકતી. મારી કઠોરતા મને પીડતી હતી. 'પાકાં અને મલ્ટી સ્ટોરી બિલ્ડિંગોમાં ચાંદરણાં ના હોય, અનીતાબાઈ!' મારી માંહ્યથી પડઘા પડતા હતા કે પછી મહેશ ખડખડાટ હસતો હતો? ખબર નથી મને ક્યારે કળ વળી હશે.

નિકેત મારે પગલે પગલે ચાંદરણાં વીણતો ગિરનાર ચઢતો હતો. મારી પગલીઓમાં પગ મૂકતો, ચાંદરણાનો સુંવાળો સ્પર્શ અનુભવતો. મારા ગામની ભાગોળે મારી પગલી સાથે ધૂળમાં ચંપાયેલું ચાંદરણું એણે મારી પાસે મંગાવેલું. એ મેં કશીય આનાકાની વિના એને આણી આપેલું. એની પાસે એ ચાંદરણું આજે પણ અકબંધ હશે ને?

*ચાંદરણાં ચંપાવરણાં*

*ચાંદરણાં જાંબુંવરણાં.*

*લીલાં તથા પીળાં ચાંદરણાં...*

નિકેતે લીમડાના ઝાડ નીચે ચિત્ર-વિચિત્ર આકારોમાં નાનાં-મોટાં કેટલાંય ચાંદરણાં જોયેલાં, ઝીલેલાં. એ ચાંદરણાં રમતાં રમતાં મોટો થયેલો. પાન ખરી જતાં ત્યારે આખો છાંયો ઝાંખાપાંખા અને મસમોટા ચાંદરણાં જેવો લાગતો. રાતે એમાં ચંદ્ર ઊતરતો. ઘડી વાર લાગતું કે આખી પૃથ્વી જ કોઈ નાનશાક ચાંદરણાં જેવી થઈ ગઈ છે. મારા કપાળની ટીલડી જોઈ લ્યો.

પછી તો એ લીમડો કપાઈ ગયેલો.

તોય નિકેતની આસપાસ કોઈ કોઈ પતંગિયા જેવું ચાંદરણું ઊડી આવતું તો હું અકળાઈ જતી. મારે રોમેરોમે ચાંદરણાં મ્હોં ખોલતાં.

એ મારી ખિદમત કર્યા કરતો.

ટોપલો વાસણ તથા ઢગલો કપડાંમાં બધાં મને ખોસી રાખતાં. મારાં બધાં ચાંદરણાં ભીંજાઈ ગયેલા કાગળ જેવાં થઈ જતાં. નિકેત એ બધાંને હારબદ્ધ ગોઠવીને સૂકવી આપતો. એ પોતે પણ સુકાઈને કોરાકડાક કાગળ જેવો થઈ જતો.

મારી બેદરકારી ના સહેવાતાં મને કહેતો :

'અનુ, જાત વિશે આટલું અભિમાન સારું નહીં,' પાછી આમ તો મને મારી ઓળખાણ એણે જ કરાવેલી.

મને મળીનેય હું મને સાચવી ના શકી.

મારે હાથે સોનાનાં, પગે રૂપાચાંદીનાં ચાંદરણાં.

મારે ગળે નાકે કાને કપાળે રત્નજડિત ચાંદરણાં.



મારી આંગળિયે, ટેરવે આંખોમાં છાતીમાં નાભિએ પાનીએ ચાંદરણાં. નિકેતથી છુપાવી રાખેલાં, સાચવેલાં એના સ્પર્શથી અળગાં રાખીને. એને તરસાવી તડપાવીનેય નહીં આપેલાં ચાંદરણાં—

બધાં જ પાકી ગયાં છે, ફોલ્લાઓ જેવાં. પરુ ભરાયું છે એમાં. કેટલાંક ચાંદીઓ જેવાં, કેટલાંક લંબગોળ જખમ થઈ ઝમ્યા કરતાં, કોઈ દૂઝતાં ચકામાં–કોઈ ચપટાં નકામાં. ફદફદી ગયાં છે આ એકધારી હેલીમાં. મહેશ એની દવા કરે છે ને દવ ઊપડે છે, દઝાવાય છે દશે દિશાઓથી.

ઝરમર ઝરમર વરસાદ પડે છે.

ચાંદા-સૂરજ કોહી ગયા હોય એવી ગંધાતી વાસ મારામાંથી આવે છે. એને હું સહી શકતી નથી કે કોઈને કહી શકતી પણ નથી...

❑

# ટપુ ક્યાં છે?

વરસાદ ઊંચી આંખ કરતો નથી. અઠવાડિયાથી ગોરંભો ઘાલેલો, ગઈકાલથી એમાં ગાંડોતૂર પવન ઉમેરાયો છે. હું ગેલેરીમાં બેઠી બેઠી જોયા કરું છું.

અમારા બંગલાના કમ્પાઉન્ડની છેડેની ઓરડીને બારણે કામવાળી બાઈ પાંદડી ચિંતાતુર ચ્હેરે એના પતિની રાહ જુવે છે. રસ્તા પર ગરમાળાની ઘટા નીચે કોઈ યુગલ અડોઅડ ઊભું છે. વરસાદે એમને કેટલાં નિકટ લાવી દીધાં છે! મારી ચારે બાજુ નરી મોકળાશ છે કે પછી એકલતા? હું નક્કી કરી શકતી નથી.

મહેલ જેવા આ મકાનની અગાસીએથી પાણીના દદુડાઓ રમઝટ બોલાવી રહ્યા છે. ગામડે, બાળપણમાં નેવાં નીચે હું નાહતી હતી એ સાંભરે છે. ઘણીવાર ધોધમાર વરસાદમાં દાદાના આંબા નીચે ઊભી ઊભી વરસાદને ઝીલ્યા કરતી. સાકરબા બૂમો પાડી પાડીને થાકી જતાં

'ટપુ, શરદી લાગી જશે. ટપુ તાવ આવી જશે; ઘરમાં આવી જા. વાળ કોરા કરી લ્યે જોઉં...'

પણ હું બાને ગાંઠતી નહીં. અનુમામા પણ મને સાથ આપતા.

પવનના સૂસવાટાઓ સાથે પાણીની ફરફર દોટ મૂકે છે... એમાં ઘોડાની તેજ ગતિ છે, છતાં લોહી હવે ફેણ માંડીને બેઠાં થઈ જતાં નથી... અહીં



બેઠી છું તે ય જાણે કોઈ રમકડાંને બેસી રહેવાની ચાવી આપી રાખી ના હોય! સાચું કહું તો આ વરસાદ જોવાનો પણ કંટાળો આવે છે. પલળવાની પ્રબળ ઇચ્છાઓ ક્યાં ગઈ? ક્યાં ગઈ પેલી પતંગિયા જેવું ઊડાઊડ કરતી છોકરી? ને વાડાનો આંબો–

સાકરબા કહેતાં કે મારા જન્મના દિવસે ધોધમાર વરસાદ પછીનો ઉઘાડ નીકળેલો. દાદાએ એ દિવસે ઘરના વાડામાં આંબો વાવેલો; લાડવો આંબો. હું મોસાળમાં જનમી, ઉછરી, ભણીને મોટી થઈ હતી. મમ્મી-પપ્પા તો નોકરી ધંધા માટે ભેસ્તાન રહેતાં. મારે મન મોસાળ વતન હતું; દાદા-સાકરબા સર્વસ્વ.

આંબાની કાચી કૂંણી કૂપળો જોઈ રહેવાનું મને ગમતું, હું હાથમાં લીલાપીળા રૂમાલ અને માથે જાંબલી કે રાતી રીબીનો ફરકાવતી ઊભા ઘરમાં દોડાદાડી કર્યા કરતી. મને કોઈ જરાય રોકતું તો માઠું લાગી જતું.

પાંદડીનો પતિ ઘેર આવી ગયો છે. એ બેઉં ચા પીતાં પીતાં વાતે વળગ્યાં છે. એનો જીવ કેવો ઠર્યો છે! પેલા ગરમાળા નીચેનું યુગલ ઓગળી ગયું છે જાણે! પાછો વરસાદ વધ્યો છે. આભ કોની યાદમાં અનરાધાર વરસે છે? મારા જેવા સૂમસામ રસ્તાઓ... અનુમામા ને મૂકેશ શું કરતાં હશે? ત્યાંય વરસાદ હશે? એ ય મારી જેમ સૂમસામ હશે? ના. ના.

મારા વર હેમંત જો આ ક્ષણે આવી જાય તો મને ઘરમાં બોલાવી લ્યે– 'અંકી, અંદર આવી જા જોઉં. ક્યાંક પવન લાગી જશે તો પાછાં દવાખાનાં કોણ કરશે!' હેમંત એકાઉન્ટમાં પાવરધા છે. હું એમને સાથે પલળવાનું કેવી રીતે કહી શકવાની હતી? ના મને એવો મૂડ પણ ક્યાં છે?

મારું નામ અંકીતા. ટપુ તો મારું ઘરનું લાડકું નામ. અનુમામા તો મને 'ટપુડી' જ કહેતા. ખબર નહીં મારું ટપુ નામ કોણે પાડ્યું હશે. ગામમાં દરબારની પાણીદાર ઘોડીનું નામ પણ ટપુ છે એમ મેં જાણ્યું ત્યારે મને મનોમન માઠું લાગેલું હું રીતસર રિસાયેલી. આખો દિવસ ખાધું નહોતું. પછી સાંજે ભૂખની મારી સાકરબાના ખોળામાં ડૂસકે ચઢેલી. બાએ કહેલું: 'ગાંડી, ખૂબ વ્હાલું હોય એને ટપુ કહેવાય. જેના આવવાથી ઘરનું સારું થાય એને ટપુ કહેવાય સમજી?' પછી તો દરબારની ઘોડી મને શમણામાં

આવતી. માથે ફૂટડા દરબાર બેઠા હોય ને હણહણતી ટપુ પાણીવેગે દોડતી હોય.

હેમંતનાં બા બાપુજી ખુશ હતાં. આ ઘરમાં મારા આવ્યા પછી વેપારધંધો વધ્યો હતો, હેમંત પણ એમાં ખૂંપી ગયેલો. નોકરો ઘરમાં મને 'નાનાં શેઠાણી' કહેતા, ખબર નહીં કેમ મને કશો ઉમળકો જ થતો નહીં. પરણીને આવ્યા પછીના નવા નવા દહાડાઓમાં પણ હું વ્હેલી વ્હેલી ઊંઘી જતી. હેમંતને આવતાં વાર થાય તો એની રાહ જોતી ન્હોતી. આંખો મીંચાતીને શમણાં ભળાતાં–

હું મૂકેશને મળવા વલખતી. આખા દિવસની દડમજલને અંતે થાકી જતી. લોકો સાવ અજાણ્યાં લાગતાં. ગામ જૂનાં ને ખંડેર નદીની સામે બાજુ કોક યુવક હોય એ મૂકેશ હોય ને મને બોલાવતો હોય. હું હોડીમાં બેસીને સામે કાંઠે પહોંચું ત્યારે ત્યાં મૂકેશ નહીં... હેમંત મને જગાડતો હોય.

મને કોઈ વાતની કમી નથી. ને આમ જુઓ તો શું છે મારી પાસે? ક્યાં છે કૂંપળો, ફૂલો? વેડાઈ ગયેલાં વૃક્ષો પણ વરસાદમાં પલળીને કોમળ બને છે... પણ હું–

અનુમામા મારાથી ચારેક વરસે મોટા. તો ય અમારી દોસ્તારી પાકી. સાથે પકડદાવ રમીએ. ઝઘડીએ. આંબલીએ ચડીએ. કાતરા તોડીએ કિટ્ટા કરીએ ને સાંજે પાછા એક જ થાળીમાં જમીએ. અણસમજમાં અમે વરવધૂ થઈને ઘર ઘર રમેલાં. સાકરબા અનુમામાને મારી સાથે આમ હરતાં ફરતાં જુવે એટલે ધમકાવી કાઢતાં–'છોકરો થઈને સમજતો નથી? ભાણી જોડે કેમ વર્તાય એનો તો વિવેક રાખ જરા...' પછી તો અનુમામા એકલા એકલા મહાદેવને ઓટલે જઈને બેસી જતા. હું સૂનમૂન થઈ જતી. મારી આંખો દદડી પડતી. એ ન આવે ત્યાં લગી હું ખાતી નહીં. હું બહારગામ જતી તો એમનો ઉદાસ ચ્હેરો અને આંખો મને ઘેર ખેંચી લાવતાં. એ ઓટલે મારી રાહ જોતા હોય ઘણીવાર તો ભાગોળે મળે, પાછું ત્યાંથી લડવાનું શરૂ થાય ને રસોડે જતાં સુલેહ.

દાદાની કાળજીથી આંબો મોટો થતો હતો. એને પ્હેલવારકો મ્હોર આવ્યો ત્યારે દાદા કેટલા ખુશખુશાલ હતા. મારે માથે હાથ પસવારતાં પસવારતાં એ નાની નાની કેરીઓ જોઈ રહેતા. હું મોટી થઈ ગઈ હતી, બીજે વરસે દાદા ગુજરી ગયેલા. સાકરબા મને બાઝીને ખૂબ રોઈ પડેલાં.



પછી ઘરમાં મારી જવાબદારી વધી પડેલી. બાને સાચવવાનાં. મોટામામાએ લેમૂકનો હિસાબ ને તિજોરીની ચાવીઓ મને આપેલી, આથી મામીનો તોબરો ચડી ગયેલો. તબિયતને બ્હાને એ સૂઈ રહેતાં. મારે રસોઈ ઉપરાંત ગાયો દોહવી પડતી. મામીનાં છોકરાં અવેરવાનાં ને મ્હેણાં ખાવાનાં. હું ઝઘડાની લ્હાયે મામાથી બધું છૂપાવતી. આમાં મારું લેખન વાચન અટવાઈ જતું.

આ બધાંની વચ્ચે, તો ય હું તો બિન્ધાસ્ત રહેતી. આંબે ચડી કેરીઓ તોડતી. અનુમામાને પજવતી. ભાગોળે દોડતી. મહાદેવ ચોકમાં કૂકા રમવા જતી. એકવાર મારા ક્લાસમાં ભણતો રઘુ મને ટીકી ટીકીને જોતો હતો. હું તો ગઈ એની પાસે. એનો કાન આમળીને, ધબ્બો મારીને મેં પૂછેલું:

'કેમ, રઘલા! મારામાં મોર ટાંક્યા છે તે આમ તાકી રહે છે?' એ શરમથી રાતોચોળ થઈ ગયેલો. બીજી પળે હું ય લજવાઈ ગયેલી. બીજે દિવસે રઘુ મને છાનોછૂપો જોતો હતો. હું નીચું જોઈને એ નોંધતી હતી. મને એ ગમતું હતું. રઘુ પહેલા નંબરે પાસ થતો હતો.

આ દિવસોમાં આંબાને કેરીઓ બેસે એમ મારી છાતી આંધરતી હતી. મને હું દર્પણમાં તાકી રહેતી. મારા લાંબા કાળા વાળ ધોઈને હું ખુલ્લા કોરા રાખતી. ઘણીવાર બે ચોટલાવાળી રીબીનના ફુગ્ગાઓ બનાવતી. અંબોડો વાળતાં લાજ આવતી પણ સાડી પહેરવાનું મન થતું. ઘૂઘરીવાળાં ઝાંઝર લીબુંમીઠાના પાણીમાં આંતરે માસે ધોઈને હું ખડકીમાં છમછમ ફર્યા કરતી. હૃદયના ધબકારા સાંભળતી. લાલલીલી, કાચની બંગડીઓ હું બદલ્યા કરતી. મને રઘુની જોડાજોડ બેસવાનું મન થતું...

બાએ ગંભીર થઈને પેલ્લીવાર કહેલું તે કાળજે કોરાઈ ગયું હતું :

'ટપુ બેટા હવે તું મોટી થઈ કહેવાય!'

'હા, તે શું કરવાનું છે મારે?'

'જો બેટા, તારાથી હવે છોકરાઓ હાર્યે તોફાન ના કરાય.'

'તે ભણવાની વાતો ય ના થાય?'

'એ તો થાય, પણ સાચવીને. વેળાકવેળા વ્હેલા ઘેર આવી જવાનું. આ ઉંમરે તો પુરુષનો પડછાયો પણ વટલાવી દે.'

એ દિવસોમાં આંબાની ડાળે ડાળે મૉર લચી પડેલો હતો. થોડા

દિવસેમાં તો કેરીઓ બેસી ગયેલી. પછીના માસોમાં હું મારી છાતીને જોયા કરતી. હું બાથરૂમમાં ન્હાતી હોઉં ત્યારે જાળિયામાંથી અનુમામા મને છાનાછૂપા જોઈ લેતા હતા. હવે મને એમની થાળીમાં ખાતાં સંકોચ થતો. આખો દહાડો મને રઘુનો ચ્હેરો દેખાતો. એની નોટચોપડી માગતાં મને શરમ આવવા લાગેલી.

આંબો ધમ્મરઘટ્ટ થતો હતો. વરસોવરસ એ કૂણીમાખણ કૂંપળોથી લચી પડતો હતો. મારી અંદર ઝરણાં ચઢઉતર કરતાં સંભળાતાં હતાં. મેટ્રિક થઈને રઘુ શહેરમાં ભણવા ગયો એમ જાણ્યું ત્યારે હું ખાતાં ખાતાં રડી પડેલી. અનુમામાએ મને બાથમાં લઈને છાની રાખેલી. મને પેલ્લીવાર એવું થયેલું કે એ મને પસવારતા રહે... બસ! પણ બીજી પળે જ હું આઘી–અળગી થઈ ગયેલી. અનુમામા થોડા ઝંખવાઈ ગયેલા.

આ દિવસોમાં ખડકીમાં એક કારમી ઘટના બનેલી. એક રાતે, સામે ઘેર આવેલી નવી વહુ સળગી ગયેલી. એનો બળેલો દેહ ભાળીને હું ધરુજી ગયેલી. એ દશ્ય આજે ય ભૂલાતું નથી. સ્ત્રીઓ છાનીછૂપી વાતો કરતી હતી કે એને દહેજ માટે બધાં યે મળીને કેરોસીન છાંટીને સળગાવી મૂકી હતી. જીવનમાં ડરનો એ મારો પ્રથમ અનુભવ. મને સ્ત્રી હોવાની પીડાનો ખ્યાલ હવે આવતો હતો.

બાજુની શહેરની કૉલેજમાં મારો અભ્યાસ ચાલતો હતો. અનુમામાનો દોસ્તદાર મૂકેશ મોટા શહેરમાં ભણીને પાછો આવ્યો હતો. એક દિવસ એ મને જોતાંવેંત અટકીને ઊભો રહી ગયેલો. મારું હૃદય બે પળ ધબકારા ચૂકી ગયેલું. પછી તો મૂકેશ મારી કાળજી લેતો. અનુમામા કેળના છોડની લે એવી કાળજી. મૂકેશની આંખોમાં રઘુની આંખો હતી. એમાં જે ભાવ હતો એને તરસ કહેવાય એવું હું સમજતી થયેલી. મૂકેશ મને ચોપડીઓ, નોટો, ડાયરી લાવી દેતો. બધું સમજાવતો. હું વાંચતી હોઉં, અનુમામા ખેતરે ગયા હોય તો ય મૂકેશ મેડીએ આવતો. મારી સામે કલાકો બેસી રહેતો. વચ્ચે વચ્ચે સાકરબા આંટો મારી જતાં. મૂકેશ મારી પેટની પીડા માટે દવા લેવા, દવા બદલવા અને સાકરબાની ભૂતપ્રેત તથા દોરાધાગાની વાતમાં ના આવવા સમજાવતો. એ મારે માટે ઉત્સુક હતો. કોણ હતો એ મારો? હું એની શું હતી? હજી યે હું મને પૂછું છું : ‘ગયા જનમનું લેણદેણ હતો એ? કદાચ.હા.



એક પછી એક, મારી બહેનપણીઓનાં લગ્ન થવા માંડેલાં. સંગીતા પરણીને યુ.એસ.એ. જતી રહી. શોભા યુ.કે. અને હેમલતા મુંબઈમાં સેટ થઈ ગઈ. મામાનો આગ્રહ હતો કે હું પરદેશ જાઉં. જેથી હું પછી એમનાં સંતાનોને વારાફરતે બોલાવી શકું. બાને સમાજમાં વટ પાડવો હતો : ‘અમારી દીકરી ય પરદેશ છે.’ પરદેશ માટે ને પૈસા માટે પાગલ થયેલાઓનો અમારો મુલક. મારી ચપટીકે ઇચ્છા ન્હોતી. પરદેશ કરતાં મને ગામની ખેતી ગમતી. પણ હું કહું કોને? પપ્પા તો મામા પર નિર્ભર હતા. હું એકલી પડતી જતી હતી...

છોકરાઓ જોવા આવતા. હું ફફડી ઊઠતી. અનુમામા મને ટાપટીપ શીખવતા. કારતકમાં ગ્રીનકાર્ડ વાળાઓનાં ધાડાં અમારા મલકમાં ઊતરી આવતાં. માગસર, મહા, વૈશાખ સુધી હું શણગારો કર્યા કરતી. આંબા ઉપર હવે આંતરે વરસે કેરીઓ આવતી હતી. મોટેભાગે અડધી ડાળો ફળતી, ને તે ય હવે મ્હોરથી છલકાઈ જતી નહોતી. હું આંબા નીચે ઉદાસ ઉદાસ બેસી રહેતી.

ઝાંઝરને સ્થાને હવે મૂંગામસ છડા મારે પ્હેરવા પડતા. નાક ગળા કાનમાં છાશવારે સોનું પહેરવાનું ને પાછું ઉતારી મૂકવાનું. હવે હાથે કાચની બંગડીઓ નહીં પણ ફૅશનવાળા પાટલા ને ઘડિયાળ! ક્યારેક તો સાવ અડવા હાથ. સાબુ વગર ન્હાનારી છોકરી માટે ઘરમાં જાતભાતના સાબુ આવી ગયા હતા. પફપાઉડર, આઈબ્રો, નેઈલ પૉલિશ, કાજળ, લિપસ્ટિક, જાતભાતની હેરપીન, સાડીપીન, બિન્દીઓ, સેન્ટ... કબાટનું ખાનું છલકાઈ ગયું હતું. બધાં ‘અંકિતા’ ‘અંકિતા’ કહીને બોલાવતાં હતાં. પણ મૂકેશ મને ટપુ કહેતો ને એ સાંભળવા હું તલસ્યા કરતી. સાજસજવાના મને ઉબકા આવતા. હું પગ પછાડી, ખભા ઉલાળીને રોષ કરતી. પણ બાનો ચ્હેરો જોતી ને પાછી પડી જતી...

મૂકેશનો જીવ કપાઈ જતો હતો. પરદેશ જવાની વાતે હું ઘસીને ના પાડી દઉં અને સૌની સામે મક્કમ થાઉં એમ કહેતાં કહેતાં આંખો સજળ થઈ આવેલી. મારા જવાથી એનો કયો આધાર ઝૂંટવાઈ જતો હતો? હું કઠોર છું ને મને એની લાગણીની કશી કદર નથી, હું ક્રૂર છું એવું પણ એ કહી બેસતો હતો. પણ હું મારી જિદ્દે કરીને જ હવે તો પરદેશ જવા માગું છું એવું એણે જાણ્યું ત્યારે એ ભાંગી પડેલો. દિવસો સુધી એ દેખાયો નહોતો.

હું પણ એની પાસે ફરકી શકતી નહોતી. કારણ કે હું એને ચાહવા લાગી હતી, ને મારે એનાથી અળગા રહેવું હતું – આ મારી જિદ્દ મને જ નહોતી સમજાતી. ઘણા દિવસો પછી મૂકેશ આવ્યો ત્યારે સાવ ઉદાસ હતો. કહેતો હતો :

આપણે ત્યાંના છોકરા લાગણી વગરના, જડસુ, અર્ધસંસ્કારી અને ભણવામાં નબળા હોય છે. ગ્રેજ્યુએટ થઈને પાનને ગલ્લે વરસો કાઢે ને પરદેશ જવાની રાહ જુવે. પછી ત્યાં જઈને ગ્રીનકાર્ડ સાથે પરણવા પાછા આવે ત્યારે પોતાની જાતને કોરો ચેક સમજે. એ અડધી યુવાની તો અક્કરમીપણામાં વેડફી ચૂક્યા હોય છે ને બાકીનું અભિમાન આડે —'

મેં એને અટકાવીને કહેલું : 'હું અહીં હોઉં કે બ્હાર, તમને શું આપી શકવાની છું? તમે મને લખેલું એ સાચું છે – હું હૃદય વગરની અને કઠોર છું... એટલે સ્તો હું શિક્ષાને પાત્ર છું. ભલે, પરદેશમાં મારી વલે થાય! બધાં મને ધકેલી દેવા માગે છે પછી હું–' હું રોઈ પડેલી.

'આ લોકોનો ભરોસો શો? એમણે પરદેશમાં ય 'પરાક્રમો' કરેલાં હોય છે. વળી ત્યાં રાતદિવસની જુદાઈ વેઠવાની. વૈતરાં કર્યા વિના તો ત્યાં ય કાંઈ મળતું નથી. હું તારો ભોગ લેવાઈ જાય ને જોતો રહું એ મારી લાચારી–' મૂકેશ પૂંઠ વાળીને ચાલ્યો ગયો હતો.

આઠેક છોકરા જોવા આવી ગયા હતા. બધાને દહેજમાં સોનું ને રૂપિયા જોઈતા હતા. દિનેશ મને ગમેલો. 'ઉજળો હતો, ઊંચો હતો.' એણે મને પસંદ કરેલી. પણ પચાસ તોલા સોનું અને પચાસ હજાર રૂપિયા. ઉપરાંત ત્રીસ માટલી, કલર ટી.વી વગેરે તો ખરાં જ... મેં મામાને કહી દીધેલું– 'મારે બદલે જે સોનાને પસંદ કરતો હોય એને હું શું કરું? સારો હોય તો ય તેલવાળો થયો, જવા દો, દીસતો રયો...' પછી હું ખૂબ રડેલી. મૂકેશ તો કહેતો હતો કે 'છોકરો દેખાવડો હોય પણ સાવ છોકરી જેવો ભૂરિયો ને રૂપાળો હોય એ તે કાંઈ છોકરો કહેવાય? પુરુષ તો ખડતલ હોય ને ખરબચડો પણ–'

પછી દિવસે મારો ખાટલો વાડામાં આંબા નીચે રહેતો. હવે આંબો પાંખો પડતો હતો. એમાં વાંધા ઊગી આવ્યા હતા. એના છાંયડામાં ગાબડાં પડેલાં. મામાએ નીચી ડાળો અટવાતી હોવાથી કપાવી નાખી હતી. હું એના



કર્કશ થડે મારી કૂણી હથેળીઓ ઘસીને છોલતી હતી. એ બળતરા મને ગમતી હતી. મૂકેશને મારી હથેળીઓમાં મેંદી અને આંખોમાં કાજળ જોવાં હતાં, મને ય ઘણું મન હતું, પણ હું અટકી રહેલી. મારા લાંબા રેશમ વાળને વહી જતા જોવાનું મારી જેમ મૂકેશને ય ગમતું હતું. ધીમે ધીમે વાડામાં સૂકારો ફેલાતો હતો : ચાહીને ય હું રડી શકતી નહોતી. સાકરબા અને અનુમામાથી ય જાણે હું અતડી-અળગી થઈ જતી. મારાં આંસુ સુકાવા લાગ્યાં હતાં, ઊંડે ઊંડે હું ય...

અનુમામા મને ઘણા વખતથી વાળ કપાવી નાખવાનું કહેતા હતા. 'પરદેશમાં તો કટવાળ વાળી ને ગોરી મેડમ જેવી છોકરીઓને બધા ગમાડતા હોય છે.' એવું એમનું રટણ હતું. હું કહેતી–'પણ મારે આપઘાત નથી કરવો...' પણ મોટા મામાની આજ્ઞા હું ઉથાપી ના શકી. કોઈ મોટા ઘરનો છોકરો જોવા આવવાનો હતો. અહીંથી જ.

બ્યૂટી પાર્લરમાં જતાં મારા પગ જકડાઈ ગયા હતા. મને કોઈ તાણી જતું હતું; ઘેટું કતલખાને ઘસેડાય એમ. મારા સુંવાળા વાળ પર કાતર ફરી ત્યારે હું અંદરથી તરફડતી હતી. મારા હૈયામાં ચિરાડા પડતા હતા. પણ મારી આંખો કૂકા જેવી જડ કેમ થઈ ગઈ હશે?! કપાતા વાળને હું નિર્જીવ આંખે જોઈ રહેલી. પાર્લરમાંથી નીકળતાં મારા એ વાળ લઈને સંતાડી રાખવાનો સણકો થયેલો. પણ બીજી પળે મારામાં મરણપળનો સન્નાટો વ્યાપી ગયેલો. અઠવાડિયા પછી મૂકેશ મને ભાગોળે મળ્યો તો એકદમ ઓળખી ના શક્યો. કપાયેલા વાળ અને નકલી સેટમાં હું સજ્જ હતી. આંખમાં આછાં કાજળ ને મ્હોં પર સ્મિત હતું. મને મરકતી જોઈને મૂકેશ ગડથોલિયું ખાઈ ગયેલો. જાણે મારામાં કાળજા જેવું કશું હતું જ નહીં! મૂકેશને વાઢો તો લોહી ના નીકળે એવો. મારે એને કહેવું હતું કે હવે હું અહીં જ રહેવાની છું, હેમંતે મને પસંદ કરી લીધી છે. હેમંત ખૂબ પૈસાદાર છે, બંગલો... ગાડીવાળો. પણ હું ગાંડાની જેમ હસતી હતી... મૂકેશને ખ્યાલ આવી ગયો હતો કે હું 'ટપુ' ન્હોતી રહી...

મૂકેશે તો ટપુના લગ્નમાં આવવું હતું. પણ કંકોતરી મળી અંકિતાના લગ્નની!

વરસાદ ધીમો પડ્યો છે. પાંદડી એના પતિને જમાડે છે. હેમંતનું

આવવાનું કદી ય નક્કી નથી હોતું, દૂર રસ્તા પરના દીવાઓ સળગી ઊઠ્યા છે–સ્થિર આગિયા જેવા. આ બંગલાંમાં ધીમે ધીમે સૂનકાર વ્યાપતો જાય છે. રાતની જડતા આગળ વધી રહી છે.

મારા લગ્નને દિવસે મૂકેશ ઘણે દૂર ઊભો હતો. ઉદાસ. વિખરાયેલો. અનુમામા પવનમાં તૂટી પડેલી આંબાની ડાળીઓ મજૂર પાસે ખસેડાવતા હતા. કાર ઉપડી ત્યારે એ બેઉ મારી સન્મુખ આવ્યા નહોતા. રસ્તામાં મને પ્રસંગો ઘેરતા હતા. એકવાર હું મારા બધા ડ્રેસિસ કાઢીને વારાફરતે પ્હેરતી હતી. હું દપર્ણ સામે ઊંભી હતી –

ત્યાં અચાનક અનુમામા આવી ચડેલા. મને, એમણે ઉચમૂચ બાથમાં લઈને ભીંસી દીધી, પછી ચૂમી લીધી ને વાયરાની જેમ પાછા પમ્પવાળે ખેતરે જતા રહેલા. એ આવેગને મેં પરખ્યો હતો. પણ મારામાં એ ઘડીએ કોઈ કૂંપળ ફૂટી નહોતી. મેં મારા ડ્રેસ તિજોરીમાં ભરી દીધા હતા. ચાવીઓનો ઝૂડો મેં મામીને આપી દીધો હતો... કાર આ બંગલે આવી ત્યારે સૂર્ય આથમી ગયો હતો.

એકબે વરસ બાએ દાદાના આંબાની કેરીઓના કરંડિયા મોકલાવેલા. હવે કેરીઓ આવતી નથી. કહે છે કે આંબો સાવ ઠૂંઠું થઈ ગયો છે...

❑



# વેલો

આ વાર્તાના નાયક છે–

પૂજાભાઈ ચતુરભાઈ પટેલ, બી.એ.(ઓનર્સ), ગામ - ઝીટોડિયા, તાલુકો-આણંદ. ધંધો ખેતી, ખેતીમાં તમાકુ પકવે. થોડી બાજરી, ડાંગર પણ. બધુંય ભાગે કરાવવાનું. મજૂરી તો કહે સળી તોડીને બે કકડા નહીં કરવાના. પહેરે પેન્ટ શર્ટ; પાછું શર્ટ ઈન કરેલું જ હોય! સુગંધી સ્પ્રે લગાવે. પગમાં બૂટ મોજાં બારેમાસ. ને બજાજ ચેતક સ્કૂટર પર ખેતરે, સગેવ્હાલે ને પ્રસંગ ટાણે જવાનું. બાજુમાં વલ્લભ વિદ્યાનગર, ત્યાં વર્ષો પ્હેલાં ભણેલા. વાર્તાઓ લખતા. આજે વાંચે ને મિત્રોને મળવા વિદ્યાનગર જાય. વર્ષે બે વર્ષે શિકાગો ફરી આવે, પત્ની સાથે હોય. વિધવા બા અને ગં. સ્વ. ફોઈ પણ જાય. દીકરો દીકરી તથા નાનાભાઈનો પરિવાર શિકાગોમાં. પૂજાભાઈ અહીં ઘર-ખેતી સમાજ સંભાળે. સાચા માણસ, પુણ્યાત્મા જેવો વ્યવહાર. ગામમાં નોખી જ છાપ!

ઘરની પછીત પછી નેળિયું શરુ થાય, ખેતરે જવાની એ નળી. નળીની બે બાજુ વાડ-વેલા. પૂજાભાઈ બારેમાસ જોતાજોતા જાય આવે. ખેતરમાં પેસતાં ડાબી બાજુ એક જાડા થડવાળો વેલો, બારે માસ લીલોછમ રહે. સુકાય જ નહીં. નામ ખબર નહીં. એને રંગબેરંગી ફૂલ બેસે, ને ક્યારેક ટીંડોરાથી મોટાં ને લંબગોળ ડુભ્ભર ફળ આવે. પૂજાભાઈ ખેડુ રવજી રાવળને

પૂછે 'આ વેલો શાનો લ્યા?' વર્ષમાં બેચાર વાર પૂછે ને રવજી જવાબ વાળે– 'આંખ ફૂટડાના અશે, ભઈ!! 'કાંતો પાડવલો ય વૉય...'હારૂ પરખાતું નઈ તે હેનું સૅ એ લીલું વરેડું?' 'રાંમ જાણે... મારી વાલી ખુદરત પણ ચેવી જબરી...!' નહેર બંધ હોય એ વર્ષેય એ વેલો ના સૂકાય. પૂજાભાઈને વિસ્મય થાય! સમજણા થયા ત્યારથી તો એ વેલો જોતા આવ્યા છે.

પૂજાભાઈ બાજરીવાળા ખેતરેને શેઢેથી પેલે શેઢે જતી પગથારે ચઢવા છીંડે પગ મૂકે ને સામે છીંડેથી પગવાટે દેખાય એ ટેણિયું છોકરું, બપોરી વેળા. માત્ર હોલા બોલે 'પરભુ તું...પરભુ તું...' બાકી સીમમાં બપોરિયું ફરે. પેલું છોકરું એકદમ ધોળાં ફગ ચડ્ડી બુશર્ટમાં દેખાય પૂજાભાઈ આશ્ચર્ય પામે કે 'સાલું! આવું આ છોકરું કોનું!' પગ ઉપાડે ને અધવચ્ચે પ્હોંચે ત્યાં છોકરું તો અલોપ! કયાંય બાજરીનો છોડ પણ હાલતો નથી! અવાચક પૂજાભાઈ બૂમ પાડે છે–'બાજરીમાં કયો છે' લ્યા?' જવાબમાં બાજરીના ભર્યા ખેતર વચ્ચે થઈને ઘૂમરી ખાતો પવન જતો હોય...ન તે ય પછી ના હોય. સઢ પડેલી હોડી જેવા પૂજાભાઈ અધવચ્ચે ઊભા રહી જાય...ભૂતકાળ સામે આવે.

તે સાંજે વિદ્યાનગરથી પન્નલાલ પટેલને સાંભળીને પાછા આવતા હતા. છેક ૧૯૬૩ની વાત. અંધારાં ઊતરી આવેલાં ફેબ્રુઆરીની ઠંડી પાછોતરી. સીમાડો જંપી ગયેલો. ગામ પ્હેલાં મસાણ આવે. મસાણમાં એક ચ્હે બળે. રાતીપીળી જ્વાળાઓ ને એના અજવાળે ઓછાયે ચઢેલું મસાણ રુંવાડાં બેઠા કરી દે. પૂજાભાઈ ખમચાયા. થયું કે મારા બાપાની ચ્હે બળે છે કે શું! ડિલમાં ટાઢીહેમ ધ્રુજારી ફરી વળી.

મનને આવા વિચારો બદલ ઠપકાર્યું– 'એમ હોય તો તને બોલાવવા તો આવે ને!' પણ ખાલી ચઢ્યા જેવું મન અશુભથી ઝટ અળગું થયું નહીં. જાતને ફિટકારતા ઘેર પ્હોંચ્યા, ત્રીજે ઘેર નાથા ડોસા પાછા થયેલા. બાપા મસાણે ગયેલા. જીવ હેઠો બેઠો! પણ જમવાનું ભાવ્યું નહીં, મેડીએ ગયા તોય અસુખ અસુખ લાગ્યા કરે. તંદ્રામાં ક્યારે ઘેરાયા ને ઊંઘે ક્યારે બાથમાં લીધા એ ખ્યાલ ના રહ્યો. પણ સવારે બાએ જગાડ્યા ત્યારે ઘરમાં દોડધામ. બાપા ચોપાડમાં ચતાપાટ સૂતા છે ને બધાં માલિસ કરે છે. ડૉક્ટરને લેવા ગયા છે. ડૉક્ટર આવે છે. કહે છે 'પંખી ઊડી ગયું છે. સીવિયર એટેક હતો.' પચાસે પહોંચેલી પડછંદ કાયા. બાનું હૈયાફાટ રૂદન. પૂજાભાઈને



પાછલી સાંજ ઘેરી વળે છે, ખેતરે જતાં જોયેલું તો પેલા વેલાને કૂંપળો ફૂટી હતી ને ફૂલો પ્હેલાંની કાળીઓના સગડ પરખાતા હતા. પૂજાભાઈ ક્યાંય લગી ખેડેલા ખેતરની પોચીપોચી માટીને, શેઢે બેસીને જોતા રહેલા, સજળ આંખે!

જવાબદારી આવતાં તમાકુના વેપાર માટે પૂજાભાઈ કલકત્તા ગયેલા. ઉનાળાનો બપોર. સાથે એક દરબાર, દલાલ. કલકત્તાની ભરીભાદરી બજાર. પૂજાભાઈ પાછળ ને દરબાર આગળ ચાલે છે... સ્વસ્થ. એક જ ક્ષણમાં પૂજાભાઈની નજરે પડે છે મોટો કદાવર આદમી. એના પગ હોડી જેવડાને મકાનોથીય ઊંચા. માથું એનું આભમાં, હાથ એના લાંબા, હાથના પંજા પ્હોળા, જંગલી કરોળિયાના જાળા જેવા. પૂજાભાઈ બોલવા મથે છે...'દર' ત્યાં જ પેલો પંજો કમરથી પકડીને ઢીંગલીની જેમ એમને ઊંચકે છે ને છેક વાદળોમાં... પૂજાભાઈ, વાદળોની ભીનાશ અનુભવે છે, પ્હાડો જેવાં વાદળો સિવાય કાંઈ દેખી શક્તા નથી. બીજી જ પળે દરબાર પાછું વાળીને પૂછે 'પૂજાભાઈ, મને બોલાવ્યો...?' 'હા, પણ દર...પછી મોઢામાંથી અવાજ ના નીકળ્યો ને...' પૂજાભાઈએ જે બન્યું તે તરત કહી દીધું દરબાર કહે 'તમને ઉજાગરો નડતો લાગે છે. થોડી કૉફી પીઈએ, ચાલો. આ ગરમીના દહાડા ને અજાણ્યો મલક...'

ઘરે આવ્યા ને ખેતરે ગયા ત્યારે પેલું છોકરું દૂરના પડતર ખેતરમાં ઊભું હતું જાણે સાવ નાનકડા બગલા જેવું. પૂજાભાઈ બૂમ પાડવા જાય તે પ્હેલાં તો ત્યાં કોઈ ન મળે. પાછા વળતાં પેલા વેલા પર નજર પડી, લીલોછમ હતો. પણ એનાં પાંદડાં અને થોર વચ્ચે કરોળિયાનાં મોટાં જાળાં. પૂજાભાઈએ જોયું કે એ જાળાં ને પેલા કલકત્તામાં જોયેલા કદાવર આદમીના હાથના પંજા–સરખાં હતાં. એ વિમાસણમાં પડ્યા.

રસ્તામાં વિચારે ચઢ્યા. થયું કે પેલો વેલો કપાવી નાખવો જોઈએ. પણ પાછું થયું કે વેલાને ને માણસને શો સંબંધ...ના, ના તોય કશુંક હોય પણ ખરું... એ જ રાતની વાત. પૂજાભાઈએ શમણું જોયું કે સારસાવાળા બનેવીને હાર્ટએટેક આવ્યો છે ને આણંદ દાખલ કર્યા છે. સવારે બાને ડરતાં ડરતાં શમણું કહ્યું. બા બોલ્યાં 'તમે ને તમારાં શમણાં સાજાં રયાં! ઉં પૂસું સું કે તમને આવાં જ શમણાં ચ્યમ આવે સૅ?...દૂધ પીને ઊંઘવાનું રાખો. બનેવીની તબિયત તો ઘોડા જેવી સૅ. આ પરમ દા'ડે નાનાને ડેરીની

મીટિંગમાં મલેલા હુ.' પૂજાભાઈ ઘા ખાઈ ગયા. થયું કે આ ચારપાંચ દા'ડા બનેવીને જ આપણા ઘેર લઈ આવું. પણ પછી બધાં નહીં માને – ખુદ બનેવી જ હસી કાઢશે. એમ ધારીને એ એકલા એકલા મૂંઝાતા રહ્યા. ત્રીજા દાડે સવારે એ બ્રશ કરતા'તા ને ભાણો બોલાવવા આવ્યો...'પપ્પાને આણંદ...' ડૂસકાં આડે એ બોલી ન શક્યો. બધાં આણંદ પહોંચ્યાં ત્યારે તો દેહને એમ્બ્યૂલન્સમાં ગોઠવી પણ દીધેલો! 'સારવાર કરવાની તક મળી હોત તોય...' પૂજાભાઈ બબડેલા. પોતાની જાત પર અકળામણ ઠાલવતા એ ઘરે આવેલા પણ બા સાથે આંખ મેળવી શકતા નહોતા પછી બાએ જ કહેલું 'ભાઈ, તમારાં આ ફોઈનું ઘર નંદવાયું એ વેરા તમારા બાપુજીને હઉં આંમ જ શમણું આયેલું... દેવ આગર્ય કુણ ડાયું સૅ? આપડો વાંક ગુનો થોડો સૅ...' સાંજે ખેતરથી પાછો વળતાં પૂજાભાઈએ જોયેલું કે પેલા વેલાના થડને આંટી મારતા બીજા વેલા ફૂટ્યાં હતા. ઉપરના વેલા તો પાસેની આંબળીનાં ડાળોમાં ગૂંથાવા લાગેલા. એના ગભારામાં પાકેલાં રાતાં રાતાં ફળ. કેટલાંક નીચે ગરીને કાળાં પડી ગયેલાં. આ વેલા પર વાર્તા લખી હોય તો? પૂજાભાઈને થયેલું.

જોકે વાર્તા લખવાનું છૂટી ગયેલું. એમને થતું હતું કે ફરીથી વારતા લખાય તો સારું. આ ગામમાં કેટકેટલાં મનેખ પીડા ભોગવે છે, ને ઉપરથી વેરઝેર, ઝઘડા, પૈસા પાછળ કાળાં-ધોળાં કામો ને રાતના અંધારામાં વગડેથી વસતિમાં આવી ચઢતી વાસનાઓ... પણ હવે મૂકી કલમ ઉપાડવાનું અઘરું લાગતું. લખવાની ને વિચારવાની રીતભાત પણ આજે તો બદલાઈ ગઈ હશે ને? એમ વિચારતા પૂજાભાઈ રાયણને છાંયડે બેસી દોઢેક માસમાં જ રબ્બર જેવી ઊછરી આવેલી તમાકુનાં પાન જોયા કરતા. હમણાં નીંદામણ કરાવેલું તોય ચીડો તો પાછો ઊગી આવેલો. એની જાત જ ગાંઠાળી, ભીનું ભાળ્યું કે ફૂટ્યો જ સમજો. પાટણવાડિયાના મનમાં પડેલી વેરની ગાંઠ એને આ ચીડો બેઉ સરખાં, પૂજાભાઈ વિચારતા હતા. મહિના પહેલાં શમણું આવેલું. મોડી રાતે એ ક્યાંકથી આવી રહ્યા છે–ચાલતા. ગામ છેવાડેની જાળિયા તળાવડીને કાંઠે આવ્યા ને જુવેછે તો બે આદમી કોઈ લાશને પથરો બાંધી પાણીમાં ખેસવે છે. લાશ ને પેલા બેઉ, પૂજાભાઈએ ત્રણેના ચ્હેરા ઓળખ્યા. ઓળખીતા જ નહીં; ત્રણેએ એમનાં ખેતરોમાં ગઈ સીઝનમાં કામ કરેલું. જાગ્યા ત્યારે પરસેવે રેબઝેબ. એમના મનમાં ગડ બેઠી કે જોડે



કામ કરનારી રયલી માટે ત્રણેને કૂણી લાગણી, ત્રણે એના પડછાયાથી આઘા રહેવા નહોતા માગતા. ચોથા દહાડે તળાવડીમાંથી ફોગાઈને ફદફદી ગયેલી લાશ નીકળેલી. પૉલિસ રયલીને પૂછી પૂછીને અડદાવો કાઢ્યો ત્યારે એણે ભેદ ખોલેલો. પેલા બેઉ પકડાયેલા. પૂજાભાઈને રાહત થવા સાથે ખાસો ડર પેઠેલો. પણ એમણે શમણાંની વાત આ વખતે તો પત્નીને ય નહોતી કરી. હાશ! આમ તો પૂજાભાઈ નકળંગ માણસ. માયાળુ માણસ માટે મરી પડે. ખેતરમાં કામ કરનારને ય સવાયું આપે. ગામ ફાળામાં-વ્યવહારમાં, નાનાં મોટાં કામ કે દાન ધર્મમાં પૂજાભાઈ પ્હોંચતા બેપાંચમાં ય આગળ ગણાતા. પાકું મેડીબંધ મકાન, સાગી લાકડાંના બૂઝવટ, મેડી પર મેડી લાધેલી. માથે હીરાલખીને ભીંતે બાપદાદા વખતનાં ચિતરામણ પછીતમાં તો આજે ય અકબંધ હતાં. બારસાખો બબ્બે જોડી, એમાં ઝીણી નકશીમાં વેલબુટ્ટા, માથે પોપટ કોતરેલા. ઊંચા ટોડલા, એની વચ્ચે હાથી ઝૂલે ને ઉપરના શોભાવંતામાં ચકલીઓની હાર. માથે નામ. તારીખ કોતરેલાં. વચલી મેડીમાં રજવાડી, સૉફાને શરમાવે એવી ચેર્સ સામે ટી.વી. વી.સી. આર.નું કૅબિનેટ, બાજુમાં ફોન, અંદરના ઓરડે મચ્છરદાનીવાળો ડબલ બેડ, ઝુમ્મરવાળી લાઈટો...ને રસોડે ફ્રીઝર, ડાઈનીંગ ટેબલની રજવાડી ખુરશીઓ... ઘરઘંટી, વરસે વરસે રંગો ને પૉલિસ પામતાં હોય એવાં બારી-બારણાં ને ફર્નીચર! લાગે નહીં કે ખેતી કરાવતા કણબીનું આ ઘર છે... બેઉ બાજુની રવેશો સાથે નાની નાની અગાશીઓ. સવાર સાંજ પૂજાભાઈ ઉગમણે આથમણે તડકાં છાંયા જોઈને આરામ ખુરશીમાં ઝૂલતા હોય ને વીતેલાં શમણાંને ભૂલવા મથતાં છાપાંમાં જીવ પરોવતા હોય... ક્યારેક જાળીઓ ચઢેલા મની પ્લાન્ટની ભરચકતાને તાકી રહે-એકીટસે, ને એમને પેલો ખેતરવાળો વેલો એમાં ભળાય. વેલાની તપાસ કરાવવા ખેતીવાડી કૉલેજ જવાનું એમને મન થાય.

વખત થયો, એકવાર હેરકટીંગ સલૂનમાં ગયલા. વાળંદે બીજો હાથ મારવો શરૂ કર્યો ને... પૂજાભાઈ જાગ્યા ત્યારે પૂછ્યું કે 'લ્યા જેન્તી, હું આ બાંકડે ક્યાંથી? ખુરશીમાંથી—' જેન્તી કહે છે– 'બીજીવાર બ્રશ મારવા સાબુ લગાવતો હતો ત્યાં જ તેમ ભાન ગુમાવી બેઠેલા લાગ્યા, તે મેં તેમને બાંકડે સૂવડાવ્યા– ભારે મુસીબતે. પ્હેલાંય ચાર છ જણને મારી દુકાને આવું થયેલું. માણસ કાચ સામે બેસે ને પોતાને જોયા કરે. પોતાની આંખોનું

કામણટૂમણ બીજું શું હોય!'

પૂજાભાઈને વિલાસપુર-બિહારવાળી ઘટના સાંભરી. તમાકુના વેપાર માટે ગયેલા. પોતાના સગાને ત્યાં સૂતા'તા. મધરાતે પેશાબ માટે અગાશીની ચોકડીએ ગયા. પાછા વળતાં લાગ્યું કે કોઈ માણસ એમની પાછળ આવે છે. ઉતાવળે છજા સુધી પ્હોંચી ગયા, પાછળ વળીને જોયું તો છજાની હદ સુધી આવીને એક માણસ અટકી ગયો છે. એ બોલવા ગયા પણ અવાજ ના નીકળ્યો કોઈકે ખેંચી લીધા હોય એમ પથારીમાં જઈ પડ્યા. સવારે સગાને પૂછતાં કહ્યું કે 'હા, આ ઘર વેચાતું લીધું ત્યારે મેડીએ સૂઈએ ને રાતે બાર વાગે કોઈ ચકચકતી કાચની રકાબી ફરતી ફરતી પંખા નીચે તે સુદર્શનચક્ર જ જોઈ લ્યો જાણે! પછી એના ચૂરા થવાનો અવાજ સંભળાય, પણ કરચ એકેય ન પડેલી હોય. અમે એક મૌલવીને બોલાવી ચોકા મંતરાવી તાવીજ કરાવેલું ને છજામાં ખીલે બાંધી દીધેલું છે. ત્યારથી ઘરમાં એવાં વાવંટોળિયાં આવતાં નથી...' ત્યાંથી આવ્યોને આ વાત ગોર મહારાજને કરેલી. એમણે કહેલું 'અસદ્ સદ્‌ને આંટી ખવડાવવા રાતદા'ડા મથે છે, પણ સદ્‌ને એ આંબી શકતું નથી. તમે તો કોઈનો પુણ્યાત્મા છો નાની વાતે અવગતે જનારા જીવો બીજા અવતારમાં બાકી મંછાઓ ભોગવવા આવે છે...' પૂજાભાઈએ દર્પણ પાસે જઈને તે દિવસે પોતાની આંખોના ઊંડાણમાં જોવાનો પ્રયત્ન કરેલો, પણ બે કાળી કીકીઓ સિવાય કશું દેખાયેલું નહીં, પાછળ ઊભેલાં એમનાં પત્ની એમની આ દર્પણઘેલછા ભાળીને જોરથી હસેલાં. રાતે પૂજાભાઈને શમણું આવેલું કે દૂર મહીસાગરનાં વાસદ પાસેનાં કોતરોમાં પોતાના ગામનો એક પછાત કોમનો એક છોકરો વિધવા બ્રાહ્મણીની ગરીબ છોકરીને લઈને દિવસો ગાળે છે. મહિના પછી ગામમાં એવી જ ઘટના બની ત્યારે પૂજાભાઈ પાછા વિચારમાં પડી ગયેલા પણ પછી ઘણા દિવસો એમ જ પસાર થઈ ગયા'તા.

પણ આજની ઘટનાથી તો પૂજાભાઈ લગભગ બેબાકળા બની ગયા છે. ચાર દિવસ પહેલાં એમણે પરોઢિયે પોતાના મરણનું શમણું પોતાની સગી આંખે જોયું ને સવારે ઊઠ્યા ત્યારે થોડા હેબતાઈ ગયેલા, પણ સ્વસ્થ રહેવામાં સફળ થયેલા. કોઈને ય કશી વાત કર્યા વિના એ ઘરમાં મેડીએ ભરાઈને હિસાબો, ચોપડા જોતા ને લખતા રહેલા. જાણે એ કશુંક ઉકેલીને ગોઠવી દેવા માગતા હતા. જાણે કે છેલ્લી તૈયારી... ત્યાં આજ સવારે પડોશી



કાકાનો જુવાનજોધ છોકરો, એક માત્ર આધાર હતો, એ આમ ઉચમૂચ ઢળી પડયો! પૂજાભાઈએ આઘાતથી બચવા સાંજે ખેતરે ગયા. સૂર્યાસ્ત થવામાં હતો. પેલા વેલા પર એમની નજર દરવખતની જેમ જઈ ઠરી. એ થોડો મૂરઝાયેલો કેમ લાગતો હતો? ત્યાં થડમાં એમને લાગ્યું કે પેલું ટેણિયું છોકરું એ જ સફેદ કપડાંમાં બેઠું છે–સસલા જેવું! બીજી પળે એમણે ધારીને જોવા આંખો ખેંચી તો એક નાગ વેલા પાસેના દરમાં સરી જતો હતો. પાસે નાના નાના રાફડા ઉપસી આવ્યા હતા. એમણે વેલાના થડમાં પાણી રેડાયેલું અને ઘી-દીવા વાળું કોડિયું જોયું. રવજીને બૂમ પાડી. રવજી દોડતો આવ્યા`ઃ 'મને એમ કે તમે બાર્ય જ્યા અશૉ. ચાર દંનથી તમે દેખાયા ની. આ ચોથાદંની વાત, હાંજ પડવા આવેલી. આવી જ ધધરી વેળા થયલી, ને મીં હાપની ડેકલી (અવાજ) હાંભરી. જાણે આપડને બોલતો ની ઑય, અવું હંભરાયું... ઉં જોતો જોતો નેકર્યો તો આંઈ કણે જ નાગદેવતા! ફેણ માંડીને ડોલે... ઉં હાથ જોડી વંદી રયો. મેં જોયું તો, ભઈ, વેલો કરમાવા માંડેલો... ઉં તો જ્યો પડાળીમાં, ડોલે ડોલે પાણી રેડ્યું, ખાંમણું કર્યું. મોડી હાંજે આંઈકણ જીનો દીવો ને બાટલીમાં દૂધ મેલ્યું. અવે એ રોજનો નીમ કરયો સ. ને ભાઈ, આ વેલો તો મારો વાલો પાણી રેડીએ એમ વધારે હુકાતો જાય સે. પણ દીવો મેલ્યો તે દા'ડેથી નાગદેવતાએ ફેરવારકો દેખો નઈ દીધો.' ખેતરમાં ફરતાં પૂજાભાઈને આજે ફરીથી મન થયું કે મારે વાર્તા લખવી જોઈએ.

૨૭-૯-૧૯૯૧,
વિદ્યાનગર

❑

# વચલી ખડકી

ભાગોળે આવીને રીક્ષા ઊભી રહી ગઈ.

એ બ્હાર પડયો કે તરત જ થોડીક ધૂળ એને બાઝી પડી. સદીઓથી બેસી રહ્યા હોય એવા બેત્રણ મેલા વૃદ્ધો પ્રાચીન આંખોથી એને તાકી રહ્યા.

હવા ચૂપ હતી. બીજો કશોય સંચાર ન્હોતો.

એણે માટી જોઈ, જોતાં જ એની આંખોમાં ભીનાશ પ્રકટી. ભાગોળ બેઠી થઈ ગઈ એવું લાગતાં એણે વ્હાલથી ચારે તરફ નજર ફેરવી.

ગામ સાવ અજાણ્યું હતું. એ પહેલી વખત આવતો હતો.

છતાં એને કશું અડવું નહોતું લાગતું, બલકે એ ઘણીવાર અહીં આવી ગયો હોય એવું અંદરથી ઘમસાણ ઊઠતું હતું.

ભાગોળની ચપટી ધૂળ માથે ભરી લેવાનું મન થતું હતું.

'આ જ ધૂળમાં તેની પગલીઓ પડી પડીને પગલાં બની ગઈ હશે!' એને વિચાર આવ્યો. પછી પ્રશ્ન થયો–

'કોની પગલીઓ?'

એના મનમાં એક ચહેરાની અનેક મુદ્રાઓ તરવરી ઊઠી. એના લોહીમાંથી વીજળી પસાર થયા જેવું થયું. બદનમાંથી એક કસક ઊઠી તે



ઝટ શમી નહીં.

એને તરસ લાગી હતી.

'પીવાના પાણીની મફત પરબ'–એવું તેવું કશે લખેલું ન્હોતું.

સફેદ વસ્ત્ર ઉપર ભૂરા ડાઘ જેવો દિવસ હતો.

કમોસમી વાદળો પડું પડું કરતાં હતાં.

ઝાંખો દિવસ ગામને વધારે પુરાણું બનાવતો હતો.

ગોળ ચણેલા ચોરા વચ્ચે પીપળ ઊભેલી. એનાં ઘરડાં લાકડાનો જીર્ણ ગલ્લો. ખવાઈ ગયેલાં પાંદડાં ચત્તાંપાટ પડેલાં.

'ગામ કઈ તરફ આવ્યું?' એણે ગલ્લે બેઠેલા છોકરાને પૂછ્યું. છોકરો વર્ષોથી અબોલ હોય એવું તાકી રહ્યો.

ગલ્લાની ડાબી કોરે લટકતા ગંદા દર્પણમાં જોઈને એણે વાળ ઠીક કરવા દાંતિયો કાઢ્યો. એમાં એકેય દાંતો જ ન્હોતો.

એના વાળમાં માટી અને તેલે ચીતરી ચડે એવી ચીકાશ રચી હતી,

અચાનક એના બધા વાળ વાંકાં ગૂંચળાંમાં બદલાઈ ગયેલા લાગ્યા. એણે દર્પણમાં જોયું તો એનો ચ્હેરો સાવ અપરિચિત ભાસ્યો. મોઢા પર હથેળી પસવારી ત્યારે અજાણ્યો ઊનો સ્પર્શ થયો. એ દર્પણથી અળગો થઈ ગયો.

દખણાદી દિશાએ જોગણી માતાના મંદિરનો લીલોછમ રંગ મસ્જિદનો આભાસ રચતો હતો. ઉગમણે ઢગલો થઈ ગયેલી શાળા અને સૂનમૂન બાળમંદિર, પાછળ સ્મશાન, સીમ અને ઝાડવાં. દૂર ચરામાં ઉદાસ બાવળિયાનાં ઝૂંડ. ઓતરાતી કેડી ઉપર સૂનકારમાં સબડતું પાકા જેવું મકાન એના ઉપર ઉખડેલા રંગોમાં 'ઉચ્ચતર માધ્યમિક વિભાગ' એવું લખાણ વંચાતું હતું.

'આ મકાન પાસે પેલાં પગલાં શોધીએ તો જડે ખરાં?' એને એવો વિચાર આવ્યો. 'પોતાનાં પગલાં પણ મળે?' અંદરથી કોઈ પૂછતું હતું,

ગળામાં બળતરા ઊઠતી હતી. હવામાં, વઢાયેલી તમાકુનાં ખેતરો સોઢાતાં હતાં. પીપળ નીચે શરબતની લારી પાસે ઊભીને એક જર્જરિત માણસ કેસરી રંગનું શરબત પીતો હતો.

માસ ચઈતર હતો. એને ઓખાની વારતા સાંભરી.

ઠસીમમાં કે રસ્તે ચઈતરમાં છલકાતા મહૂડા કે ઓસરવા લાગેલા શીમળા-કેસૂડા દેખાયા નહોતા. પાંખા વૃક્ષોમાં આંબો શોધવા તરસતી એની નજર ભોંઠી પડી હતી.

'ગામમાં જવું–' એવા નિર્ણયથી એ આગળ વધ્યો.

ધોળું અજવાળું ઘડીકમાં કબૂતરિયું થઈ જતું હતું. ઓઘરાળાંથી એંઠું લાગતું ડેરીનું મકાન અને લખાણના લપેડાઓથી દટાઈ ગયેલું પંચાયત ઘર બંને સામસામે તોય એકબીજાથી પૂંઠ કરી ઊભેલાં એકલાં અટૂલાં લાગતાં હતાં.

આગંતુકા શી લાગતી અને અતડી ઊભેલી પાણીની ચકલીઓએ કરેલો કાદવ વટાવીને એ આગળ વધતો હતો ત્યારે એને અચાનક દમયંતી સાંભરી આવી. વનમાં વિખૂટી પડી ગયેલી દમયંતી. એની છાતીમાં ચચરાટ થયો. સાવ વિચિત્ર પ્રશ્ન ઊઠયો 'આ ગામ દમયંતીનું હશે?'

છત વગરની ખંડેર ધર્મશાળાની ભીંતો પર ભેંકાર બેઠેલો હતો. લખેલાં સૂત્રો ખરી પડ્યાં હતાં. જૂઠા મહાદેવનું ઘસાઈ ગયેલું દેરું. બીજી તરફ રામજી મંદિર. વચ્ચે પસાર થતો ધૂળિયો મારગ વખતની વાટ જોતો પડેલો.

એણે પેલાં પગલાં જોયાં. મનમાં કોઈ બોલ્યું : 'વચલી ખડકી' ગમગીની પહેરીને ઊભેલાં પતવાળાં મકાનો બેસી પડવાની રજા માગતાં હતાં. એને થયું–

કોઈકને પૂછીએ કે 'વચલી ખડકી' આ જ ગામમાં છે?

બધું ચિત્રવત્ હતું અને લોકો યંત્રવત્. એક સીસમિયા કાકાને પૂછ્યું : 'વચલી ખડકી' કઈ તરફ? કાકા ડઘાયેલું મ્હોં ફાડીને એને તાકી રહ્યા.

ગામ જબાન વગરનું હતું?

અથવા એ પોતે સાંભળી શકતો ન્હોતો કે પછી એના પૂછવાનો અવાજ જ પ્રકટતો ન્હોતો? એનામાં કોક વિવશ થતું હતું.

ક્યાંક પહોંચવાની અધીરાઈ હવે વધી પડી હતી.

અવાજ વગરના ગામ પર ઘેરાયેલાં વાદળો તોળાતાં હતાં. ગામ કોઈ ટેકરામાંથી ખોદી કાઢીને ગોઠવ્યા જેવું લાગતું હતું. સફાઈ સારી. એને લાગ્યું



કે આ બધું એણે જોયેલું છે.

પરિચિતતા એને વીંટળાઈ વળી. અંદર દીવો પ્રગટાવીને કોઈ એને બધું ચીંધતું હતું. એ પોતે પોતાથી અજાણ્યાપણું અનુભવી રહ્યો.

પેલાં પગલાં વચલી ખડકી તરફ વળતાં જોયાં ને એ ય એ તરફ વળી ગયો. ડાબા હાથને મકાને જૂનાં ભીંતચિત્રો ધ્યાન ખેંચતાં હતાં. સામેની હરોળમાં કોતરેલી, બોલી પડે એવી, પૂતળીઓવાળી કુંભીઓ કન્યાઓ જેવી ઊભી હતી. ખડકી જીવતી હતી. પુરાણતા બધે પથરાયેલી પડેલી.

જમીનની જૂની ઓળખાણ એને પાછી વળગી પડી.

આગળ વધીને જોતાં જ એ અવાક્ બની ઊભો રહી જાય છે :

સૂરજમાં નાહીને તે ઊભી છે. પીઠ ભરી દેતા ભીના વાળ ટપકે છે. કેટલાય અંધારિયા દિવસોના રઝળપાટ પછી એણે ઝળહળતો પ્રકાશ જોયો.

યુગો પહેલાં ચોપાટ રમતાં અધવચ્ચે તે ઊભી થઈ ગઈ હતી? કોઈ અમસ્થી વાતે કે વનની વિજન વાટે તેનાથી એ વિખૂટો પડી ગયો હતો. નિયતિ નિર્દય થઈ હતી.

તાજા સ્નાનથી તગતગતાં તેજ તેનાં અંગાગેથી રેલાતાં હતાં. એક સામટા અઢળક સૂરજ ઊગ્યા હતા.

કોઈ કાળે કોઈ નદી તટે વાસંતી વૃક્ષોની સાખે તેના કાનમાં ચાહ્યાનો પ્રથમ ઉચ્ચાર મૂક્યો હતો એ આજે સુરખી બનીને તેના ચ્હેરા ઉપર પથરાઈ ગયો હતો. નરી નમણાશ નીતરતી હતી. તેના તનબદનમાંથી ઊઠતી ચિરપરિચિત સુગંધ સમયથી પર ઠેલતી હતી. એ જ સુગંધે એને આંગણે તેડ્યો હતો–પ્રત્યેક વખતે.

તે તડકાની રાહ જોતી હતી અને ઝરૂખાઓ બંધ હતા. એણે તેના નખે નખે દીવા દીઠા. હમણાં જ ધોયેલા તેના ભીના કેશમાંથી ઊઠતી મ્હેંકથી ખડકી મઘમઘતી હતી.

બેચેન વીતાવેલી કાળી રાત્રિઓના અંધારા જેવા એના કેશ જોતાં ઢબૂરાઈ રહેલી વેદનાઓ ફરીથી સણકી ઊઠી. દૂર વાગતી મહુવરનો અવાજ પાસે ને પાસે આવતો હતો.

એને જોતાં તેના ચ્હેરા ઉપર સ્મિત પથરાઈ ગયું.

તારાઓ ભાંગીને ઘડેલી આંખોથી આવકારતી એ સૂરજ જોતાં છાયા સરે એમ ઘરમાં સરી ગઈ.

તે પાણીનો પ્યાલો ધરી રહી...

પ્રેમની પીડા એની સુપુષ્ટ છાતી પર આછી આછી થરકતી હતી.

આંખોમાં સરોવરો ચંચળ થઈ ઊઠ્યાં હતાં.

એ અમીકૂપો પીતાં કંપતો હતો. શાનો હતો એ કંપ?

તેના હાથમાં ધ્રુજતી લાગણીઓ કપરકાબીને થરથરાવતી સંભળાઈ રહી. છાતીમાં કબૂતર ઘૂઘવી રહ્યાં.

થંભી ગયેલો સમય ચકરાઈ ગયો હતો.

એ અને તે.

ઘરમાં રઘવાઈ ચકલીની ઊડાઊડ.

વચલા ઓરડામાં તેની અવરજવર હેલે ચડેલી.

ખૂણે બેઠેલાં વણબોટ્યાં અંધારાં એની કાચ નિર્મળ આંખોમાં ઝાંખતાં હતાં. ટાઢા જળમાં પોયાણી ઊઘડી હતી. નેહ છલકાતી આંખો કામમાં પરોવાઈ હતી.

પેલા આંધળા કૉલામાં એ સૂરજબાની કૂખે જન્મ્યો હતો. ખામોશી વચ્ચે ઠંડા હેમાળાં જળ એને વાગતાં હતાં. આ ક્ષણે. એ મેડીએ ચડ્યો. બધી વેર વિખેરતા એને વ્હાલ કરવા લાગી. અથડાતો પડતો એ અહીં પોતાને મોટો થતો જોઈ રહ્યો...

આથમણી કોરે ઘસાઈ ગયેલી ઈંટોથી પાંસળાં નીકળી ગયેલા માણસ જેવો લાગતો કૂવો. એનાં પાણી ગામમા પીવાતાં. ગામ ફરતે ઠાકરડાઓના વાસ. ઓતરાદે વસેલા વાઘરીઓ આમ અંદર અને પાછા અળગા. વચમાં લીમડાચૉક. મોઈદાંડિયા ને સંતાકૂકડીઓ. કૂકા, ખૉડિયું અને આંધળો અવતાર. ચાંદનીમાં ‘તડકોછાંયડી’ રમેલાં એ ફળિયાં. ચોમાસે ઘર ઘર રમેલાં એ ધૂળ. વયમાં આવતાં વળગી પડેલું અંધારું હજી મેડીના કાતરિયામાં મૂછો ફફડાવતું બેઠેલું.

ધણ છૂટતાં ને ગામ ગોધૂલિથી ઘેરાઈ જતું.

ઢોલશરણાઈ વાગતાં. મરસિયાં ગવાતાં. મોસમો ઊભરાતી. ગામ ટાઢે



થરથરતું, કોઈ તાપણીએ તાપતું, તડકે સૂકાતું ને મેઘે પલળી પાતળું થઈ જતું. એ જોઈ રહ્યો, મકાને મકાને જર્જરતાનો પડાવ હતો. માઢ મૂંગા. દોઢીઓ બેવડ વળી ગયેલી. ખડકીઓ ખાલીખમ થઈ ગયેલી.

બાવરો સમય બેઠો થઈ ગયો હતો.

થોડી થોડીવારે કોઈ ‘તપુ’ ‘તપુ’ નો સાદ પાડતું હતું.

કોઈક તપસ્વિનીના જેવી તે એ સાંભળીને અડધી અડધી થઈ જતી.

પ્હાડથી ઊતરી નદી ખીણોમાં ઘૂઘવતી હતી. એનો શબ્દ જળતરંગોનો અવાજ. ઉલ્લાસ પતંગિયાંનો. તાજા સ્નાનની ગંધથી મેડીઓ હજીય તરબતર હતી.

‘ભક્ત ભગવાનમાં માને એમ હું તારામાં માનું છું’ એ સાંભળી રહ્યો. કોઈ કોઈને કહેતું હતું–‘પ્રેમ પૂજા છે ને જીવતર તો પ્રસાદ...’

ભવોભવનો ભૂખ્યો એ જમે છે. ભાવઠ ભાંગે એવા નેણનેહથી ભોજન પીરસાઈ રહ્યાં છે. પાસે બેઠેલાં બાનો બોલાશ બાળપણમાં લઈ જતો હતો.

કેટલો રઝળપાટ! અવતાર પછી અવતાર ખૂંદી હતી ખડકીઓ. કેટકેટલાં અજાણ્યાં ગામ ખોળી-ખંખોળીને એ આવ્યો હતો અહીં! ના. હવે બીજે ક્યાંય જવું ન્હોતું. છેલ્લો મુકામ!

કાયમી મુકામ.

અચાનક કોઈ સાંઢણી લઈને આવ્યું છે. વાયરો નીકળ્યો છે વેગમાં. ઊડતાં પુસ્તકોને પાને પાને વંચાય છે–‘મળતાં પહેલાંનો વિચ્છેદ.’ એણે બેબાકળા થઈને બાનાં ચરણ પકડી લીધાં. ક્ષણો ભીની થઈ ગઈ. બાની હળવાશ ઑલવાઈ ગઈ હતી અને એમને ચ્હેરે ઝાંખા દિવસો આવી બેઠા હતા.

તે તો માત્ર સ્મિત વેરતી રહી. પણ હજી તડકા નીકળવાનું નામ લેતા નહોતા. તાજી વઢાયેલી તમાકુની ગંધ ફરીથી ફરી વળી.

સામા ઘરને મોભે મોર આવીને બેઠો. એને થયું કે એ તેને બતાવે.

પણ તે અહીં ન્હોતી. ક્યાં હતી?

સાંઢણી બરાડી. એ પહેલીવાર વ્યાકુળ થઈ ઊઠયો.

બેઠકમાંથી પડસાળ વીંધી એ બ્હાર આવ્યો. ઘર ઉપર વાદળો વરસતાં

હતાં. ટપ ટપ ટીપાં એને ખારાં ને ઊનાં લાગતાં હતાં.

કોઈએ એને સાંઢણી પર બેસાડી દીધો. ધજાઓ નિશ્ચેતન થઈ રહી.

વચલી ખડકી પાછળ રહી ગઈ હતી. સાંઢણી અજાણી દિશાએ પૂરપાટ દોડતી હતી. વઢાઈ ગયેલાં ખેતરોની ગંધ પીછો કરતી હતી. સાંઢણીએ ઓચિંતો આકાશમાર્ગ લીધો હતો.

પૃથ્વી પરનાં વાડખેતર, ગામગોતર, ઝાડઝાંખર ઝાંખા અને ઝાંખાં થતાં હતાં. પણ–

પેલી આંખોનું અજવાળું એની સાથે આવતું હતું.

૩૦/૩૧મી માર્ચ–'૮૯,
વલ્લભવિદ્યાનગર

❑



# તોફાન

ગામ નિર્જન થઈ ગયેલું.

સૂસવાટા મારતો વાયરો ખાસ્સો વિનાશ વેરીને ચાલી ગયો હતો. આકાશ મેલા લૂગડા જેવું અને સાવ નિશ્ચેતન થઈ ગયેલું.

ચારે બાજુ ઘાસનાં સૂકાં તણખલાં તથા પૂળાઓ વેરણ છેરણ થઈ ગયાં હતાં. મકાનોનાં પતરાં ઊડી જવાથી કાળીરાતી ભીંતો વાળાં, આંધળી બખોલ જેવાં ભૂતાળવાં માળિયાં ખુલ્લાં પડી ગયેલાં.

ભોંઠો પડી ગયેલો વખત સૂમસામ હતો.

આલોક જોઈ રહ્યો...

સૂનકાર ઠેઠ એની આંખો સુધી આવી ગયો હતો.

બધાં પરિચિત સ્થળો એનાથી વિમુખ થઈ ગયેલાં દેખાતાં હતાં. 'એ એકલો હતો માટે?' આલોકને થયું.

'સગીને એ લાવે ક્યાંથી?'

સગીને જોવા-મળવા તો એ આજે અહીં આવેલો.

વર્ષો ઝાઝાં વીત્યાં નથી તોય વિચ્છેદ યુગ જેટલો લાંબો લાગતો હતો. ઊઘડતા ગરમાળાઓને વાયરે વીંખી નાખેલા.

સવારે તો તડકો નવા વસ્ત્ર જેવો ચમકતો હતો. અનું પોત પણ કૈંક

કડક અને સ્ટાર્ચવાળું લાગેલું. આભલું ગળી કરી હોય અવું નીલું નીલું હતું.

પણ ગીધોને ઊંચેઊંચે ચકરાવા લેતાં-ઊડતાં જોયાં હતાં. સગી આલોકને આચિંતી જ, પહેલી વાર, અહીં મળી ગયેલી. આ ગામ સગીનું મોસાળ હતું.

અહીં જન્મીને સગી અહીં જ તો મોટી થયેલી. મામાઓના અપાર હેતે મામીઓ એનાથી વિમુખ થઈ ગયેલી. વેરદ્વેષથી આગળ વધીને એને માથે આળ આવેલા. વયમાં આવ્યા છતાં મામાઓ સાથે વ્હાલ કરતી સગીને શંકાથી જોતી મામીઓ સળગી જતી. પણ સમરથબાનો પ્રમ અહોરાત સગીને ભીંજવ્યા કરતો. બાનો હૂંફાળો સ્વભાવ એને ક્યાંય દૂર જવા દેતો નહીં. બહારગામ જાય તોય રાત રોકાવાને બદલે સગી પાછી દોડી જતી.

નરી સરળતા એનો સ્વભાવ. ચકલી પેઠે ઊડ્યા કરતી છોકરી.

પહેલીવાર તો સગી આલોકને વટેમારગુની જેમ જોયો-ન જોયો કરીને વહી ગયેલી. ને આલોક હતો ય એવો. અજાણ્યો આવી ચઢેલો. પણ સગીને જોતાં જ અવાક્ ઊભો રહી ગયેલો.

કોઈએ એને ધક્કો મારીને જુગ જૂના વખતમાં ધકેલી દીધેલો જાણે! કેટકેટલીવાર જોયેલો, ઝંખેલો, ચાહેલો અને ચૂમલો ચ્હેરો હતો એ! ને તોય સગીને તો એના કશાં ય સગડ નહોતા. એ તો મહાદેવવાળી વાટે આગળ વધી ગયેલી.

આલેક ત્યારનો ત્યાં જ ઊભો હતો જાણે.

એ એ જ જગા હતી. અજાણી બનીને સગી ત્યાંથી સરી ગઈ હતી. એના ચ્હેરા પર તડકા-છાંયાની જેમ આનંદ અને ઉદાસી પહેલીવાર પણ વર્તાયાં હતાં.

આંખો શરદની પોયણી જોઈ લ્યો; નર્યાં નીતર્યાં જળ જેવી ચોખ્ખી ચટ્ટાક. સગી આ રસ્તે થઈને અનેકવાર આવતી-જતી હતી. આલોકને થયું કે એ પગલીઓને સ્પર્શેલી ધૂળને માથે ભરી લે પણ ત્યાં ધૂળનું નામોનિશાન ન્હોતું.

ચઢતી બપોરના તોફાને ચારે તરફ રેતી પાથરી દીધી હતી. કરકરી. ગામ ઉપર થર પર થર થઈને રેતી પથરાઈ ગઈ હતી. આલોકના કાનમાં, વાળમાં, કપડાંમાં ય રેતીરેતી થઈ ગઈ હતી. અને આંખો સગીની મેંદી મૂકેલી હથેળીઓ જેવી રાતીચોળ.



ભીંતને ઓથે રહીને બચવા મથેલા આલોકે ઘણાં ઝાવાં મારેલાં. વંટોળિયો એને બાથ ભીડીને ઘસડી જવા, ઉશેટીને ફેંકી દેવા રઘવાયો થયો હતો. કશુંય સૂઝતું નહોતું.

હાઝવુઝ વીંઝાતી ઝાંખપ બીકાળવી લાગતી હતી.

ખાલી ઝરૂખાઓનાં કમાડો ખટાક ખટાક કરીને ડરાવતાં હતાં. ઉડતાં પતરાં રાક્ષસની જેમ ખાઉં ખાઉં કરતાં અથડાતાં કૂટાતાં રહેલાં. ત્યારે ય સગીનો ચ્હેરો તો દીવાની જ્યોત જેવો સ્થિરદ્યુતિ કળાતો રહેલો.

રાતા પાનેતરમાં ભરેલા સોનેરી મોરલા ટેહુક ટેહુક કરવા ઉત્સુક હતા. કદીય કશાય શણગારો ન કરનારી સગીના ચ્હેરા પર શૃંગારના લપેડાઓ વરવા લાગતા હતા. ઉપડું ઉપડું કરતી વ્હેલ્ય પરનો ચંદરવો પારકા છત્રની છડી પોકારતો હતો. સગીનાં હાસ્ય રુદન ભેગાં મળીને ગૂંચવાઈ ગયાં હતાં.

ઊની ઊની રેતી આલોકની છાતીમાં – અંદર-બહાર પથરાતી હતી. ડાળે ડાળેથી કાચી કળીઓ ચૂંટાઈ ગઈ હતી.

વંટોળે બધું ખંખેરી નાખ્યું હતું. તોરણો વીંખાઈ ગયાં હતાં. વૃક્ષો ચત્તાપાટ પડેલાં.

ક્યાંક કોઈક માણસ બચી ગયું હશે?

કોઈ ઘરમાંથી પીવાના પાણીનું માટલું અકબંધ મળે ખરું? હોઠ પર જીભ ફેરવતાં આલોકને ખારી રેતીનો કરકરો સ્પર્શ કંપાવી ગયો. ઢબી પડેલાં ઘરોમાં વેર વિખેર જિન્દગી ખામોશ હતી.

વાટે વાટે સગીના સમ્પર્કો બેઠા થઈ જતા હતા.

ક્યાંકથી સુગંધનું મોજું આવી ચડ્યું.

આલોક હચમચી ઊઠયો. છલબલી ઊઠેલો મોગરો ચગદાઈ ગયો હતો. આંધળી વાવને પગથિયે આલોક બેસી રહેતો.

બીજીવાર સગી એને અહીં મળેલી.

સાંજ પડી ગઈ હતી.

સગી પીપળાનાં પાંદડાં લેવા આવેલી. ગળામાં એ માદળિયું પહેરતી. એની દર પૂનમે પૂજાવિધિ થતી, ત્યારે પીપળાનાં પાંદડાંની જરૂર પડતી. સગી આલોકને પહેલીવાર ધ્યાનથી તાકીને જોઈ રહેલી. સાગરનાં મોજાં જેવા એના ગુચ્છાદાર વાળ, સગી પડતાં પડતાં બચી ગયેલી. આલોકે એને પાંદડાં ઉતારી આપેલાં.

સગીની પીઠ પર પથરાયેલા સુંવાળા કેશ અને વાવનાં વાસી અંધારાંની વચ્ચે ઊભા રહી ગયેલા આલોકે તે દિવસે કશીક અપૂર્વ ગંધનો અનુભવ કર્યો હતો.

એક પુખ્ત નારીના તનબદનની મ્હેક પછી એ વાવને પગથિયેથી કદીય ઓલવાઈ નહોતી.

આલોકને એણે આજ લગી ઠરીને ઠામ થવા દીધો નહોતો.

દિવસો સુધી આલોકને તાવ રહેતો.

તાવા'ળા ડિલે આલોક રઝળ્યા કરતો. સગીના વિચારો એના અંગે અંગે લ્હાય લગાડતા.

અનું નામ સગી નહોતું. પણ આખું ગામ એને સગી કહી બોલાવતું. ખોજ કરતાં કરતાં એ એની સન્મુખ આવી ગયો હતો. ભવોભવમાં એ એક જ એની સગી હતી.

ક્યારેક પ્રશ્ન થતો કે સગી સત્ય છે કે સ્વપ્ન?

વાવને પગથિયે સગી રોજ આલોકને મળવા આવતી.

પાળીને અઢેલીને દૂર ઊભી રહેતી સગી આલોકના કહેવા છતાં ક્યારે ય બેસતી નહોતી. કલાકો સુધી આલોક વાતો કહ્યા કરતો. સગી સાંભળ્યા કરતી, ક્યારેક નતમસ્તકે વિચારમાં ડૂબી જતી, ક્યારેક ફૂલની જેમ ચહેરો ધરી રહેતી–મૌન.

સૂકા પાંદડાં જેવી પીડા બેઉ વચ્ચે આઘીપાછી થતી રહેતી. કાચો નખ કપાયાનો સીસકારો કે લીલું પાંદડું ઉઝરડાયાનો હાયકારો એ બે સાંભળી લેતાં.

સગીના અવાક્ ભીડાયેલા હોઠ ફફડી ફફડીને અટકી જતા.

એનો નિરાલંકાર ચહેરો આકાશી ફૂલ જેવો આલોકને અડ્યા કરતો.



એ હસતી તો પગથિયાં ઉપર મોગરા વેરાઈ જતા.

એનાં અજવાળે આલોક જોઈ શકતો હતો કે–

ઊંડામાં ઊંડી લાગણી માત્ર મૌનથી જ અભિવ્યક્તિ પામી શકે. પણ કહેવું–કબૂલવું એ ય કાંઈ ગુન્હો કે પાપ તો નથી ને? નિખાલસતા ભલે નબળાઈ ગણાઈ જાય, આલોક તો કહી-કથીને હળવો થવા મથતો હતો.

સગી ઝીલાય એટલું ઝીલી રહેતી, જળભર્યાં વાદળની જેમ. ક્યારેક વેલની જેમ વીંટળાઈ જવા અધીર થઈને અટકી જતી.

શીખીને સમજવું, સમજીને શીખવું. અનુભવને આધારે ટકી રહેલો આલોક આધાર પામવા શબ્દોથી સ્નેહ સુધી વિસ્તરવા મથતો.

'જેમને માટે થઈને કાંઈ કર્યું છે; જાત ઘસીને કોઈને કાંઈ આપ્યું છે. ત્યારે એ સૌએ તો સામે આપી છે નફરત તથા ઉપેક્ષા! જરૂરત પત્યા પછી કોઈ પાછું આવતું નથી...'

આલોક આવું કહેતો ત્યારે સગી એકળાઈ ઊઠતી, ઘરે જવા પગ ઉપાડતી. આલોક એને અટકાવતો. પણ કશું ય અટકાવી શકાતું નથી એ આજે સમજાતું હતું.

થોડીક ક્ષણોના તોફાને ગામ આખાને વેરાન કરી દીધું હતું. રસ્તાઓ અને શેરીઓ રેતીમાં માથાબૂડ હતાં.

ભેળાઈ ગયેલા ખેતર જેવી ઉજ્જડ ભાગોળ!

આલોક ઊભો રહ્યો, અહીંથી–

બહાર જતી સગીને એણે કહેલું :

'જે સગાં હોય છે એ વ્હાલાં નથી હોતાં ને જે વ્હાલાં હોય છે એ સગાં નથી બનતાં... વિધિની આ વિચિત્રતાનો જવાબ છે તારી પાસે સગી? ભણવા જાય છે તો એવું ભણીને આવજે...'

પણ જનારાં પાછાં ફરતાં નથી.

આલોક દુઃખતી રગને પંપાળ્યા કરતો.

સન્નાટો થઈ જતા સમયને એ માપી રહ્યો. હજી હમણાં તો હતો બધે હેલ્લારો. ને આ ક્ષણે ધબકાર પણ નથી કશો ય.

કેટલાંય કબૂતર, કાગડા અને કાબર હોલાં મરેલાં પડ્યાં છે.

આખા ગામને ફરીથી ગોઠવીને, સાફ કરીને કિલ્લોલતું કરી દેવાનો આલોકમાં ઉમળકો ઊઠયો. પણ એના પગ ચાલતાં ચાલતાં રેતીમાં ખૂંપી જતા હતા. હજી તો એણે એકાદ શેરી પણ વટાવી નહોતી. પેલી વાવની પાળે તો ક્યારે પહોંચાશે?

સગીને એણે એકવાર કહેલું કે ચાલ આ વાવમાં તળિયા સુધી ઊતરીને જોઈએ કે એ અંધારામાં શું છે? કેવી છે એની ગંધ? સગીએ એને વારેલો. પ્રથમવાર એ એટલું જ બોલેલી કે. 'વાવને તળિયે હોય શેવાળમાં વીંટળાયેલો સાપ, અને કહોવાઈ ગયેલો અંધાર. માણસને ખતમ કરી દેવા એ પૂરતાં હોય છે. ના, આલોક! આપણે અંધારામાં આગળ નથી વધવું...' સગીની સુવર્ણકાયા ચમકતી હતી.

એના અવાજનું અજવાળું આલોક અનુભવી રહેલો.

'હક અને અધિકાર આગળ કરનારાઓ ભોગને નિમિત્તે ભોગવાઈને ગળી જાય છે; જે અંદર હોય છે એને બહારના આધારોની શી જરૂર?' કોણે બોલાવતું હતું આ શબ્દો? સગી તો એનામાં ઓસરી ગઈ હતી.

મોસાળની ખડકીને વાવંટોળે વિચ્છિન્ન કરી નાખી હતી. કાનોમાં મોટી મોટી રીંગો ઝૂલાવતી સગીનો ચહેરો ચારેતરફ તરવરતો હતો. એણે એને અડવા હાથ લંબાવ્યા, પણ મેલા હાથોના ડાઘ સગીની કાયાને... આલોકને ક્ષોભ થયો. એની કાયાનો નિખાર આજે નોખો હતો. આલોક ખડકીનો ભંગાર જોતો રહ્યો.

સગીને આપવા એ કેટકેટલી ચીજવસ લાવતો. દરેક વખતે સગી એનો ઇન્કાર કરતી, આલોક ઉઝરડાઈને રહી જતો. આજે આલોકની થેલીમાં એ બધું ય અકબંધ હતું. ભાંગેલી ખડકીને માથે એણે એ થેલી મૂકી દીધી. જમીનને માથું અડકાડીને સગી સાથે સમરથબાને સંભારી લીધાં.

ગામની ચારેતરફ નજર ફેરવી. ભોંઠપ સિવાય કોઈ નહોતું. આલોકે પાછા વળવા પગ ઉપાડ્યો. પીઠ ફેરવી.

સગીનો નિર્મળ જળ જેવો અવાજ એને સંભળાયો.

પણ આલોક સમજી ગયો હતો કે એ ભ્રાન્તિ છે. કેવળ ભ્રાન્તિ!

'વાવને પણ વંટોળે પૂરી દીધી હશે. હવે અંધારું અને સાપને બદલે ત્યાંય હશે નરી રેતી... પોતે એ રેતીમાં નિરાંતે સૂઈ જશે–કદાચ કાયમ



માટે.'

આલોક હાંફી ગયો હતો.

પશ્ચિમમાં આથમતા સૂરજનાં રાતાં તેજ ઉજ્જડ ગામ ઉપર રક્ત સમાં લીંપાતાં હતાં.

ખંડેર ગામમાં છૂપાયેલો અંધાર બહાર નીકળવા તૂટેલાં બારણાંને, આલોકની પૂંઠે, પછાડતો સંભળાતો હતો....

૧૦-૪-૮૯,
વલ્લભવિદ્યાનગર

❑

# દોઢીમાં

'તું જીદ મેલીને ફેર લગનની હા પાડી દે, બેટા! આદમીનો અવતાર, આખો જનમારો એકલો નઈ નેંકળે...' ગળગળી થઈને મા કહે છે. બાપુજી અને ભાઈની પણ એવી જ રઢ છે. 'મરનારું માણસ ઘણું ય વ્હાલું હોય પણ શું થાય? કાળ આગળ આપણે લાચાર ને અવતાર એકલાથી થોડો જાય છે! આ ગાડાં ને હળ જેવું. ધૂંસરી બે જણને ખભે હોય તો ભાર માફકસર આવે. આવી વાતોમાં વિચાર કરીએ તો પાછળથી પસ્તાવાનો પાર ના રહે.'

ને તો ય રમેશ આજ સુધી તો પોતાની વાતને વળગી રહ્યો છે :

'હવે ફરીથી લગ્ન કરીને બંધનમાં નથી પડવું.'

પની અચાનક ગુજરી ગઈ હતી. એના આઘાતની કળ વળતાં વાર લાગેલી. એના મરણ પછી રમેશ નિરાંતે રોકાવાય એમ પ્હેલી વાર ઘરે આવ્યો છે. આમ તો એ વતનમાં ઝાઝું રહેતો નથી. બધું ગમે છે, ફાવે છે. ને તો ય જાણે એકલવાયું લાગે છે. કંઈક ખૂંટતું લાગે છે. પત્ની હતી ત્યારે ય એ બે-ચાર દિવસ માંડ રોકાતાં ને પાછાં શહેરમાં જતાં. ત્યાં રમેશને સારી નોકરી હતી. ગામડા ગામની પનીને રમેશે ઘડેલી. ગુજરાતી ને ગામડાની ઢબે પહેરવે ઓઢવેને બોલવેચાલવે ટેવાયેલી પનીને એણે પંજાબી, સલવાર કુર્તા, ને ઝભ્ભો ચુડીદાર પહેરતી કરેલી. આરંભે તો પનીને માથે



ઓઢ્યા વિના નહોતું ફાવતું... પણ પછી એ રાતે ગાઉન પહેરવા લાગેલી... પોતે આટલું ભણ્યો ને વહુ સાત ચોપડી માંડ ભણેલી. સૌએ રમેશનાં વખાણ કરેલાં : 'ભણતર તે આનું નામ! સેં જરીકે પોમાઈ?' ને પછી પની શહેરમાં રહીને આવી ત્યારે તો બધાં એનો શક્કો ભાળીને જ આભાં થઈ રહેલાં. ગામની છોકરીઓ પહેરવા ઓઢવાનું ને સાજ સજવાનું શીખવા એની પાસે આવતી. રમેશ-પનીની જોડી જોઈને સૌનો જીવ ઠરતો.

ઓટલે બેસીને બ્રશ કરતો રમેશ સામે કૂવે પાણી ભરતી વહુ-દીકરીઓને જોઈ રહ્યો. એમનાં ઠઠ્ઠા-મજાક પણ સંભળાતાં હતાં, ક્ષણવાર તો રમેશને પાછલા કાળની છાલક વાગી. પની પરણીને આવેલી, અવનવી સાડીઓ, લાંબો તાણેલો ઘૂમટો, ઘૂમટામાંથી દેખાતું પનીનું હસું હસું થતું મોઢું, ભર્યે બેડે ધમધમાટ ચાલી આવતી અને ખાલી બેડે સડસડાટ ચાલી જતી પનીને રમેશ જોઈ રહ્યો. આજે એ ઘૂંઘટા ખસીને કપાળ સુધી આવી ગયા છે. ઘણાંની તો સેંથીય દેખાય છે. રમેશે નજર ફેરવી આંગણાનો લીમડો પાંખો પડી ગયો છે. પાછલી વાડના થૉરિયા ઢોરોએ ભાંગી નાખ્યા છે. હવે આંગણું અને બાજુની ખળવાડ તથા વાડા વચ્ચે આંટણ નથી રહ્યાં. આમ જુવો તો મોકળાશ લાગે છે ને વળી કશુંક ખુલ્લું પડી રોળાઈ ગયાનો ભાવ જાગે છે પેલી આંગણાની શોભા જાણે હરાઈ ગઈ છે.

રમેશ જુવે છે તો ઓટલી અને ભીંતોનું લીંપણ ઊખડી ગયું છે. મા માટીની ઓટલી દર ઉનાળામાં લીંપતી. સરસ મજાના ઓળપા અને એમાં ફળની સરખેસરખી ચીરી જેવી ઑકળિયોની હારમાળાઓ, હજીય પનીની આંગળીઓની છાપ પરખાતી હતી, જોકે ઓળપા ખંડિત થયા છે, કેટલાક પોપડા પડું પડું થતા, અંજળ પાણી ખૂટવાની વાટ જોતા બાઝી રહ્યા છે. આજે ઊઠતાં ને પરવારતાં મોડું થયું છે. છે. ઘરનાં સૌ સૌના કામે વળી ગયાં છે.

છ ઘરની આ ડેલી દોઢી ગણાય છે. એને દખણાદે છેડે એટલે કે સામે આ કૂવો, ને પછી દેખાય તે ભૂતોનું ફળિયું. આ તરફ સામેની લાઇનમાં લવજીનું ઘર. દોઢીને કૂવાથી નોખી પાડતી દખણાદી દીવાલ ભારે ચોમાસે વર્ષો પ્હેલાં–એનું લગ્ન થયું એ ગાળામાં કદાચ-ભાંગી પડેલી. છોકરાં ત્યાં ચડી ભૂસકાં મારે છે. કોઈ એની છાયામાં સંતાઈને રમે છે કે ઘરમાંથી ચોરેલી ખાવાની વસને છાનાંમાનાં ખાઈ રહ્યાં છે. દોઢીની ઓતરાતી દીવાલ

છએ ઘરનો મોખરો સાચવતી ઊભી છે, જીર્ણતા તો એને ય લાગી છે. એની વચોવચ જૂનો દરવાજો, તોતીંગ. બે ગાડાં પસાર થઈ જાય એવડો. એમાં કાંકરી ખરી નથી. એની બેઉ બાજુની બારીઓને ઘસારો લાગ્યો છે. લીંપણ ઊખડી ગયું છે. લવજી સાથે બેસીને એ બારીઓમાંથી મહીસાગરનાં ચઢતાં ઉતરતાં પાણી અને જતીવળતી પનાઈ હોડીઓ બાળપણમાં જોયા કરતો તે સાંભર્યું. હવે નદી પાસે કોતરો વધ્યાં છે ને દૂર પુલ થયા પછી હોડીઓને બદલે ચોમાસા પૂરતાં રડ્યાં ખડ્યાં નાવડાં ફરે છે. ત્યારે તો સામે પર જવાનો આ ધોરી માર્ગ. જતાંવળતાં લોકો આ દોઢીમાં હુક્કા પાણી કરતાં. હવે તો બધું ખંડિત. વ્યતીત સચવાવો જોઈએ એવું એના મનમાં થયા કરે છે. પણ આ ક્ષણે તો એ વર્તમાનમાંથી ય નીકળી જવા ચાહતો હતો. ન જાણે કેમ! વર્તમાન એને આટલો છીછરો કદી લાગેલો? ન તો ડૂબી શકાય-એમાં એટલાં પાણી જ નથી રહ્યાં કે શું?! પાણી સુકાયા પછી કાંઠે જળછાપ પડી રહે છે. પોતે એવી જળછાપ જેવો પડ્યો હોય એવું એને લાગ્યું. સમયની સાથે જળની જેમ વહી નીકળવાનું અઘરું થઈ ગયું હતું. તોય એને કોઈક અવશપણે ખેંચ્યા કરે છે કેમ? જાણે-અજાણે તણાયા કરવાની નિયતિ સમજાયા છતાં જાણે સમજાતી નથી. ક્યારેક બધું ગૂંચવાયેલા દોરા જેવું લાગે છે.

બ્રશ પછી રમેશે દાતણ પણ લીધેલું. બાવળના તાજા દાતણની વાત જ જુદી. દાતણ ચીરી, ઉલ ઉતારી, જાણે થોડાં વરસો ના ઉતાર્યાં હોય! લોટો પાણીથી કોગળા કરી રમેશ ઘરમાં ગયો. ચા પીતો હતો ત્યાં જ સામે ઘેરથી બાળપણનો ભેરુ લવજી આવ્યો. લવજી માસ્તર!

'આવો, લવજીભાઈ.' રમેશે તેને આવકાર્યો.

'તમે તો, દાદુ બોલતા જ નથી ને! ચ્યમ ઑમ ટાઢાબોળ થઈ જ્યા સૉ?' લવજી એની અસલ રીતમાં બોલવા માંડ્યો.

'બસ, આ બોલીએ જ છીએ ને! કામ વગર વાતો ય શી કરીએ? હવે એવી ટેવ રહી નથી.'

'તમારી આ ટેવ આપડને તો બઉ ગમેં સેં, દાદુ, કાંમ વના બોલવાનું જ નઈ. કોઈની હાડાબારી જ નઈ. ન કોઈની હારી કે કોઈની ઍણી! શેરમાં રયાનો ફેર જ આટલો, રમેશભઈ! આ, હાળું! અમે તો એવાને એવા જ રયા –છોલ્યા વનાના લોઢ જેવા! માસ્તર થયા તોય અમારા દેઝાર ને ભાષા



ના બદલાયાં. જોકે એમાં તો એવુંને કે ગામમાં રે'વું ને પાછું ચીપી ચીપીને હું બોલવાનું ? હેં, તમે જ કૉય દાદુ! આપણું તો, એની બુનને પઈણે તે ખાતું જ જાડું. કોઈ હું કાઢી લેવાના આપડા બાપનું? હેં–, બઉં તો, આ નોકરું લઈ લ્યે પાછું એજ ને? તે એમાંય શા કક્કરવાર બળ્યા સે? આ તો ઠીક મારા ભઈ, ખેતી હચવાય, ઘર હચવાય, સમાજ હચવાય ને બપોરી વેળામાં નેહાળ પણ હચવાય, ખોટું નઈ કઉં, નોકરી તો દાદુ તમારી, હાં. મહિનો થાયને પાંચસાત હજાર રૂપિયા, એ ય મહુડો ગરે એમ જ કૉવને!'

રમેશ તો લવજીને સાંભળી જ રહ્યો. થયું: 'સાલો, કેવો પાક્કો છે.' આજે પાક્કો લાગતો લવજી હતો તો સાવ ભોળિયો. થોડો અણઘડ પણ ખરો. પ્રાથમિક શાળામાં શિક્ષક થયો એ ય સરખાં નામગામને લીધે બીજાનો ઑર્ડર ભૂલથી અહીં આવી ચડ્યો ને લવજીએ કરી નાખી બારોબારી! મૂળ નામ ઠામ વાળો વાટ જોતો રહ્યો હશે. આમાં તો એક વખત પેઠા એ પેઠા. લવજી કહેતો હતો : 'અમારી નેંહાળમાં તો પોપાબાઈનું રાજ સે દાદુ જવાય તો ઠીક સે. નઈ તો બીજા દન જઈને શઈ ફટકારી દેવાની. આ અમે દાહોદ બાજુના આદિવાસીઓમાં અતા તાણે તો વારા કરતા-દશ દશ દા'ડાના વારા. ડિપોટી શાયેબ પૂછે તો 'ચાપાંણી' કરાઈ દેવાનાં. હૌને પોતાને ધંધો સ ભઈ!'

'પણ લવજીભાઈ, શિક્ષણનું ને બાળકોનું શું?' આપણે પગાર લઈએ એની જવાબદારી ખરી કે નહીં?' રમેશે હળવાશથી પૂછ્યું.

'લ્યો, દાદુ! કરાં વાત. નેતાઓ પગાર ખાંય સે તે એવા એ ચ્યાં કાંમ કરે સે? એ તો રાજા એવી પરજા, ને અમે એમ તો નહણક કાંઈ નામક્કર જતા નથી. સોરાંને ખાસ્સું વંચાઈએ લખાઈએ છીએ. પછી તો જેનું જેવું કિસ્મત...' લવજી જરા ટાઢો પડ્યો.

રમેશની આંખ સામે લવજી સાથેનું બાળપણ રમી રહ્યું. નદી, ખેતર, કોતરોમાં રખડવાનું, ડોડા ચણા-મગફળી ગમે તેના ખેતરમાંથી ચોરી ખાવાનાં ઋતુ-ઋતુનાં ફળ જુદાં. નદીની સામે પાર ટેટી ખાવા તરતા જવાનું. કૂવે તળાવે ધુબાકા મારવાના ને રાતે છાનાછપના મોડપરા જઈને દેશીનાટક સમાજનાં નાટકો જોવાનાં– 'વીર માંગડાવાળો યાને સતી પદ્માવતી', 'શેણી વીજાણંદ'. 'સોન કંસારી' ...રમેશને પાછી પની સાંભરી આવી. પરણ્યાના એ દિવસોમાં આ લવજી કહેતો હતો–'રમેશભાઈ, દાદુ! વઉ તો તમારી

નાટકમાં શોભે એવી સે, શેણીના ઉઠાડાંને પનીભાભીને બેસાડાં!'

વાત બદલતાં લવજી બોલ્યો : 'હેં તે રમેશભાઈ, પછી હું વિચાર્યું?'

'શી વાતનું ભઈ?'

'લ્યો, દાદુ, તમે ય મારી મશ્કરી કરતા અશો? હેની તે લગનની વળી, ભલાદમી! આ લગનગાળો આવે જ સેં. અવે બે વરહાં તો જ્યાં. અમે ય જાંણીએ છીએ કે પનીભાભીના હવાદ તો જુદા જ અતા. પણ ધણીનું કોઈ ધણી સેં?! અવે વિચારો તો ખોટું નથી. આ તમે ને ઉં તો બાળપણના દોસ્તારો. તમને કેવામાં બાધ નઈ. દાદુ, બૈરા વના તો અવતાર ચ્યમનો જાય? હેં, ખોટું કઉં સું?' લવજી ઠાવકાઈથી બોલે છે.

'જાય, લવજી. અવતાર કાંઈ એટલા માટે જ થોડો છે? નોકરી ધંધો કરવાનાં. ઘરમાં કામ કરનારો છોકરો રાખવાનો, રાંધે ને ખાય. એનું ય ગુજરાન ચાલે. એક જાય તો બીજો મળી રહે, એને ભણાવીએ તો પુણ્ય મળે એ નફામાં. ને બાકી તો શહેરમાં ખાવાપીવાની સગવડોનો પાર નથી હોતો. આ ભોગ તો ભોગવીએ એટલા ઓછા પડે. હવે મનને લગામ કરવાનું.'

'તમે તો ઘણું ય હમજો ભઈ. મનને લગાંમ કરો તોય દાદુ કાયાને પટાવવાનું કાઠું કાંમ... કાયા જાગે, ને એ તો ગમે તે ઘડીએ જાગે. બપોર કે રાત ન જુવે. તાણે હું? આ કાયાની તો બધી માયા સે એની બુનને પઈણે તે...' લવજી હથેળીમાં તમાકુ મસળતાં મસળતાં બોલે છે.

'લવજી, તું તો ભઈ ભારે ઠરેલ થઈ ગયો છે. ઘરનું કામ, ખેતીનું કામ, નોકરી ઉપરાંત ગામ-સમાજની ભાંજગડ પણ બરોબર પચાવી ગયો લાગે છે.' રમેશે વાતની દિશા બદલવા ધાર્યું.

'હેના ઠરેલ ને ફરેલ ભાઈ! મોટા માંણહ તો તમે કેવાંય, શહેરમાં ટેસડા કરવાના. એઈ નાટક સિનેમા જોવાનાં ને –એટલે તો ઉં ચ્યારનો કઉં સું કે બીજીવારકા ફેરા ફરી લ્યોં, સુખના નઈ તો દુઃખનાય ફરવા પડેં. શેરમાં પારકાં લોકમાં એકલા રઈએ તો જીવ સોરાયા કરે. ખાલી ઘર ખાવા દોડે. ને અવસ્થા આવે તાણે પૈસા લઈ ને ય પારકાં સેવા કરે એ વાત ભૂલી જજો. દન્યો તો ગધેડીની વોય સ.' લવજી ફરીથી મૂળ વાત પર આવી ગયો છે.



'હવે લવજી આટલી ઉંમરે આપણને કન્યા કોણ આપે? ને આવનારીને આપણે શાં સુખ આપી દેવાનાં હતાં?' રમેશને રમૂજ કરવાનું મન થયું લવજી જ રમેશને મનાવી શકશે એમ માનીને કદાચ ઘરનાં પણ આ બેઉ દોસ્તારોને વાતોમાં મશગૂલ જોઈને આઘાંપાછાં થઈ ગયાં છે.

'લ્યો કરાં વાત! દાદુ, તમને તો એક કે'તાં એકાવન કન્યાઓ મળે એમ સેં. ને એય કાચીકુંવારી. બાપાની આબરૂ કાંઈ મરી પરવારી નથી. આ અમને કન્યાઓનો ઘણો તૂટો અતો. તોય ઘરમાં રાતા લૂગડા વના ના ચાલે. બૈરા વના મનેખ નકાંમો. જીવ ભટકતો ફરે એવા જીવતરનો અરથ શોં? આ પેલા ગલજીના મુવાડામાં રામો કણબી પિસ્તાળીએ રાંડ્યો, ઘરમાં મરનારીની લાશ અજી તો પડેલી અતી ને પાછલા બાયણે કન્યા આલવાવાળા કળચીને પડેલા. તમે નઈ માંનાં પણ તમારી કાજી તો ઘણા બબ્બે વરહથી સોંડીઓ હંગરીને બેઠાં સેં, પેંપળે પાંણી રેડનારીઓ સેં. આ લગનગાળો તો તમને નઈ છોડે. હાચું કઉં, પેલાં તો ઉં તમારું મન કળતો, પણ અવે શેરમાં જઈને તમે ઊંડા થઈ જ્યા સોં. શેરે તમને હાવ છેક બદલી નાંશ્યા સે. આવી તે જિદ વૉય. આંણા વેઢેથી પેલા વેઢે જવાનું જ. નઈ? લવજીએ તમાકુની ચપટી દાંત ને હોઠ વચ્ચે મૂકતાં રમેશ સામે જોયું.

'સાચી વાત છે લવજી. બહુ ભણવું સારું નહીં. બહુ વિચારવું સારું નહીં. આવી ટેવો આપણને એકલા ને આળગા કરી દે. ભણ્યું ગણ્યું વચમાં ન આવે એમ સૌની સાથે જીવવાની ટેવ મારે પાડવી છે. જે માયા સંકેલાઈ એ સંકેલાઈ. એમાંથી છૂટવા લોકો દીક્ષા લ્યે છે, ત્યારે આપણે તો કાચા પડીએ છીએ. પનીને સ્થાને બીજાને બેસાડીએ, પછી પાછો એ જ સંસાર તો લવજી, પછી આપણાપણું રહ્યું ક્યાં?'

'આ બધી તમારી મોટી વાતો અમને ગાંમડિયાં ને ના હમજાય, ઉંતો એક જ વાત જાંણું કે જીવતર તો વેસન જેવું સેં. વળગે પછી ઝટ મેલાય નઈ. આ જુવૉને! મને બે જ કટેવ પડી સે. એક તો દનમાં તઈણવાર ચા જોવે સેં, ને કલાકે કલાકે ચપટી તમાકુનો ભૂકો. ઉં જાણું સું કે ચા ભૂખ મારી નાંખે સે ને તમાકું ડિલની ભાજી કરી નાંખે સેં. મારી હૂકલી દેઈની દશા બેહવાની સેં. પણ લીધું મેલાતું નથી. લૂગડાની માયા ને આ વેસન હરખાં. તમે ને ઉં બેઉ એમાં હરખા. પોદળા નેંચાના કીડા જેવા. પણ

જીબ્બાનું એટલે જીબ્બાનું; મરી થોડું હકાય સે.'

બોલ્યા વિના લવજીને તાકી રહેલા રમેશને આશ્ચર્ય થતું હતું.

'લવજી, મેં કાંઈ કોઈને ફરિયાદ કરી નથી. વળી એકલા રહેવાનું મને કોઠે પડતું જાય છે. હું સુખી છું. પછી બધાં શા માટે મારી ચિંતામાં અડધાં અડધાં થઈ જાય છે?' પાછો રમેશ ગંભીર થઈ જાય છે.

'હૌ તમારી કાજી કે સૅ. કાંઈ સવારથ અશે તો સૉરીવાળાનો અશે. બાચી અમે તો તમારી પેઢીને વસતી જોવામાં રાજી છીએ. બાપાના મનમાંય એ જ સૅ. ઘણા તો પચ્ચા વરસે નખ્ખોદ ટાળવા નથી પઈણતા? તાણેં તમે તો મારી એડીના કેવાંવ, તમે તો અજી ય જરૂર પડે તો બે બૈરાં કરી હકૉ એમ સૉ. વસ્તાર તો ભઈ દેવનું વરદાંન સૅ. ને દેવ એમ કાંય હાળો હવાડ આંધળો તો નથી મૂઓ. તમે હા પાડો તો અમે તમે કૉવ એવી ફુમતાળી, બે ચોટલાળી લાવી દઈએ, દાદુ!'

'હેં, લવજી તમને હજીય શોખ લાગે છે. તમને હજી મોઢામાં પાણી વળતું હોય તો કરી નાખો કોઈ બે ફૂમતાળી જોડે છેડા ગાંઠણાં.' રમેશે ગંભીર વાતમાંથી બહાર આવવા ગમ્મત કરી.

'લ્લૉ કરાં વાત, જા બિલ્લી કુત્તેકુ માર. આ અમને તો વેજા વળગી જ સૅ, એ વથ્યા ઑસી નથી કે અજી પાછા ઉપાદીએ ઑરીએ!' લવજી ઊઠવાની તૈયારી કરતાં કરતાં બોલતો હતો.

'જો લવજી, તારે મોઢે ન્યાય. તેં હમણાં જ કહ્યું ને કેં આ તો બધી વેજા, માથે પડેલી અણગમતી જવાબદારીઓ... તો પછી મને કેમ એમાં ઘસડો છો? મને બચેલો રાખો ને!'

'દાદુ, વાત કરી તમે તો! શબ્દો પકડ્યા શબ્દો! એ તો એવું સે કે કૂકડો દીઠો ગમતો નથી ને કૂકડા વના વાંણું વાતું નથી. સોરાંનું એવું એ ના વોય તો જીવતર પર ભમઈડો ફરી જાય, ને વોય તો વેજા લાગે. એટલે તો કે'નારે જીવતરને ખેલ નથી કહ્યું? ઊંટ પર બેઠા તે ડોલ્યા વના થોડું ચાલવાનું સે? ભવઈ ને ભવાડા... હો વાતની એક વાત કે અવે તમે ના નઈ પાડતા... લ્યો બેહો તાણેં, મારે તો બળદોને પાવાનો ટેમ થશે. આ આજે તમે, આટલું બોલ્યા એ ય દાદુ, ઘોડાનાં શેંગડાં જેવી વાત થઈ...' રમેશ લવજીને દોઢીની આરપાર જતો જોઈ રહ્યો. મોટ્ટા દરવાજામાંથી જતો



લવજી ધીમે ધીમે ટપકાં જેવો ભળાતો હતો. રમેશ પણ એની જોડે ચાલતો હોય એવો ભણકારો થયો... એણે જાતને વ્હેવા દીધી.

વાડામાં ન્હાવા ગયો, તે મોટાભાઈ ગાડે ગાડે માટી લાવી રહ્યા હતા. ઘર લીંપવાની આંગણું પૂરવાની માટી. પનીએ રોપેલું પારિજાત હવે તો ઝાડ થયું હતું. એપ્રિલમાં વળી એને ફૂલો ક્યાંથી? એ થોડી કળીઓને ને ખરેલા બેચાર ફૂલોને જોઈ રહ્યો. ભાભી એની સામે જોતાં જોતાં અર્થસૂચક મલકાતાં હતાં. બાપા કાંઈક નક્કી કરવાની દૃઢ મુદ્રા સાથે બહારગામ જવા નીકળ્યા છે, જતાં જતાં પેલી દખણાદી દીવાલ નવેસર ચણી લેવાની તૈયારીઓ કરવા કડિયાને ને પડોશીને કાંઈ કહી રહ્યા છે. હા, હવે દોઢી પુનઃ લીંપાશે... રમેશ દરવાજાની બારીમાંથી મહીસાગરને જોતો હતો...

❑

## ॥ લેખ-આસ્વાદ ॥

## જોસેફ મૅકવાન
## ઝાઝેરાં જતન

ગયા ચોમાસામાં શ્રાવણનાં સરવરિયાં ધરતીના ઉછંગને ઓવારી રહ્યાં હતાં. હળુ હળુ હવા હેલ્લાળે ચડી રહી હતી ને ઘર પછવાડેના જાંબુડાની સઘન હરીતિમામાં વિરહીણી કોયલ ટહુકી રહી હતી. એવે સમે દૂરવાણી પર ડૉ. મણિલાલ પટેલનો હરખ રણકી ઊઠેલો.

આજે 'ચીડો' વારતા કરી. કેટલાય વખતથી મનમાં 'ગાંઠ' પડી હતી. આજે નિરાંતે એને ઉકેલી. મિત્રો સાથે વાંચી અને ફરી મઠારી પણ લીધી. એમના અવાજમાં કશુંક સાર્થક કરી છૂટવાનો, કશુંક લાભી ગયાનો ઉમંગ છલકાતો હતો.

મેં એ વાર્તા મંગાવી તો મણિભાઈએ ફાંટ ભરીને ડોડા-ડૂંડાંય મોકલી આપ્યાં. ડોડા હીરા મઢ્યા ને ડૂંડાં મોતીમૂઠશાં! એક કસબીની કલમે કોળેલા કણસલાંનો એ મબલક મોલ એટલે 'રાતવાસો' વાર્તાસંગ્રહની વાર્તાઓ.

ઓગણીસ જેટલી આ વાર્તાઓમાં પ્રેમ, પ્રેમજનિત હતાશા, દેહ ને દેહને દમતી કામેચ્છા, વણસીને વટલાતી વાસના, મનને ભીંસતો ભય, વૈરાગ્નિ, ઈર્ષ્યાખચિત દોષ, હૈયાને પીડતી હતાશા, સંતાનૈષણા, ભાવનાને શારી નાખતી ધીટ વ્યાવહારિકતા, ભૂતળ પદારથમાં ભણતરનું મિથ્યાત્વ, સમાજની આંતરક્રિયાઓ અને એ જ સમષ્ટિના અંગભૂત ઘટક લેખે માનવજીવનના મૂળભૂત મનોવ્યાપારો ને મનોભાવો સુપેરે નિરૂપણ પામ્યા



છે, આ નિરૂપણ અભિધામાં જ આથમી જતું નથી. બળકટ પ્રતીકાત્મકતામાં વેળાટાઈને એ વ્યંજનામાં તિરોહિત થાય છે એટલે જ એમાંથી અઘાટ કલા નીખરે છે.

આરંભે ચીંધી તે 'ચીડો' વાર્તા જ લઈએ :

આ 'ચીડો' ચીંધતાવેંત અમને ઝટ સમજાય. પન્નાલાલ ગોત્રની લેખનરીતિએ નહીં પણ ધરતીજાયા ખેડૂત વંશવાળીના હોવાથી ચીડા સંગાથે અમારે ધરદનનો પનારો. ને ઘાયલ કી ગતની જેમ જ ચીડો તો જેણે કેડે કાંકરો મેલીને નીંદ્યો હોય એને જ એની સાચી ઓળખ. અષાઢ ઉઘલે ને ઓરણી પતે કે ખેડૂતનાં લોચન તળે ફૂટી નીકળેલાં ચીડાનાં અગણિત કોંટાથી સહેદવનાં શોણિતબૂંદમાંથી પ્રગટેલું અક્ષોહિણી સૈન્ય જ જોઈ લ્યો. પરભવના વેરવીની જેમ ઊભાં ભાલોડાં તાકી એ ધરતીનાં અમી અને ખેડૂનાં લોહી પીતો હોય. હળ મેલો કે કરબડી કાઢો, એનાં અગણિત મૂળિયાંને મૂળે મૂળે જામતી ગાંઠોનો પાર જ ના મળે.

મણિલાલભાઈની વાર્તાનો 'ચીડો' ઊગે છે, ધરતીમાં, ફૂટે છે મનમાં અને તિર્યક બનીને ત્રોફે છે તનડાને. મનડાનું કોઈ મોભી નહીં અને તનડાનું કોઈ લલાટે લખ્યું લોભી નહીં એવા ઘાટ છે. ધણીવિહોણી કાશીને, જીવતર વેંઢારવું છે એટલે ખેતરમાં ઊગી નીકળેલો ચીડો નીંદી કાઢ્યા વિના છૂટકો નથી. મધ્યા મા અને મુગ્ધા દીકરી બેય જણાં ચીડાને મૂળસોતો ઊખેડી કાઢવા મથી રહ્યાં છે. માનો પાવરધો હાથ તો ચીડાને મૂળમાંથી ઉપાડે છે, પણ ચીડાની પાનોઠી જેનાં ટેરવાંને કશોક અકળ રોમાંચ પ્રેરે છે એવી ભૂરી(દીકરી)થી ચીડો ટૂંપાય જાય છે. મા એને શીખ દે છે; ટૂંપી ના કાઢ્ય, મૂળહોતો ઉખાડ્ય! મૂળમાંથી કાઢીએ તો જ ફરી પાછો એ ના પીડે! પણ દીકરી પૂછે છે : ' પો'રમોર તો કરબ દેઈને મૂળમાંથી કાઢ્યો'તો, ઓ'ણગાર પાસો એ ચ્યાંથી આયો માટ્!'

આ 'ચીડો' એ કામનાનું પ્રતીક છે. દેહની કામના ટૂંપાય નહીં ને મૂળસોતી ઊખડે ય નહીં. વાર્તાકારે કમાલ સરજી છે, ઠરેલ દેહવાળી કાશીની વરમનાના તંતોતંત કાચી-કુંવારી એની દીકરીની ભીતર કોળી રહેલી કામેચ્છાની સહોપસ્થિતિનો સંવાદ સાધીને. ભૂરી પોતાની સાથે ભીંત પર લખાયેલ કનુ કોયલાનું નામ ભૂંસી કાઢીને ત્યાં મનગમતા મંગાનું લખાઈ જાય એટલી જ અબળખાથી સંતુષ્ટિ પામે છે. જ્યારે કાશીની કાયા તાજી

પીવાયેલી પશાકાકાની બીડીની વાસવાળા ઓરડામાં ધરાઈને ઊંઘવા માંડે છે એટલા સંકેત થકી જ એ કામેચ્છાના વલોપાતનો અંત સૂચવે છે. અલબત્ત ભેંસની ગમાણ આગળ 'ચીમળાયેલો ચીડો' તો ઝાંખા અજવાસમાં ય ચીંધવાનું લેખક નથી વીસર્યા. એ પછીના અંધારામાં ભૂરીને અમૂંઝણ નથી થતી બલ્કે એ ભાવતું આવે છે એ માનવ મનની અકળતા અહીં લીલયા અવતરી ગઈ છે.

'ચીડા'ની સામે છવાયું છોગું કાઢીને ઊભી રહે એવી અને આ સંગ્રહની જ નહીં અપિતુ દશમા દાયકાના આ આરંભમાં આપણને જડેલી ઉત્તમ વાર્તાઓમાં ઉત્કૃષ્ટ ઠરી રહે એટલા માતબર સૌષ્ઠવવાળી વાર્તા છે 'કાંચળી.' વસ્તુવિધાનને અભિવ્યંજિત કરતી સક્ષમ ભાષા રસળતી પ્રવાહિતા અને કસબભરી કારીગરી નિતારતી શૈલીને કારણે આ વાર્તા સંઘેડાઉતાર બની છે.

'સિસોટીના લયમાં ઊંચો-નીચો થતો અવાજ સાંભળતાં ઠકરાણીનો દેહ રણઝણી ઊઠ્યો... નાભિની પણછને તંગ કરતો અવાજ.

'ન્હાતાં-ન્હાતાં અટકીને એ ખુલ્લી મોટી છાતીને સસલા માફક હાંફતી જોઈ રહ્યા... ભીંજાયેલી રતૂમડી કાયા ચમકતી હતી. લાલ હિંગળોક કાચની બંગડીઓથી ભર્યાભાદર્યા હાથ છાતી પર ચપોચપ ગોઠવાઈ ગયા. ડિલેથી નીતરતાં પાણી નાભિને થપથપાવતાં, દવ સળગાવતાં નીચે ને નીચે ઊતરતાં હતાં

તાર સ્વરે વાગતી સિસોટી જંપવા નહોતી દેતી.

બે વર્ષ પહેલાં પડાળની વળીઓમાં ભરાઈ ગયેલી કાળી ડિબાંગ સાપણને ઠાકોરે ભાલાની અણીએ વીંધી નાખેલી ત્યારે એ કાંઈ છટપટાઈ હતી, કાંઈ અમળાઈ હતી! એ જ અમળાટ આજે લોહીમાં બેઠો થઈ જતો હોય એવું ઠકરાણીને લાગ્યું. ભાલાનો ફણો આંખ સામે આવી લાગ્યો. ને કાયામાં દબાઈ જવાની કસક ઊઠી.

નાવણિયાના જાળિયામાંથી પટેલના આંગણે જોવાની લાલસા ઠકરાણી રોકી ના શક્યાં. સિસોટીના લયમાં અંગોને તંગ કરતો પાડો ભેંસ પર ઉડતો હતો!

ઠકરાણીનાં અંગેઅંગમાં લ્હાય ઊઠી. ટાંકાનાં ટાઢાંહેમ પાણી કળશે



કળશે ડિલ પર ઠાલવતાં ઠકરાણીને કળ વળતાં વાર લાગી.'

ઉતરતી અવસ્થાએ ઠાકોર પુત્રૈષણાના માર્યા 'નવાંબા' ઠકરાણીને પરણેલા. 'ઠકરાણીને પાણીદાર ઘોડી જેવી જોવનાઈના દા'ડા જાય.' ને ઠાકોરને ઘરની ઘોડી પર ચઢાવાનાય સાંસા. અધૂરામાં પૂરું ઠાકોરને લકવો લાગ્યો. આગલા ઘરની દીકરીઓને ઠામ બેસાડવામાં ખેતરો લખાઈ ગયાં. ઠાકોર ઘસાઈ ગયા. દેહથી ને ધનથી યે. હવે એમને આંગણામાં સાપ ફરી ગયાના લીસોટા દેખાતા. ને નવાંબાને દિવસો સુધી પલાણ્યા વિનાની ઘોડી, અધરાત-મધરાત ઠકરાણીને ઘોડીની હણહણાટી સંભળતી. ને દારૂ પીને 'આખી રાત ઘેનમાં ઘોરતા ઠાકોરને જોઈને કષ્ટાતાં ઠકરાણીથી કાંચળીના આભલાં અંધારામાં ના જીરવાતાં !'

હણહણતી ઘોડીને જ વળી નોકર સબૂર તળાવે છોડી આવતો. પાંચ-સાત દા'ડા ડાહીડમરી થઈને શાંત પડેલી ઘોડી ઘેર આવી જતી ને ઠકરાણીને થતું :

'જાનવર જેવાં જાનવરનેય વખતે છેડવામાં આવે છે.' 'સ્ત્રી બનવા કરતાં આવતા ભવે તો ઘોડીનો અવતાર આવે એ જ વધારે સારું !'

એ સાંજે સબૂર ઘોડીને ક્યાંક લઈ ગયો. ઠકરાણીએ નીચે જાનવરના લીસોટા ભાળ્યા, એમને ભય ના લાગ્યો. પીઠ પરનો પ્રલંબ ચોટલો એમણે છાતીએ ચાંપ્યો.

શિવમંદિરે જતા ઠાકોરે વાડામાં મોટો નોળિયો જોયો. એમને નિરાંત થઈ ગઈ!

ને અંધારાં ઉતરતાં સબૂર આવ્યો. ઠકરાણીએ એને કો'ડિયામાં મોકલ્યો.પાછળ એય ગયાં. 'કો'ડિયામાં જુવાન ઘોડીના જેવું જ અંધારું. નવાંબા નશામાં મલકાતાં હતાં. ને પછી ગરમગરમ છટપટતી કાયા, ઊના-ઊના શ્વાસ, સબૂર જાણે ઠાકોરની નવી ઘોડી પલાણતો હતો.ઊંડેઊંડે તળાવ હણહણતું સંભળાતું હતું. ઘણીવાર સુધી અંધારું ગુંદાતું રહ્યુ.'

'રાતે નવાંબા મેડીએ ચડી નિરાંતે ઊંઘતાં હતાં. જાગતા ઠાકેરને અંધારાં ઘેરતાં હતાં.

સવારે વાડામાં ફરતાં-ફરતાં ઠાકોરે જોયું તો વાડના થોરિયા ઉપર ચકચકતી લાંબી, સાપે ઊતારેલી કાંચળી! પાસે જ નવાં ઠકરાણીની આભલાં

ભરેલી રાતીચોળ કાંચળી ઉંદરોએ કોચી નાખેલી. જોતાં ઠાકોર અચાનક બૂમ પાડી ઊઠ્યા :

'સબૂર!'

એમને સામો હોંકારો ના સાંપડ્યો !

'કાચળી ઉતારીને જતો રહ્યો સાઆલ્લો!'

બબડતા બબડતા એ જોઈ રહ્યા. પવનમાં કાંચળી ફરફરતી હતી.'

ભાષા અને પ્રતીકયોજનાની ઈબારત એ આ વાર્તાનું નોખું પાસું છે. ઘટના અહીં પૂરા દોરદમામ સાથે ઘટે છે, પણ સહજ ભાવે અનાયાસે ઉઘાડીને કશું જ ચીંધવું પડતું નથી. આયાસ કશેય વર્તાતો જ નથી. ઠાકોરના જીવનનો ચડાવ- ઉતાર કામનાના તાણામાં વાણાની સહજગતિએ વણાઈને અદ્ભુત પોત પ્રગટાવે છે. ગુજરાતી કથાસાહિત્યની ચુનંદી વાર્તાઓમાં કાંચળી સ્હેજે માગ મૂકાવે છે.

'પીપળા' માં ઘટના તિરોધાન રહે છે ને તે છતાં 'પીપળા' સંગાથેની સતિયાની સ્મરણ કથાનો દોર રચી આપે છે. પીપળાની સાક્ષીએ એની આસપાસ ઘણું બધું બને છે. વાર્તાનાયક સતિયાના ચેતન- અચેતનમાં પીપળો જ છવાઈ રહે છે. એના મૂળમાંથી પુનઃ ફૂટતો અંકુર સતિયાની કામનાનો દ્યોતક સિદ્ધ થઈ રહે છે.

'અંતર' 'દોઢીમાં' 'ટપુ ક્યાં છે?' 'વચલી ખડકી' 'તોફાન' અને 'ચાંદરણાં'માં કપટપટુ સંબંધોમાંથી પ્રકટતો અવસાદ, અતીત પ્રત્યેની આત્મિકા, અસ્તિત્વ ખોજનું જ્ઞાન, ઓરતાની અવગતિ અને સદૈવ સૂળાતી રહેતી સ્મરણ સંહિતાની વેદના વસ્તુવિધાનના પૂરા અનુપાતમાં ચિતાર પામ્યાં છે.

'બદલી' માં સાટાની વિવાહપ્રથામાંથી નીપજતી નારીની નિરાધારતા, 'ફારગતી' માં ભણતર પરનો કટુતિક્ત વ્યંગ, પૈસાનું પ્રાબલ્ય અને પંચના કાવસિયાઓની કારવાઈ 'નાગપાંચમ'માં નામર્દ દીકરાઓની બબ્બે વહુઓ પર બળાત્કર કરતા સસરા જેવા નરપશુની મર્દાઈ, 'બાંધીમુઠ્ઠી'માં સગાભાઈઓનાં મનમાં પડી ગયેલી તિરાડનું ઘરની મોભી ભીંતમાં પડેલી 'તિરાડ' સાથેનું સામંજસ્ય અને 'જાંબુ'માં માતાનું નિરવધિ, નિર્વ્યાજ વાત્સલ્ય, વાર્તાકારની કશુંક કહેવાની ચીંધવાની તીવ્રેચ્છાને વાચા આપે છે, તો 'વેલો' સદ્-અસદ્‌નું પ્રતીક બનીને એક પુણ્યાત્મા પુરુષના ઉમદા આંતરસત્વને ઉજાગર કરે છે.

જ્યારે 'ડમરી'માં મા સાથે પરપુરુષ જીવાકાકાના અવૈધ સંબંધોના જાણતલ દીકરા રામજીની વેદના છે. જીવાકાકાની દીકરી અમીની મોરખણા અને રામજીની મોંકળા સમાન છે. જીવાને આની ખબર હોય જ, પણ સગી મા એ જ કારણે રામજીના બદલે એના મોટાભાઈ સાથે અમીના વિવાહ થાય એમ ઇચ્છી રહી છે. ને રામજી અમીને દિલ જ નહીં દેહ પણ આપી બેઠો છે. કદાચ આ જ બધાં કારણોને લીધે એને શહેરમાં નોકરીએ હડસેલી દેવામાં આવ્યો છે. કમાઈને પાછો આવે છે ત્યારે એને પરચો થાય છે કે કોઈ એનું પંડયનું નથી. સગી મા પણ નહીં. આંધીએ એના બાપનો ભોગ લીધો હતો. ત્યારે જે ડમરી ચડી હતી એ જ રામજીને સર્વત્ર વર્તાય છે. 'ડમરી' કરકર સર્જે છે. જીવતરમાં અને આંખોમાં. માનવમનનાં સંકુલ વહેણોનું અચ્છું નિરૂપણ થયું છે આ કથામાં.

આ સંગ્રહની મોટાભાગની વાર્તાઓ શ્રી જણસે સિલક ભણી જમા થાય છે. છતાં લેખક જે બે વાર્તાઓ પરથી સંગ્રહનું નામાભિધાન કરવામાં દ્વિધાગ્રસ્ત રહ્યા તે 'રાતવાસો' ને 'માટીવટો' રાતવાસો પ્રતીક વિધાન અને 'માટીવટો' શિલ્પ વિધાનને કારણે ધ્યાનાર્હ નીવડી છે. 'રાતવાસો'માં મા-દીકરી (શાંતા અને વાલી) નાં દેહ-દિલનો વલોપાત ચિત્રાયો છે. મા વિધવા દીકરી જવાન. વાડા પછવાડે રહેતા રમણને વાલી દિલ દઈ બેઠી છે. વાડામાં જ કરાતી પૂળાની ઑગલીઓની ભીતર મા દીકરી બંનેએ પોત-પોતાની રીતે દેહની ઝંખનાઓ સંતોષી છે. દીકરીને એમ જ દિવસો રહી જાય છે. દીકરી ચતુર અને મા સુજાણ. પેટનું પોત પ્રકાશે એ પહોલાં જ વાલી સાસરી જીતી લે છે. ત્યાં એને કશી કમી નથી, કહ્યાગરો કંથ ને દોમ દોમ સાહ્યબી. એના વળોટ લઈને જ દીકરા સમેત વાલી પાંચ વર્ષે પિયરમાં આવે છે. એક માત્ર મંશા છે મનના માનેલાને મળવાની, દીકરાની મો'રખણ એને દેખાડવાની. પણ એ નથી ફળતી. પેલી ઑગલીઓમાં જઈને વાલી ન જાણે કેટકેટલું સંવેદે છે. સંતાપે છે. ને પછી હતાશ હૈયે પાછી ચાલી જાય છે. એક જ 'રાતવાસા' માં જીવતરનું એનું ભાથું ભેળાઈ જાય છે. સંસારમાં એને શું નથી? સંધુંય છે, પણ માને એ કહેતી જાય છે : ભોંયથી ભૂખ નથી ભાંગતી ને કાયાનો દીવો ઓલવાતો નથી. એ છે આ વાર્તાની વારતા.

‘રાતવાસો’માં ભોંયથી ભૂખ નથી ભાગતી તો ‘માટીવટો’માં ભોંયની ભાવટ નથી ભાંગતી. આ ભાવટ મમત્વમાં પર્યવસાન પામે છે. જનમ ભોમકાની માટી પ્રત્યેની મમતામાં. આપણા અનેક લેખકોમાં માટી મ્હેંકે છે. મલપી છે. કળાયેલ મોર બનીને નાચી છે, મોંઘેરી મિરાત કરીને મલકી છે. પણ મણિલાલની માટી રુરુદિશાને પોષતી, ઘસડતી અનરાધાર આંસુડાથી પરિપ્લાવિત કરી દે છે, એ માટીનાં મૂલ તો સીતામાને જ સમજાય. નદીનાં પૂર જેને પીડી ગયાં છે એ નીચાણના વિસ્તારમાંથી બાપીકું, પિતરો પુરાણું ઘર ત્યજીને મોટાભાઈ નવી વસ્તીમાં મોકાની જગાએ નવું ઘર બાંધી રહ્યા છે. જૂના ઘરનો અસબાબ નવામાં કામમાં લેવાનો છે. પણ સીતામા એ પોતીકું પ્રદરનું ઘર છોડવા રાજી નથી. દેરાણી સગીમાનાં અવસાન પછી જેઠાણી એવાં સીતામાએ પોતાનાં ગણીને જ દેરાણીનાં સંતાનોનેય ઉછેર્યાં છે, પણ એ હવે મોટાં થઈ ગયાં છે. પોતાનું હિત-અહિત વિચારી શકવા સમર્થ. જૂના ઘર પ્રત્યેના સીતામાના મોહને એ સમજી નથી શકતાં. કેટ-કેટલા ઓરતા ને અબળખાની ઓકળીએથી સીતામાએ એ ઘરની ભીંતો લીંપેલી, એમાં જ એમણે જણતરની વેદના વેઠેલી. અહીં જ ગણેશ પૂજલાં. ને એને જ ઊંબરે નવી વહુવારુઓને વધાવેલી. પતિએ પ્રાણ પરહરેલા એ જગા તો એમની આંખોમાં તગતગે અને. એ જ આંખે જેને ઝાઝેરા જુહાર ભણેલા એ ઘર સીતામા કેમ કરીને પરહરે! એક વાર્તાનાયક વીરુ જ સીતામાને સમજાવી શકે એમ છે. એમના અંતરમા ભડભડતી જ્વાળાઓનો એ જ એક જાણતલ છે. એને શબ્દો નથી જડતા. પણ મા પાસે તો આખા ઘરના કણે-કણનો વહીવંચો છે. હરએક ઓરડાની હરએક એક બીના જીવાતુંભૂત સાક્ષી દેતાં દેતાં હડણ ઉખાડેલા ઘરના વચલા ઓરડે ખરા મધ્યાહ્ને સીતામા જ જીવની માયા મેલી દે છે! ઉતરેલા ઘરના આગલા કમાડમાંથી માનો મૃતદેહ મસાણે લઈ જવાય છે. ને વીરુ સગી આંખે  સાક્ષી બને છે. દૂસરા વાસ્તવનો હજી તો સીતામાની એહે ટાઢી ય નથી પડીને ઘરનું મુખ્ય ચોગઠું કમાડ સહિત કાઢીને ટ્રેકટર મારફત નવા આવાસે લઈ જવાય છે.

સંસારરાગોથી ડંખતી સ્વાર્થપરતાનાં શૂળ ભોંકતી ને નિરતિશય કરુણતામાં ઝબોળતી હૈયાવીંધણ વાર્તા એટલે માટીવટો! અહીં માટીવટો એકલાં સીતામાને નથી મળતો. વીરુને ય મળે છે, ને વીરુ રૂપી શિક્ષિત-



શહેરીઓનાં વંધ્ય અંજળને પણ. જે માટીની મ્હેંક મૂરત ને મમતાને સમૂળગા વિસરી જ બેઠાં છે!

* * *

તો આ છે મણિલાલનું નવતર નજરાણું. મારી રગમાં કહું તો વર્ષો પછી આવી મનભર વાર્તાઓ માણવા મળી. ધૂમકેતુ, ચુનીલાલ મડિયા. પન્નાલાલ ને જયંત ખત્રી પછી વાર્તાની માવજત મળે છે મણિલાલમાં. પન્નાલાલના ઘસરકા કવચિત્ ઘેરા બને છે. એ ઇતિવૃત્યાત્મકતામાં યે પરિણમે છે. પણ મણિલાલ નોખા જીવ છે. એમને ‘વાર્તા’ કરવી જ નથી ‘ઉતારવી’ પણ છે. આ ઉતારવાની પક્રિયામાં સંઘેડાઉતાર નીપજી આવે છે મણિલાલનું વાર્તાકર્મ કહો કે સર્જકકર્મ.

કલ્પના એમને કલ્પવૃક્ષ સમી ફળી છે. પણ વાસ્તવ જીવનને પ્રમાણી-કરીને, નાણીને એ ચાલે છે. એમનાં પાત્રોનું ચાલકબળ પણ એ જ હોય છે. એટલે જ વસ્તુવિધાનના ચયનમાં એ જીવાતા જીવનને ચાતરતા નથી. માનવમનના સંકુલ મનોવ્યાપારોમાં વાસ્તવ જે રીતે ને રૂપે ઉભરે એ જ રૂપે વાર્તાકારની રીતે એ આલેખે છે, એ નિરૂપણમાં શિષ્ટતા અશિષ્ટતાની મર્યાદાઓ એમને નથી નડતી. અલબત્ત એમની પહેલી શરત છે કોઈપણ રૂપે કલાગુણ નીતારવાની. કલાને પ્રમાણવાની. એમાં જીવતરને ધોખો નહીં દેવાની ઈમાનદારી આપોઆપ અવતરે છે. આ જ કારણે એમણે નિરૂપેલ ઘટના કે ચરિત્ર ક્યારેય અપ્રતીતિકર નથી વસતાં.

પાત્રાલેખનને એ સાહજિકતાથી, સંપૂર્ણતાથી, મુલાયમતાથી તે અણિશુદ્ધ પરફેક્શનથી બતાવે છે, રમાડે છે, ખીલવે છે ને ક્વચિત્ સતાવે પણ છે. માનવ મનની અતલ ગહરાઈઓમાં ઝાંકવાની સમર્થતા એમના સરીખી ઓછામાં છે.

સર્જકતા અને વૈયક્તિકતાના બે ચહેરા એમને ઓછા પરવડે છે. એટલે જ મનગમતા પાત્રમાં એ પૂરી મણિલાલીયતાથી વહી નીકળે છે. આ લખનારે એમને કવિસભામાં, સાહિત્યિક ગોષ્ઠિઓમાં, જ્ઞાન સત્રમાં, પરિસંવાદોમાં અને વ્યાખ્યાતાના રૂપમાં બોલતા સાંભળ્યા છે. એ પ્રત્યયપૂર્વક બોલી જાણે છે, ને એમની સ્થાપનાઓ પ્રત્યાયનમાં પરિણમે છે. વ્યાખ્યાતાની એમની વિલક્ષણતા તત્ત્વતઃ નિહાળી છે. આંગળી મેલીને

એ ભલભલા ધૂરંધરોની ઉણપને અડકીને છતી કરી બતાવે છે. એમાં નથી હોતી ઈર્ષ્યા, નથી હોતી પ્રતિસ્પર્ધા. સાહિત્યસંદર્ભે કલા અને સૌંદર્ય પરત્વેનો શુદ્ધાતિશુદ્ધ પ્રેમ નામનો ભાવવાચક પદારથ એમને આમ કરવા ઉત્પેરે છે.

અર્થસભર ભાષા, ભાવાભિવ્યંજનાનું લાલિત્ય, ભાવ-પ્રતીકોનું સંતર્પક પ્રયોજન અને એકસૂત્રતા જાળવી રાખતી પ્રવાહિતાના એ કસબી કારીગર છે. પરિણામે એમની વાર્તાઓમાં ધૂમકેતુની ચિંતન કણિકાઓમાં ડોકાતાં પતનોન્મુખ સંસ્કૃતિ કિંવા ઇતિહાસનાં આક્રંદ નથી હોતાં. અવસાદ હોય છે સામાજિક અનવસ્થા અને અજ્ઞાન પ્રેરિત પોષિત કધારાઓનો. પોતે સર્જક છે એ વાતે મણિલાલ જરા વધારે પડતા સભાન છે. સામાજિક સંદર્ભોમાં એ સુધારકનો ચહેરો બાંધવા નથી ચાહતા, નથી ક્રાંતિકારી સિદ્ધ થવા મથતા. પણ જેમાં એ પળોટાયા છે એ સમાજની આંતરક્રિયાઓ અને સામાજિક વ્યવહારોની બખૂબી ઝાંખી કરાવવા તાકે છે. એ સબબનું એમનું ચિંતન સમાજદર્શનની સુરેખ છબિ આકારી આપે છે. 'અંતર' 'ફારગતી' 'ડમરી' ને 'પી.ટી.સી. થયેલી વહુ' વાર્તાઓ એનાં ઉમદા ઉદાહરણ છે. નિરૂપદ્રવી હોવા છતાં એમના વિચારો ઉપદ્રવ સર્જે છે, સમાજ ને તળે ઉપર કરી નાખે છે. ને પોતે 'નાત્યબહાર' મૂકવાની અણી ઉપર પહોંચી જાય છે.

કવિ તપસ્વી હોવા સાથે મનસ્વી હોવો પણ જરૂરી છે, આ મનસ્વીતા એની અસ્મિતા બની રહે તો એને સ્વાતઃ સુખાયમાંથી સર્વજન સુખાય સુધી લઈ જનારી નોળવેલ એ જ છે.

સ્વ. સુરેશ જોષીએ કહ્યું છે : 'સર્જકને શ્રદ્ધા હોય તો માત્ર એટલી જ કે આ સૃષ્ટિમાં અનુભવોનાં અનેક રૂપ ઘડવાનો પૂરો અવકાશ છે, એનું રહસ્ય અખૂટ છે. આ રૂપનું સર્જન અને એ રૂપના નિર્માતાથી જ બૃહત્ અરૂપની વ્યંજના ચાલ્યા જ કરશે. એનો અંત નહીં આવે, આ વિશે સર્જકને શ્રદ્ધા હોય તો જ એ કશાકનું નિર્માણ કરવા પ્રેરાય. દર્શન તો કૃતિમાંથી નિષ્પન્ન થાય, સૃષ્ટિ પહેલાં, પછી દૃષ્ટિ.'

મણિલાલે આ અભિપ્સા સુપેરે પચાવી જાણી છે.'અરણ્યોમાં આકાશ ઢોળાય છે,' એ લલિત નિબંધ સંગ્રહમાં અર્પણાના બોલ વદતાં સ્વ.ઉમાશંકર જોશી અને સુરેશ હ. જોષીને એ કહે છે : 'તમારી ભોંય પર આ મારી પગલીઓ...'



આ પગલીઓ એક વાટડી સર્જવાની છે અને એ પ્રશસ્ત પથમાં પલટાવાની છે એવી મણિલાલને ભરપૂર શ્રદ્ધા છે. સર્જાતા જતા આવા પથ પર સારી એવી મજલ ખેડીને મણિલાલ 'રાતવાસો' લઈ આવે છે ત્યારે સહજભાવે જ પ્રશ્ન થાય છે. ડૉ. મણિલાલ હ. પટેલનું પ્રદાન શું! આ વાર્તાઓ થકી એ કયો 'કિલ્લો' સર કરે છે? આ સવાલ સ્વાભાવિક છે. શ્રી ઉમાશંકર જોશીની શ્રેષ્ઠ વાર્તાઓનું આમુખ લખતાં શ્રી ભોળાભાઈ પટેલ વસવસો વ્યક્ત કરે છે કે, ઉમાશંકરે આવી ઘણી ઘણી વાર્તાઓ કેમ ના લખી? ટૂંકીવાર્તાને મહિમાનો મોડિયો બાંધતાં સ્વ. ધૂમકેતુ અનેકવાર ઓચર્યા છે કે; 'ટૂંકી વાર્તાઓનો સુંદરમાં સુંદર ફાલ ઊતરે ત્યારે પ્રજાજીવન પલટો લે છે એમ સમજવું.' મણિલાલની વાર્તાઓમાં આવી સંભાવના ભારોભાર છે.

શ્રી ભગવતીકુમાર શર્માએ લખ્યું છે કે, ઈ.સ. ૧૯૫૫ના અરસામાં ગુજરાતી સાહિત્યમાં સુરેશ જોષી યુગ બેઠો. તે પછીના દોઢ-બે દાયકા સુધી આપણા વાર્તા–નવલકથા ક્ષેત્રે ઘટનાલોપ, આકારમહિમા, પ્રતીકબાહુલ્ય વગેરેનો પ્રભાવ પથરાયેલો રહ્યો. સ્વનામધન્ય વિદગ્ધ સર્જક–વિવેચક સ્વ. ડૉ. સુરેશ જોષીની સાહિત્ય વિભાવનાઓને પૂરી સમજ્યા નાણ્યા- પચાવ્યા વગર, દેખાદેખીથી, 'આધુનિક' તથા 'પ્રયોગશીલ' ગણાવાના મોહમાં જે કેટલુંક કૃતક સાહિત્ય સર્જન આ ગાળામાં થતું રહ્યું તેણે રચેલ ધુમ્મસ મૂલ્યાંકન, પુનઃ મૂલ્યાંકન, પુનર્વિચારણાના તડકા વતી ધીમે ધીમે ઊડવા માંડ્યું. એ સમયગાળાની સાહિત્ય વિભાવનાએ પ્રત્યાયનની જટિલતાને કારણે એકતરફ ઘણાક સારા વાચકોને પણ વેગળા હડસેલી દીધા તો બીજી તરફ સાહિત્ય સર્જનમાંથી સામાજિક સંદર્ભોનો પણ ઘણે અંશે છેદ ઉડાડ્યો. સદ્‌ભાગ્યે શ્રી રઘુવીર ચૌધરી જેવા સર્જકો સમાજ સંદર્ભને કેન્દ્રમાં રાખીને લખતા રહ્યા તો શ્રી વિનેશ અંતાણી જેવા નવસર્જકે પોતાની નવલકથાઓમાં સૂક્ષ્મ સંવેદનશીલતાને કલાદેહ આપવાનું વલણ દાખવ્યું. આમ સાહિત્યનો સમાજ અને ભાવકો સાથેનો શિથિલ થયેલો સંબંધ, અનુબંધ પુનઃ સુદૃઢ થવા માંડયો.

ભગવતીભાઈ સાચા છે. ઉપર ઉલ્લેખિત અરસામાં જ આપણાં સારાં ગણાતાં વાર્તા સામયિકો બંધ પડયાં. વા ધૂમકેતુ, મડિયા કે મેઘાણીની

પરંપરાની વાર્તા લખાતી ઓછી થઈ. સ્થૂળ કરતાં સૂક્ષ્મ, વ્યક્તની અપેક્ષાએ અવ્યક્તનો ને આકારનો મહિમા વધ્યો. સર્જક પ્રપંચ-છેટો રહ્યો ને ભાષાનાં જળ છલકાવા લાગ્યાં.

એ પછી યથાર્થતાના ધરાતલ પર જીવાતા જીવનની કથાઓનું આગમન થયું. એણે અઢી દાયકાની અરાજકતાને એક 'ઘટના' બનીને હડસેલો દીધો. એણે ઉમાશંકર, મેઘાણી, મડિયા ને પન્નાલાલની ભોંયનું પુનઃસન્માન સાધ્યું. મણિલાલ આ હડસેલાને મહત્ત્વનું, પરિબળ પૂરું પાડવાના જોમ-જુસ્સા સહિત 'રાતવાસો'માં પ્રગટ્યા છે. ને તે પણ સુ.જો.ની ભોંયની માટીને માથે ચડાવીને. પરિણામે મણિલાલમાં કલા અને જીવન બંનેનો સુભગ સમન્વય સધાયો છે. અગોચર પ્રદેશમાંથી પાછા વળી એમણે ગોચર પ્રદેશને નિજને ગણ્યો છે. ગામના ગોંદરે મલપતી એમની વાર્તાઓમાં સુ.જો. શાઈ કલ્પનો અવશ્ય છે. આકારનો પ્રતાપ પણ છે, ને ઘટનાનું તિરોધાન સુધ્ધાં છે. તે છતાં સમાજ સંદર્ભે એમાં જીવાતુભૂત સત્ય અને જીવનાભિમુખ અભિગમ છે. મણિલાલનું રચનાકૌશલ અને રૂપ-રમણા એમની વાર્તાઓના સ્વયં સિદ્ધ પોત થકી એમને અનુઆધુનિક યુગના સીમાસ્થળ સિદ્ધ કરે છે. ઘટના અને જીવનને વહાલ કરનારા તથા પરિષ્કૃત વાર્તા ચાહનારા એમ ઉભયને આ સંગ્રહ સંતુષ્ટિ ને સધિયારો સંપડાવે છે.

ગુજરાતી સાહિત્ય પાછું ધૂળિયા માર્ગે વળ્યું એ ઘણાકને રાસ નથી આવ્યું. કેટલાકનાં નાક ચડ્યાં છે, ભવાં સંકોચાયાં છે. આવા જણ માને છે કે આ તો ક્ષણજીવી ડમરી છે ને એના સમયે પાછી બેસી જશે. પણ સાચું તો એ કે કૃતક ઉભરા જ આખરે તો શમી જાય છે. ઉભરા ટાણે એ કેટલુંક સત્વશીલેય ખેંચી જાય છે. પણ કૃત્રિમ ઝાઝું ટકી જ નથી શકતું. ટકે છે જીવન અને જીવનને પોષતી પ્રકૃતિ. ટકે છે સમષ્ટિ ને સમષ્ટિને સીંચતા સંસ્કારો. મણિલાલને આ સત્ય હૈયાવગું છે. સદ્-અસદ્‌ની સમાંતરે સાર-અસારના એ પારખંદા છે. ઉખડેલાં મૂળનો ઉત્પાત એ નથી કરતા પણ જેની જડો જામવાની છે કે જામેલી છે એનાં ઝાઝેરાં જતન એ કરી જાણે છે. પંચમહાલના ઈશાનિયા મુલકમાં એકદા આપણા પન્નાલાલ પ્રાદુર્ભાવ પામ્યા હતા. અર્ધી સદી સુધી એ ગુજરાતી સાહિત્ય પર છવાઈ રહ્યા પોતિકી ગાંઠના મરમ થકી, મણિલાલ એ જ મલકના માટીમર્દ છે.



અનુભવના એક્કા, ભણતરનાં અને ગણતરનાં ઊંડાં મૂળવાળા, ઈડરિયા ગઢ પર ચડીને એમણે અનંત આસમાનની નીલિમા ને શાશ્વતિના પ્રગાઢ સૌંદર્યનાં દર્શન કીધાં છે. આકાશની અનંતતા વિશાળતા ને મહાનતા સામે માનવી જીવનની ક્ષુદ્રતા, અલ્પતા, તુચ્છતા, એના સર્વ દોષો, એનાં કારણ-અકારણનાં વેરઝેર ઘણું બધું અંકે કર્યું છે.

મણિલાલની વાર્તાઓમાં નરી સુ.જો. શાઈ શબ્દાળુતા નથી, પ્રવાહિતા છે. ગતિ છે. 'દોઢીમાં', 'વચલી ખડકી', 'ટપુ', 'તોફાન' અને 'ચાંદરણાં'. મણિલાલશાઈ ખોઈ બેસે છે. મણિલાલ 'કાંચળી', 'ચીડો', 'જાંબુ' ને 'રાતવાસો'માં જે ઉઘાડ આણે છે. એ આ ઘટના શૂન્યતામાં નથી આવતો. અવબત્ત અતીત-રમણા અટવાતી ઊર્મિઓના અંબારની પડછે લીમડો શીમળો પીપળો, બાવળ કંથેરને આંબા અહીં પોતીકા પ્રાકૃતિક ઐશ્વર્યે વિલસ્યા છે. ને એમની પર્ણઘટાની સંગાથે વાર્તાના પાત્રની સ્મરણા એક ચિત્ર રચી આપે છે. જેની હરએક રેખા જિંદગીને સ્પર્શીને વહી જતી અનુભવાય છે, ઘટનાક્રમનો વેગ ન હોવા છતાં આવી વાર્તાઓનાં ચરિત્રોનાં આંતર્મન મલકાતાં-ઘૂમરાતાં ડૂબકીઓ ખાતાં કિનારો લાધી જવાની આશાએ રવડતાં દેખાય છે. પોત પાતળું હોવા છતાં જીવન અહીં અછતું નથી રહેતું અને એનો વિજય છે.

મણિલાલની વાર્તાઓનાં શીર્ષક ચોંટડૂક છે. શ્લેષ અને વ્યંજનાથી સભર ભર્યાં પ્રતીકાત્મક છતાં સૂચક. 'કાંચળી', 'બદલી', 'રાતવાસો', 'ચીડો', 'માટીવટો', 'વેલો' એ દરેકમાં ધ્વન્યાર્થ છે. વાર્તાના હાર્દને વ્યંજિત કરતી એક અવર સમાંતર ક્રિડા છે. જે વ્યક્ત થતી નથી પણ સુગમ બનતી જાય છે. 'કાંચળીના અંતમાં ઠાકોર' ઠકરાણીની કોચાઈ ગયેલી કાંચળી અને સામે ઉતારેલી તાજી કાંચળી જોતાં 'સબૂ...ર...'નો જે નાભિસોતો ચીસાટો પાડે છે એમાં કેટકેટલાં સંકેતો અનાયાસે જ વાચા પામ્યા છે!

એ જ રીતે સંગ્રહનું નામ 'રાતવાસો' પણ એક વ્યંજના ભલીભાંતે ચરિતાર્થ થાય છે. આપણા ઘણાક લેખકો હમણાં હમણાંના વર્ણનો તરફ વળ્યા છે. માટીની મિરાત એ ફાંટ્યો ભરીને લઈ આવ્યા છે. ગુ. સા,નો કથાપ્રદેશ એ નિજ ધરતીની સોડમ, સુગંધથી દિલો-દિમાગ તરબતર કરી રહ્યો છે. ધરતીની પ્રીત્યર્થે થતી આ રમણાએ દિગન્તોનેય મુગ્ધ કીધા છે. ને તોય ચર્વિતચર્વણો થકી નામો મળે છે કે એ ધરતીની આંધી ને

'ડમરી'ની એમને ભીતિ રહે છે. પ્રકૃતિના પ્રાંગણના નીતર્યાં જળ એમને મનગમતું દર્પણ પૂરું નથી પાડતાં. 'રાતવાસો'ની વા'લી પોતે ભોગવેલા પ્રિય યથાર્થને એકવાર પુનઃ માણી લેવા પિયર જાય છે. ને એક જ રાતમાં હતાશ થઈ પાછી વળી જાય છે. વસ્તુવિધાન અને ચરિત્રોમાં તળપદનો રાતવાસો કરી ફરી પાછા એ અરૂપની આરાધનામાં પરત આવી જાય છે. મણિલાલનું ઇંગિત એ હશે? તે જાણે!

મણિલાલ બહુમુખી પ્રતિભાના માલિક છે. એ મર્મી કવિ છે અને સમીક્ષક પણ છે. નિબંધમાં એમનું લાલિત્ય વૈખરીના એવા વળોટ લઈ અવતરે છે કે એ સાત્વિક ઈર્ષ્યા જગવે છે. વાર્તાના વૈભવમાં એ પૂરબહારમાં ખીલી ઊઠે છે તો નવલકથામાં ગુલમહોર શા મ્હોરી ઊઠે છે. વાસ્તવ જગતમાં મેઘધનુષી રંગોની કલ્પના એ નથી કરતા પણ એમનું આસમાન તો મેઘધનુષવિહોણું નથી જ રહેતું. આવા આગવા અભિનિવેશના નજરાણા સાથે તમે અવાર-નવાર પ્રગટો ને તમારા ઉરસંચિતના મબલક મો'લથી અમારાં ખળાં અભરે ભરી દો એવી અભ્યર્થના સાથે તમારું અભિવાદન.

હોળી-ધુળેટી — **જોસેફ મેકવાન**

૭–૮ માર્ચ ૧૯૯૩ — આણંદ

❑



# લેખ-આસ્વાદ ૧

## રમેશ ર. દવે

### ડમરી : કથા, ધારણા અને એના અનુપમ ભ્રમનિરસનની!

'ડમરી' વાર્તાનો આરંભ આ વાક્યથી થાય છે : 'રામજીને હતું કે ઘર ઘેલુંગાંડું થઈ જશે.'

રામજીની ધારણા સકારણ છે. શહેરથી દૂર, અંતરિયાળ ગ્રામીણ પ્રદેશનો કિશોર રામજી, બીમાર પિતાના અચાનક અવસાન પછી, શહેરમાં ઘર–નોકર તરીકે કમાવા જાય છે. પોતાના કામગરા સ્વભાવથી એણે શેઠાણી અને શેઠનાં મન જીતી લીધાં છે. બાએ કાગળ લખીને એને દેશ તેડાવ્યો છે.

'નાની બહેન માટે ખોળો ભરીને ખાવાનું, મોટાભાઈ માટે બે જોડ કપડાં અને બાએ કાગળ લખી મંગાવેલા પૈસા... સામાન લઈ જવા શેઠાણીએ બૅગ કાઢી આપી ત્યારે બા માટે નવા જેવો એમનો સાડલો પણ આગ્રહથી આપેલો.'

પોતાના પ્રેમ અને પરસેવાની કમાઈ લઈને દેશ જતા રામજીને બાળપણનો લાખો વણઝારો યાદ આવે છે. એ વણઝારાની પોઠો જોઈ જોઈને એને શમણું આવતું : પોતે બાવરો બાવરો ચાર આની આઠ આનીના સિક્કા વીણ્યા કરે છે પણ એનાં કરમકાણાં ખિસ્સાં એને ખસિયાણો પાડી દે છે... પણ વેળા હવે પલટાઈ છે. શેઠાણીને ઘેર રામજી ઘર–ઘાટી છે તો, શેઠના કારખાને એ છે છ કલાકની પૂરી પાળી ભરતો કમાઉ આદમી!

વળી, બેયના પગાર જુદા અને અકબંધ! રહેવું, ખાવું, પીવું શેઠને બંગલે ને પહેરવાનાં કપડાં તો ખૂટતાં જ નથી શેઠના છોકરાંવનાં!

પૂર્વોક્ત ઘર–ગામને ભેટવા એક પગે થઈ રહેલા રામજીની ગામ-ઘર વિશેની ધારણા સાચી ઠરતી નથી. એને 'ખ્યાલ નહીં કે એકદમ આવું બનશે. ગામને નજરમાં ભરી લેવાની ઇચ્છાને એણે મુઠ્ઠીવાળીને જકડી રાખી હતી.'

પણ વાર્તાના અંતે આ વાળેલી મુઠ્ઠી અને જકડેલી ઇચ્છાના જે હાલહવાલ થાય છે તે દ્દષ્ટવ્ય છેઃ

'બાંધી રાખેલી મુઠ્ઠી ખોલીને રામજીએ જોયું તો એમાં પરસેવાનો મેલ ભરાયો હતો. સાંજ ઢળવા છતાં તડકો આકરો હતો. બસસ્ટેન્ડ ખાલી જેવું હતું. રડ્યાખડ્યા એકાદ બે પેસેંજરો ય ઠૂંઠા વૃક્ષની છાયા જેવા બેઠેલા હતા. રામજીની ભીની આંખમાં પાદર આંસુ સરખું ગોળમટોળ થઈને ભુંસાઈ રહ્યું હતું. ક્યાંકથી ખાટી વાસનું મોજું ઊડી આવીને રામજીને પાછું ઉપરતળે કરી ગયું.

આકાશ ચોકખું હતું. ડમરી ચઢવાની કોઈ જ એંધાણી વરતાતી નહોતી. બસ આવી અને ઊપડી ત્યારે પાદરની ધૂળ ઊડી હતી ખરી. પણ એ તો ત્યાં જ પડીને ઠરી ગઈ હતી.

રાતે બંગલે પહોંચીને રામજી સાબુથી ઘસીઘસીને નાહ્યો. ઓરડીમાં પોતું કર્યું. તો ય સૂતાં સૂતાં એને લાગ્યું પથારી – ઓરડી બધું જ ધૂળધૂળ થઈ ગયું છે. એના નાકમાં, આંખમાં, કાનમાં, ગળામાં બાઝી ગયેલી ધૂળ કેમે ય ઓસરતી નથી.'

આ તો કહ્યું કથાનું પરિણામ. અચાનક, સાવ અણધારી ચઢેલી આ ડમરીએ કથાનાયક રામજીને ઘેરી લીધો એ ખરું, પણ એ દુર્ઘટના ઘટી શી રીતે?

વાર્તાકારે શહેરથી વતન–ગામ તરફ દોડતી ગાડીમાં બેસેલો રામજીનો દૂર–નજીકનો ભૂતકાળ વિગતે ઉખેળ્યો છે :

વતનના એ આંધીના દિવસો, ઘરના છાપરાનું ઊડું ઊડું થવું, બીમાર બાપાના લંગોટિયા ભેરુ, હુક્કો પીતા જીવાકાકાનું બાની મદદે આવી લાગવું, બાપાની ચીડનું વખત જતાં ઊંઘમાં બદલાઈ જવું, જીવાકાકા અને બાની વાતો અને હોક્કાનું કદીય ન ખૂટવું–બુઝાવું, વચ્ચે વચ્ચે હોકાના દેવતાનું



ક્યારેક રાતોચોળ દેખાઈ જવું, આંધીટાણે બા–જીવાકાકાનું આંબામાં કેરીઓ વીણવા નીકળી જવું, બીમાર બાપાના ખાટલા પર ભીંત–છાપરાનું ઢગલો થઈ જવું ને બાપાનું ન રહેવું, બાનું કાળું કલ્પાંત કરવું, પહોંચેલ આદમી જીવાકાકાના સથવારે બાપાના દસમા પહેલાં ઘર–છાપરે વિલાયતી નળિયાં ચઢી જવાં ને વિધવા બાનું વધારે જુવાન લાગવું, સમજ થયા પછી ય આંધી–ટાણે રામજીનો જીવ તાળવે ચોટી જઈ ને પવન વચ્ચેય પરસેવો પરસેવો થઈ જવું!

વળી, દોડતી ગાડી કરતાંય વધુ વેગે દોડતા રામજીના મનને સાંભરી આવી છે જીવાકાકાની દીકરી અમી!

આ'અમીનું મોરખાણું એના પોતાના મોરખાણાને મળતું આવતું હતું. કામની ઋતુ હતી. ગામ આખું સીમમાં. રામજી મોટાભાઈને પાણી પીવડાવી કળશ્યો લઈને ખેતરથી ઘેર વળતો હતો. બપોર ઢળી ચૂકેલી. પાદરને કૂવે અમી રાતો ગોળો ભરીને ચઢાવનારની વાટ જોતી હોય એમ રામજીને જોઈને બોલેલી : રામજી જરા ગોળો ચઢાઈ જજે. રામજીએ કૂવાની વંડીએ કળશ્યો મૂક્યો. પાણી ભરેલો ગોળો ચઢાવવા ઝૂકયો ત્યાં તો અમીએ કળશ્યો ભર્યા ગોળામાં ડુબાડી દીધેલો. કાયાને ઢેલની જેમ આંબળીને બે હાથે ગોળો માથે ચઢાવતાં બોલેલી; કળશ્યો મફતમાં ન મળે હાં કે. લેવો હોય તો ઘેર આવોઃ વાટ છલકાતી અમીની પૂંઠે રામજી જીવાકાકાને ઘેર પહોંચ્યો. અમી સિવાય ઘેર કોઈ નહોતું અમી રામજીને મેડે ખેંચી ગયેલી. ઘણુંય મથવા થતાં રામજી છૂટી શક્યો નહોતો. જાગેલા શરીરનો રોમાંચ શમી ગયો ત્યારે રામજી કાંપી ગયેલો. કળશ્યો લઈને ઘરમાંથી નીકળતો હતો. શેરીને નાકે જીવોકાકો આવતા હતા. રામજીના હાથમાંથી કળશ્યો છૂટીને પથ્થર પર રણકી ઊઠેલો. બારણામાં ઊભેલી અમી મલકાતી હતી. રામજી રોકાઈ શકેલો નહીં. આ પછીના માસોમાં જ રામજીનું શહેર જવાનું નક્કી થયેલું. કળશ્યાનો એ રણકાર આજે રોમરોમમાં આંધી જગવતો હતો.'

ઘર, ઘરના જર્જર છાપરા સમા બીમાર બાપાની સ્મૃતિ અને કળશ્યાનો રણકાર બની ચૂકેલી અમી–આ બધાં પરદેશ વેઠતા રામજીને માટે નોળવેલ સમાણાં છે. ગામ માટેનો રામજીનો ભાવ જુઓઃ

'વૈશાખે દેશમાં આવવાનું થાય તો રામજીનો જીવ ઉપરતળે થઈ જતો. આ વખતે તો ફડક પેઠેલી. બા બોલાવતી હતી. બહેન સાંભરી હતી. દેશમાં

ગયે માસો થઈ ગયા હતા. ગામ જોવા જીવ વધારે તલખતો હતો આ ફેરા. ને તોય ન કળાય એવો ઓથાર ઉમંગ ઉપર ઝળુંબતો એણે અનુભવ્યો હતો. આગળ કોઈ સાદ પાડતું હતું તો પાછળ કોઈક પગલાં દબાવતું આવતું હતું.'

રોજ શમણે આવતું ગામ રામજીને આમ વ્હાલથી પીડે છે 'ફૂંકાતા વાયરામાં ગામ તણખલું થઈને ઊડતું હતું. રાતે એને વારંવાર એકનું એક શમણું આવ્યા કરતું. ઘેઘૂર ડમરી ચઢે છે. વાયરો ઘૂઘવે છે. રામજી ઊંડો ખાડો ખોદતાં હાંફે છે. કોકના મડદાને એ એમાં દાટે છે ને કાઢે છે, કાઢે છે ને દાટે છે. કાળા ઘોડેસવારો એની પાછળ પડ્યા છે. રામજી ગામના વાડાઓમાં પરાળના ઓગલાઓમાં સંતાતો ફરે છે. ભૂખ્યો–તરસ્યો. ખાવા બોલાવતી બાની બૂમોની ભ્રમણા એને થયા કરે છે.

આ રીતે ગામ, અમી, આંધીટાણું, માંદા બાપાની વિવશ ચીડ, બા અને જીવાકાકાની કદીય ન ખૂટતી વાતો અને હોકાનો રાતોચોળ દેવતા– આ બધાંથી સંઘરુકાયેલો રામજી દેશ આવે તો છે આઠ દિવસની રજા લઈને, પણ એ પાછો વળી જાય છે ત્રીજે જ દિવસે. કારણ?

કારણ કે, એ એનાં દેશ, ગામ, વતન ને સ્વજનોની ભાવભૂમિમાંથી ઉતરડાઈ ગયો છે. એનાં વ્હાલ અને તલસાટની હવે કોઈને તમા નથી. રાવજી કરતાં હવે, સૌને રામજીની કમાઈ વધારે વ્હાલી લાગે છે :

'ઘણા માસે આવ્યો હતો પણ બાનો કશો ઉમળકો વર્તાયો નહીં. સાડલો ને પૈસા લઈ બાએ કબાટમાં મૂકી દીધાં. રામજીની ઊઘડેલી કાયા વિશે બા કંઈ બોલી નહીં. રામજીને કોઈએ ધોલ મારી હોય એમ ભોંઠો પડી ગયો. મોટાભાઈએ કપડાં જોયાં ન જોયાં ને વળગણીએ લટકાવી દીધાં. બળદોને ઘાસ પાણી કરવામાં એ ખોવાઈ ગયા. રામજીને થયું, પોતે ઘેર આવ્યો જ નથી કે શું?'

આ, ધીરે રહીને જાગતો, ઘર–સ્વજન પોતાનાં નથી રહ્યાનો સંશય માત્ર એકલો નથી. મહત્ત્વનું સ્થાન હવે ઉપેક્ષાએ, મતલબે લઈ લીધું છે! અને એ બધાંથી ઘેરાઈ ગયેલો રામજી ડઘાઈ ગયો છે જાણે!

'બાએ નાની (બહેન)ને ધમકાવતાં કહેલું : નાની, એને ઊંઘવા દે, થાકયો હશે. બે દંનમાં કાંતો પાછો જવાનો હશે. ટી.વી.ફીવીની વાતો શા



કાંમની? આપડે તો કાંમથી મતલબ. કાંમ એટલાં દાંમ. નક્કામા દા'ડા પાડવાનું આપણને ના પાલવે : રામજી ડઘાઈ ગયેલો. બા બોલતી રહેલી.

અહીં પુત્રની ચિંતા છે, એ થાકેલો છે તેથી સૂવાની સગવડ આપવાની તકેદારી પણ છે, પણ આ ખેવના પાછળ નિર્મલ માતૃવાત્સલનું ઝરણ વહેતું નથી, પરંતુ થાકથી પરવાર્યા પછીની સ્ફૂર્તિથી પુત્ર દ્વારા થનારી કમાણી–કામ એટલા દામની જોગવાઈ છે!

રામજીને જમાડતી વેળાની વાતોમાં થતી આ વેતરણ જુઓ : 'બીજે દિવસે બેઉ ભાઈને રોટલા ખવડાવતાં બા કહેતી હતીઃ આટલા પૈસા તો ચેટલે પોંકવાના? અડધા ઉપર તો જીવોકાકો માગે છે. એ તો આ ફેરે આલી જ દેવાના. મને થાય છે નાનીને મોકલું તે મામાને બોલાઈ લાવે. હવે મોટાની સગાઈ હાટુ જીવોકાકો ને મામો બેઉ મળીને કાંક નીવેડો કરે. આ સાલ નંઈને પોરસાલ. લગન તો આંગણે આયું. જીવોકાકો માને તો કન્યા તો એમના ઘરમાં ય ચ્યાં નંઈ?

રામજીને ગળે રોટલાનો ડચૂરો બાઝેલો.

થાળીમાંનો અડધો રોટલો એણે બાને પાછો ધરતાં ભાત માગેલો.

ચ્યમ શહેરની ભાખરી–રોટલીથી હેવાઈ જ્યો એટલે ઘરનો રોટલો ય નંઈ ભાવતો? બાનાં વેણ રામજીને બાવળિયાની શૂળો જેવાં ભોંકાઈ રહેલાં.

રોટલો માટે તો એ પગ કૂટે છે : કહેવાનું રામજીને હૈયે હતું પણ હોઠે આવ્યું નહીં, મૂંગુમંતર ઘર એને કોરતું હતું. રહી રહીને એનામાંથી બાપાના કણસવાનો અવાજ આવતો હતો શું?'

ઉલટભેર આવી મળેલો અમી સાથેનો સ્નેહસંબંધ પણ બા અને જીવાકાકાની વેતરણમાં વેતરાઈ જવામાં છે. ઓણ નહીં તો, પોરસાલ અમીનું મોટાભાઈ સાથે નક્કી થતાં વાર લાગવાની નથી. દેશવટાની આ કરુણ ક્ષણે મૂંગુમંતર ઘર અને એમાંથી રહી રહીને આવતો બાપાના કણસવાનો અવાજ–એ બે જ વાનાં કદાચ રામજીનાં સંગાથી છે!

આ મનઃસ્થિતિમાં, 'આઠ રજા લઈને આવેલો રામજી, ત્રીજે જ દિવસે શહેર નીકળ્યો. પોતાની જવાની વાત સાંભળીને બા એને ખાલી ખાલી રોકાઈ જવાનું કહેશે જ ને? રામજીના મનમાં થોડો ઉમંગ થયો હતો. પણ બાએ તો જવાની વાતને વધાવતાં ગાંઠે થોડી શિખામણો બંધાવી દીધી.

(બૅગ લાવવા બદલ પણ બાએ ઠપકો કરેલો : ખોટા ખરચા મને નંઈ પાલવે.) ડિલ હાચવજે, આવજે બેટા : સાંભળવા રામજીના કાન વલખતા રહ્યા. અને મા તો શેઠાણીવાળો સાડલો પહેરીને પહોંચી ગઈ હતી જીવાકાકાને ત્યાં.'

માનો હેતાળ હાથ અને મધમીઠાં બે વેણ સાંભળવા આતુર રામજીના કાનનો વલખાટ–તલસાટ તલસાટ જ રહી જાય છે. આવું કઠોર થઈ શકે કોઈ માનું હૃદય? હા, જો એનું મન મતવાલું, નવો સાડલો સજી જીવાકાકાને ત્યાં જવા હચમી ખૂંદતું હોય તો, એ કઠોર–નિર્મળ સઘળું યે થઈ શકે!

પણ વતનરાગે વ્યાકુળ અને માના હાથનો રોટલો ખાવા પગ કૂટતો રામજી એની સાથે ઘરનાં માણસો સાવ આમ વરતી શકે એવું ધારી શક્યો ન હતો તેથી જ એ વાર્તાના આરંભે એને હતું કે 'ઘર ઘેલું–ગાડું થઈ જશે.' પણ વાર્તાના અંત લગીમાં એનો ભ્રમ ભાંગી જાય છે અને એ બોલી ઊઠે છે : 'આવું બનશે એવું ધારેલું જ નહીં...'

બસ, વાર્તાના આરંભે મુકાયેલી, કથાનાયકની ભાવભરી ધારણા અને વાર્તાના અંત ભાગે એને લોહી નીંગળતો કરી નાખતી આ નીંભર, કઠોર વાસ્તવિકતાની વચ્ચે 'ડમરી'નો કરુણ બે કાંઠે વહ્યો છે.

* * *

'લગનગાળો ઊઘડ્યો હશે? બે-ચાર દિવસ હરવા ફરવાની મઝા આવશે... બધા એને તાકી તાકીને જોઈ રહેશે. આ નવી ભાતે સીવેલાં લૂગડાં જોઈને છોકરીઓ ય મલકાશે.'—મનમાં આવો ઉમંગ ભરીને દેશ ગયેલો રામજી, વાર્તાના આરંભના સમયે સ્વજનોના સ્વાર્થ–લોભની ડમરીથી ઘેરાઈ–ઘૂમરાઈ, ધૂળધૂળ થઈને શહેરમાં પાછો આવી ગયો છે. કથાના પૂર્ણવિરામ પાસેથી આરંભાતી આ વાર્તામાં દેશ અને કાળનું, દૂર અને નજીકના ભૂત–વર્તમાનના વિવિધ સ્તરે સરસ પેચવર્ક થયું છે.

શેઠના બંગલે પાછા પહોંચી જઈ સાબુથી ઘસી ઘસીને ન્હાઈને ડમરીની ધૂળથી બચવા મથતો રામજી જાણે વાતોની વીતેલી ક્ષણોને ફરીથી જીવે છે. એ તરેહથી વાચકવગો થતો રામજીનો ભૂતકાળ ખાટો, મીઠો, તીખો, તૂરો ને ક્વચિત્ કડવો પણ છે.

લાખા વણઝારાની પોઠોથી ભર્યું ભર્યું બચપણ, અચાનક સમજણા થઈ જવાને વિવશ બનાવતું બીમાર પિતાનું અવસાન, વૈધવ્ય પછી વધુ



જુવાન દેખાતી બાની જીવાકાકા સાથેની ભાઈબંધી, શહેરમાં નોકરીએ આવતી વેળા છાતીએ બાઝેલો ડચૂરો અને વહાલસોયા ગામનું શમણામાં પડઘાયા કરવું તથા અમી સાથે રચાયેલો સાવ અણધાર્યો સંબંધ—આ વિગત વાર્તામાં બા અને જીવાકાકા તથા રામજી અને અમીના દેહજ સંબંધીનાં નિરૂપણોમાં વાર્તાકારે ભાષા-ક્ષમતાનો ક્યાસ કાઢ્યો છે. બા અને જીવાકાકાની અવિરત ચાલતી વાતોની વચ્ચે હોક્કાના દેવતાનું ક્યારેક રાતુંચોળ દેખાઈ જવું તથા અમીના પાણીભર્યા લાલ ગોળામાં ડૂબી ગયેલા રામજીના કળશ્યાનો, પત્થર પર પડતાં થયેલો રણકાર–એના અભિધાર્થને જાળવી રાખીને ય ગર્ભિતાર્થનું સબળ સૂચન કરે છે. આ બન્ને નિરૂપણોમાં પ્રયુક્ત લાલ રંગની લાલાશ. રતાશ દ્વારા સૂચવાતી જાતીયતા પણ નોંધપાત્ર છે.

('ડમરી' : ટૂંકીવાર્તા : લે. મણિલાલ હ. પટેલ : પ્રકાશિત : 'ગદ્યપર્વ'માં)

❑

# લેખ-આસ્વાદ ૨

## ડૉ. દિલાવરસિંહ જાડેજા
## 'માટીવટો'

જે માટીથી દેહનો પિંડ બંધાયો તેનાથી અળગા થવાની વેદનાની સ્પર્શક્ષમ અભિવ્યક્તિ આ ટૂંકીવાર્તામાં થઈ છે. દેશવટો એમ માટીવટો.

દૂરના ગામડામાંથી વીરુ શહેરમાં આવી વસેલો. મા(એટલે બાપુજીના મોટાભાઈનાં વહુ સીતામા)ના ખોળામાં, ગામડાના જે ઘરમાં વીરુ ઉછરેલો તેને ઉતારી લેવાનું અને એનાં 'બારીબારણાં, મોભ, પાટડા, કુંભીઓ ભેતાં તથા મોવટીઓ' એ બધું કાઢીને નવા ઘરમાં બેસાડવાનું શરૂ થયું હતું. મોટાભાઈએ શહેરવાસી બનેલા વીરુને ગામડેથી પત્ર લખેલો.'તું જૂનું ઘર છેલ્લે પણ જોઈ લે, માનો જીવ વલોવાય છે. ઘર પાડી નાખવાની વાતે એ ધરાઈને ખાતી ય નથી.' જૂનું ઘર માત્ર ખાલી કરવાની આ વાત નહોતી. હૂંફાળું અને આત્મીયજન સમું જૂનું ઘર નજર સામે ખતમ થતું જોવાની વ્યથાનો આ વલોપાત હતો. કવિ બાલમુકુંદે વર્ણવેલી સજલ દગમાં ખૂંચતી કાચ કેરી કણિકા ને લીધે થતી યાતનાનું અહીં સ્મરણ થાય છે. અરે, એથીયે વિશેષ.

માનવશરીરના સજીવકોષો સાથે અવિચ્છિન્ન રીતે જોડાયેલી ચામડીને ઉતરડી લેતી વખતે અનુભવાતી અપરંપાર પીડાનું નિરૂપણ આ ટૂંકીવાર્તામાં થયું છે.

ઘર તમે કોને કહો છો? એ મતલબનો પ્રશ્ન નિરંજન ભગતે એક કાવ્યમાં પૂછ્યો છે. ઘર જેવું ઘર એટલે સ્નેહની ઉષ્મા, અંતરનો આવકાર, તમને જોઈને મોં ઉપર ખીલી ઉઠતું સ્મિત, સુખદુઃખનો સથવારો. ગિરનારને ચરણે



પડેલા શિલાલેખને જોઈ કવિ ન્હાનાલાલને એમાં ભારતીય સંસ્કૃતિ ને ઇતિહાસનું ચૈતન્ય ધબકતું અનુભવાયું હતું. જડ ગણાતી ભૌતિક સામગ્રીમાં ચૈતન્ય ક્યાં નથી વિલસતું ? એમ મણિલાલ હ. પટેલની ટૂંકીવાર્તા 'માટીવટો' માં 'આ ઘર તો મારું ખોળિયું' એમ બોલતાં માના જૂના ઘર સાથે તાણાવાણાની જેમ ગૂંથાયેલા સોનેરી સ્નેહતંતુઓ વાચકની આંખ સમક્ષ ઝલમલતાં દેખાય છે. આ પ્રેમબંધન તૂટે છે ને તેને કારણે પ્રગટતી વ્યથા સમગ્ર વાર્તાના પટ ઉપર છવાઈ રહે છે. માએ જાતે તગારાં ભરીને માટીગારા ઊંચકેલાં, 'ભેંત્યો થાપેલી ને ઓળિયા ઉતારેલા.' ઘરની રચનામાં સ્નેહ સિંચન કરેલું. આ ટૂંકીવાર્તામાં મા અને વીરુ એ બે પાત્રો તો વાચક મિત્રોને ઊંડાણથી સ્પર્શે તે સ્વાભાવિક લાગે.

પરંતુ લેખકની સફળતા માટીગારાના પહેલી નજરે સ્થૂળ જણાતા ઘરને પાત્રત્વ અર્પવામાં રહેલી છે. પ્રચલિત પરિભાષામાં કહું તો આ કૃતિનું મુખ્યપાત્ર ઘર જ છે.

મોટાભાઈનો પત્ર વાંચી ગામડે આવતા વીરુની આંખો સામે ઘર અને બાળપણ તરવરી રહ્યાં. 'રાતી ગારાથી લીંપેલી ભીંતોવાળું ઘર. ભોંયતળિયે મોટી મોટી ઓકળિયો, માના હાથનું હેત એમાંથી જાણે પગને અડકે ને અંદર પેસે, કાળજે જઈ બેસે.' હવે એ 'ઘર' નહીં રહે?–એ ખ્યાલ માત્ર વડે વીરુ અંદરથી ધ્રુજી ગયેલો અને માના જીવના વલોપાતને તદનુભૂતિથી પામી ગયેલો. મા મોઢામાં જીભ નહોતી ઘાલતી 'મારા વીરુને બોલાવો એના આવ્યા વના જીવ ખોળિયું મેલશે પણ ઉં ઘર નઈ મેલું...' બસમાં વતનના ગામમાં આવવા વીરુ નીકળે છે. 'શટલ ખીચોખીચ ભરાઈ ગયું હતું ઝાંખા ચ્હેરાઓ ને મેલાં લૂગડાં, મોટેથી થતી વાતો. શ્વાસ ને પરસેવાથી દુર્ગંધ. બસનો કાનતોડ ખખડાટ...' વીરુ અંદરથી વહેરાય છે. એનો જીવ ચૂંથાય છે.'ચારે તરફ ઉજ્જડનો ભણકારો ને સૂનાં ઝાડ...'

ફળિયાં ઉદાસ છે. સૂની ઘરથાળે આંકડિયા ઊગી આવ્યા છે. ઓટલા પડસાળો ખાલીખમ પટ્યાં છે. બેઠકો નથી થતી, ઢોલ નથી વાગતા હોળીના. શ્વાસ રુંધતો ઓથાર અનુભવતો વીરુ આ બધું જોઈ વચ્ચે વચ્ચે શૈશવની જાયકેદાર સ્મૃતિનો જયંત પાઠકના નષ્ટ થતા જતા 'વનાંચલ' નો –જાણે સળવળાટ અનુભવી રહે છે. વીરુએ કહ્યું 'મા, કયાં છે ગામ? કશું જ બચ્યું નથી. કાળ તાણી ગયો બધું. જે હાથમાં નથી તે સાથમાં ક્યાં? જીવ બાળીને

રાખ ના કર. ચોથી પેઢીએ દીવા પ્રગટ્યા છે. એનાં અજવાળાં અખંડ રહે એવી આશિષ આપજે  મા. તેં તો આખો જન્મારો તેલ ઊંજ્યાં ને ઘી પૂર્યાં... હવે, છેલ્લી વખત જિદ્દ શાની? ' વીરુની વાત માએ સ્વીકારી, કપાતે જીવે.

'મોભ ઉતરી ગયા હતા. વર્ષોએ ઢાંકેલી દીવાલો ઉઘાડી પડી ગઈ હતી... ખાલી કોઠારો ખુલ્લા થઈ ગયા હતા...જૂની પેટીઓ, પટારા, કબાટો, મજૂસ, કોઠલા, ખાટલા, ધૂળ ખાધી ગોદડીઓ, થાળું ભાંગી ઘંટીઓ... આળિયા, ગોખલા... વીરુના અંગે અંગે કશોક કંપ છૂટતો હતો. એના ગળામાં સોસ, તરસ.' ઘરનાં અંગઉપાંગ છિન્ન ભિન્ન થતાં હતાં તે સમયે મા વીરુને ચીંધીને બતાવતી હતી : 'અહીં તારા બાપા જન્મેલા, તું પણ અહીં. જો પણે જો, ભીંતે ગણપતિ દાદા બેઠા સે, ત્યાં બધી ફઈઓ અને હૌને પીઠી ચડેલી... આંગણામાં માંડવાને ફળિયામાં પંગતો. બેસણાં ને સજ્જાઓ પણ પડસાળે... બેટા, હવે હું ય અહીંની જ હકદાર... આ ભીંત્યોંય ને આ જ જગ્યા મારી... મા આગળ બોલી ન શકી. એનું અંજળ પૂરું થયું. એની કાયા જૂના ઘરમાં જ ઢળી પડી.

આ આસ્વાદમાં  'માટીવટો'માંથી કાંઈક વિગતે મેં અવતરણો આપેલાં છે. એનો એક હેતુ તો ટૂંકીવાર્તાના ગદ્યના અણસાર આપવાનો. એ ગદ્યમાંથી નવલિકાકારનો નિજી અવાજ સાંભળવા મળે છે. ટૂંકા વાક્યોમાં લાગણીનો ઊંડો ધબકાર સહજ સંભળાતો રહે છે. બીજો હેતુ ગદ્યમાં સહજ ઘૂંટાઈ ગયેલી લેખકની અનુભૂતિ પ્રત્યે ઇંગિત કરવાનો. 'માટીવટો'ના નિરૂપણમાં ઊર્મિનો અભિષેક છે, પણ અતિરેક નથી. જો કે, કૃતિના અંતે લાગણીના પ્રવાહનો રંગ કાંઈક વધારે ઘેરો થતો, થોડો ડહોળાયેલો, દેખાય છે. પણ કથાપ્રવાહનો, મા અને વીરુના આંતરિક સંચલનનો વેગ જ એવો પ્રબળ છે. આ રચનામાં ભાંગતા જતા ગ્રામજીવનનું આલેખન, ગ્રામ બોલીનો પ્રયોગ, શૈશવનું વિગતે ચિત્રણ આ બધાંના નાવીન્યનો આપણે ભલે મહિમા ન કરીએ. પરંતુ લેખકની અનુભૂતિની તાજપનો, એ તાજપની અભિવ્યક્તિ -નો તથા વાર્તા કસબનો મહિમા જરૂર કરીએ. માનવ લાગણીની માવજત કરી કલાકૃતિની રચના કરવામાં વાર્તાકારનું કૌશલ અનુભવાય છે.

❑

નાતાલ, ૧૯૯૨
વલ્લભવિદ્યાનગર



# મણિલાલ હ૦ પટેલનાં પુસ્તકો

૧ તરસઘર (લઘુનવલ)
૨ કવિતાનું શિક્ષણ (સહલેખન)
૩ પહ્મા વિનાના દેશમાં (કવિતા)
૪ જીવનકથા (સ્વરૂપ/સાહિત્ય)
૫ ઘેરો (લઘુનવલ)
૬ ઈશ્વર પેટલીકર (વિવેચના)
૭ કિલ્લો (નવલકથા)
૮ અરણ્યોમાં આકાશ ઢોળાય છે (નિબંધ)
૯ સાતમી ઋતુ (કવિતા)
૧૦ મુખોમુખ (નિબંધ)
૧૧ નિબંધકાર સુરેશ જોષી (સમીક્ષા)
૧૨ સગાંવહાલાં (અપને લોગ) (અનુવાદ)
૧૩ અંધારું (લઘુનવલ)
૧૪ કોઈ સાદ પાડે છે (નિબંધ)
૧૫ કવિ રાવજીઃ એક ક્લોઝઅપ (કવિ પરિચય)
૧૬ કથાસર્ગ (સમીક્ષા)
૧૭ પરિષ્કૃત ગુજરાતી વાર્તા (સહસંપાદન)
૧૮ અભિમુખ (વિવેચન)
૧૯ સાહિત્યનો આસ્વાદ (સહલેખન)
૨૦ માટીવટો (નિબંધ)
૨૧ ગુજરાતી પ્રેમકવિતા (સંશોધન)
૨૨ કાવ્યસંવાદ (આસ્વાદ)
૨૩ અક્ષરને અજવાળે (સાહિત્યિક પત્રકારત્વ)

૨૪ રાતવાસો (વાર્તા)
૨૫ માટીબોલે (હિન્દી અનુવાદ)
૨૬ સાહિત્ય વિવેચનના સિદ્ધાંતો (સહલેખન)
૨૭ લલિતા (અનુસર્જન/નવલકથા)
૨૮ તરસઘર અને કિલ્લો (લઘુનવલ/નવલકથા)
૨૯ હેલી (વાર્તા)
૩૦ ડુંગર કોરી ઘર કર્યાં (કવિતા)
૩૧ હું તો નિત્ય પ્રવાસી (પ્રવાસ)
૩૨ સ્વરૂપ સન્નિધાન (સહલેખન/સંપાદન)
૩૩ સાહિત્યમીમાંસા (સહલેખન)
૩૪ વૃક્ષાલોક (નિબંધ)
૩૫ ૧૯૯૬ની શ્રેષ્ઠ વાર્તાઓ (સંપાદન)
૩૬ ૧૯૯૭ની શ્રેષ્ઠ વાર્તાઓ (સંપાદન)
૩૭ ઓખાહરણ (સંપાદન)
૩૮ પતઝડ (હિન્દીમાં કવિતા)
૩૯ માટીનાં મનેખ (રેખાચિત્રો)
૪૦ રતિરાગની વાર્તાઓ (સહસંપાદન)
૪૧ હિમાંશી શેલતની વાર્તાસૃષ્ટિ (સંપાદન)
૪૨ ભૂંસાતાં ગ્રામચિત્રો (નિબંધ)
૪૩ પરિષ્કૃતવાર્તા અને બીજા લેખો (વિવેચન)
૪૪ ગુજરાતી સૉનેટ (સહસંપાદન)
૪૫ અમર રેખાચિત્રો (સંપાદન)
૪૬ વિશ્વકક્ષાની ગુજરાતી વાર્તાઓ (સહસંપાદન)
૪૭ બાપાનો છેલ્લો કાગળ (વાર્તા)
૪૮ કાવ્યપદાર્થ (વિવેચન)
૪૯ સદાબહાર વાર્તાઓ (ચયન)
૫૦ મલકની માયા (નિબંધ)



૫૧ કલામીમાંસાસન્નિધાન (સહસંપાદન)
૫૨ ચાલ વૃક્ષને મળવા જઈએ (નિબંધ)
૫૩ સર્જક રાવજી પટેલ (હિન્દીમાં) (મોનોગ્રાફ)
૫૪ રચનાલોક (વિવેચન)
૫૫ માનવીની ભવાઈઃ એક અભ્યાસ (અભ્યાસ)
૫૬ સુમન શાહની વાર્તાસૃષ્ટિ (સંપાદન)
૫૭ વેળાવેળાની વાત (નિબંધ)
૫૮ રાવજી પટેલની કાવ્યસૃષ્ટિ (સંપાદન)
૫૯ નવી વાર્તાસૃષ્ટિ (સંપાદન)
૬૦ અંજળ (નવલકથા)
૬૧ સર્જક : રાવજી પટેલ (મોનોગ્રાફ)
૬૨ વિચ્છેદ (કવિતા)
૬૩ આડા ડુંગર ઊભી વાટ (નિબંધ)
૬૪ ગુજરાતી ભાષાસાહિત્યનું અધ્યાપન (સહસંપાદન)
૬૫ સુધા અને બીજી વાતો (વાર્તા)
૬૬ સર્જકનો સમાજલોક (સાહિત્ય વિશે)
૬૭ તરસ્યા મલકનો મેઘ (પન્નાલાલ પટેલની જીવનકથા)
૬૮ રાગ-પરાગ (સંપાદન)
૬૯ કવિતાચયન-૨૦૦૫ (સંપાદન)
૭૦ લબ્ધિ (સંપાદન)
૭૧ જોસેફ મેકવાનનાં પ્રતિનિધિ રેખાચિત્રો (સંપાદન)
૭૨ વાર્તાવિશેષ : વીનેશ અંતાણી (સંપાદન)
૭૩ વળાવી બા આવી (સંપાદન/કવિતા)
૭૪ પન્ના નાયકનો વાર્તાલોક (સંપાદન)
૭૫ ગુજરાતી નગર કવિતા (સહસંપાદન)
૭૬ કૂંચી આપો બાઈજી (કવિતાઃ સંપાદન)
૭૭ મણિલાલ હ. પટેલની વાર્તાસૃષ્ટિ (સં. માય ડિયર જયુ)

૭૮ ઉમાશંકરના મલકમાં (લેખો)
૭૯ ધૂળમાં ઊડતો મેવાડ (નિબંધ)
૮૦ જિન્દગી જીવ્યાનો હરખ (જોસેફ મેકવાન સ્મૃતિગ્રંથ)
૮૧ મગન સોમાની આશા (વાર્તાચયન)
૮૨ સોનાનાં વૃક્ષો (નિબંધચયન)
૮૩ કવિતા : કાલની અને આજની (વિવેચન)
૮૪ કવિતામાં છંદોલય (વ્યાખ્યાન/પુસ્તિકા)
૮૫ સીમાડે ઊગેલું ઝાડવું (કવિતા)
૮૬ કથા અને કલા (વિવેચન)
૮૭ કર્તા અને કૃતિ (વિવેચન)
૮૮ તરસી માટી (આત્મકથા)
૮૯ સવ્યસાચી : સ્મરણદીપનાં પ્રકાશમાં (ધીરુભાઈ ઠાકર સ્મૃતિગ્રંથ)
૯૦ તોરણમાળ (નિબંધ)
૯૧ પુસ્તક પરબ (કૃતિ પરિચય)
૯૨ વિશાળે જગવિસ્તારે (પ્રવાસ)
૯૩ ઘૂઘરા ઘમકે સેં (સહસંપાદન)
૯૪ ગામ જવાની હઠ છોડી દે (કવિતાચયન : અજયસિંહ ચૌહાણ)
૯૫ પંખીઓ ગાય છે (ગીતચયન/અન્યો દ્વારા)
૯૬ માટી અને મેઘ (કવિતા)
૯૭ અધીત (સહસંપાદન) (લેખસંચય) ૫ ગ્રંથ
૯૮ પરસ્પર (વાર્ષિક) ૧ થી ૩ (સહસંપાદન)
૯૯ મૉલ ભરેલું ખેતર (કવિ રાવજી પટેલનું જીવનચિત્ર)
૧૦૦ બોલ વાલમના (કવિ મણિલાલ દેસાઈનું જીવનચિત્ર)
૧૦૧ એકલા હોવું (આત્મકથા-૨)
૧૦૨ નોખો માણસ : નરેશ પટેલ (જીવનકથાઃ ગુજરાતી-અંગ્રેજી)